# અમાસના તારા



કિશનસિંહ ચાવડા

# અમાસના તારા

કિશનસિંહ ચાવડા

# અમાસના તારા

અમાસના તારા Copyright © by કિશનસિંહ ચાવડા. All Rights Reserved.

# Contents


’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ xi

પરિચય xiv

પ્રથમ પ્રકાશન વિગત xvii

અર્પણ xviii

જિપ્સીની આંખે xix

મરમી જીવનયાત્રી – ઉમાશંકર જોષી xxiii

બા 1

દહેરી 7

બલિદાન અને સમર્પણ 14

અમૃતા 22

મોટાભાઈ, કેદારો કરો 29

પ્રભુ મોરે અવગુણ 36

‘પાણી મૂક!’ 42

માતામાંથી મિત્ર 50

જીવનનો દંભ 56

‘તુમ્હારે કારન’ 65

મંગલસૂત્ર 69

સ્વપ્ન? 75

અહંકારનો સ્વભાવ 80

નન્નુઉસ્તાદ 89

અલ્પતા અને મહત્તા 95

સ્મિત અને આંસુ 101

પ્રેમચંદ અને પ્રસાદ 105

ગંગાના ઘાટ પર 108

| | |
|---|---|
| સત્માર્ગના પ્રવાસી | 110 |
| પૅરિસની મધરાત | 115 |
| કલાકારની દિલાવરી | 119 |
| આત્મનિવેદન | 123 |
| હિંદી અને અંગ્રેજી | 126 |
| વાઇસરોય માપ | 128 |
| સમ્રાટ ત્રિમૂર્તિ | 134 |
| અનામી | 143 |
| કરુણ અનુભૂતિ | 146 |
| અભિનવ સાક્ષાત્કાર | 149 |
| વિચિત્ર ખંડણી | 154 |
| જીવન અને નાટક | 159 |
| અનિવાર્ય અસબાબ | 163 |
| સમય પર સવારી | 165 |

હું નહીં બદલું 168

છબી કોરાઈ ગઈ 171

આત્મવિલોપનનો ઉત્સવ 180

જીવન, વિષ, અમૃત 189

‘બંસી કાહે કો બજાઈ?’ 197

પગચંપીનું પુણ્ય 209

લોટો પાણી 212

મુક્ત ચેતનાનું કાર્ય 214

ચાલી નીકળ્યો 216

સર્જનનો ઉત્સવ 221

સૂરસમાધિ 224

મસ્ત શિલ્પી 227

સ્વ. ફૈયાઝખાં 230

કેરોસીન અને અત્તર 239

માતાની સુવાસ 243
મને મારો મેળાપ 249
પોલ રિશાર : ત્યારે અને આજે 253
પ્રામાણિકતાનો સ્વભાવ 259
નાતાલની શુભેચ્છા 266
હૃદયધર્મનો પ્રસાદ 269
પ્રશ્ન અને ઉત્તર 275
જિંદગીની કિંમત 281
આસ્થા ઊંડી ઊતરી 284
શી ખબર પડે? 293
એને ક્યાં જવું હતું? 297
હાજી વઝીરમહંમદ 303
"ગુલાબી બુલબુલ" 310
ગાંધીજીના પુણ્યપ્રતાપે 314

જમનાપાર 320

મૃત્યુ અને જીવન 324

જીવનનો કેફ 333

સંગાથી 337

અફલાતૂન 339

ફક્કડચાચા 352

વ્યક્તિ અને વિભૂતિ 360

અપંગ અંતરનિષ્ઠા 370

બે આંખો 376

જીવનનું કાવ્ય 382

એ ‘ચીજ’ 388

‘લહેકંતા પાવા તે વાગ્યા મલકમાં’ 393

કાયરતાનું શરણું 396

ભણતરનો અંધાપો 400

માતૃત્વ 404

અજવાળામાં અને અંધારામાં 412

શબ્દલોકના યાત્રીઃ કિશનસિંહ ચાવડા – ડૉ. રમણલાલ જોશી 420

શ્રી કિશનસિંહ ચાવડાનાં પુસ્તકો 426

# ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub
પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.


**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# પરિચય



કિસનસિંહ ચાવડા

જિપ્સી ઉપનામથી લેખનકાર્ય કરનાર **કિસનસિંહ ચાવડા**

(જ.1904–અવ.1979) ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં શિક્ષણ લઈને જન્મસ્થળ વડોદરામાં, સાધના મુદ્રણાલય સ્થાપીને રહેલા. છેલ્લાં વીસેક વર્ષ એમણે અલમોડા પાસેના આશ્રમમાં નિવાસ કરેલો.

એમનાં લખાણોની રંગદર્શી અને ચિત્રાત્મક શૈલીની પાછળ જીવનની મંગલતાનો ધબકાર હતો. **અમાસના તારા** અને **જિપ્સીની આંખે** – એ બે પુસ્તકોમાં એમનાં હૃદયસ્પર્શી સંસ્મરણો છે, તો અમાસથી પૂનમ ભણી-માં અધ્યાત્મની અંતર-યાત્રા છે. કિશનસિંહે નવલકથા અને વાર્તાઓ પણ લખી હતી. એ ઉપરાંત એમણે હિંદી સાહિત્યનો ઇતિહાસ તથા કબીર સંપ્રદાય જેવા અભ્યાસગ્રંથો આપેલા તેમ જ કેટલાક અનુવાદો પણ કરેલા. સુઘડતા અને સુબદ્ધતા એમના વ્યિક્તત્વનાં મહત્વનાં લક્ષણો હતાં.

## અમાસના તારા

વ્યિક્તચિત્રો, સંસ્મરણો અને આત્મકથા-અંશો – એવી ત્રિવિધ મુદ્રા ધરાવતું આ પુસ્તક છે. એનું સૌથી વધુ રસપ્રદ પાસું એનું પ્રસન્ન રમણીય ગદ્ય છે. બા જેવાં રેખાચિત્રોની લખાવટ વાર્તા જેવી રસાળ છે. એનો આર્દ્ર વાત્સલ્ય રસ ચરિત્ર-લેખનને આસ્વાદ્ય બનાવે છે. બીજાં કેટલાંક લખાણોમાં અધ્યાત્મ અને રહસ્યની રેખાઓ છે છતાં એની શૈલી પ્રવાહી અને રસળતી છે. પુસ્તકમાં આત્મકથાત્મક અંશોને ગૂંથતાં સ્મૃતિચિત્રો બહુ

માર્મિક છે ને વ્યિક્તચિત્રો યાદગાર છે. એનો અનુભવ આ પુસ્તક વાંચતાં વાંચતાં સૌને થવાનો.

તો, પ્રવેશીએ અમાસના આકાશમાં ચમકતા તારકો જેવાં તેજસ્વી અને રમ્ય આલેખનોની ચિત્રવિથિમાં...

(પરિચય: રમણ સોની)

# પ્રથમ પ્રકાશન વિગત

**પહેલી આવૃત્તિ**
ડિસેમ્બર 1953

કિંમત 5|| રૂપિયા
(સર્વ હક્ક લેખકને સ્વાધીન)

**પ્રકાશક**
તારાચંદ માણેકચંદ રવાણી
રવાણી પ્રકાશન ગૃહ
રિલીફ રોડ, અમદાવાદ

**મુદ્રક**
કિશનસિંહ ચાવડા
ચેતના પ્રેસ લિમિટેડ
નવાબજાર, વડોદરા

# અર્પણ

## મારાં બાળકોને

Point out the 'Way' however dimly, and lost among the host as does the evening star to those who tread their path in darkness.

THE VOICE OF SILENCE

# જિપ્સીની આંખે

1947ની સાલ. 'સંસ્કૃતિ'નો પહેલો અંક પ્રસિદ્ધ થઈ ગયો હતો. એક રાતે ભાઈ ઉમાશંકર, સ્નેહરશ્મિ અને અમે અલકમલકની વાતો કરતા હતા. વાતવાતમાં મારાથી એક પ્રસંગ કહેવાઈ ગયો. એના ઉપર હાસ્યવિનોદ થયો. એમાંથી હૂંફ મળી. બીજી વાતો નીકળી. ઉમાશંકરે આવા પ્રસંગો લખવાનો આગ્રહ કર્યો. સારા લખાશે તો 'સંસ્કૃતિ'માં છાપવાની હામી આપી. પરંતુ એમ ઝટ માંહ્યલો માને નહીં. 'સંસ્કૃતિ'ને કારણે ઉમાશંકરની આત્મીયતા બંધી ગઈ. એમાંથી મારી શ્રદ્ધાએ બળ મેળવ્યું. બેત્રણ પ્રસંગો લખી તો નાંખ્યા, પણ એ ઉમાશંકરની કસોટીમાં પાર ઊતરશે કે નહીં તેની બીક હતી. દરેક મહિનાની શરૂઆતમાં એઓ 'સંસ્કૃતિ'ની આખરી રચના માટે અહીં આવે. એક વખત સંકોચપૂર્વક એ લખાણ એમને બતાવ્યું. વિધિનું કરવું કે એમને ગમ્યું. પણ મને સાચા નામે પ્રસિદ્ધ કરવાનો વસવસો થયો. વાચકોને, મિત્રોને આ લખાણ કેવું લાગશે તેની આશંકા હતી.

એટલે મારી રખડુ વૃત્તિએ ‘જિપ્સી’ નામ સ્વીકાર્યું. ‘જિપ્સીની આંખે’ એ પ્રસંગાવલિ આ રીતે પ્રકાશ પામી.

જેમ જેમ આ લખાણ પ્રસિદ્ધ થતું ગયું તેમ તેમ એના વાંચકો તરફથી સમભાવની ઉષ્મા મળતી ગઈ. આગળ લખવાની શ્રદ્ધા એથી વધુ દ્રઢ થઈ. પણ એમાંથી એક બીજું કૌતુક થયું. અંદરની ધરતી પર નવું કુરુક્ષેત્ર મંડાયું. સંઘર્ષ જાગ્યો. એ ધરતીને ખૂણેથી આત્મશુદ્ધિનું ઝરણું ફૂટવા મથી રહ્યું હતું. હું એને નીકળતાં રોકવાનો પ્રયત્ન કરી રહ્યો. ત્યારે જ મને અનુભવ થયો કે આદમીની અંદર બે જણ વસે છેઃ સુંદર અને અસુંદર. આને વિષે શંકા તો ઘણા વખત પહેલાં ગઈ હતી. પરંતુ ઉપાસના વગર અનુભૂતિ ક્યાંથી મળે! એ મથામણમાં આ લખાણોએ મિત્રની જેમ મદદ કરી છે ને હાથ ઝાલ્યો છે. મારામાં ‘જિપ્સી’ જન્મ્યો ના હોત તો જીવનની જરા જેટલીય શ્રી જોવાનું મારું ગજું નહોતું. એટલે એને જીવાડવા-જીરવવા નિષ્ઠાથી પ્રયત્નશીલ રહીશ.

પ્રસંગો તો જીવનમાં બનેલા પડ્યા હતા અઘોરીની જેમ. ક્યારેક કોઈ કાવ્યસત (Poetic Truth) સ્ફુરે ને એની આંગળી ઝાલીને એ પ્રસંગ ઊભો થઈ જાય. બસ આમ બનવા પામ્યું છે. અનુભૂતિ એની ભોં છે. આકૃતિ ઘડતી વખતે કલ્પનાની છૂટછાટ મેં લીધી છે. રંગોની મેળવણી કરી છે. કલમ વાપરતાં ન આવડી હોય તો એમાં અશક્તિ મારી છે. આ લખાણો શરૂ કરતી વખતે આનંદ જ કારણ હતું. લખતાં લખતાં આનંદ અને અંતરાત્માની અનુકંપા એમ બેવડો લાભ મળ્યો છે. વાંચકોને એ વાંચતાં એકલો આનંદ મળશે તોય ધન્ય થઈશ.

'અમાસના તારા' નામ પણ 'જિપ્સી'ની રીતે આવી મળ્યું છે. મૂળ તો શ્રી ધનસુખલાલ મહેતાએ ભાઈ ગુલાબદાસ બ્રોકરની સત્યકથાઓ માટે સૂચવ્યું હતું. ગુલાબદાસે પછી એનું નામ 'પુણ્ય પરવાર્યુ નથી' રાખ્યું. આ નામ સાંભળ્યું ત્યારથી ગમી ગયું હતું. 'જિપ્સીની આંખે' પ્રસિદ્ધ કરવાની વેળા આવી ત્યારે એ નામ આ સંગ્રહની બંધ બેસી ગયું. એક રીતે આ નામ જ આ લખાણના ગુણઅવગુણ, શક્તિઅશક્તિનું નિદર્શન છે. કોઈનું તેજ વધારે, કોઈનું ઓછું. કોઈનું એટલું ઓછું કે દેખાય પણ નહીં. કોઈનો વળી ઝબકારો જ થાય. પરંતુ એ દરેકે દરેક જીવનના અંધકારને વીંધીને નવજીવનની કેડી ભણી આંગળી ચીંધવાનું કાર્ય જરૂર કર્યું છે.

મિત્રોનાં માયાપ્રીતિ આ લખાણ તરફ સર્વદા રહ્યાં છે. વાંચકોનો સમભાવ તો આ લખાણ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાની હિંમત આપે છે. ઘણાં વાંચકોએ પત્રો લખીને આ સાહસમાં ઉત્જેન આપ્યા જ કર્યું છે. ભાઈશ્રી ઉમાશંકર જોષી, વિષ્ણુભાઈ ત્રિવેદી, સ્વામી આનંદ, મનસુખલાલ ઝવેરી અને ગુલાબદાસ બ્રોકર એ સૌ મિત્રોએ પોતાનો હેતભાવ શબ્દરૂપે પ્રગટ કરીને આ પુસ્તકને ગૌરવ આપ્યું છે એ ઋણ મને ઓશિંગણ બનાવે છે.

ભાઈ તારાચંદ રવાણીનો આ પુસ્તક પ્રસિદ્ધ કરવા અને અને એમાં સ્વજન જેવો રસ દેખાડવા માટે આભાર માનું છું.

**કિશનસિંહ ચાવડા**

10-12-'53
8, અલકાપુરી, વડોદરા

# મરમી જીવનયાત્રી – ઉમાશંકર જોષી

બેન્ગ્લોર સાયન્સ કોંગ્રેસમાંથી આગ્રા જતાં રસ્તેથી આપણા વયોવૃદ્ધ સાક્ષર ડો. કાન્તિલાલ પંડ્યાએ એક કાગળ મને લખેલો: હમણાં 'પ્રજાબંધુ'માં 'સંસ્કૃતિ'માંથી ઉદ્ધૃત કરેલું સ્વ. ફૈયાઝખાં ઉપરનું લખાણ જોયું. સંગીત વિષે એટલી જાણકારીથી ગુજરાતી ભાષામાં આવું વર્ણન કરી શકે એવું કોઈ જ ખ્યાલમાં આવતું નથી. આ 'જિપ્સી' છે કોણ?

'સંસ્કૃતિ'માં 'જિપ્સીની આંખે'ના મથાળા હેઠળ આવતી પ્રસંગમાળા અંગે મને ઠીકઠીક કાગળો મળ્યા હશે, દૂર કચ્છથી, મદ્રાસથી, કલકત્તાથી પણ. રૂબરૂ પણ કહેનારા મળે: અમારાં માજી છે તે 'સંસ્કૃતિ' આવે કે ચશ્માં ઠીકઠાક કરીને પહેલાં તો 'જિપ્સી' વાંચી જાય. સાહિત્યરસિકો અને સેવકોને મોઢે પણ આવો એકરાર સાંભળ્યો છે. 'સંસ્કૃતિ'માંથી આ 'જિપ્સીની આંખે'ના પ્રસંગો ગુજરાતનાં તેમ જ અન્ય ભાષાનાં પત્રોમાં ઉતારાયા છે. જિપ્સીની અપીલનો એક નોંધપાત્ર દાખલો સુરત

લેખક-મિલનમાં મુંબઈના ગ્રંથાગાર(પ્રવર્તક પુસ્તકાલય)વાળા શ્રી રસિક ઝવેરીએ આપ્યો હતો: નળબજાર-ભીંડીબજાર તરફ કામ કરતા એક શ્રમિણને એકે પુસ્તક ગમતું ન હતું. લઈ જાય ને મોં બગાડીને બધાં પાછાં આપે. કંટાળીને એનો કાંટો કાઢવા પોતે એને 'ભારેખમ' સંસ્કૃતિની ફાઈલ આપી. થોડા દિવસ પછી પેલા ભાઈ આવીને રાહ જોતા બેઠેલા. કૂદીને બૂમ પાડી ઊઠ્યા. ખૂલી ગયું! ખૂલી ગયું!! શું ખૂલી ગયું તો કહે આમાંથી જિપ્સી વાંચીને દિલ ખૂલી ગયું.

જિપ્સી કોણ છે એના શરૂઆતમાં ઘણા તર્ક થયેલા. શાંતિનિકેતનનું કાંઈક આવું એટલે શ્રી. નગીનદાસ પારખ હશે એવો તર્ક થયો. સંગીતનું અને પોંડિચેરીનું થોડુંક આવ્યું એટલે શ્રી. દિલીપકુમાર રોયનું લખાણ હશે એમ પણ મનાયું! કોઈ કોઈએ તંત્રીને પણ ટોપી પહેરાવી દીધી (-જો કે એ રખડુને છેક જિપ્સીની કોટિમાં મૂકી ન શકાય). યુરોપ, આફ્રિકા, અમેરિકા, ચારે ખંડની જાતઅનુભવની વાતો આવે. એવો વિવિધ અનુભવ-વખારી ગુજરાતી 'લેખક' શોધવો એ જરીક મુશ્કેલ તો ખરું જ. પણ રાજામહારાજાઓની હવે ઇતિહાસમાં વિલીન થઈ રહેલી વણઝારની ઝીણી જાણકારીપૂર્વક પ્રસંગોએ છેવટે જિપ્સી તે શ્રી કિશનસિંહ ચાવડા છે તે છતું કરી દેવામાં મદદ કરી.

'અમાસના તારા' એ જિપ્સીની કૃતિ છે. જિપ્સી એટલે પ્રાણશક્તિના ઉદ્રેકવાળો બહિર્મુખ ફરંદો માણસ. પણ જિપ્સીઓને માત્ર બહિર્મુખ લેખવામાં કદાચ અન્યાય થશે. બાહ્ય જગતમાં ખોવાઈ જતા દેખાતા માણસો ક્યારેક ભીતરની સૃષ્ટિને

શોધી રહેલા અંતર્મુખ યાત્રીઓ પણ હોય છે. એ વાતનો અણસારો આ 'અમાસના તારા' જરૂર આપશે.

પહેલી છાપ વિવિધતાની પડે એ સ્વાભાવિક છે. ચોખંડ (ખરે જ, ઓસ્ટ્રેલિયા સિવાયના ચાર ખંડની) ધરતીના અનુભવોની વાતો આમાં સંગ્રહાઈ છે. આ 76 પ્રસંગોના પાંચ બહોળા વિભાગો પાડી શકાય : 1. કુટુંબકથાઓ, 2. લાક્ષણિક પાત્રો, 3. સંગીત-અનુભવો, 4. જીવનસમીક્ષક પ્રસંગો અને 5. જીવનમાંગલ્યના કાવ્યને વ્યક્ત કરતી મર્મકથાઓ.

'પહેલે મન કો મૂંડો, ફિર આતમ કો ઢૂંઢો'–ગાનારા ગોવિંદસિંહ ચાવડા ભક્ત ગૃહસ્થ હતા. એમના વ્યક્તિત્વનો તાપ મહાકોરને માકલી કહી બેસનારી બાને જીવનભર જીરવવાનો છે. પણ સામેથી દીક્ષા લેવાના પ્રસંગે 'બા'ની નિઃસ્વાર્થ મામિર્ક સલાહને વશ થતાં પણ ગોવંદિસિંહજીને આવડે છે. કુટુમ્બીઓમાં પિતા, બહેન, ફોઈ આદિનાં પાત્ર પોતપોતાની રીતે આકર્ષક છે, પણ 'બા'–મંગલસૂત્રને સાટે દીકરા માટે સાઇકલની ત્રેવડ કરનાર 'બા'–ની મૂર્તિ અવિસ્મરણીય નીવડે એવી છે.

ભાતભાતનાં ને જાતજાતનાં લાક્ષણિક પાત્રો આ પુસ્તકમાં મળશે. ગંગાના ઘાટ પર મદારીના નાગને નાદમુગ્ધ કરી દેનાર પખવાજવાદક અજાણ્યો સાધુ, માતૃત્વ વર્ષાવતી અમરિકી મહિલા, કે 'Alone' (એકાકી)ની સુરાવલિથી કદરદાનીભર્યું સ્વાગત કરતી તરુણ આંગ્લ માતા, માપબંધીના યુગમાં અત્તરવાળાને કેરોસીન લઈ આવવા કહેનાર પુસ્તકશોખીન

મુસ્તફા અલી કે મરીન ડ્રાઇવ ઉપર લોકઠઠ વચ્ચે પણ ગીત ગુંજતા ને ચપટીના તાલદેતા બેરિસ્ટર ઝાબવાલા, ટુવાલ જમીન પર બિછાવી એ તખ્ત ઉપરથી સામાની સલામ ઝીલતા દિલ્હીની શહેનશાહતના છેલ્લા અવશેષ, વનરાજના શબમાં બહાદુરીથી ગોળીઓ ધરબી દેતા ગોરા સાહેબો, સિંહને ભાલાથી વીંધીને લગ્નનો અધિકાર મેળવતો મુસાઈ જુવાન, ‘ગાડીને જવું હોય તો જાય, હું મારી ચાલ નહિ બગાડું’ કહેતા દરબાર, રેંકડી પર પ્રિયતમાને અસવારી કરાવતો સાથી, ‘એ ચીજ’ બ. ક. ઠા., ફક્કડચાચા, નન્નુમીઆં, અફલાતૂન, કૃષ્ણાપ્પા, લાડલીના રઘુરાજસિંહજી, હાજી વજીરમહંમદ, –મનુષ્યજાતિની મનભર વિવિધતાનો ઇશારો આપવા માટે આવી પાત્રમાળા પૂરતી ગણાય.

સંગીતાસ્વાદનના અનુભવોનું આલેખન આ પુસ્તકનું એક અગત્યનું અંગ છે. ચિત્રકલાના આસ્વાદન અંગે થોડુંઘણું લખાય છે. એ જ રીતે સંગીત વિષે પણ ઊંડી સમજદારીપૂર્વક તે તે અનુભવોને ફરી જીવી રહ્યા હોઈએ એ રીતનું વર્ણન થવું જોઈએ. સંગીત, નૃત્ય, ચિત્ર આદી લલિતકલાઓનો પોતે સંવેદેલો સંસ્પર્શ કર્તા સુભગ રીતે શબ્દબદ્ધ કરી શકે છે. સ્વ. ફૈયાઝખાં કે નન્નુ-ઉસ્તાદના સંગીતના વર્ણનમાં એ જોઈ શકાશે.

જીવનને સમીક્ષકની દષ્ટિએ જોતાં જે વિસંવાદી ચિત્રો જોવા મળે છે તે કર્તાએ પીંછીના હળવા લહેકાથી અને સમતુલાથી રજૂ કર્યાં છે. આરતીના પૈસામાંથી થતી ચોરી, દીવા માટે ખોરું ઘી બાળતો વણિક, ફ્રી-મૅસન જેવી સંસ્થામાં દાનની પેટીમાંથી

નીકળતા ખોટા સિક્કા, વાચકને આવી વીગતો જુદી જ રીતે જીવનને જોવા પ્રેરે એવી છે. દેશમાં પાછા ફરતા ભાવુકને કોઈ અનુભવી ખાદી બદલાની સલાહ આપે છે એ કેવી સણસણતી છે! અત્યારની સ્થિતિ સામેનો પુણ્યપ્રકોપ 'સ્વરાજ મળ્યું છે તે મરદ હો તો જાળવજો' એવા એક પાવૈયાના પડકાર દ્વારા પ્રગટ કરીને સમકાલીન પરિસ્થિતિની હાસ્યજનકતા તેમ જ કરુણ બંને એકી સાથે કર્તાએ નિર્દેશ્યાં છે. આ વિસંવાદિતામાંથી ક્યારેક લેખક જોડિયાં દૃશ્યો રજૂ કરી, એક આંખ કુત્સિત દૃશ્ય પર અને બીજી મંગલ પર ઠેરવી, સંવાદિતાના સમ ઉપર પોતાના હૃદયગુંજનને લાવવા મથે છે. 'અજવાળામાં અને અંધારામાં', 'અલ્પતા અને મહત્તા', 'હિંદી અને અંગ્રેજ' અને ખાસ તો 'જીવનનું કાવ્ય' જેવા પ્રસંગો આ જાતના છે. પુસ્તકમાં હાસ્ય પણ છે, તે આ વિભાગની કૃતિઓમાં છે. મહારાજાના 'અનિવાર્ય અસબાબ'માં ધોવાનો પત્થર પણ હોય, વાઈસરોય જે શેરનો શિકાર કરે તેનું માપ લેનારી પટ્ટીમાં પહેલો ફૂટ કાપી લીધેલો જ હોય, જેથી વધુ માપ આવે, — આ પ્રસંગોને પોતાને જ લેખક અંતર્ગત હાસ્ય ખુલ્લું કરવા દે છે, કાંઈ વિવેચન કરવા રોકાતા નથી.

આખા પુસ્તકના મર્મભાગ જેવું જૂથ છે જીવનમાંગલ્યના પ્રસંગોનું, જીવનનું કાવ્ય પ્રગટ કરનાર કણ્યાક પ્રસંગોનું. જીવનની અંતિમ કલ્યાણમયતાની હવા આમ તો લગભગ આખા પુસ્તકમાં ફેલાયેલી છે, પણ ઇટાલિયન કેદીમજૂરોએ બાંધેલા

દેવળની કથની ‘હૃદયધર્મનો પ્રસાદ’ અને ‘ગાંધીજીના પુણ્ય પ્રતાપે’ જેવા પ્રસંગો એની સવિશેષ પ્રતીતિ કરાવે છે.

એક પુસ્તક માટે અને એક લેખક માટે આ સારી એવી વિવિધતા ગણાય. વાંચનારને પ્રશ્ન થશે: આ બધું સાચું હશે? એક માણસને આવી જાતના વિવિધ અનુભવો થયા હશે?

લેખકના આ બધા જ જાતઅનુભવો હોય તો પણ એને માટે આપણને આશ્ચર્યભાવ થાય છે, અને જો એમણે કલ્પ્યા હોય તો એમની અમોઘ કલ્પનાશક્તિ માટે આદર થાય એવું છે. પણ આ બંને રીતે જોવાની જરૂર નથી. સંસ્મરણો કોઈ વિશિષ્ટ જનનાં હોય તો તેની કિંમત હોય છે. અમુક લખાણ સંસ્મરણાત્મક છે કે સત્યકથા છે એટલા ખાતર આપોઆપ કિંમતી બનતું નથી. એમાં જીવનનો કોઈ મર્મ છે? જીવનના એકાદ સૌન્દર્યકિરણને પણ એ સાકાર કરે છે?–આ મુખ્ય પ્રશ્ન તો છે. (વિશિષ્ટ જનનાં સંસ્મરણો કે આત્મકથાત્મક લખાણો એ પોતે જે સત્યને સાકાર કરતા હોય છે તેના અનુસંધાનમાં આપોઆપ અર્થગર્ભની જતાં હોય છે.)

નિવેદનમાં લેખકે સાચું જ કહ્યું છે કે પોતે હકીકત સાથે ક્યાંક છૂટ લીધી છે અને Poetic Truth-કાવ્યગત સત્ય-ને વશ વર્તીને રચના કરી છે.

કેટલાકની વાતચીતમાં આપણે જોઈએ છીએ કે આજે એક પ્રસંગ એ કહે અને છ મહિના પછી એ જ પ્રસંગ કહે તો એમાં કોઈવાર ફેર પણ પડી જાય. કેટલાક માણસો વાતચીતના પણ કળાકાર હોય છે. વાણી દ્વારા કોઈક સત્યાંશને એ આકાર આપી રહ્યા હોય છે. ગઈ વખતે અમુક પાસું ખીલવી અમુક સત્યાંશને

પ્રગટકરવા મથ્યા હોય, અત્યારે બીજી રીતે 'બેલ્જિયન કટ' મૂકી બીજો પહેલુ પાડે અને વધુ ઇષ્ટ સત્યકિરણને પ્રગટાવવા મથે. પ્રસંગકથનમાં સત્યના સૌન્દર્યની શોધ અંગેની એમની મથામણ હોય છે. આવાઓની સ્મૃતિ પ્રસંગને યથાર્થ રૂપેજાળવવા કે રજૂ કરવામાં રાચવાને બદલે સત્યસૌન્દર્યની માગણી પ્રમાણે એ પ્રસંગોને જોનારી ને નિરૂપનારી હોય છે. આવી સ્મૃતિને એક યુરોપીય કવિચિંતકે Creative Memory–સર્જક સ્મૃતિ–નું નામ આપ્યું છે. અલબત્ત, વિજ્ઞાન, જીવનચરિત, આદિમાં એ ન જ ચાલે; લલિત સાહિત્યમાં, કલાપ્રવૃત્તિમાં જ સર્જક સ્મૃતિનો વિલાસ.

શ્રી ચાવડાની સર્જક સ્મૃતિની આ કૃતિઓ જેટલે અંશે માનવજીવનના કોઈ ને કોઈ રહસ્યસૌન્દર્યને સાકાર કરી શકતી હશે એટલે અંશે જ સાહિત્ય તરીકે આસ્વાદ્ય બનશે. એકંદરે એવા સૌન્દર્યની શોધ સિવાય એમની કલમ પ્રવૃત્તિ થતી નથી. નર્યા વર્ણનના કે રહસ્યશોધમાં નિષ્ફળતા મળ્યાના દાખલા જૂજ હશે. નર્યા વર્ણનમાં ક્યારેક માનવભાવ દાખલ કરીને એને એ કેટલું સજીવ કરે છે તે 'માતૃત્વ'માં જોઈ શકાય છે.

સત્યઘટનાના પાસારૂપે કોઈ અરુચિકર અંશો કોઈને દેખાય તો તે મહાજનો સાથેના નિકટ સંપર્કની કે અનિચ્છાએ પણ ક્યારેક રાજા તરીકે ખપવાની કે અવારનવાર કોઈને ને કોઈને બે પૈસાની મદદ કર્યાની વીગતો આવે છે તે અંગેના હશે. પણ સ્વાનુભવાત્મક લખાણનો કદાચ એ નિર્વાહ્ય દોષ લેખાશે.

'અમાસના તારા'નું ગદ્ય આસ્વાદ્ય નીવડ્યા વિના નહિ રહે.

વાર્તા કે નિબંધમાં શ્રી ચાવડાનું ગદ્ય ક્યારેક પ્રસ્તાર અને પલ્વનનો શોખ દાખવતું. પણ આ જિપ્સીનો પ્રસંગમાળાનો પ્રકાર જ એવો છે કે એમને દોર ઉપર રહેવું પડે. સાચે જ આ પ્રસંગમાળાએ કર્તાના ગદ્યને સુગ્રથિત કર્યું છે અને એમની ખુશબોભરી શૈલીને પૂરી તક આપી છે. કર્તાના હૃદયમાં રૂંધાઈ રહેલું કાવ્ય અહીં ક્યારેક મોકળાશથી પ્રગટ થઈ શકે છે. હીંચકાનુ વર્ણન કે આત્મવિલોપનના ઉત્સવનું નિરૂપણ, સિતારી નન્નુઉત્સાહની વાદનકળાનું આલેખન કે મલ્હારનાં ચાર સ્વરૂપોનું શબ્દાંકન, કાવ્યઘૂંટેલી ગદ્યશૈલીનો પરિચય કરાવે છે. ‘સંગીતની સરહદોનો સૂબો તંબુરો’, ‘આદમિયતની સુગંધ’, ‘જીવનનું અત્તર’, ‘ભણતરનો અંધાપો’ જેવી ઉપમાઓ કે શબ્દાવલિ ‘અમાસના તારા’નું એક નોંધપાત્ર લક્ષણ છે. દિલ્હી સ્ટેડિયમમાં ‘બળ્યું કુટુંબનિયોજન’ કહેતી માતૃત્વ ઝંખતી માનિનીનું, માત્ર કાનની મદદથી કરેલું, વર્ણન (પૃ. 406) લેખકની ધીટ અનુભવદક્ષતાનો પણ ઠીક પરિચય કરાવે છે.

આવા વિવિધ અનુભવોનું મધુ સંચવાની કિંમત પણ આપવી જ પડી હશે તો! પણ આપણે શું? આપણને અત્તરથી કામ. પાંદડીઓ ઉપર શી વીતી તે એ જાણે. જીવનમાં શબ્દની મદદથી પણ કિંચિત્ સૌન્દર્ય પ્રગટ કરી શકાય તો એ ઓછી કૃતાર્થતા નથી. રોમેં રોલાંએ ક્યાંક કહ્યું છે કે આપણે તો છીએ માટીનો પિંડ, કળા છે તો માંહેથી ફૂટી નીકળતું ડોલતું નમણું ફૂલ.

સ્વાનુભવોને કલાઘાટ આપીને જીવનના સૌન્દર્યને પ્રગટ કરતા ટૂચકા, પ્રસંગો, પાત્રો, કથાઓ રજૂ કરવાના આ જાતના

પ્રયત્નો બીજી, ખાસ કરીને વિદેશી, ભાષાઓનાં સાહિત્યમાં જોવા મળે છે. આપણે ત્યાં પણ એવો પ્રયત્નો થવા માંડ્યા છે. પણ પોતાની આંતર અભિવ્યક્તિનું સહજ વાહન હોય એ રીતે શ્રી ચાવડાની જેમ ભાગ્યે જ કોઈ લેખકે એ પ્રકાર મોટા પાયા પર ખેડ્યો હોય. ઝીણી સૌન્દર્યસૂઝને લીધે આ સાહિત્યપ્રકારને કલાની કોટિએ પહોંચાડવાની શક્યતાઓ પણ શ્રી ચાવડાની કલમે ભરપૂર વિકસાવી છે. પરિણામે ગુજરાતને એક મનમાં વસી જાય એવું જીવનની મધુર અને મત્ત ખુશબોભર્યું પુસ્તક મળ્યું છે.

**ઉમાશંકર જોષી**

ડિસેમ્બર 25, 1953
'સંસ્કૃતિ', અમદાવાદ-1

# બા

બાપુજી જ્યારે જ્યારે બહારગામ જતા ત્યારે બા બહુ ઉદાસ રહેતી, અને આ કારણે કે કોણ જાણે કેમ પણ બાપુજી અનિવાર્ય ન હોય તો બહારગામ ભાગ્યે જ જતા. એક દિવસ સુરતના ગુરુદ્વારેથી તાર આવ્યો. એમાં બાપુજીને એકદમ સુરત આવવાની ગુરુમહારાજની આજ્ઞા હતી. એ દિવસોમાં તાર આવવો એ બહુ જ મહત્ત્વનો પ્રસંગ મનાતો. આખા ફળિયામાં વાત ફેલાઈ ગઈ કે અમારે ત્યાં તાર આવ્યો છે. ધીરે ધીરે ઘેર પૂછપરછ કરનારાઓની સંખ્યા વધતી ગઈ. એક પછી એક માણસોની અવરજવર ચાલુ જ રહી. પણ કશા જ માઠા સમાચાર નહોતા એટલે વાતાવરણમાં કુતૂહલ અને ઉત્સાહ હતાં. પાંત્રીસ વરસ પહેલાંનો એ જમાનો સુરત – અમદાવાદ જવાનો પ્રસંગ બેપાંચ વરસે આવતો અને મુંબઈ- કલકત્તા જવું એ તો પરદેશ જવા જેટલું અઘરું અને વિરલ મનાતું.

એટલે પિતાજીના પ્રવાસની તૈયારી કરવા બાની મદદે મોટાં માસી અને મામી આવી પહોંચ્યાં. પાર્વતીફોઈ એક નાના ચોખ્ખા

પિત્તળના ડબ્બામાં ચાર મગજના લાડુ લેતાં આવ્યાં. બાપુજી માટે ભાતું બંધાવી આપવાનો અડધો સવાલ ફોઈએ ઉકેલી આપ્યો. સુરત લઈ જવાના બિસ્તરા માટે મામા પોતાને ત્યાંથી નાની નવી શેતરંજી લેતા આવ્યા. લલ્લુકાકા ધોબી ચાર દિવસ પછી આપવાનાં બાપુજીનાં કપડાં ખાસ ઇસ્ત્રી કરીને લઈ આવ્યા. સાંજે ભજન થયાં. રાતે જમ્યા પછી ફાનસને અજવાળે પરસોત્તમકાકાએ બાપુજીની હજામત કરી આપી. બાપુજી રાત્રે મધરાતની લોકલ ગાડીમાં સુરત જવાના હતા. મોડી રાત્રે વાહનની મુશ્કેલી પડે માટે ઘેરથી દસ વાગે નીકળી જવાનું ઠરાવ્યું. સાડાનવ વાગ્યાને મામા ઘોડાગાડી લાવવા માટે લહેરીપુરા ગયા. ત્યાં અમારા ઓળખીતા જ મુસ્લિમ સ્વજન મલંગકાકાની ગાડી ઊભી હતી. મામાએ વાત કરી એટલે મલંગકાકા ગાડી લઈને આવી પહોંચ્યા. એમણે પોતે અગિયાર વાગ્યા સુધી ગપ્પાં મારીને બાપુજીની વિદાયમાંથી વિષાદનો ભાર હળવો કરી દીધો. પરંતુ ગાડી નીકળ્યા પછી મહામુસીબતે રોકાઈ રહેલાં બાનાં આંસુ ખરી પડ્યાં. માસી, મામી અને ફૉઈ સૌએ બાને સાંત્વના આપી અને છેક મધરાતે સૌ વીખરાયાં. અમે પણ આડાં પડ્યાં. જ્યારે જ્યારે બા મને વધારે પંપાળે અને વહાલ કરે ત્યારે હું એને હંમેશાં દુ:ખી અને અસ્વસ્થ જોઉં. આજે પણ બાએ મને એવું જ હેત કરવા માંડ્યું. વહાલ કરતી જાય અને ડૂસકાં લેતી જાય. એટલે તેને છાની રાખવા મેં સામેથી પંપાળવાનું શરૂ કર્યું. પણ એની અસર ઊલટી થઈ અને બા રડી પડી. એ વખતે મારી ઉંમર બારેક વર્ષની હશે. બા મને બહુ જ વહાલી.

બાપુજી તરફ અપાર સદ્ભાવ, પણ એમનો ક્યારેક ભય લાગે. પરંતુ બા પાસેથી તો નિર્ભયતાનું વરદાન મળેલું. મેં બાની સોડમાં લપાઈને એના જ પાલવ વડે એનાં આંસુ લૂછવા માંડ્યાં. આંસુઓ જેમ જેમ લૂછું તેમ તેમ વધારે વહે. આખરે મારું અંતર પણ ભરાઈ ગયું. બાનાં આંસુઓ જોઈને અધીરી બનેલી મારી આંખો છલકાઈ પડી. મારી રડતી આંખો જોઈને બાનાં આંસુ આપોઆપ રોકાઈ ગયાં. મને સોડમાં વધારે પાસે ખેંચીને બાએ પાલવથી મારી આંખો લૂછવા માંડી. આ બધોય વખત બા એક શબ્દ બોલી શકી નહીં, મારાથી તો બોલાય જ શું?

આખરે બા જ બોલી, એના અવાજમાં રુદનની ભીનાશ હતી: 'બેટા, તને હું બહુ જ ગમું છું?' એના જવાબમાં આંસુભરી આંખો ટગરટગર જોઈ રહી. એમાં ઊભેલો ઉત્તર જોઈને એણે કહ્યું, 'તારા બાપુજી મને એટલા જ ગમે છે. એટલે જ્યારે એ બહારગામ જાય છે ત્યારે હું ઉદાસ થઈ જાઉં છું. પણ આ વખતે તો મારાથી રહેવાયું જ નહિ. કોણ જાણે ગુરુમહારાજે તાર કરીને કેમ બોલાવ્યા છે! ચાલો, હવે સૂઈ જઈએ.' અને આમ વાતો કરતાં કરતાં એક બીજાનું આશ્વાસન બનીને અમે સૂઈ ગયાં.

બાપુજી પાંચમે દિવસે સાંજે આવ્યા ત્યાં સુધી બા ઉદાસ જ રહી. પણ એમને જોતાં જ એની આંખોમાં જિંદગી ઊમટી પડી. ઉદાસીની ઉપર આનંદના જુવાળ ફરી વળ્યા, હું વળગી પડ્યો. પવનવેગે સમાચાર ફેલાઈ ગયા. સ્વજનો અને સગાંઓની આવજા શરૂ થઈ ગઈ. અમારા ઘરમાં જ્યાં શૂન્યતા સંતાતી ફરતી હતી ત્યાં ફરી જિંદગીનો હિનો મહેકી ઊઠ્યો. સૌને વિદાય

કરીને અમે ત્રણે સાથે જમ્યાં. હું હંમેશાં બાપુજીની બાજુમાં જુદી પથારીમાં સૂતો. અમારી બન્નેની સામે બાની પથારી થતી. રાતે પ્રાર્થના કરીને અમે સૂઈ ગયાં. મોડી રાતે બાનાં ડૂસકાં સાંભળીને હું જાગી ઊઠ્યો. જોયું તો બા અને બાપુજી બન્ને સામસામે બેસીને વાતો કરતાં હતાં. બા ડૂસકે ડૂસકે રડતી હતી. પથારીમાં હું બેઠો થઈ ધીરે ધીરે પાસે આવીને બાની સોડમાં લપાઈ ગયો. બાપુજીને મેં આટલા બધા વિકળ ભાગ્યે જ જોયા હતા. એટલે બાની સોડમાંથી ખસીને હું બાપુજીના ખોળા પાસે બેઠો. એમણે મારે માથે હાથ ફેરવવા માંડ્યો. એમના અવાજમાં અસ્વસ્થતા હતી. બાને સંબોધીને એમણે કહ્યું: ‘તમે હા પાડો તો જ મારાથી સુરતની ગાદી માટે હા પડાય. ગુરુમહારાજે કહ્યું છે કે નર્મદાની સંમતિ મળે તો જ તમારું સંન્યસ્ત સાર્થક થાય.’

‘તમને ગાદી આપવાની ગુરુમહારાજની ઇચ્છા છે એ વાતની શંકા તો ગઈ વખતે એ અહીં આવ્યા ત્યારથી મને થઈ ગઈ હતી. નારણદાસે એ વાત કરી ત્યારે મેં તો એને મશ્કરી જ માની હતી. માટે તો મેં તમને ચોખ્ખું પૂછ્યું પણ હતું. તમે ના પાડી હતી, છતાં તમારા મનની ઘડભાંજ તો તે વખતે પણ કળાતી હતી. પણ જયરામદાસને સુરતની ગાદી આપવાની વાત હવામાં હતી એટલે મેં મારા મનને સમજાવ્યું હતું. પણ તાર આવ્યો અને મારા મનમાં એ શંકાનો પાછો ભડકો થયો.’ બાનાં ડૂસકાં ચાલુ હતાં.

‘પણ જુઓને’ બાપુજીની વાણીમાં પણ વ્યાકુળતા હતી, ‘ગુરુમહારાજની ઇચ્છા જયરામદાસને દીક્ષા આપવાની હતી. એમણે કહ્યું છે કે તમારા કુટુંબનો ત્યાગ મોટો છે. તમારા

પિતાજીનું દાન શોભાવવું હોય, મંદિરની પ્રતિષ્ઠા જાળવવી હોય અને નિરાંત સંપ્રદાયને જીવંત રાખવો હોય તો મારે ગાદી સ્વીકારવી જોઈએ.'

બાનાં ડૂસકાં અટકી ગયાં. આંસુઓ આંખોમાં અદ્ધર રહી ગયાં. એના અવાજમાં પણ કંઈક જીવ આવ્યો: 'જુઓ, તમારા આત્માના કલ્યાણની આડે આવું તો મારો ધર્મ લાજે. પણ આમાં તો આપણે માથે કલંક આવશે.'

'દીક્ષા લેવી એને કલંક કોણ કહેશે? હું કંઈ ઓછો દુઃખ કે નિરાશાથી કંટાળીને ગાદી સ્વીકારું છું? સંસારનો કાયર હોય ને સંન્યસ્ત સ્વીકારે તો કલંક કહેવાય. હું તો સુખી જીવ છું. તમારી સંમતિથી ગાદી સ્વીકારવા માગું છું. તમે ના કહો તો આપણે ગાદી નથી જોઈતી.' બાપુજી હજી પૂરા સ્વસ્થ નહોતા થયા.

બાએ કહ્યું: 'હું કલંક કહું છું તેનું કારણ તદ્દન જુદું છે. મારું કહેવું તો એમ છે કે લોક એમ માનશે કે બાપદાદાની મિલકતોનો સીધી રીતે વારસો ન મળ્યો તે સાધુ થઈને લીધો. બાપે ઉદાર થઈને મિલકત મંદિરને સોંપી અને દીકરાએ સાધુ થઈને પણ એ મિલકત ભોગવી. આપણી તો મિલકતે ગઈ ને આબરૂ પણ ગઈ. તમારે માટે કોઈ આવી શંકા કરે તોય હું તો મરી જાઉં.'

બાપુજી શાંત રહ્યા. મારે માથે એમનો હાથ ફરતો રહ્યો. પાસે પડેલા ફાનસની બત્તી એમણે વધારે સતેજ કરી. ઓરડામાં અજવાળું સ્પષ્ટ થઈ ગયું. બાની દૃષ્ટિ બાપુજીની આંખોમાં ઊતરીને જાણે કંઈક શોધતી હતી. ત્યાં બાપુજી એમના હંમેશના ધીરગંભીર સ્વરે બોલ્યા: 'તમે કહ્યું એ તો મને સૂઝવું જોઈતું હતું,

પણ મારા મનમાં આવો ભાવ જ નહોતો. ગુરુમહારાજની આજ્ઞા પાળવી એ એક જ ભાવ મારા મનમાં હતો એટલે તમારી વાત હવે સમજાય છે. આપણે કાલે સવારે સુરત તાર કરીને ગુરુમહારાજને ચરણે ના મોકલી દઈશું.'

મારી પરવા કર્યા વિના બાએ ઊઠીને બાપુજીના પગ પકડી લીધા.

# દહેરી

માધવસંહિ ઠાકોરનું કુટુંબ એ અમારી નાતમાં છેલ્લો શબ્દ. આબરૂ, ખાનદાની અને પૈસો એ ત્રણેમાં એમને આંટે એવું કોઈ નહીં. અમારા ફળિયામાં એમની હવેલી એ અમારે છોકરાંઓને મન રાજમહેલ. એ માધવસંહિ ઠાકોરના મૃત્યુ પછી એમના મોટા દીકરા રામસંહિ કરતાકારવતા થયા. રામસંહિ આમ તો સજ્જન અને સાલસ સ્વભાવના પણ એમની વહુનું એમના ઉપર ભારે ચલણ. કુટુંબ આખાની જાણે ચક્રવર્તી. એમનાથી સ્ત્રીઓ તો ડરે પણ પુરુષોય ગભરાય. આ કુટુંબમાં હીરા જેવા માણસ હોય તો તે રામસંહિના નાના ભાઈ મોહનસંહિ. મીઠો સ્વભાવ, છલકાતી સજ્જનતા, ઉદારતાનો પાર નહીં અને સેવાબુદ્ધિ તો એવી કે ભાઈ ને ભાભીને શ્રવણની જેમ માતાપિતા માનીને પૂજે.

આ મોહનસંહિની સાથે ગંગાફોઈનાં લગ્ન થયેલાં. ગંગાફોઈ બાપુજીનાં નાનાં બહેન. બન્ને ભાઈબહેન વચ્ચે ગજબની પ્રીતિ. આટલો બધો પ્રેમ, પણ બાપુજી કોઈ વખત જરાય જો મોહનસંહિ વિશે બે વેણ કહે તો ફોઈ તરત જ સામનો કરે. પોતાના પતિ

વિષે એક શબ્દ પણ વિરોધનો સાંભળવા તૈયાર નહીં. એ બન્ને ભાઈઓ વચ્ચે પણ માયામમતા અખૂટ. એટલામાં રામસંહિનું આકસ્મિક મૃત્યુ થયું. પોતાની બંદૂક સાફ કરતા હતા ત્યાં અજાણ્યે ગોળી છૂટી અને શરીર વિંધાઈ ગયું. કુટુંબમાં હાહાકાર મચી ગયો. મોહનસંહિ પોતાની ભાભીને માતાને સ્થાને માનતા; પણ મોટાભાઈના મૃત્યુ પછી એમની ભક્તિ ઘણી ઊંડી થઈ ગઈ.

આવો ભક્ત આ સજ્જન પોતાની પત્ની માટે જીવ આપવાની તત્પરતા રાખતો, પણ દેખાડતો નહીં. ગંગાફોઈ માટેના એમના પ્રેમની એક સરસ વાત બા કહેતાં થાકતી નહીં. બા તો એક વાત બાપુજીને પણ હસતાં હસતાં ઘણી વખત લાગ મળ્યે કહેતી. એક વખત બા અને બાપુજી કાશી જવાનો વિચારક રતાં હતાં. એ વખતે મોહનસિંહે બાને કહ્યું હતું કે ગંગા આટલી પાસે છે છતાં કાશી જેટલે આઘા શા માટે જાઓ છો! ગંગાજળ જોઈતું હોય તો એના પગ ધોઈને લાવી આપું. અને આ વાતમાં બા પોતાની વાત ઉમેરીને બાપુજીને હસાવતી પણ ખરી કે મોહનસંહિ એ ગંગાજળનું આચમન પણ કરતા હશે. અમારા કુટુંબ ઉપરાંત આખી નાતમાં અને ઓળખાણમાં ગંગાફોઈનું દામ્પત્ય પ્રેમ અને અદેખાઈનો વિષય હતું.

મોહનસંહિ લશ્કરમાં નોકર હતા. સૂબેદારનો હોદ્દો હતો. અફસરો અને સિપાઈઓ બન્નેમાં એમને વિશે સરખાં સ્નેહ અને સમભાવ હતાં. એ વખતે એમની બટાલિયન પાદરારોડના બેરેકોમાં રહેતી. એક દિવસે સવારે નોકરી ઉપરથી મોહનસંહિ ઘેર આવતા હતા. ત્યાં રસ્તામાં એમને સાપ કરડ્યો. ત્યાં જ એ

પડ્યા અને ત્યાં જ મૃત્યુ પામ્યા. સાંજ સુધી જ્યારે એ ઘેર આવ્યા નહીં અને કશા સમાચાર પણ ના આવ્યા ત્યારે બાપુજી બેરેકમાં ખબર કાઢવા જતા હતા. રસ્તો ઓતાડો હતો. ત્યાં રસ્તામાં જ મોહનસંહિના શરીરને જંપેલું જોયું. એ તો દોડ્યા બેરેકમાં. કૅપ્ટનને ખબર આપ્યા. કૅપ્ટન અને બીજા લશ્કરી માણસો ડોળી લઈને આવી પહોંચ્યા અને મૃતદેહને ઘેર પહોંચાડ્યો. સ્મશાનયાત્રા વખતે કૅપ્ટને આગ્રહ કર્યો કે એનો અગ્નિદાહ બેરેકની પાસે જ્યાં એમને સર્પદંશ થયો હતો ત્યાં જ કરવો. ગંગાફોઈએ આ વાત માનીને રજા આપી. લશ્કરી સન્માન સાથે ફુઆના અગ્નિસંસ્કાર થયા.

બીજે દિવસે સાંજે બાપુજી, બા અને સૌ ફોઈ પાસે બેઠાં હતાં. કશું જ બોલવાની કોઈની હંમિત ચાલતી નહોતી. ફોઈએ કહ્યું : “ઇચ્છા તો કાલે સાથે જ અગ્નિને પામવાની હતી. પણ એમ માત્ર સાથે બળી મરવાથી ઓછું સતી થવાય છે! મેં એમના જીવતાં પ્રેમતપ કર્યું છે. એ અધૂરું તપ એમના મૃત્યુ પછી પૂરું કરવું છે. પછી નિરાંતે એમની પાસે હસતે મોઢે જઈશ.” અને એમની આંખોમાંથી દડદડ આંસુ ટપકવા માંડ્યાં. સાથે બેઠેલાં સૌ ડૂસકાં લેતાં હતાં. કોઈ બોલી શકતું નહોતું. મારું ગભરુ હૃદય તો એક જ વાતમાં વિમાસી રહ્યું હતું. કાલનાં ગંગાફોઈ કેવી મંગલમૂર્તિ હતાં! અને આજનાં કેવાં કરુણમૂર્તિ છે! એક માણસના જવાથી બીજા માણસનો આખો સંસાર બદલાઈ જાય છે! મૂલ્ય, મહત્તા, દષ્ટિ અને હેતુ બધું જ આટલું બધું બદલાઈ જાય છે! ફુઆ જીવતા હતા અને ફોઈ જે હતાં, જેવાં હતાં, તે ફોઈને તેવાં મેં કદી જોયાં

જ નહીં. રોજ સવારે બાપુજી મને રામાયણ વાંચવા મોકલતા. રામાયણ વંચાઈ રહે ત્યાર બાદ ફોઈ મને પ્રસાદ આપતાં અને સરસ એક વારતા કહેતાં. એ વારતામાં ફુઆનું નામ કે કામ એકાદ વખત તો આવ્યા વિના રહે જ નહીં. ધીરે ધીરે સમય વીતતો ગયો. વરસ પૂરું થયું. ગમગીની પણ ઓસરી, એક, બે ને ત્રણ વરસ પૂરાં થયાં.

તે દિવસે ફુઆની શ્રાદ્ધતિથિ હતી. સવારનો વખત હતો. હું રામાયણ વાંચવા ગયો હતો. પણ આજે ફોઈ રોજની જેમ સ્વસ્થ નહોતાં. મારા મનમાં કે ફુઆની યાદથી અસ્વસ્થ થઈ ગયાં હશે. મેં કહ્યું : "ફોઈ, ચાલો રામાયણ વાંચીએ." "ચાલો બેટા" કહીને ફોઈ આવ્યાં તો ખરાં પણ રામાયણ સાંભળવામાં એમનું દિલ ચોંટે નહીં. એમના અંતરમાં ચાલતી મથામણની વ્યથા એમની આંખોમાં આવી આવીને રહી જતી. અડધા રામાયણે જ એ તો ઊઠ્યાં. અંદર રસોડામાં એમનાં જેઠાણી રસોઈ કરતાં હતાં. એમનું નામ સૂરજબા. એ બાઈ મને કદી ગમતાં જ નહીં. એમનું મોઢું જ એવું ક્રૂર અને સ્નેહ વિનાનું કે ગમે તેને અભાવ થાય. એમની આંખમાં જ્યારે જુઓ ત્યારે ખાવા ધાતી એક પ્રકારની રિક્તતા ડોકિયું કર્યા જ કરે.

ફોઈ ઊઠ્યાં એટલે પાછળ હુંય ઊઠ્યો. રસોડામાં જઈને એમણે કહ્યું : "મોટી બહેન, તમે આજે સવારે જે વાત કહી તે મને બાળવા જ કહી છે કે સાચી છે?" સૂરજબા બોલ્યાં : "સાચી છે સાચી. તારા પતિને તું ભલેને રામચંદ્રજી માનતી. એણે એક વખત મારી છેડતી કરી હતી અને આ હકીકત હું

સત્તર વખત કહેવાની. જ્યારે જુઓ ત્યારે પતિની પ્રેમભક્તિની વાતો કરતાં થાકતી જ નથી. મોટો પ્રેમવાળો હતો અને તારા તરફ આટલી ભક્તિ હતી ત્યારે મા જેવી ભાભી ઉપર શા માટે હાથ નાખ્યો? હા, હું તો કહેવાની, કહેવાની ને કહેવાની!" સૂરજબાની આંખો ચારેકોર ફરવા માંડી. ફોઈ તો તરત જ પાછાં ફર્યાં. મને કહ્યું : "ચાલો બેટા!" ફોઈને આટલાં ગમગીન, આટલાં વ્યથિત મેં ક્યારેય જોયાં નહોતાં. બહાર નીકળીને એમણે બારણામાં જ માથું પછાડ્યું. ભડાક અવાજ થયો. કપાળ ફૂટી ગયું. લોહી દડદડી પડ્યું. સમજ્યા વિના જ મારાથી ચીસ પડાઈ ગઈ. સૂરજબા બહાર દોડી આવ્યાં. ફોઈએ માથામાંથી નીકળતા લોહીને ખોબામાં લઈને બારસાખે થાપા માર્યા અને મારો હાથ પકડીને ચાલ્યાં અમારે ઘેર. બા, બાપુજી, પાડોશીઓ સૌ દિઙ્મૂઢ થઈ ગયાં. અમારે ઘેર જઈને ફોઈએ બાપુજીને કહ્યું : "ભાઈ!" પણ ફોઈની કશી જ વાત સાંભળતાં પહેલાં બાપુજીએ પોતાના ધોતિયાનો છેડો ફોઈને કપાળે દાબ્યો. એ છેડો હઠાવીને ફોઈએ કહ્યું : "ભાઈ, એમના મૃત્યુ પછી પેલું અધૂરું તપ પૂરું કરવા જીવતી હતી. આજે મારે મરવાની ઘડી આવી છે. આજે મોટીબહેને મરેલા જીવ પર આળ ચઢાવ્યું છે. હું એ નથી માનતી. એ તો દેવ હતા. પણ આ જ રીતે મને મારી નાંખે, તો જ એમને જંપ વળે. હું હવે એ ઘેર પાછી નહીં જાઉં. એ ઘરનું કદી મોઢું જ નહીં જોઉં." અને ફોઈ ત્યાં જ પડી ગયાં. બા ને બાપુજી એમને અંદરના ઓરડામાં લઈ ગયાં. ડોક્ટરને બોલાવ્યા. મેં બાપુજી અને બાને બધી બનેલી વાત કહી.

સમીસાંજ હતી. આવી બિહામણી સાંજ મેં જોઈ નથી. માણસોથી અમારું ઘર ભર્યું હતું. વાતાવરણ નર્યા દુઃખથી ધ્રૂજતું હતું. ફોઈના છેલ્લા શ્વાસ ચાલતા હતા. અમારા કુટુંબના વૈદ્ય બેઠા હતા. ત્યાં ફોઈનો શ્વાસ હેઠે બેઠો અને એ બોલ્યાં : "ભાઈ!" બાપુજી જરા વધારે પાસે ખસ્યા. "ભાઈ." ઊંડાઈમાંથી ફોઈનો અવાજ આવ્યો, "એ ગયા તે જ દિવસે જવાની ઇચ્છા હતી. પણ સાથે બળી મરવાથી સતી થવાતું નથી. એ મરીને પણ મારે માટે જીવતા હતા. આજે એમની મા જેવી ભાભાએ એ સાચા જીવ ઉપર ખોટું આળ ચઢાવીને એમનો ભાવ ભજવાયો છે. ભાઈ, આજે હવે મારે એમની પાસે જવું જોઈએ. મારું શરીર એમની ચેહની જગ્યાએ જ બાળજો. હવે મારાથી નહીં જિવાય." ફોઈના છેલ્લા શબ્દો ઘણા ઊંડાણમાંથી નીકળતા હોય તેમ બોલાયા. શ્વાસ ચાલતો શમ્યો. આંખો આપમેળે બંધ થઈ ગઈ. વૈદ્યકાકા રડી પડ્યા. આખા ઘરમાં શોકનાં વાદળાં વરસ્યાં.

બાપુજીએ પેલા બટાલિયનના કૅપ્ટનને મળીને ફોઈના અગ્નિસંસ્કાર માટે પેલી ખાસ જગ્યાની સરકારી મંજૂરી મેળવી અને જ્યાં ફુઆની ચેહ સીંચાઈ હતી, બરાબર એ જ સ્થળે ફોઈની ચિતા રચાઈ.

ફોઈનાં અસ્થિ નર્મદામાં પધરાવ્યાં. ત્યારબાદ સતત અઠવાડિયા સુધી આશાકાકા કડિયા જોડે જઈને બાપુજીએ ફોઈના અગ્નિસંસ્કારની જગ્યાએ એક રૂપાળી દહેરી બંધાવી. ફોઈનો મૃત્યુદિન એ વિજયાદશમીનો તહેવાર હતો. એ દિવસે

અમારી કુળદેવી સંધિવાઈ માતાએ યજ્ઞ થતો. એ હોમહવનમાંથી પાછા ફરતાં અમે સૌ ફોઈની દહેરીએ ફૂલ ચઢાવીને જ ઘેર આવતાં. વર્ષો સુધી આ ક્રમ અવિરત ચાલ્યો. પછી તો બાપુજી ગયા. ક્યારેક યાદ આપીને દહેરીએ મોકલાતી બાય ચાલી ગઈ. પેલા યજ્ઞમાં જવાનું મારું બંધ થઈ ગયું. આજે તો એ દહેરી ઉપર પુરાણ ચઢ્યું છે અને એ દેખાતી પણ નથી.

હજી હમણાં જ ઘણે વરસે વિશ્વામિત્રી અને વડોદરા વચ્ચે દિવસ ઊગ્યે પ્રવાસ કરવાની તક મળી ત્યારે વિસ્મરણના ઢગલામાં દબાઈ ગયેલી આ યાદ જીવનઆકાશની ક્ષિતિજ ઉપર આવીને ઝબકી ગઈ. સ્નેહથી ભીંજાયલી ગમે તે વસ્તુ હોય, યાદ કે આદર્શ, ફરી મળ્યા વિના રહેતાં નથી.

# બલિદાન અને સમર્પણ

અમારી કુળદેવી સંધિવાઈ માતાના મંદિરમાં વરસે બે વાર હવન થતા. એક અનંતચૌદશે અને બીજો દશેરાએ. વિજયાદશમીનો હવે સાદો થતો; પણ અનંતચૌદશના હવનમાં બકરાનો બલિ અપાતો. શ્રાવણની અમાસની આસપાસ આ બકરાની ખરીદી થતી. પછી અનંતચૌદશ સુધી ખવડાવી-પિવડાવી, સુખચેનમાં રાખી એને મસ્ત બનાવાતો. બકરો મામાને ત્યાં બંધાતો. મામાનું ઘર અમારી પાડોશમાં એટલે મામાનાં છોકરાંઓ સાથે બકરાને મસ્ત બનાવવામાં હું પણ નિરાંતે ભાગ લેતો. અનંતચૌદશની વહેલી સવારે અમે છોકરાઓ આનંદપૂર્વક એને દોરીને માતાને મંદિરે લઈ જતા. મોટેરાઓ તો બધા પાછળથી હવનને વખતે આવતા. ત્યાં સુધી અમારી ખુશીનો સાથી આ બકરો બનતો.

આઠ સાડાઆઠે છગન મહારાજ આવીને હવનની તૈયારી કરતા. નવ સાડાનવે હવન શરૂ થતો. હવનમાં યજમાન તરીકે ઘણુંખરું મામા બેસતા. જે વરસની આ વાત છે તે વરસે ચોમાસું

બહુ સારું હતું. સૌનાં મન પ્રફુલ્લ હતાં. એ દિવસે નાસ્તાની પણ સારી સારી વસ્તુઓ આવી હતી. અમારી ખુશીનો પાર નહોતો. અમે બાળકો જાતજાતની રમતો રમતા હતા. એમાં મારી અને મામાના દીકરાની વચ્ચે તકરાર થઈ ગઈ. એણે છુટ્ટો પથ્થર એટલા જોરથી મને માર્યો કે માથું ફૂટી ગયું. કોઈક દોડ્યું બાપુજી પાસે. બાપુજીની સાથે ફુઆ પણ દોડતા આવ્યા. મંદિરની પૂજારણ પણ બહાર દોડી આવી. મારા માથામાંથી લોહી વહેતું હતું. પૂજારણ ઘરમાંથી ઘાબાજરિયું અને થોડું રૂ લઈ આવી. ફુઆએ પોતાનો દુપટ્ટો ફાડીને પાટો તૈયાર કર્યો અને ઊંડા પડેલા ઘામાં ઘાબાજરિયું પૂરીને બાપુજીએ પાટો બાંધી દીધો. બાપુજીનો દુપટ્ટો લૂછીલૂછીને આખો લોહીવાળો થઈ ગયેલો. આ બનાવે અમારી રમત બંધ કરાવી દીધી. છોકરાઓ શાંત અને ડાહ્યા થઈને મંદિરને ઓટલે બેસી ગયા. હું બાપુજીની સોડમાં લપાઈ ગયો. હવન આગળ વધતો જતો હતો. નાતના લગભગ બધા માણસો આવી ગયા હતા. છેલ્લાં ત્રણચાર વરસથી ચર્ચાતો બલિનો સવાલ પાછો ચર્ચાવા માંડ્યો. ધર્મશાસ્ત્રની વાતો કરીને આ બલિ અપાવો બંધ થવો જોઈએ એવો બાપુજીનો આગ્રહ હતો. મામા, ફુઆ અને બીજા ઘણા માણસો બલિની તરફેણમાં હતા. એમના મનમાં એવો ભય હતો કે બલિ બંધ કરવાથી માતા નારાજ થશે અને કદાચ જો ક્રોધે ભરાશે તો આખી નાતમાં રોગ ફાટી નીકળશે. એટલે બલિ તો અપાવો જ જોઈએ. બાપુજીએ સમાધાનનો એક નવો જ રાહ સૂચવ્યો. એમણે કહ્યું કે જો બલિ આપવો જ હોય તો બકરાનો કાન કાપીને માતાને નામે છૂટો મૂકી

દેવો. એને વધેરવાની જરૂર નથી. જીવણસંહિકાકાએ આનો પણ સખત વિરોધ કર્યો. એ તો માતાજીના ભક્ત હતા. માતાજીના પ્રસાદમાં શ્રદ્ધાપૂર્વક માનતા. માતાજીના બલિનો પ્રસાદ એમને મન મોટો આશીર્વાદ હતો. અને પરંપરાથી ચાલતી આવેલી આ રૂઢિને બદલવાની એ સખત વિરુદ્ધ હતા.

આ પ્રસાદનો મહિમા અમારી આખી નાતમાં વિસ્તર્યો હતો. અમારા ઘરમાં પણ એની હસ્તી હતી. બાપુજી માંસાહારી નહોતા, શુદ્ધ શાકાહારી હતા. એટલે અમારા ઘરમાં બારેમાસ શાકાહાર થતો. પરંતુ અનંતચૌદશે બે રસોડાં થતાં. એ રાતે જુદે ચૂલે માતાજીના બલિનો પ્રસાદ રંધાતો. બાપુજી વિના ઘરનાં અમે સૌ આનંદથી એ લેતાં. મામાને ત્યાં એ રાતે ઉત્સવ થતો. એમને ત્યાં સૌ માંસાહારી હતાં. એટલે એમને ત્યાંથી ઊલટી અમારે ત્યાં પ્રસાદની થાળી આવતી. બીજા બાપુજીના મિત્ર અને ભાઈ ઠાકોરસંહિકાકા હતા. એમને ત્યાં એમની કુટુંબની દેવી આગળ પણ બકરાનો બલિ અપાતો. એટલે એમને ત્યાંથી પણ પ્રસાદની થાળી આવતી. બાપુજીને આ બિલકુલ ગમતું નહીં. એમની ગમગીનીનો પાર રહેતો નહીં. આ ગમગીની ઢાંકવા એઓ દર અનંતચૌદશે અમારે ત્યાં ભજન કરાવતા.

નાતમાં બીજા ચારપાંચ માણસો એવા હતા જેમને બાપુજીની વાત ગળે ઊતરતી. બાપુજીને એ ટેકો પણ આપતા, પરંતુ જીવણસંહિકાકાનો વિરોધ ઉઘાડેછોગે કરવાની એ લોકોની હંમિત ચાલતી નહીં. બાપુજી જેમ ભક્ત અને સાચા માણસ તરીકે ઓળખાતા તેમ જીવણસંહિકાકાનું નામ એ ગમે તે કરી

શકે એવા બળવાન માણસ તરીકે જાણીતું હતું. નાતમાં તો એવી પણ વાતો ચાલતી કે એ ચોરીનો માલ પણ સંઘરતા. કોર્ટમાં ખોટા સાક્ષીઓ ઊભા કરતા અને જુઠ્ઠી સાક્ષી પૂરવા પણ જતા. દુશ્મન ઊભા કરતા અને શત્રુઓને ગમે તે ભોગે અને ગમે તે રીતે હરાવવામાં પાછી પાની કરતા નહીં. એટલે એ દિવસથી ચર્ચામાં બાપુજીનો સમાધાનનો મુદ્દો પણ ઊડી ગયો.

હવન લગભગ પૂરો થવાની તૈયારીમાં હતો. બલિ વધેરવાની વેળાય થવા આવી હતી. મામાની તલવાર પાસે જ પડી હતી. બલિને વિષે એક પરંપરાગત એવી પણ કહાણી હતી કે બલિ એક જ ઘાથી વધેરી શકાય તો જ માતાજીને પહોંચે અને માતાજીએ એનો સ્વીકાર કર્યો છે એમ મનાય. એટલે એક જ ઝાટકે બલિ વધેરાઈ જવો જોઈએ એની ખૂબ કાળજી રખાતી. મામા અગાઉથી તલવાર સજાવી રાખતા. એમની તાકાત પણ ઘણી હતી. હંમિતમાં તો એમની જોડી નહોતી. મધરાતે ત્રણ ચોરોનો એમણે એકલાએ તલવારથી સામનો કરેલો અને ચોરોને નસાડેલા. એમની આ શક્તિ અને બહાદુરી જોઈને જ નાતના પંચે હવનના યજમાન તરીકે એમની વરણી કરેલી. બલિ અપાતી વખતે છગન મહારાજ મંદિરના ગર્ભદ્વારમાં માતાજી પાસે ચાલ્યા જતા. એમનાથી આ દૃશ્ય જોવાતું નહીં. એમણે બલિ વધેરવાની ક્ષણની ઘોષણા કરી અને હવન છોડ્યો. પૂજારણે ગર્ભદ્વારમાં આરતી શરૂ કરી. છોકરાઓએ ઘંટ અને નગારાં વગાડવાં શરૂ કર્યાં. મોટેરાઓ હાથ જોડીને ઊભા થઈ ગયા. બલિને હવન પાસે લાવવામાં આવ્યો. મસ્ત બલિના ગળામાં ફૂલનો હાર હતો.

કમ્મરે લાલ નાડાછડીનો દોરો બાંધ્યો હતો. કપાળે કંકુનું તિલક હતું. દોરીથી બાંધેલા એ બલિને હવનની આગળ માતાજી ભણી મુખ રાખીને ઊભો કરવામાં આવ્યો. "સંધિવાઈ માતની જય"નો પોકાર હવામાં ઊછળતાંની સાથે મામાની તલવારે બલિ ઉપર જનોઈઘા કર્યો. દર વખત તો એક જ ઘાએ બલિનું માથું ઊડીને હવનમાં આપોઆપ જઈ પડતું. પણ આ ઘાથી મામાની તલવાર બલિના શરીરને સોંસરું વીંધવાને બદલે અંદર જ ફસડાઈ પડી. બકરાની કરુણ ચીસ નીકળી ગઈ. મામાએ જોર કરીને તલવાર પાછી કાઢી અને બીજા ઘાએ બલિનું માથું ધડથી જુદું કરી નાંખ્યું. માથું હવનમાં ન પડ્યું. મામાએ ઊંચકીને હોમ્યું. રિવાજ પ્રમાણે સૌએ બલિના લોહીનો ચાંદલો કર્યો. બે કસાઈઓ બલિના ધડને વાંસડે બાંધીને એના પછીની ક્રિયા કરવા માટે ચાલ્યા ગયા.

અમે ઘેર આવ્યા. બાપુજી તે દિવસે જમી શક્યા નહીં. સાંજે ભજન થયાં. પણ બાપુજીની વ્યથા અને ગમગીની કેમે કરી ઘટે નહીં. ભજન પછી બાએ બાપુજીને જમવાનો આગ્રહ કર્યો ત્યારે આંખમાં આંસુ સાથે એમણે નિર્ણય જાહેર કર્યો કે નાત જ્યાં સુધી અનંતચૌદશનો બલિ બંધ કરવાનો ઠરાવ નહીં કરે ત્યાં સુધી પોતે આમરણાંત અપવાસ કરશે. બા તો દિઙ્મૂઢ બની ગઈ. બાપુજીને બહુ સમજાવ્યા પણ નિશ્ચય તોડે એ બાપુજી નહીં. વાત પવનવેગે ફેલાઈ ગઈ. અમારાં સગાંવહાલાં તો રાતે જ એકઠાં થઈ ગયાં. વાટાઘાટ થઈ ચર્ચાઓ ઊપડી. પણ નિર્ણય કંઈ ના થયો. બીજે દિવસે સાંજે નાત મળી. બાપુજીના અપવાસના નિર્ણયને ત્રાગું કહીને જીવણસંહિકાકાએ સખત વિરોધ કર્યો. તે

સાંજે કશો જ નિર્ણય કર્યા વિના નાત વિખરાઈ ગઈ. મામાને ચેન પડ્યું નહીં. એમને હાથે બલિનો વધ અધૂરો થયો હતો. માતાજીના ક્રોધની એમને શંકા ગઈ. શંકાએ નિર્બળતાનો સંચાર કર્યો. નબળાઈએ શ્રદ્ધાને ધક્કો માર્યો. ડગમગતી શ્રદ્ધા વડે મામાએ જીવણસંહિકાકાને સમજાવ્યા, ફુઆને પોતાના મનના કર્યા અને પાંચમે દિવસે નાત પાછી એકઠી થઈ. બાપુજીના અપવાસ ચાલુ હતા. રોજ રાતે ભજન થયાં. ત્રીજે દિવસે ગુરુમહારાજને ખબર પડી. તે રાતે ભજનમાં એઓ પણ પધાર્યા. પિતાજીને આશ્વાસન આપી એમણે આશીર્વાદ આપ્યા. બાપુજીના બીજા મિત્રો પણ આવવા માંડ્યા.

નાતના ઘણા માણસો ભીંજાયા પણ જીવણસંહિકાકા મક્કમ હતા. એમનાં રુઆબ અને સત્તા પણ મજબૂત. એટલે તે દિવસે પણ નાત નિર્ણય કર્યા વિના વિખરાઈ ગઈ. ક્ષત્રિયો એમ કંઈ ઓછા માને! પાછી વાટાઘાટો શરૂ થઈ. નવમે દિવસે બાપુજીની તબિયત વધારે બગડી. વૈદ્યકાકાને બોલાવવા પડ્યા. આ વાતથી મામા, ફુઆ અને બીજા સગાઓ ગભરાઈ ગયા. વાત જીવણસંહિકાકાને કાને પહોંચી. દસમે દિવસે નાત પાછી એકઠી થઈ. સૌના આશ્ચર્ય વચ્ચે સર્વપ્રથમ જીવણસંહિકાકાએ જ વાત મૂકી કે અનંતચૌદશે બકરાના બલિનો રિવાજ બંધ કરવો જોઈએ; અને મોટાભાઈ કહે છે તેમ બલિનો કાન કાપીને એને છૂટો મૂકી દેવો. સૌ ઘણા રાજી થયા. નિર્ણય કરીને આખી નાત આવી અમારે ઘેર. જીવણસંહિકાકાએ પોતાને હાથે બાપુજીને જવનું પાણી આપ્યું. પારણાં થયાં. રાતે ભજન થયાં.

ગુરુમહારાજ પોતે પધાર્યા. પછી આશ્ચર્યની વાત એ બની કે કદી જ ન આવેલા જીવણસંહિકાકા ભજનમાં પણ આવ્યા. બાપુજીનો ખાટલો બહાર કાઢવામાં આવ્યો હતો. ભજન પૂરાં થઈ રહ્યાં. ગુરુઆરતી થઈ રહી. પ્રસાદ વહેંચાયો. સૌ વિખરાયા.

પણ જીવણસંહિકાકા સૌથી પાછળ રહ્યા. મને બરાબર યાદ છે. અમે ચાર જ જણ હતાં. બાપુજી, બા, હું અને કાકા. બાપુજીએ હાથ લંબાવીને જીવણસંહિકાકાનો હાથ પકડી લીધો : "ભાઈ, તમે બહુ સારું કર્યું. માતાજી હવે આ બલિથી રાજી થશે. બલિ આપવો એટલે હિંસા જ કરવી એવું ઓછું છે? બલિ તો સમર્પણ છે. સમર્પણમાં લેશમાત્ર હિંસા ના જોઈએ. નહીં તો માતાજી પ્રસન્ન થવાને બદલે નારાજ થાય." બાપુજીએ સ્મિત સાથે પોતાનો બીજો હાથ કાકાને ખભે મૂકયો. અમે તો જોતાં જ રહ્યાં. કાકાની આંખોમાંથી આંસુ પડ્યાં. બાપુજીના બન્ને હાથ પોતાને ગળે વિંટાળીને કાકા રડતા રડતા બોલ્યા : "મોટાભાઈ, આજે મારે દિલની એક ગુપ્ત વાત કહેવી છે." બાપુજી ગદ્ગદ થઈ ગયા. માત્ર એટલું જ બોલ્યા : "જીવણભાઈ!" અને જીવણકાકા ડૂસકે ભરાઈ ગયા. બાપુજીએ એક હાથ એમની આંખોએ દીધો. જરાક ડૂસકાં શમ્યાં એટલે કાકાએ કહ્યું : "મોટાભાઈ, પાંચ વરસ પહેલાં તમારે ત્યાં ચોરી થયેલી. એ ચોરી મેં જ કરાવેલી. હું ગુનેગાર છું. મને માફ કરો!" કહીને કાકાએ એક નાની પોટલી બાપુજીને આપી. "એમાં દાગીના છે, રૂપિયા છે અને ભાભીનાં પગનાં સાંકળાં છે. આ સાંકળાં ભાભીને મેં જ કરાવી આપેલાં." અને સાંકળાં લઈને કાકા ઊઠ્યા. બાના

પગ આગળ સાંકળાં મૂકીને એમણે ચરણરજ લીધી. બાપુજી પાસે આવીને કહ્યું : “મોટાભાઈ, આજથી હવે આ ધંધો હરામ. તમારા ઉપવાસે તમારું તો જે ભલું કર્યું હોય તે ખરું, નાતનું મોઢું ઊજળું કર્યું છે અને મારો પુનર્જન્મ કર્યો છે.” કાકાના હાથ બાપુજીના પગની આસપાસ વીંટળાઈ વળ્યા.

બાપુજીને આટલા સુખી અને બાને આટલાં પ્રસન્ન મેં ક્યારેય જોયાં નહોતાં. મારી નાની આંખોએ પણ અચરજ જોયું. ક્રૂર અને બિહામણું લાગતું જીવણકાકાનું મોઢું પહેલા વરસાદથી નાહીધોઈને નીતરેલી પ્રકૃતિ જેવું સ્વચ્છ અને સ્નેહાળ બની ગયું હતું.

ત્યારથી મારા અંતરમાં બલિદાન અને સમર્પણ એ શબ્દો મટીને સદ્ભાવના બની રહ્યા.

# અમૃતા

મારી નાની બહેનનું નામ તો અમૃતા. પણ સૌ એને અમુના વહાલસોયા નામથી જ બોલાવતા. મારાથી એ ત્રણ વર્ષ નાની. હું બાર વરસનો ત્યારે એ નવની. અમે ભાઈ-બહેન ઉપરાંત જબરાં મિત્રો. અમુ ગજબની તોફાની. હું જરા શાંત. એટલે ફળિયામાં જરા કંઈક છોકરાંઓમાં તકરાર જેવું થાય ત્યારે મારા સામાવાળાના તો અમુ બાર વગાડી દે. ગંઠાયેલું શરીર, તંદુરસ્તીની ખુશબૂ, નમણો ચહેરો અને તેજસ્વી ચકોર આંખો. અમૃતાની આંખો પર હું મુગ્ધ. એ આંખો એના સમગ્ર સૌંદર્યનું શિખર છે એ તો હું જરા મોટો થયો ત્યારે મને ગમ પડી. પણ અણસમજણમાંય મને એની આંખો બહુ ગમે અને એ આંખો ઉપર ધનુષ્યાકૃતિ રચી રહેલાં એનાં ભવાં હું પંપાળતાં થાકું જ નહીં. પછી તો અમુ ના હોય તો હું મારાં જ ભવાં પંપાળતો પંપાળતો અમુને યાદ કર્યા કરું. અમુને જોઈને મારાં નાની રાજુબા હંમેશાં કહેતાં કે, 'કિશન, તારી બા નાની હતી ત્યારે બરોબર અમૃતા જેવી જ લાગતી હતી. અમુ મોટી થશે ત્યારે નર્મદા જેવી

જ રૂપાળી થવાની.' એક દિવસ રાજુબાએ મને અને અમુને બંનેને બાના બચપણની એક વાત કહી: 'નર્મદા ત્યારે નવદસ વર્ષની હશે, હું બહુ માંદી પડેલી. કોઈને આશા નહોતી કે હું જીવીશ. તમારા નાના તો હતાશ થઈને રડી પડેલા. એ દિવસોમાં એક સંન્યાસી ભિક્ષા માગવા આવ્યો. નર્મદા એની ટેવ પ્રમાણે બન્ને મુઠ્ઠીઓમાં બાજરી ભરીને દોડી. એની ડોકમાં એક સોનાની સેર હતી. પેલા સાધુએ વાતવાતમાં ઘરની માંદગીની ખબર જાણી લીધી. તરસ્યો હતો કહીને છોકરી પાસે પાણી માગ્યું. એ સાધુ શાનો, કોઈ અવધૂત હતો. એણે નર્મદાને કહ્યું કે જો તારી સોનાની કંઠી આપી દે તો તારી મા તરત જ સાજી થઈ જાય એવી ઈશ્વરી ભસ્મ આપું. નર્મદાએ તો કંઠી ઉતારી દીધી. અને પેલો સાધુ ચપટી રાખ આપીને ચાલતો થયો. છોકરીએ તો પેલી ભસ્મ લાવીને ચમચા પાણી વડે મારે ગળે ઉતારી દીધી. ભગવાનને કરવું કે ત્યાર પછી વળતાં પાણી થયાં ને હું સાજી થઈ. આઠદસ દહાડે પેલી સોનાની સેર નર્મદાના ગળામાં દીઠી નહીં એટલે આખી વાત પકડાઈ ગઈ. છોકરીએ તો સાચેસાચું કહી દીધું. આખરે તમારા નાનાએ કહ્યું કે, 'બળી કંઠી તો ગઈ, તમે સાજાં થઈ ગયાં એટલે બસ. નર્મદા, તું ગભરાઈશ નહીં બેટા.' આ આવી હતી તમારી બા. જો જે અમુ તું આવું કંઈ ના કરતી.'

તે દિવસે સાંજે અમે મોસાળથી બંને જણાં પાછાં ઘરે આવ્યાં ત્યારે અમુએ તરત જ બાને કહ્યું: 'બા, મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે. નહીં તો હું કોઈ સાધુને આપી દઈશ.' બા પહેલાં તો અમુનો ધડાકો સમજી જ નહીં. એ તો મેં બધી વાત કહી ત્યારે

એ હસી પડી ને અમુને બચ્ચીઓનું ઇનામ મળ્યું. બા મને પકડવા આવી ત્યાં બંદા તો પોબારા ગણી ગયા.

અમુને પાંચીકાનો બહુ શોખ. એ રમત પાછળ એ ગાંડી. કલાકોના કલાકો એ રમતાં થાકે નહીં અને રમવામાં પણ એક્કો. એ વખતે અમારા ફળિયામાં એક મારવાડી કુટુંબ અમારા બીજા ઘરમાં ભાડે રહેતું. એના વડીલ ભેરવકાકા રાજમહેલમાં કામે જતા. આરસપહાણ ટાંકવામાં એમની જોડી નહીં. ટાંકણું તો જાણે એમનું બાળક અને હથોડી જાણે એમની દાસી. એ ભેરવકાકા એક દિવસ બાને માટે આરસનો સુંદર ખલ લઈ આવ્યા. બા તો રાજી રાજી થઈ ગઈ. તે જ વખતે અમુએ ભેરવકાકાનો હાથ પકડીને આરસના પાંચીકા લાવી આપવાનું વચન લઈ લીધું. બીજે દિવસે સાંજે અમુના સુંદર કૂકા આવી ગયા. બસ ત્યારથી ફળિયાની છોકરીઓમાં અમુનું નામ થઈ ગયું. એટલું જ નહીં, એની આબરૂની મહત્તાય વધી ગઈ.

ધીરે ધીરે અમુએ રમીરમીને આરસના કૂકાને વધારે સુંવાળા અને ચળકતા બનાવી દીધા. એ કૂકા તો જાણે એનો પ્રાણ. અને પાંચીકાએ રમે પણ કેવી! એક વાર ચારપાંચ એની બહેનપણી સાથે એ અમારા ઓટલા ઉપર કૂકા રમવા બેઠેલી. બીજી છોકરીઓના કૂકા તો થોડે જ ઊંચે ઊછળે અને એમાંય ચૂકી જવાય. પણ અમુનો દાવ આવ્યો કે થઈ રહ્યું. એનો કૂકો બહુ ઊંચે ઊછળે અને કૂકાની સાથે એની આંખની કીકી ઊંચી ચઢે. કૂકા સાથે પાછી દૃષ્ટિ નીચે ઊતરે. એક તો અમુની આંખો જ ચબરાક. તેમાં આ કૂકાની રમતે એને વધારે અણિયાળી

બનાવેલી. એ ગુસ્સે થાય ત્યારે એની ભમરો એવી ચઢે કે બા બિચારી તરત નમતું મૂકી દે. અમુને એના આરસના કૂકા અતિશય વહાલા. એને નવ વરસ પૂરાં થયાં ને દસમી વરસગાંઠ આવી ત્યારે બા પાસે અમુએ પોતાના કૂકા માટે મશરૂની કોથળી કરાવેલી. કૂકા તો અમુનું અમૂલ્ય ઘરેણું, એની મોંઘી મિલકત.

મને બારમું વરસ ઊતરીને તેરમું બેઠું. અમારા ઘરમાં ત્યાર પછી તરત ધમાલ શરૂ થઈ. અનાજના કોથળા આવવા માંડ્યા. હું નિશાળેથી આવું ત્યારે બાની મદદમાં ફોઈ, માશી, મામી બધાં હાજર હોય અને અનાજ સફાઈ ચાલતી હોય. એ તો ધીરેધીરે મને ખબર પડી કે મારા લગનની તૈયારીઓના પાશેરાની પહેલી પૂણી હતી. લગનનો દિવસ જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ ધમાલ વધતી ગઈ. મારું મહત્ત્વ ઘરમાં વધતું ગયું. આ વાત અમુને નવી લાગી. કારણ કે અમારો બંનેનો પહેલાં જેટલો સાથસથવારો હવે ન રહ્યો. ધીરે ધીરે એ ઓછો અને ઓછો થવા માંડ્યો. અમુ અને મારી વચ્ચે વહાલની રેશમગાંઠ એવી તો સજ્જડ બંધાયેલી કે અમે બંને આ નવી પરિસ્થિતિ સહી ના શક્યાં. પણ અમુ તો મારા કરતાં વધારે ગુસ્સાવાળી. એટલે એનો ક્રોધ તો અનેક રીતે પ્રગટ થતો ગયો. એની અરજી બાએ હસી કાઢી એટલે બાપુજી સુધી પહોંચી કે ભાઈનું લગન બંધ રાખવું અને પરણવાની આખી વાત જ ઉડાડી દેવી. પણ બિચારી અમુનું કોણ માને! કુળવાનનું ઘર. પ્રતિષ્ઠા સારી. સંબંધીનો વિસ્તાર ઘણો. એટલે છોકરો બાળપણમાં જ ચાર હાથવાળો થશે એ વિચારે કુટુંબીઓના હરખનો પાર નહોતો. જે દિવસે મને પીઠી

ચોળી તે દિવસે અમુ ચોધાર આંસુએ રડી પડી: 'ઓ મારા ભાઈ રે! બા અને બાપુજીથી પણ એ છાની ન રહી. પછી મેં જ જ્યારે એને બાથમાં લીધી ત્યારે એનાં ડૂસકાં શમ્યાં.

લગનમાં સૌએ મને કંઈક ને કંઈક ભેટ આપી. કોઈકે હાથમાં રૂપિયા પણ મૂક્યા. ફોઈ જરીની ટોપી લાવ્યાં. માસી સોનાની સેર લાવ્યાં. મામીએ હાથથી કલ્લીઓ આણી. એમ વસ્તુઓ ઉપરાછાપરી આવવા માંડી. અમુ શું આપે બિચારી? બધાં વીખરાયાં. જ્યારે હું એકલો રહ્યો ત્યારે અમુ ધીરે ધીરે આવીને મારી સોડામાં લપાઈ ગઈ અને સંકોચ સાથે ધીરેથી બોલી: 'ભાઈ, તારા માટે હું આ લાવી છું.' કહીને એણે એના પાંચીકાની મશરૂની કોથળી દેખાડી. હું હતો તો બાળક પણ અમુની આંખોમાંથી પડુંપડું થતો સ્નેહ જોઈને હું એને બાઝી પડ્યો. અને અમે બંને પેટ ભરીને રડ્યાં.

પછી તો અમુ મોટી થઈ. વધારે નમણી બની. એના રૂપમાં યૌવન ઉમેરાયું. એના લાવણ્યમાં ચારુતા ઊગી. એની આંખોમાં મસ્તીને બદલે લજ્જા ઊપસી આવી. પણ અમારો સ્નેહ ઉંમર સાથે વધ્યો, ઘટ્યો નહિ. બધા સંજોગો ને સ્થિતિ વટાવીને એ વધારે વિશુદ્ધ, વધારે સહૃદય થયો. એની ભીનાશ વધી. એની ભવ્યતા ઓળખાઈ. ત્યાં તો અમુનાં લગ્ન લેવાયાં. અમુ હવે સાસરે જશે એ વિચારે હું ગમગીન થઈ ગયો. અને એ લગ્નના દિવસ સુધીમાં એ ગમગીની એટલી આકરી થઈ કે એને પીઠી ચઢી ત્યારે હું રડી પડ્યો.

અમુની વિદાય હતી. બાની આંખોમાંથી શ્રાવણભાદરવો

વરસતાં હતાં. સગાંવહાલાં રડતી આંખે દિગ્મૂઢ બનીને સાક્ષી થઈ રહ્યાં હતાં. ચોઘડિયાં અકારાં લાગતાં હતાં. વાતાવરણમાં સમજાતી હતી મંગલતા અને અનુભવાતું હતું કારુણ્ય. હું બાની પાછળ પડેલે ચહેરે ઊભો હતો. મારા અંતરમાં ગજબની ગડમથલ ચાલતી હતી. કશું સમજાતું નહોતું. પણ એકલતાની લાગણી સર્વોપરી હતી. મેં આગ્રહ કરીને બાપુજી પાસે પચીસ રૂપિયા લીધેલા. એ રૂપિયા મારા લગ્નમાં અમુએ આપેલી એની પાંચીકાવાળી મશરૂની થેલીમાં એ કૂકા સાથે મેં મૂક્યા હતા. અમુ ગાડીમાં બેસવા જાય ત્યાં જ મેં એ થેલી ધીરેથી એના હાથમાં સરકાવી દીધી. એણે મારી સામે જોયું. એ આંખો હું કદી નહિ ભૂલું. એ આંખોમાં વહાલ, વિષાદ અને વ્યથાની આખી વારતા મૂંગી મૂંગી રડતી હતી. અમને રોતાં મૂકીને અમુ રડતી રડતી ચાલી ગઈ.

એની વિદાયની અમને કંઈક કળ વળી અમુ પાછી આવી ત્યારે. લગ્નના થોડા જ દિવસમાં મારી એ લાડીલી બહેન સાવ બદલાઈ ગયેલી. એનો હસતો ચહેરો, મરકતી અને મસ્તીખોર આંખો અને ઊછળતું આખું અસ્તિત્વ બધું જ શાંત થઈ ગયું. જેમ જેમ દિવસો ગયા તેમ તેમ અમુ વધારે શાંત અને શાણી થઈ ગઈ.

ચારેક વરસ પછી એ સાસરેથી બીમાર થઈને ઘેર આવી ત્યારે હું અને બા એને માંડ ઓળખી શકીએ એટલી બધી બદલાઈ ગઈ હતી. એ અમુ જ નહીં, જાણે એનું ભૂત. નમણી અને સ્નેહનીતરતી અમુનું આવું રૂપ જોઈને અમે ડઘાઈ જ ગયાં. બા

તો રડી પડી. થોડા દિવસ થયા ને અમુની બીમારી વધી. વધી તે એટલી બધી વધી કે એક સવારે અમને રડતાંકકળતાં મૂકીને ચાલી નીકળી. અમુ જતાં ઘરમાં સૂનકાર વ્યાપી ગયો. સનસનાટી તૂટી પડી. કુટુંબનું જાણે માંગલ્ય મરી ગયું.

બાની આજ્ઞાથી ત્રીજે દિવસે હું નર્મદા અને ઑર નદીના સંગમ ઉપર ચાણોદ અમુનાં અસ્થિ લઈને જવાનો હતો. બા ને હું અમુની પેટીની વસ્તુઓ વગે કરતાં હતાં. એમાંથી એની લગન વખતની સૌભાગ્યચૂંદડીની ગડીમાંથી પેલી મશરૂની થેલી નીકળી. મેં ઉઘાડીને જોઈ તો અંદર પેલા પાંચ આરસના કૂકા ટૂંટિયું વાળીને પડ્યા હતા. એ કૂકા જોઈને મારાથી ના તો રડાયું, ના તો બોલાયું. બા કૂકાને જોઈને પછી મને જોઈ રહી. જોતાં જોતાં જોઈ ના શકી એટલે બાથ ભરી લીધી. બાની સોડમાં હૃદય દ્રવી પડ્યું.

સોમનાથના ઓવારા ભણીથી વહી આવતી નર્મદાને કરનાળી અને માંડવાની વચ્ચે જ્યાં ઑર નદી મળે છે ઑર સંગમ તરફ મારી હોડી જઈ રહી છે. હાથમાં અમુના અસ્થિની થેલી છે. મારા ગજવામાં પાંચીકાની મશરૂની થેલી પડી છે અને મારા અંતરમાં અમુની સ્મૃતિ જીવતી પડી છે. અકસ્માત માછીએ કહ્યું: ‘ભાઈ, આ ઑરસંગમ.’ મેં અસ્થિની થેલી પાણીમાં મૂકી. જીવ તો ના ચાલ્યો. પણ પેલી પાંચિકા સાથેની મશરૂની થેલીય પાણીમાં મૂકી દીધી. અમુનાં અસ્થિ અને આરસના પાંચીકા મેં પાણીમાં મૂક્યાં ત્યાં તો લાવણ્ય અને લજ્જાભર્યાં એનાં લોચનો, ધનુષ્યાકૃતિ ભમરોથી છવાયેલાં મારી સામે હસી ઊઠ્યાં!

# મોટાભાઈ, કેદારો કરો

દરેક અગિયારસે અને પૂનમે હું પિતાજી સાથે ગુરુદ્વારે ભજનમાં જતો. મારી ઉંમર ત્યારે ચૌદપંદર વરસની હશે. ભજનમાં ગુરુમહારાજ પોતે મૃદંગ બજાવતા. પિતાજી કરતાલ બજાવતા અને ગિરિધરકાકા ઝાંઝ બજાવવામાં એક્કા હતા. પિતાજીનો અવાજ બુલંદ હતો પણ ગિરિધરકાકાના સૂરની મધુરતા તો અજોડ હતી. ભજનની અધવચ્ચે જ્યારે શબ્દો અદૃશ્ય થતા અને ઝાંઝ, કરતાલ અને મૃદંગની રમઝટની સાથે માત્ર સૂર જ રમણે ચઢતો ત્યારે પિતાજી પોતાના બુલંદ અવાજનો હવાલો ગિરિધરકાકાને સોંપીને કરતાલમાં જ મસ્ત થઈ જતા. અને પછી એ ભક્ત ગિરિધરનો અવાજ જે લીલાવિસ્તાર કરતો તેની અપૂર્વતા મારી સ્મૃતિમાં હજી એટલી જ સજીવન છે.

પછી અગિયાર સાડાઅગિયારે ગુરુમહારાજ મૃદંગને ખોળામાંથી નીચે મૂકી મંદિરમાં દીવા સંકોરવા જતા. થોડો વિરામ પડતો, અને વિરામ પછી એમની આજ્ઞાથી મૃદંગનો કબજો મને

સોંપાતો. સુકાઈ ગયેલો કઠણ લોટ જો બદલવાનો થયો હોય તો હું એ બદલી લેતો. થાપ દેતાં દેતાં લોટની સપ્રમાણતા જ્યારે બરાબર થતી ત્યારે ગુરુમહારાજનું ડોકું આપમેળે હાલી ઊઠતું. હું એને સબસલામતની સંજ્ઞા માનીને મૃદંગને બરાબર ખોળામાં ગોઠવતો. સાખી શરૂ થતી, અને પછી ગિરિધરકાકાનો મીઠો ટહુકાર થતો : "મોટાભાઈ, કેદારો કરો." પિતાજી કેદારાની સાખી લલકારતા. સાખી પછી કેદારો પોતે વાતાવરણમાં ઘૂમી રહેતો. પિતાજીના બુલંદ અને સભર અવાજે ગવાતા એ કેદાર વખતે મૃદંગ બજાવવાના મારા સુભાગ્યને હું એ વખતે જીવનની મોટામાં મોટી બક્ષિસ માનતો. મારું ગભરુ અંતઃકરણ પ્રફુલ્લતાથી પાંગરી ઊઠતું અને ક્યારેક તો એ ગદ્‌ગદ પણ થઈ જતું.

મધરાત પછી જ્યારે અમે ઘેર પાછા ફરતા ત્યારે પિતાજી મારી બાને પહેલા શુભ સમાચાર આપતા : "આજે તમારા દીકરાએ રંગ રાખ્યો. એનો હાથ સુધરતો જાય છે." અને હું એ કદરનું ઇનામ પામીને સુખની નિદ્રા લેતો.

ગિરિધરકાકા જાતે તંબોળી હતા. એ અને એમનાં વહુ રૂક્ષ્મણી સવારે દસ વાગે જમીને વાડીએ ચાલ્યાં જતાં. સાંજે છ વાગે પાછાં ઘેર આવતાં. ગિરિધરકાકા રોજ રાતે જમીને થોડુંક શાક લઈને અમારે ત્યાં આવતા. બાપુજી સાથે બેચાર ભજન ગાતા, થોડી વાતો કરતા અને અગિયારેક વાગે ચાલ્યા જતા. સવારે પાંચ વાગે ઊઠીને શાકમારકીટમાં રાતે વાડીમાંથી આણેલું શાક વેચીને આઠ વાગે તો ઘેર આવી જતા. નાહીધોઈ, જમીને પાછા દસ વાગે વાડીએ. એમને સંતાનમાં માત્ર એક

દીકરી હતી રેવા. રેવાને પરણાવી દીધી હતી. એટલે પતિપત્ની બન્ને ગુજરાન માટે પરસેવો પાડીને બાકીનો વખત ઈશ્વરભજનમાં ગાળતાં.

ગુરુપૂર્ણિમાનો દિવસ હતો. ગુરુદ્વારે તે રાતે ભજનનો બહુ ઠાઠ હતો. આસોપાલવ અને ફૂલોના શણગાર હતા. બિછાયત નવી હતી. ગુરુમહારાજનાં ગાદી-તકિયા નવાં હતાં. બિછાયત ઉપર દૂધ જેવી સફેદ ચાદર પાથરેલી હતી. મંદિરમાં રામ, લક્ષ્મણ અને સીતાની આરસની રૂપાળી મૂતિર્ઓનાં વેશપરિધાન પણ આજે બહુ જ શોભાભર્યાં હતાં. નીચેની ગાદી ઉપર સદ્‌ગત ગુરુદેવની છબી હતી અને આસપાસ ઘીના દીવા બળતા હતા.

ગુરુમહારાજનો હાથ મૃદંગ ઉપર પડ્યો. કરતાલ ખડખડી. ઝાંઝ રણકી અને પિતાજીએ સાખી લલકારી :

ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગું પાય?

બલિહારી ગુરુદેવકી, જિન્હે ગોવંદિ દિયો બતાય.

અને સિયાવર રામચંદ્રની જય બોલાઈ, ભજન શરૂ થયાં. આજે ગિરિધરકાકાના અવાજમાં સહજ મીઠાશ ઉપરાંત ભક્તિથી ગદ્‌ગદ થયેલા અંતરનું દર્દ પણ ભળ્યું હતું. પિતાજીનો બુલંદ અવાજ પણ ક્યારેક ભક્તિની ધ્રુજારીથી અંતરમાં ઊંડો ઊતરી જતો. આજે કરતાલની રમઝટમાં, ઝાંઝના રણકારમાં અને મૃદંગના તાલમાં જાણે નવી ખુમારી આવી ન હોય!

અગિયાર સાડાઅગિયાર થયા. ગુરુમહારાજ મંદિરમાં ઘીના દીવા સંકોરવા ઊઠ્યા. વિરામ જાહેર થયો. થોડી વારે મેં મૃદંગને

હાથમાં લીધી. લોટ જોયો. કઠણ લોટ ઉખાડીને મેં ફરીથી તાજો લોટ મૃદંગને બાંધ્યો. બરાબર થાપ વાગી ત્યાં ગુરુમહારાજની અનુજ્ઞાની આંખ ફરકી રહી.

ભક્તો અને ભજનિકોએ પોતપોતાની જગ્યા લીધી. ગિરિધરકાકા હંમેશાં પિતાજીની બાજુમાં જ બેસતા. વર્ષો સુધી મેં એમને બાપુજીની પડખે જ બેસતા જોયા છે. ગુરુમહારાજે પોતે સાખી બોલીને ભજનનો પ્રારંભ કર્યો.

ગિરિધરકાકાએ હંમેશના સ્વભાવ પ્રમાણે પોતાના મધુર અવાજે હોઠે પર સ્મિત લાવીને પિતાજીને કહ્યું : "મોટાભાઈ, કેદારો કરો." પિતાજીનો ચહેરો જરાક ઊતરી ગયો. એમણે ધીરજ અને ગંભીરતાથી ધીરે રહીને કહ્યું : "ગિરિધરભાઈ, આજે તમે કેદારો કરો." ગિરિધરકાકા આ વચન સાંભળીને નવાઈ પામ્યા. પરંતુ પિતાજીમાં એમની એવી ઊંડી શ્રદ્ધા કે એમની સામે શંકા પણ ન ઉઠાવાય એટલે કાકાએ કેદારો કર્યો. પહેલાં સાખી ઉપાડી અને પછી કેદારાને વહેતો મૂક્યો. ધીરે ધીરે કેદારો રમણે ચઢ્યો. શબ્દો અદૃશ્ય થઈ ગયા. ગિરિધરકાકાનો આરોહ ઊંચે ચઢ્યો. કરતાલ ઝૂઝી રહી, કાકાની પોતાની ઝાંઝનો રણકાર ઘૂમી રહ્યો અને મારામાં હતી એવી શક્તિ સાથે મેં મૃદંગનો તાલ સાચવ્યો. કેદારો પૂરો થયો. પિતાજીએ ગિરિધરકાકાનો વાંસો થાબડ્યો. ગુરુમહારાજે મારા ખભા પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. આરતી થઈ. પ્રસાદ વહેંચાયો. ચરણસ્પર્શ થયા. ભજન પૂરાં થયાં. ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઊજવાઈ ગયો.

ઘેર આવીને પિતાજીએ બાને આજે ઉત્સાહભર્યા સ્વરે કહ્યું : "આજે તો તમારા છોકરાએ કમાલ કરી. કેદારાનો તાલ બરાબર અચૂક સાચવ્યો. એનો હાથ હવે જામી ગયો છે." બાએ છાતીસરસો ચાંપીને દુ:ખડાં લીધાં. બન્નેની ચરણરજ લઈને હું તો સૂઈ ગયો.

બીજે દિવસે સવારે ગિરિધરકાકા બજારમાં શાક વેચીને સીધા અમારે ત્યાં આવ્યા. આમ રોજ તો એ રાતે જ આવતા. સવારે તો એ ત્યારે જ આવતા જ્યારે કંઈક મહત્ત્વનું કામ હોય. એ આવ્યા ત્યારે પિતાજી સ્નાન કરતા હતા. બાની સાથે પણ કાકાને બહુ જ માયા હતી. મોટાંભાભીને એઓ માતા કરતાં પણ વધારે સન્માન અને સ્નેહથી રાખતા. અને બા પણ 'ગિરિધરભાઈ'ને સંકોચ વિના કુટુંબની વારતા કહેતા. એ જાણતા કે બન્ને ભાઈઓ વચ્ચે અતિશય નિખાલસ સ્નેહભર્યો સંબંધ છે. ભાઈ કરતાં પણ ભાઈબંધ વધારે એ હકીકતને એ આ મૈત્રીમાં ચરિતાર્થ થયેલી જોતા.

પિતાજી સ્નાન કરીને આવ્યા ત્યારે ગિરિધરકાકાને જોઈને એમને આશ્ચર્ય થયું. એ આશ્ચર્ય છુપાવીને તેઓ બોલ્યા : "કેમ ગિરિધરભાઈ, આજે સવારે સવારે?" ગિરિધરકાકા થોડી વાર ચૂપ રહ્યા. પિતાજી જાણે કંઈક સમજી ગયા. બાને એમણે દૂધ બનાવી લાવવાનું કહ્યું, ગિરિધરકાકા માટે નાસ્તો તૈયાર કરવાની પણ આજ્ઞા કરી. બા ગયાં એટલે ગિરિધરકાકાએ દબાયેલે સ્વરે પૂછ્યું : "મોટાભાઈ, કાલે કેદારો કેમ ન કર્યો? મને સાચું ન કહો તો નાનાભાઈના સોગંદ!"

"ગિરિધરભાઈ, સોગંદ નહીં દો તોય સાચું કહીશ. અમારા ગામના મોરારભાઈ હમણાં આવ્યા હતા. અમારી પાસે પાંચસોક રૂપિયા માગે છે. મેં કહ્યું આવતે વરસે આપીશું. એમણે કહ્યું : 'આવતે વરસે આપશો જ ને?' એટલે મેં કહ્યું કે રૂપિયા નહીં આપું ત્યાં સુધી કેદારો નહીં ગાઉં. બસ, આટલી વાત છે." પિતાજીએ નિખાલસતાથી અંતરની વાત કહી દીધી. ગિરિધરકાકાના ચહેરા પર પ્રસન્નતા ઊપસી આવી.

પછી તો બન્ને મિત્રોએ થોડીઘણી બીજી વાતો કરી. ગિરિધરકાકાએ ઘેર જઈને અમારે ગામ પત્ર લખીને મોરારભાઈને તેડાવ્યા. પોતાને ઘેર જ સીધા ઉતાર્યા. ત્યાં એમને પાંચસો રૂપિયા આપી દીધા અને પાવતી લખાવી લીધી. પછી ગિરિધરકાકા મોરારભાઈને લઈને અમારે ઘેર આવ્યા. મોરારભાઈએ જ પિતાજીને બધી વાત કરી. તે રાતે અમારે ત્યાં ભજનની ખૂબ મઝા આવી.

અગિયારસ હતી. ગુરુદ્વારે ભજન શરૂ થયાં. અગિયાર સાડાઅગિયારે રાબેતા મુજબ ગુરુમહારાજ મંદિરમાં દીવા સંકોરવા ઊઠ્યા. વિરામ પછી મૃદંગને મેં સંભાળી. છાપ આપી ત્યાં જ ગિરિધરકાકાએ એમના મીઠા અવાજે એ જ સહજ સ્મિતથી કહ્યું : "મોટાભાઈ, કેદારો કરો." અને પિતાજીએ કેદારાની સાખી લલકારી. કેદારો પછી પાછો રમણે ચઢ્યો. એ જ કરતાલની રમઝટ, એ જ ઝાંઝનો રણકાર અને ગિરિધરકાકાના એ જ મોહક મીઠા પંચમના સૂરને પિતાજીના બુલંદ અવાજે

આપેલો હવાલો. તે વખતે તો એમ લાગ્યું હતું કે બન્ને અવાજમાં પણ કેટલો મેળ છે? મિત્રતા અવાજમાં પણ કેવો સાથ દે છે?

આ અવાજ સાંભરે છે. ખૂબ સાંભરે છે. આજે એ અવાજ નથી. પરંતુ એ અવાજનો આધાર મારી પાસે છે.

# પ્રભુ મોરે અવગુણ

પિતાજી ભક્ત હતા. નિરાંત સંપ્રદાયમાં એમની ગુરુપરંપરા હતી. 'અર્જુનવાણી' વાળા અર્જુન ભગત એમના ગુરુબંધુ થાય. પિતાજીએ પણ ઈ. સ. 1913'14માં એક કાવ્યસંગ્રહ 'તત્ત્વસાર ભજનાવલિ'ને નામે પ્રસિદ્ધ કર્યો હતો. એમને ભજનો ગાવાનો ખૂબ શોખ હતો. કુદરતે બુલંદ કંઠની એમને બક્ષિસ કરી હતી. જૂના ઢાળોની એમની જાણકારી સારી હતી એમ મારાં બા પણ કહેતાં. મારુ, ધનાશ્રી, ગૌડી, જેવા જૂના રાગો અને લોકભજનોના શુદ્ધ પરંપરાગત ઢાળો એમના ગળામાં સચવાયા હતા. પોતાનાં રચેલાં ભજનો ઉપરાંત સુર, તુલસી, કબીર, રૈદાસ, દાદુ અને નિરાંતનાં અસંખ્ય ભજનો એમને કંઠસ્થ હતા. એટલે રોજ સમીસાંજે પિતાજીની મહેફિલ જામતી. ચાંપાનેર દરવાજાવાળા ખુશાલદાસકાકા પોતાની જોડા સીવવાની દુકાન સાંજે બંધ કરીને નાહીધોઈને આ ભજનમંડળીમાં સામલે થતા. આખો દિવસ કડિયાની કાલી મજૂરી કરીને સાંજે જમીપરવારીને હાથમાં ચલમ લઈને ફકીરકાકા આવી પહોંચતા. બપોરના

આકરા તડકામાં ઘાટ પર કપડાં ધોઈ ધોઈને જેમની ચામડીનો વાન પાકો થઈ ગયો હતો એવા અમારા ફળિયાના જ ધોબી લલ્લુકાકા પણ હાજર થઈ જતા. આખો દિવસ શહેરસુધરાઈની ટપાલ પહોંચાડીને થાકી ગયેલા જમાદાર ઠાકોરસિંહકાકા રસ્તામાંથી જ તંબૂરાનો તાર છેડતા આવી જતા. સવાર, બપોર અને સાંજ જેને મન એક જ વાત છે એમ સમજીને આખો દહાડો પોતાના ચાકનાં પૈડાં ઉપર માટલાં અને કૂંડાં ઉતારતા ધૂડીફોઈ ના વર શામળફુઆ ખભે ઢોલક ભરે વીને આવતા ત્યારે ફળિયાને નાકે જ ઢોલક ઉપર થાપ મારીને એ પોતાનું આગમન સૂચવતા. ધૂડીફોઈને પિતાજીએ બહેન કહેલી. દર વરસે અમારે ત્યાંથી એક મણ બાજરી એ લઈ જાય અને તેને બદલે આખાં વરસનાં ઘર માટે માટીનાં વાસણો પૂરાં પાડે. ફળિયાના જાહેર નળ ઉપર નાહીધોઈ પરસોતમકાકા બારોબાર જ આવતાં. મારા પિતાજી વાત કહેતા કે પરસોતમ જેવી હજામત કરનાર વિલાયતમાં પણ કોઈ નહિ હોય. એમનો હાથ એટલો નાજુક હતો કે એ હજામત કરતા હાયે ત્યારે માણસને ઊંઘ આવે.

આ બધી મંડળી સંધ્યાટાણે જામતી. પહેલાં જરા આમતેમ અલકમલકની વાતો થાય. એટલામાં ચલમ અને હુક્કો આંટો મારી લ્યે. ઢોલકની કડીઓ ચઢી જાય. તંબૂરાના તાર મળી જાય. મંજીરાનો રણકાર બોલે અને પછી ભજનો શરૂ થાય. આઠેક વાગે રાતે ફળિયાનો ભંગી ધૂળાભાઈ મેરો માગવા આવે તે મેરો માગ્યા વિના જરા દૂર બેસીને ભજનમાં મસ્ત થઈ રહે. અને એની આ બેદરકારી વિષે એની વહુ મહાકોર રોજ સવારે વાળવા

આવે ત્યારે મારી બાને ફરિયાદ કરે. લલ્લુકાકા ધોબી પહેલાં બહુ દારૂ પીતા, પણ જ્યારથી એમણે આ ભજનમડંળીમાં આવવા માંડ્યું ત્યારથી એમણે દારૂ સમૂળગો છોડ્યો હતો. એવી જ રીતે શામળફુઆએ ગાંજો અને ઠાકોરસિંહકાકાએ ભાંગ છોડી દીધાં હતાં. રાતે આઠેક વાગે ગિરિધરકાકા તંબોળી આવી પહોંચતા અને ભજનોમાં રંગ જામતો. રાતે નવેક વાગે મંડળી વીખરાતી. ગિરિધરકાકા ઘણી વખતે રાતે પિતાજી સાથે જ જમતા. અઠવાડિયામાં બેત્રણ વખત છેક વાડીના રંગમહાલથી મગનકાકા દાળિયા અને પિરામિતારથી ગંગારામકાકા પણ આ મહેફિલમાં ભાગ લેવા આવતા. ગંગારામકાકાની ઘાણીનું શુદ્ધ તલનું તેલ એ વખતે અમારા આખા લત્તામાં બહુ જ વખણાતું.

એક દિવસ મારાં બાએ પિતાજીને કાને વાત નાંખી કે ધૂળાભાઈ રાતે મેરા માગવા નીકળે છે અને પછી ભજનમાં બેસી રહે છે. તે રાતે એમનાં છોકરાંછૈયાં ભૂખ્યાં સૂઈ જાય છે એવી આજીજી અનેક વખત મહાકોરે કરી છે. પણ જ્યારે આ ફરિયાદનું કંઈ ન વળ્યું ત્યારે ધૂળાભાઈની સાથે મહાકોરે પણ મેરો માગવા નીકળવા માંડ્યું. ધૂળાભાઈ ભજનમાં બેસી રહે ને બિચારી મહાકોર મેરો માગીને ભજન પૂરાં થયે ધૂળાભાઈને લઈને ચાલતી થાય. ફળિયાનાં છોકરાંઓ ધૂળાભાઈને ધૂળાકાકા અને મહાકોરને મહાકોરકાકી કહેતાં. મારાં બા પણ મેરો નાંખવા બૂમ પાડે ત્યારે ‘લ્યો મહાકોર લઈ જાવ.’ એવા માનવાચક ભાવવાળું બોલે. વાર તહેવારે મહાકોર માટે ખાવાનું ખાસ જુદું ઢંકાય.

એક વખત એવું બન્યું કે ત્રણચાર દિવસ લાગલગાટ ધૂળાભાઈ મેરો માગવા આવ્યા નહીં. એકલી મહાકોર આવી. મહાકોર પિતાજી સાથે તો સીધી વાત ન કરે, કારણ કે લાજ કાઢે. એટલે પિતાજીએ મારી બા મારફ્ત ધૂળાભાઈની ગેરહાજરીનું કારણ પુછાવ્યું. ત્યારે ખબર પડી કે ધૂળાભાઈ માંદા છે. ચોથા દિવસે પિતાજીએ બા પાસે સુદર્શન ચૂરણ ગરમ કરાવ્યું અને એનો રસ ગાળીને એક શીશીમાં ભર્યો. એ શીશી ધૂળાભાઈ માટે મહાકોરને આપી આવવા પિતાજીએ મને ઢેડવાડે મોકલ્યો. આવી ત્રણેક મોટી શીશી પીને ધૂળાભાઈ સાજા થયા અને એમણે રાબેતા મુજબ ભજનમંડળીમાં આવવા માંડ્યું.

ધૂળાભાઈની માંદગીની સારવારમાં પડેલી મહાકોરથી નિયમિત વાળવા અવાતું નહીં. એટલે આંગણું અને જાજરૂ બંનેમાં ગંદકી વધતી જતી હતી. પિતાજી, હું અને બા સૌ થોડુંઘણું કરી લેતાં પણ ધૂળાભાઈ જેવી સફાઈ થતી જ નહીં. આને કારણે ધીરેધીરે બાને મહાકોર ઉપર થોડી ચીઢ પણ ચઢી હતી. એક રાતે ધૂળાભાઈ અને મહાકોર મેરો માગવા આવ્યાં. લાકડીને ટેકે અને મહાકોરના ખભા ઉપર હાથ મૂકીને ધૂળાભાઈ આવ્યાં ને ભજનમંડળીમાં સામેલ થઈને દૂર બેઠા. એટલામાં બાએ 'મહાકોર' કહીને ત્રણચાર બૂમો પાડી. પણ મહાકોર દૂર ગઈ હશે કે કોણ જાણે પણ આવી નહીં. એટલે બાએ મને બોલાવીને કહ્યું: 'પેલી માકલી આવે તેને આટલું ખાવાનું આપી દેજે.'

ભજન પૂરાં થઈ ગયાં. મંડળી વીખરાઈ ગઈ. બાએ બહાર

આવીને જોયું તો મહાકોર હજી આવી નહોતી. ધૂળાભાઈ સામી ભીંતે અઢેલીને અર્ધજાગ્રત અવસ્થામાં ઝોલાં ખાતા હતા. પિતાજીનો નિયમ હતો કે મેરો નંખાયા પછી જ જમવા બેસવું. બાએ બહાર આવીને જોરથી બૂમ પાડીઃ 'મહાકોર, મહાકોર' પણ મહાકોરનો સામો અવાજ ના આવ્યો એટલે એમણે ચિઢાઈને છણકો કર્યોઃ 'માકલી મરતીય નથી ને જંપવા પણ નથી દેતી. હજી બધાં ભૂખ્યાં બેઠાં છે તેનુંય એને ભાન નથી.' બસ આનો આ અજંપો નીકળ્યો ના નીકળ્યો ત્યાં મહાકોરનો અવાજ આવ્યોઃ 'બા મેરો નાંખજો.' 'લે માકલી, ક્યાં મરી'તી ક્યારની?' કહીને બાએ ખાવાનું પછડાય એ રીતે મહાકોરના ટોપલામાં નાંખ્યું.

થોડી વારે બાએ સૌને જમવા બોલાવ્યા. બાના બેત્રણ વાર બોલાવ્યા છતાં પિતાજી આવ્યા નહીં એટલે બા પોતે બહાર તેડવા આવ્યાં. પિતાજીએ જમવાની ના પાડી એટલું જ નહીં પણ સૌના આશ્ચર્ય વચ્ચે એમણે પાંચ ઉપવાસ કરવાનું જાહેર કર્યું. બા તો બિચારાં આ નિર્ણય સાંભળીને દિગ્મૂઢ જેવાં જ બની ગયાં. થોડી વાર પછી અતિશય ગદ્ગદ અવાજે એમણે કારણ પૂછ્યું. પિતાજીએ કહ્યુંઃ 'તમે મહાકારે ને કેવી રીતે બોલાવી! એની સાથે તોછડાઈભરી રીતે વર્તન કરીને એનું જે અપમાન કર્યું તેનાથી આપણું ઘર લાજ્યું છે. એનું પ્રાયશ્ચિત્ત મારે કરવું જોઈએ. હું પાંચ ઉપવાસ કરીશ.' હંમેશની ટેવ પ્રમાણે બાએ હાથ જોડીને માફી માગી પણ પિતાજી એકના બે ન થયા. બાપુજીની સાથે બાએ પણ પાંચ ઉપવાસ કર્યા. એ વખતે હું ત્રીજા અંગ્રેજી ધોરણમાં ભણતો હતો. મારા માનસ ઉપર અંગ્રેજી ભણતરનો કંઈક રુઆબ છંટાતો

હતો. ખ્રિસ્તી અને પારસી સાથીદારોની સોબતને કારણે ઘરની નમ્રતાની નિર્મળતા ઉપર ગર્વના ડાઘ પડવા માંડ્યા હતા. ત્યાં જ આ પ્રસંગ બન્યો.

પાંચમે દિવસે સમીસાંજે મંડળી પાછી જામી હતી. બા અને પિતાજી પારણાં કરવાનાં હતાં. છેલ્લું ભજન ગવાયું: 'પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો.' અને સૌ વીખરાયા. તે રાતે અમે જમવા બેઠાં ત્યારે બા અને બાપુજીના મુખ પરનો અવર્ણનીય આનંદ જોઈને મારું મુગ્ધ અંતર પુલકિત થઈ ગયું. મારા અંતઃકરણમાંથી ભજનની પેલી પંક્તિ ખસતી જ નહોતી:

પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો.

આજે આ પ્રસંગ સંભારું છું ત્યારે ઉપરની પંક્તિ જ સજીવન થાય છે.

# 'પાણી મૂક!'

પ્લેગના દિવસો હતા. આ રોગથી આખા શહેરમાં ભય અને ત્રાસનો પાર નહોતો. જેમને બહારગામ જવાની સગવડ હતી તેઓ શહેર છોડીને ચાલ્યા ગયા હતા. પૈસાપાત્ર અને ઉચ્ચ મધ્યમવર્ગના ઘણા માણસોએ શહેર બહાર માંડવા બાંધીને રહેવા માંડ્યું હતું. શહેરમાં રુદન અને વ્યથા રઝળતાં હતાં. અમારા ફળિયામાંથી બહાર માંડવામાં કે બહારગામ જઈ શકે એવી કોઈની સ્થિતિ અને સગવડ નહોતી. ફળિયું ભર્યું હતું. હજી સુધી કોઈનો આ રોગે ભોગ લીધો નહોતો. ઘણાં ઘરોમાં બિલાડાંઓ પાળવામાં આવ્યાં હતાં. ઉંદરનાં દર્શન માત્રથી લોક કંપી ઊઠતાં હતાં. મૃત્યુની ભયંકરતા અને ભયથી સમગ્ર વાતાવરણ ધ્રૂજતું હતું.

ત્યાં તો એક સવારે અમારા પાડોશી ફૂલીકાકી જોરથી રડતાં રડતાં બહાર દોડી આવ્યાં. બિચારા ફકીરકાકાને બગલમાં ગાંઠ નીકળી હતી અને વેદના વધતી જતી હતી. ફૂલીકાકી અને ફળિયાના બીજા માણસો સારવારમાં મચી પડ્યાં. પણ પ્લેગના

રોગની દવા નહોતી. ઇંજેક્શન તે વખતે નીકળ્યાં નહોતાં. આજથી ત્રીસ વર્ષ પહેલાંની એ વાત. સારવાર એમને પહોંચે તે પહેલાં તો તે જ સમીસાંજે જ ફકીરકાકાએ દેહ છોડ્યો. આખી રાત અમારા ફળિયામાં ભયંકરતા ભટકતી રહી. પ્લેગના રોગનો ફળિયામાં આ પહેલો શિકાર હતો. લોકો ફકીરકાકાને સ્મશાનમાં બાળીને મધરાતે ઘેર આવ્યા ત્યારે ફળિયામાં પાછી રડારોળ થઈ રહી હતી. રતનકાકીના એકનાએક દીકરાને પ્લેગ થયો હતો. સાથળમાં ગાંઠ નીકળી હતી. એની વેદનાથી જુવાન છોકરો વધેરાતા બકરાની જેમ ચીસો પાડતો હતો. રતનકાકી વિધવા હતાં. છોકરો એક જ આધાર હતો. ફૂલીકાકીને ત્યાં ડાઘુઓએ પાણીનો કોગળોય કર્યો ના કર્યો ત્યાં રતનકાકી રુદનથી ફાટી પડ્યાં. આખા ફળિયામાં જેના પરગજુપણાનો જોટો નહોતો એ રતનકાકીનો દીકરો શંકર મૃત્યુના મુખમાં સમાઈ ગયો. પ્લેગના શબને વધારે સમય ઘરમાં રખાય નહીં. એટલે મસાણમાંથી ફકીરકાકાને બાળીને આવેલા માણસોએ શંકરને ઉપાડીને ચાલવા માંડ્યું.

હું, મારી મોટી બહેન અને મારી બા આખી રાત ઊંઘી શક્યાં નહીં. સવારે સાત વાગે બાપુજી સ્મશાનમાંથી પાછા આવ્યા. આખી રાતનો ઉજાગરો, મહેનત, ભયનું વાતાવરણ અને અંતરની ગમગીનીને કારણે એમના ચહેરા પર દુઃખ પથરાયું હતું. બાના આગ્રહથી બાપુજી નાહીધોઈને થોડોક નાસ્તો કરીને આડા પડ્યા. એટલામાં અમારા સામા ઘરમાંથી મગનમામા દોડતા આવ્યા ને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. લખમીમામીને પ્લેગની ગાંઠ

નીકળી હતી. મગનમામાના રડવાના અવાજથી બાપુજી જાગી ઊઠ્યા. એમણે મગનમામાના ખભે હાથ મૂક્યો અને સાંત્વનાનો શબ્દ કહેવા જાય ત્યાં તો પાલીમાસી રડતાં રડતાં ખબર લાવ્યાં કે પાછલી ઓળમાં આંધળી સદાડોસીની એકની એક જુવાનજોધ દીકરી મણિને ગંગાજળ આપ્યું છે. તે દિવસે મધ્યાહ્‌ને ફળિયામાંથી બે નનામી લઈને જ્યારે માણસો નીકળ્યા ત્યારે હાહાકાર મચી ગયો. બે દિવસ પહેલાં આ ફળિયું ક્ષેમકુશળ હતું. અડતાલીસ કલાકમાં અહીં મૃત્યુના ઓળાઓએ ઘમસાણ મચાવી મૂક્યું.

હજી તો ચિતાના અંગારા ઠારીને માણસો પાછા આવ્યા નહોતા. સમીસાંજ પડવા આવી હતી. મારી બા રોટલા ને શાક પીરસીને અમને બહેનભાઈને જમાડતી હતી અને બાપુજીની ચિંતાથી ઉદ્વિગ્ન હતી. ત્યાં તો ફૂલીકાકી આવીને અમારી પરસાળમાં ફસડાઈ પડ્યાં. બા બહાવરી બનીને દોડી ગઈ. જોયું તો ફૂલીકાકીને બન્ને સાથળોએ બે ગાંઠો નીકળી હતી. હું ને મારી બહેન તો મોઢામાંનો કોળિયો પણ ઉતારી શક્યાં નહીં. થાળી એમ ને એમ મૂકીને બહાર આવ્યાં. ફૂલીકાકીને સંભાળીને એમના ઘરમાં લઈ ગયાં. અમારો ઓટલો એક હતો. મારી બહેન તો મારા કરતાં ઘણી મોટી હતી. લગભગ પચીસેક વરસની. પણ હું તેર-ચૌદ વરસનો કિશોર જોરથી ચીસ પાડી ઊઠ્યો. મારી ચીસો સાંભળીને ફળિયાના લોકો ધસી આવ્યા. પુરુષો તો સ્મશાનમાં ગયા હતા. એટલે છોકરાંઓ અને સ્ત્રીઓ જ મુખ્યત્વે હતાં. ફૂલીકાકી પોતાની મીઠાશ અને સેવાભાવ માટે

જાણીતાં હતાં. એકઠા થયેલા લોકો ગભરાયેલા હતા. એમાં દૂરથી ચીસો સંભળાઈ. કોઈએ રેવામાસીનો અવાજ જ છે એમ કહ્યું. કોઈ જઈને ખબર લઈ આવ્યું કે દોલતમાસા ચાલતા થયા. સ્મશાનમાંથી લોકો પાછા આવ્યા ત્યારે ફળિયામાં દોલતમાસા ઉપરાંત કાશીફોઈના મોટા દીકરા ચુનીલાલની અને ફૂલીકાકીની છેલ્લી ઘડીઓ ગણાતી હતી.

બાપુજીએ નનામીને બદલે નવો રસ્તો સૂચવ્યો. શહેરની સેવાસમિતિ તરફથી જે ગાડીઓ મુડદાં લઈ જવા માટે રાખવામાં આવી છે તેનો ઉપયોગ કરવો. ફળિયામાં લોકોએ તરત જ વાત માની લીધી. બીજે દિવસે સવારે ત્રણ ગાડીઓ ફળિયામાંથી નીકળી. ફકીરકાકાનું ઘર ઉજ્જડ થઈ ગયું અને ફળિયાનો રખેવાળ ચુનીલાલ પણ ચાલતો થયો. શેતરંજ રમવામાં ઉસ્તાદ દોલતમાસાના અવાજ વિના ફળિયું સૂનું થઈ ગયું.

તે જ સાંજે મારી બહેનને રડતી જોઈને મારી બા સચિંત થઈ ગઈ. બહેને કહ્યું: ‘બગલમાં બહુ પીડા થાય છે. બાને ધ્રાસકો પડ્યો. બાપુજી દોડી આવ્યા. જોયું તો બહેન પ્લેગના પંજામાં સપડાઈ ચૂકી હતી. વેદનાની મારી રડીરડીને મારી મોટી બહેન એ મધરાતે સદાને માટે મૂગી થઈ ગઈ. ફળિયામાં અમારું ઘર સાંત્વનાનું સ્થાન હતું એટલે અમારા કરતાં બીજા સૌની અનાથતા ઊપસી આવી. વહેલી સવારે બાપુજી અને એમના મિત્રો મોટી બહેનને સ્મશાનમાં લઈ ગયા. હું અને બા તો એકબીજાને જોઈને રડ્યાં જ કરીએ. મોટી માસી અને બીજી સ્ત્રીઓએ ઘણું આશ્વાસન આપ્યું પણ બાના હૃદયનું દરદ ઓસરે જ નહીં.

આશ્વાસન જેટલું વધારે સહૃદય થતું જાય તેટલું બાનું રુદન વધારે ઊંડું ઊતરતું જાય અને એમનાં ડૂસકાં જોઈને મારી આંખોમાંથી પાણી સુકાય જ નહીં.

બપોરે બાપુજી ઘેર આવ્યા ત્યારે બાની ગંગાજમના ફરી છલકી પડી. બાના આ રુદનથી ગભરાયેલું મારું ગભરું અંતર ભયભીત બનીને અવાક્ બની ગયું. અમારા ઘરમાં મારે માટે શોક અને દુ:ખનો આ પ્રથમ પ્રસંગ હતો. ગમગીનીથી અજાણ હું એના સ્પર્શથી દિગ્મૂઢ થઈ ગયો. તે રાતે કોઈ ઊંઘી ના શક્યું. બીજે દિવસે સવારે બાપુજીએ મને અમારે ગામ મોકલવાનો નિર્ણય કર્યો, અને તરત જ એમણે એમના જૂના મિત્ર છગન પટેલને તાર કરીને બોલાવ્યા. બાની દશા વિચિત્ર હતી. તે મને મોકલવા રાજી નહોતી અને રાખવા પણ ખુશી નહોતી. સુરત જિલ્લો પ્લેગથી મુક્ત હતો. પણ મને જુદો કરતાં બાનું અંતર વલોવાતું હતું અને રોગના ભયાનક ચાળામાં રાખવા એનું હૈયું ના પાડતું હતું. રોજ હું બાપુજીની સાથે જમતો. પણ જુદી થાળીમાં. તે દિવસે એમણે મને પોતાની થાળીમાં જ જમવા બેસાડ્યો. એટલું જ નહીં બાને પણ આગ્રહ કરીને પોતાની થાળીમાં બેસાડ્યાં. મારી સમજણમાં હું, બા અને બાપુજી પહેલી વખતે એક થાળીમાં સાથે જમ્યાં. દુ:ખથી આળાં થયેલાં હૃદયને નિકટતાની ઠંડક મળતાં આત્મીયતા પોતે જ આશ્વાસન બની ગઈ.

ત્રણચાર દિવસથી સાંજે ભજન થતાં નહોતાં. દરેક સાંજ મૃત્યુની ચીસોથી લપેટાયેલી હતી, અને દરેક સાંજ લગભગ સ્મશાનમાં જ વીતી હતી. આજે સમીસાંજે બાપુજીએ મિત્રોને

એકઠા કર્યા. ભજનની ધૂન શરૂ થઈ અને એમણે એમનું કબીરસાહેબનું પ્રિય ભજન 'ઇસ તન ધનકી કોન બડાઈ, દેખત નૈનોમેં મિટ્ટી મિલાઈ' એટલા બધા આર્જવથી ગાયું કે પોતે રડ્યા અને સૌને રડાવ્યાં.

રાતે બાપુજીને શરીરે ઠીક નહોતું એટલે એ જમ્યા નહીં. મેં અને બાએ એક જ થાળીમાં થોડું જેમતેમ ખાઈ લીધું. રાતે બાએ બાટલીવાળાનું પેનકિલર બાપુજીને પાયું. અમે સૂઈ ગયાં. મધરાતે હું ચોંકીને જાગી ઊઠ્યો. જોયું તો બાપુજી વેદના ન સહન થવાથી બિછાનામાં બેસી પોતાના એક હાથ વડે બીજા હાથને દબાવી રહ્યા છે. બાને દીઠી નહીં. દીવો તેજ થયેલો હતો. મારાથી પુછાઈ ગયું: 'શું છે બાપુજી? બા ક્યાં ગઈ?'

'હમણાં આવે છે, બેટા. આ તો સહેજ હાથે દુ:ખે છે.' એમણે કહ્યું. પરંતુ એમના મુખ પર વિવશતા અને વેદના હતાં. બીજાને આશ્વાસન આપતો એમનો પ્રતાપી અવાજ દીનતા ધારી રહ્યો અને શ્રદ્ધા પ્રેરતી એમની તેજસ્વી આંખોમાં ગમગીની આંસુ બનીને બેઠી હતી. હું વિકળ થઈ ગયો. એટલામાં બા મામા અને મામીને બોલાવી લાવી. થોડી વારમાં અમારું નાનું ઘર માણસોથી ખીચોખીચ ભરાઈ ગયું. મામા દોડીને છોટાલાલ વૈદ્યને બોલાવી લાવ્યા. મામી મને બહાર લઈ ગયાં. કલાકેક પણ નહીં વીત્યો હોય ને મેં બાની ચીસ સાંભળી. હું ફાળ ભરીને અંદર દોડ્યો. બાપુજીને પ્લેગની ગાંઠ નીકળી હતી. બાને રડતી જોઈને મારા હૈયે પણ માઝા મૂકી દીધી. છોટાકાકા આખો દિવસ બાપુજીની

સારવારમાં રહ્યા. બપોરે શહેરના બે ડૉક્ટરો આવ્યા પણ સૌએ આશા છોડી દીધી.

સમીસાંજ હતી. સૌનો જીવ તાળવે ચોંટ્યો હતો. બાની સ્થિતિ બહુ કરુણ હતી. છગન પટેલ મને તેડવા આવી પહોંચ્યા હતા. એ તો બિચારા આ પરિસ્થિતિ જોઈને ડઘાઈ જ ગયા. બાપુજીએ બાને કહીને સૌને બહાર મોકલ્યા અને મને અંદર બોલાવ્યો. માત્ર બા, છગન પટેલ, મામા અને છોટાલાલ વૈદ્ય અંદર રહ્યાં. બાપુજીએ મને પાસે બોલાવ્યો. માથે હાથ ફેરવ્યો. ગાલ પર આંગળી મૂકી. દૃષ્ટિ મળીને હું રોઈ પડ્યો. ધીરે અવાજે બાપુજીએ બા પાસે પાણી માંગ્યું. મારી ઉપર નજર ઠેરવી બોલ્યા: 'બેટા પાણી મૂક.' બા અને પાસે બેઠેલા સૌ જરાક ઊંચા થઈ ગયાં. વધુ ધીરા અવાજે એમણે કહ્યું: 'મારા બાપુએ આપણી પરંપરાગત બધી મિલકત સુરતના નિરાંત મંદિરને બક્ષિસ આપી દીધી છે પણ એનું વીલ કર્યું નથી. મારી પાસે એમણે મરતી વખતે પાણી મુકાવ્યું હતું કે એ મિલકત પાછી નહીં માંગું અને મેં પાણી મૂક્યું હતું. બીજે વરસે હું અને મારી બા સ્વેચ્છાએ ગરીબી સ્વીકારીને અહીં ચાલ્યાં આવ્યાં. માસીએ આ ઘર ના આપ્યું હોત તો રહેવા છાપરું પણ નહોતું. પણ ઈશ્વરે આપણને ભૂખે નથી સૂવા દીધાં. એ જ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને તું પણ પાણી મૂક કે એ વંશપરંપરાની મિલકત તું પણ પાછી નહીં માગે અને મેળવવા માટે દાવાદૂવી નહીં કરે.'

બાએ મારા જમણા હાથની અંજલિમાં પાણી રેડ્યું અને કહ્યું: 'બેટા, પાણી મૂકો કે એ મિલકત આપણે પાછી મેળવવાનો વિચાર

સુધ્ધાં નહીં કરીએ.' અને મેં બાપુજીના શબ્દોની સાથે બાના શબ્દો ઉમેરીને પાણી મૂક્યું.

'બેટા, કોઈનું ભલું ના કરી શકો તો કંઈ નહીં પણ કોઈનું બૂરું ના કરશો!' કહીને બાપુજીએ ફરીથી મારે માથે હાથ મૂક્યો. એ હાથ મારે માથે જ રહ્યો અને બાપુજી ચાલ્યા ગયા.

# માતામાંથી મિત્ર

શ્રાવણ મહિનો હતો. સોળસત્તર વરસની ઉંમર હશે. બાનો હુકમ મળ્યો કે મારે રોજ રણમુક્તેશ્વર મહાદેવના દર્શને જવું. આમ હું નાસ્તિક નહીં. પણ ધાર્મિકતા અપ્રિય. ક્રિયાકાંડમાં કદી જ શ્રદ્ધા નહીં. છતાં કુટુંબના ઉછેરમાં જ ધર્મની ભાવના લોહીમાં મળી ગયેલી. એટલે ધર્મ અને ધાર્મિકતા વચ્ચે અંતરમાં સંઘર્ષ ઊભો થયો. પરંતુ બાની આજ્ઞા છે એ પાયાની વાત ઉપર બુદ્ધિ અને લાગણી બન્નેએ સમાધાન અનુભવ્યું.

હું રોજ સાંજે પહેલાં રણમુક્તેશ્વરનાં દર્શને જાઉં અને ત્યાંથી સીધો અખાડામાં. દર્શનનો ક્રમ પણ વ્યાયામમંદિરમાંજવા જેટલો જ અચૂક. કોઈ પણ નિયમ કે નિયમનનું અચૂક પાલન પોતે જ મોટી બુનિયાદી તાલીમ છે. સંયમ સહજ બને છે ત્યારે એ સ્વભાવ થઈ જાય છે. શરૂઆતમાં અંતઃકરણે બાની આજ્ઞાનું સમાધાન સ્વીકાર્યું હતું. ધીરે ધીરે એમાંથી સાંત્વના મળવા માંડી અને પછી એમાંથી આનંદનો ઉદય થયો.

દર્શને જવાનો રસ્તો ટૂંકો હતો. બરાનપુરાથી વળાંક લઈને

જે રસ્તો ગોયાગેટના રાજમાર્ગ ઉપર નીકળતો ત્યાં આગળ એક લીમડો હતો. એ વળાંકને પશ્ચિમે શહેરસુધરાઈના છંટકાવનાં ગાડાં છૂટતાં અને પછી ગંદવાડ આવતો. એ લીમડાના ઝાડ નીચે તૂટેલી ઝૂંપડી જેવી જગ્યામાં એક સાંજે એક વૃદ્ધ સ્ત્રીને સૂતેલી જોઈ. સામાન્ય રીતે કોઈ ભિખારણ હશે એ માનીને સ્વાભાવિક માનવી બેપરવાઈથી હું તો ચાલ્યો ગયો. બીજે દિવસે સાંજે પણ એ ડોશીને એ જ રીતે સૂતેલી જોઈ. એ સાંજે પગ જરા ખંચાયા પણ રોકાયા નહીં. ત્રીજે દિવસે સાંજે એ ડોશી આગળ ઝાડ નીચે પગ થંભી ગયા.

ડોશીની પાસે બેસીને જોયું તો ફાટલું એક લૂગડું અડધું પહેરીને અડધું ઓઢ્યું હતું. શરીરે બીજું વસ્ત્ર નહોતું. એ જીર્ણ વસ્ત્રની અંદર લપેટાયલી કાયા શ્વાસ લેતી હતી. એ શરીરને ઢંઢોળીને બોલાવવા પ્રયત્ન કર્યો. કાયા હાલી પણ અંતરપંખી બોલ્યું નહીં. શું કરવું એ એકદમ સૂઝ્યું નહીં. જરાક મૂંઝપણ થઈ. પણ હું વિચાર કરીને તરત પાછો ઘેર ગયો. ખભે એક કાથીની નાની ખાટલી લીધી. એક ગોદડી, એક ઓઢવાનું, ખિસ્સામાં એક નાનું પવાલું લઈ લીધું. બાને થોડી વાત કરી ન કરી ને હું પેલા લીમડા નીચે આવી પહોંચ્યો. ખાટલી પર ગોદડી નાંખીને ઉપર ડોશીને સુવાડી ઓઢાડીને જરાક દૂર કુંભારવાડેથી એક ઘડો લઈ આવ્યો. પાણી ભર્યું, એમાંથી થોડુંક પાણી ડોશીને પાયું. અંધારું થવા આવ્યું હતું. ગયો રણમુક્તેશ્વરનાં દર્શને. તે સાંજે અખાડે ન જઈ શકાયું. રાત પડવા આવી હતી. પણ મને જંપ ન વળે. બાને વાત કરી. બાએ જમીને સાથે આવવાની હા

પાડી. થોડુંક ખાવાનું લઈને અમે બન્ને પહોંચ્યા પેલા લીમડા નીચે. બાએ ડોશીનું શરીર જોયું. તાવ તો ધખધખે. અમે બન્ને ગયાં છોટાલાલ વૈદ્યને ત્યાં. છોટાકાકા જમતા હતા. બાએ વાત કરીને દવા માગી, મેં રૂબરૂ તપાસવાનો આગ્રહ કર્યો. વૈદ્યકાકા અમારી જોડે આવ્યા, ડોશીને તપાસીને એમણે દવા આપી. સવારસાંજ મધમાં પડીકાં આપવાનાં. ત્રીજે દિવસે ડોશીમાં કંઈક હોશ આવ્યા. આઠદસ દિવસ અમે નિયમિત દવા આપી. ડોશીમા સાજાં થવા માંડ્યાં. બપોરે બા માસીને ત્યાં જાય ત્યારે લીમડા નીચે ખાવાનું પહોંચાડીને જ જાય. ચૌદમેપંદરમે દિવસે ડોશી વાત કરતી થઈ.

એક દિવસે સાંજે હું રોજના નિયમ પ્રમાણે રણમુક્તેશ્વર દર્શને જતો હતો. રાબેતા મુજબ લીમડા નીચે રોકાયો. આજે ડોશીની જીભમાં શબ્દે દેખા દીધી. પહેલી વખત એના મુખમાંથી શબ્દ પડ્યો : “બેટા,” ...થોડી વાર શ્વાસ ખાઈને એણે બીજો શબ્દ કહ્યો : “જિવાડી...” મેં કહ્યું કે માજી એ તો ઈશ્વરની દયાનું પરિણામ છે. ડોશીની આંખમાં જાણે તેજ ફૂટ્યું. બોલી : “ઈશ્વરે પણ એ દયા કોઈની મારફત જ પહોંચાડવાની ને! એ કંઈ ઓછો નીચે ઊતરે છે!” બોલીને મારે માથે હાથ મૂક્યો. હું તો પછી મહાદેવ દર્શન કરવા ચાલ્યો ગયો.

બીજે દિવસે શ્રાવણનો છેલ્લો સોમવાર હતો. રણમુક્તેશ્વર મહાદેવના મંદિરમાં ઘીના કમળનાં દર્શન હતાં. તે સાંજે મારી સાથે બા પણ હતી. રસ્તામાં ડોશીને ખાવાનું પહોંચાડીને અમે ગયાં દર્શન કરવાં. અમારા મનમાં હતું કે પાછા વળતાં ડોશી પાસે

બેસીશું. પાછાં આવ્યાં ત્યારે લગભગ નવેક વાગ્યા હશે. ડોશીમા ખાટલામાં નિરાંતે બેઠી હતી. અમને બન્નેને જોઈને એને ઘણો આનંદ થયો. અમને ખાટલી પર જ બેસાડ્યાં. મેં કહ્યું કે બા, આ ખાટલી ત્રણ જણાનો ભાર નહીં ઝીલે. અને તરત જ ડોશીના મુખમાંથી શબ્દો સરી પડ્યા : “ત્રણનો શું, તેરનો ઝીલશે. ધરતી જેવી છે આ ખાટલી.”

પછી બાને ખભે હાથ મૂકીને ડોશીએ કહ્યું : “બહેન, મારે તમને બેયને એક વાત કહેવી છે ને કહેવાતી નથી. પણ લ્યો, કહું છું. તમે મને જિવાડી છે તે હવે એ વાત કહેવી જ પડશે ને! અમે આ પાછળના ગામ ગાજરાવાડીમાં રહેતાં હતાં. મારે દીકરીની દીકરી હતી. હું તો બહેન, વરસોથી વિધવા છું. અમારા એક સગાનો દીકરો અમારે ઘેર જતો-આવતો. વારતહેવારે બે પૈસાની મદદ કરતો. દીકરી જુવાન હતી. છઠ્ઠી ચોપડી ભણીને પછી માસ્તર થઈ. ધીરે ધીરે પેલા છોકરાએ અમારે ઘેર રહેવા માંડ્યું. બહેન, એ તો પરણેલો હતો. ઘેર છોકરાં હતાં. છતાં મારી જુવાન દીકરી ઉપર એની આંખ ચોંટી. હું આખો ખેલ પામી ગઈ. દીકરીને ચેતવી દીધી. પણ પેલો માને નહીં. હું જરાક બહાર જાઉં કે દર્શને જાઉં ત્યાં એ ઘરમાં આવ્યો જ હોય. પછી તો મને ચઢ્યો ગુસ્સો. પણ હું ગરીબ વિધવાબાઈ શું કરું! લાચારી તો એવી કે વાત ના પૂછો. આખરે એકદિવસ કંઈક ખવડાવીને મને અહીં નાંખી ગયો અને દીકરીને ઉપાડી ગયો છે. હવે પાછી મળે એવું કંઈક કરો.” ડોશીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. અમે બન્ને ઘર ભણી ચાલી નીકળ્યાં.

બાએ ઘેર આવીને આ વાત બાપુજીને કરી. અને આગ્રહ કર્યો કે અમારા કુટુમ્બના એક ફોજદાર મિત્ર હતા તેમને બાપુજીએ વાત કરવી. બાપુજી બાનો સ્વભાવ જાણે. એટલે બીજે દિવસે બાપુજીએ આખી વાત ફોજદારકાકાને કરી. ચોથે જ દિવસે પેલાં બે જણાં પકડાયાં. છોકરી હજી સગીર હતી. એટલે એ એની માને સોંપવામાં આવી ને પેલાને પૂર્યો જેલમાં. છોકરીને મેળવીને પેલી ડોશીમાને ઘણો આનંદ થયો. એમના ગાજરાવાડીને ઘેર અમે એ ડોશીને લઈ ગયા ત્યારે એનો આનંદ જોવા જેવો હતો.

બીજે વરસે ડોશીએ પોતાની એ જુવાન દીકરીનાં લગ્ન કર્યાં. બાએ એમાં ઘરનું જાણીને ઘણી મદદ કરી.

આ પ્રસંગે મારા અંતરને સેવાની સાચી દીક્ષા આપી. એનાથી મારી બા તરફની દૃષ્ટિ બદલાઈ ગઈ. બાએ ત્યાર પછી ભાવી સેવાકાર્યમાં જે સમભાવ અને સ્નેહ બતાવ્યાં તે એમના મૃત્યુ સુધી અખંડિત રહ્યાં. આ ડોશીના પ્રસંગમાંથી એવું શું બન્યું હતું કે જેણે મારી અને બાની વચ્ચે એક નવો સંબંધ સ્થાપ્યો હતો! વાત્સલ્ય તો એનું અપાર હતું. પરંતુ પછી એને બધાં સેવાકાર્યોમાં ઊંડો રસ પેદા થયો. ક્યારેક સલાહ આપતી, કદીક તટસ્થ રહેતી, વળી ક્યારેક સમભાવપૂર્વક સાથ આપતી બા સદાની સંગાથી બની ગઈ. વાત્સલ્ય ઉપરાંત એની પાસેથી અપૂર્વ હૂંફ અને રક્ષણ મળવા માંડ્યાં. બાના આ વલણથી અનુગૃહીત બનેલું મારું અંતઃકરણ એની આશિષની અપેક્ષા રાખવા લાગ્યું. આ અપેક્ષાએ સમર્પણની ભાવનાને એકાગ્ર બનાવી, અને આખરે આ જ પ્રક્રિયાએ મારી અંતરનિષ્ઠાને સુદૃઢ બનાવવામાં મોટી સહાય

કરી. મસ્ત યૌવનમાં જો સન્નિષ્ઠા સધ્ધર ન હોય તો અભિમાનનો સૂક્ષ્મ કીડો આખી હસ્તીને લૂણો લગાડે છે. બાની વત્સલ અને વિમળ સાથીદારીએ મરતાં સુધી મારી સન્નિષ્ઠાની ચોકી કર્યા કરી તે કર્યા જ કરી.

એમના છેલ્લા દિવસોમાં એક યાદગાર પ્રસંગ બન્યો. ગાંધીજીની વાત માનીને અમારે ઘેર હું એક હરિજન વિદ્યાર્થીને જમવા લઈ આવ્યો. બા આમ તો ચુસ્ત વૈષ્ણવ. પણ તે દિવસે એણે અમને રસોડામાં બેસાડીને જમાડ્યા. અને જમાડતાં જમાડતાં પેલી ડોશીની વાત કહી. બાએ ગદ્‌ગદ કંઠે કહ્યું : “ગાંધીજી જે દરિદ્રનારાયણની વાત કહે છે તે સાવ સાચી છે. જે એમની સેવા કરે છે તે જ ઈશ્વરની પૂજા કરે છે.”

ત્યારબાદ અમારા ઘરમાં હરિજન અને વૈષ્ણવજન વચ્ચે કશો જ ભેદભાવ ન રહ્યો.

બા ને હું માદીકરો હતાં, પછી અમે મિત્રો બની ગયાં.

# જીવનનો દંભ

## સત્યનારાયણની આરતી

મારી ઉંમર આઠદસ વરસની હશે. એ વખતે જ્યારેજ્યારે અમારા ફળિયામાં કે બાજુના ફળિયામાં સત્યનારાયણની કથા થાય ત્યારે મારી હાજરી અનિવાર્ય મનાતી. આનું એક કારણ તો એ હતું કે મને શંખ વગાડતાં સરસ આવડતું. દરેક અધ્યાયને અંતે તથા આરતીને સમયે એ શંખધ્વનિ આખા પ્રસંગની શોભા પણ બની રહેતો. અને બીજું કારણ એ પણ હતું કે મને મારા ભાગનો અને શંખના ભાગનો એમ બેવડો પ્રસાદ મળતો. આ બે કારણો ઉપરાંત એક ત્રીજું કારણ પણ હતું. લગભગ દરેક કથાપ્રસંગે મને આરતીની થાળી આપીને શ્રોતામંડળમાં આશકા વહેંચવા માટે ખાસ પસંદ કરવામાં આવતો. માણસો આરતીની આશકા લઈને પૈસો પૈસો થાળીમાં નાંખતા. એ વખતે જેને ત્યાં કથા થઈ હોય તેના ઘરનાં અથવા નજીકનાં સગાંવહાલાંઓ અને મિત્રો બબ્બે પૈસા અથવા એક આનો પણ થાળીમાં મૂકતા.

એક આનો થાળીમાં મૂકનાર માણસ તરત જ સૌનું ધ્યાન ખેંચે એવો એ સમય હતો. તે વખતે એક આનાનું મૂલ્ય અને મહત્ત્વ આજના એક રૂપિયા કરતાં પણ વધારે હતું. આ આરતીની થાળી છેક ફળિયામાં બહાર ઓટલે કથા સાંભળવા બેઠેલા માણસોમાં ફેરવીને હું કથાકાર બ્રાહ્મણની પાસે પાછી લઈ આવતો. એક વખત અમારા ફળિયામાં નાથા ધોબીને ત્યાં સત્યનારાયણની કથા હતી. કથા પૂરી થઈ એટલે રાબેતા મુજબ આરતીની થાળી લઈને હું આશકા વહેંચવા નીકળ્યો. ઓરડામાં બેઠેલા શ્રોતાઓને પતાવીને હું બહાર ઓટલે પણ ફરી વળ્યો. ત્યાં સામે ઓટલેથી અવાજ આવ્યો: “દીકરા, આરતીની થાળી અહીં પણ લાવજે.” કાશી કાકીનો અવાજ સાંભળીને આરતી હું ત્યાં લઈ ગયો. ત્યાં તો બાજુના ઓટલા ઉપરથી ઊઠીને બાજુના ફળિયામાં રહેતા ચીમન મહારાજનો છોકરો મંગુ મારી પાસે આવ્યો અને થાળીમાં પડેલો એક આનો છાનોમાનો ખીસામાં મૂકી દેવાની અથવા એને આપી દેવાની સલાહ આપવા લાગ્યો. એ સલાહ મેં માની નહીં અને આરતીની થાળી સહીસલામત પૂજારી પાસે પહોંચી ગઈ. બીજે દિવસે ખોખોની રમત વખતે ફળિયામાં એણે મારી સાથે નકામી તકરાર કરીને પોતાનો રોષ દેખાડ્યો. એ તકરારમાંથી મને જાણવાનું મળ્યું કે ઘણી વખત મંગુ અને એના એકબે ગોઠિયાઓ આમ આરતીની થાળી બહાર આશકા વહેંચવાને બહાને લઈ જતા અને પછી છાનામાના અંદરથી થોડાક પૈસા ઉઠાવી લેતા. આ ચોરી એક વખત પકડાઈ ત્યારથી આરતીની થાળી મને મળવા માંડેલી એ કારણ તો હું ત્યાર પછી

બેત્રણ વરસે સમજ્યો. પણ એ પ્રસંગે મારા માનસ ઉપર ખૂબ વિષાદની છાયા પાથરેલી.

## ઘીનો દીવો

પછી હું કંઈક સમજણો થયો ત્યારની આ વાત છે. મારી ઉંમર સોળસત્તર વરસની હશે. પિતાશ્રીના એક ઓળખીતા હતા નૌતમલાલ શાહ. જાતના વાણિયા હતા અને પોતાને પરમ વૈષ્ણવ કહેવડાવતા એટલું જ નહીં, એ માનતા પણ ખરા. ધંધો એમનો મોટા પાયા ઉપર વ્યાજવટાનો હતો. એમની ઘરાકી ઢેડ, ભંગિયા, બારિયા, વાઘરી વગેરે નીચલા થરની જાતિમાં હતી અને વ્યાજનો દર પણ ઊંચો કહેવાતો. એક રૂપિયે દર મહિને એક આનો વ્યાજ એ લેતા અને પહેલા મહિનાનું વ્યાજ, મુદ્દલ આપતી વખતે મુદ્દલમાંથી જ કાપી લેતા. આ નાણાં વસૂલ કરવામાં એમને મુશ્કેલી ઘણી પડતી પણ એનો ઉકેલ એમણે એક મુસલમાનને નોકરીમાં રાખીને આણ્યો હતો. આ મુસલમાન એમની ઘોડાગાડી હાંકતો અને જરૂર પડ્યે વાઘરીવાડામાં અને ઢેડવાડામાં નૌતમલાલના ઘરાકને ચાબુકે ચાબુકે ફટકારીને પૈસા પણ વસૂલ કરતો. એ શેઠને ઘેર ભગવાનની પૂજા હતી. એમની સ્ત્રીએ મરજાદ લીધી હતી. સંતાન તો એમને હતું નહીં. એટલે એમણે પોતાના ભાઈના દીકરાને પોતાનો કરીને ઉછેરવા માંડેલો. એને જ દત્તક લેવાની વાતો થતી પણ દત્તક લેવાતો નહીં. કારણ શેઠને હજી સંતાનની આશા હતી. એક દિવસ હું મારા પિતાશ્રીની સાથે એમને ઘેર ગયો હતો. કામકાજ તો કંઈક કોર્ટના કામ માટે

સલાહ લેવાનું હતું એમ યાદ છે. અમે બેઠા હતા એટલામાં જ એક વાઘરી જેવો માણસ એક મોટી વાઢીમાં દસ શેર જેટલું ઘી લઈને આવ્યો. ઘી આવતાની સાથે જ ગંધાવા માંડ્યું અને આખા ઓરડામાં દુર્ગંધ ફેલાઈ ગઈ. મેં પૂછ્યું : "નૌતમકાકા. આવું ગંધાતું ઘી કેમ લો છો?" નૌતમલાલે સંકોચ વિના સ્મિત સાથે ઉત્તર વાળ્યો: "ભાઈ, ભગવાનની પૂજાના દીવા માટે ખોરું ઘી આવ્યું છે આ તો. આપણે ખાવાનું ચોખ્ખું ઘી તો ઠેઠ પાદરાથી આવે છે. તારી કાકી છે મરજાદી. ચોવીસ કલાક દીવા બળતા રહે છે. ચોખ્ખું ઘી વાપરીએ તો ઘરબાર વેચવાં પડે." આ જવાબ સાંભળીને મને લાગ્યું કે આ વાણિયો, ગરીબ અજ્ઞાન માણસોને છેતરે છે એટલું જ નથી; ભગવાન પણ એની પકડમાંથી બચી શક્યો નથી. મારું ગભરુ હૃદય સમસમી રહ્યું.

## ભિખારીને છેતર્યો

અમે શહેરમાં રહેતાં હતાં. મારા પિતાશ્રીનું અવસાન થયાને દસેક વરસ થઈ ગયાં હતાં. ભણીગણીને હું પણ નોકરીએ લાગ્યો હતો. ગાંધીજીના અસહકાર અને સત્યાગ્રહના દિવસો હતા. ખાદી નહીં પહેરનારા કોંગ્રેસવિરોધી છે એવી માન્યતા જોર પકડતી જતી હતી. પછી તો ખાદી પહેરનારાઓએ ખાદી નહીં પહેરનારા તરફ અભાવ, અભિમાન અને તિરસ્કારની દૃષ્ટિએ જોવા માંડીને ગાંધીજીની અહિંસાનો ભોગ લેવાનું પણ શરૂ કરી દીધેલું. હું એ વખતે ખાદી પહેરતો હતો. પણ ગાંધીજીના સિદ્ધાંતો જે ખાદીની સાથે જ જીવનમાં વણાવા જોઈએ તેનો મારી

જિંદગીમાં અભાવ હતો. મારા સંજોગો એવા હતા કે એમના બધા જ સિદ્ધાંતો મારાથી જીવનમાં ઉતારી શકાય તેમ નહોતા. એટલે મેં ખાદી પહેરવાનો ઢોંગ છોડી દીધો. છતાં ઘણા ખાદીધારી મિત્રો મારે હતા. એક દિવસ એક ચુસ્ત ખાદીધારી અને અસહકારી મિત્ર મારે ઘેર મહેમાન બન્યા.

બીજે દિવસે સાંજે અમે ફરવા નીકળ્યા અને ચાલતા ચાલતા ઠેઠ ઘોડદોડના રસ્તા સુધી પહોંચી ગયા. એ રસ્તો પ્રમાણમાં નિર્જન હતો. જાણીજોઈને ફરવા નીકળનારા અથવા એ રસ્તે થઈને પાસેના ગામોમાં જનાર વટેમાર્ગુ સિવાય ત્યાંથી કોઈ નીકળતું નહીં. આ રસ્તે એક ઝાડની નીચે એક આંધળો ભિખારી હમેશાં ખોબો ધરીને બેસી રહેતો, અને જ્યારે કોઈના જવાનો પગરવ સંભળાય ત્યારે 'હે રામ'નો ઉચ્ચાર કરતો. કોઈ દયાળુ અથવા સમભાવી માણસ એકાદ પૈસો એમની ઉઘાડી અંજલિમાં નાંખે ત્યારે પણ એ 'હે રામ' જ બોલતો. પહેલા 'હે રામ'માં અપેક્ષા વરતાતી અને બીજા 'હે રામ'માં આશીર્વાદ સંભળાતો. મારે મન એ માત્ર ભિખારી નહોતો, અસહાય માનવી પણ હતો. એટલે અમારી પ્રીત બંધાઈ ગઈ હતી. ઘણી વાર હું ત્યાંથી નીકળતો ત્યારે એની પાસે ઘડીક ઊભો રહેતો. વાતો કરતો અને કંઈક આપીને આગળ ચાલતો. પછી તો એ મારા પગરવ પરથી મને ઓળખી જતો અને આવકાર આપતો.

પેલા ખાદીધારી મિત્ર સાથે ચાલતાં ચાલતાં પેલું ઝાડ આવ્યું એટલે સ્વાભાવિક રીતે જ મારા પગ અટકી ગયા. આજે પેલા મારા મિત્ર અંધ ભિખારીએ ખોબો ધર્યો ન હતો. પાસે જ એક

ગંદું કપડું પાથરી રાખ્યું હતું અને એ કપડા ઉપર બેત્રણ પૈસા પડ્યા હતા. મારો પગરવ સાંભળતાં જ એણે કહ્યું : 'હે રામ.' પણ આ વખતે એના અવાજમાં ન અપેક્ષા હતી, ન તો આશીર્વાદ હતો; હતી માત્ર દુ:ખભરી ગમગીની. આ અણધાર્યા અવાજે મારી જિજ્ઞાસા જગાડી. મેં પૂછ્યું : 'કેમ ભગત, કેમ છો? કેમ આજે કપડું પાથર્યું છે?' મારા પ્રશ્નથી એની કકળેલી આંતરડી પાછી ફફડી ઊઠી. એણે કહ્યું : "સાહેબ, આ રસ્તે કાલે એક ભાઈ નીકળ્યા હતા. કહ્યું મારી પાસે રૂપિયો છે ભગત, અને મારે તમને આનો આપવો છે, પંદર આના છૂટા છે? મેં સાહેબ, પંદર આના ગણી આપ્યા. ઘેર જઈને છોકરીએ જોયું તો રૂપિયો ખોટો નીકળ્યો. દુનિયા બહુ બગડી ગઈ, સાહેબ. આવી દુનિયા પાસે ખોબો શીદને ધરવો? આજથી કપડું પાથરવાનું રાખ્યું છે. રામજી રખેવાળ છે."

આ વાતથી મારા હૈયાને જાણે કોઈએ જોરથી હથોડો માર્યો હોય એવો ઘા પડ્યો. હું બોલી ના શક્યો પણ મારા પેલા ખાદીધારી મિત્ર બોલી શક્યા. એમણે કહ્યું : "ભાઈ, આ દુનિયા એમ જ ચાલે. રામકૃષ્ણ આવ્યા તોય આ જ દુનિયા હતી. બુદ્ધ ભગવાન આવ્યા ત્યારેય આ જ લોકો હતા અને ગાંધીજી આવ્યા અને જશે તોય દુનિયા તો આ જ રહેવાની." હું તો તોય ચૂપ રહ્યો. ભગત બોલી ઊઠ્યા : "હા બાપા, આપણે બગડવું હોય તો ભગવાન પણ આપણને શી રીતે સુધારે?"

"લો ભગત." મારા ખીસામાંથી કંઈક કાઢીને આપ્યું. ભગતે ખોબો ધર્યો. મેં કહ્યું : "ભગત, ખોબો તો ઉઘાડો જ રાખજો."

જવાબમાં ભગતે 'હે રામ' કહ્યું. આ અવાજમાં માત્ર આશીર્વાદ નહોતો. એમાં નવી આશા અને ઢળી પડેલી શ્રદ્ધાનો પણ રણકારો હતો.

## ફ્રીમૅસન

અમારી ફ્રીમૅસન લોજની એક સભા હતી. તે રાતે એક નવા થતા સભ્યની દીક્ષાનો ખાસ પ્રસંગ હતો. આ લોજનું પ્રતીક હતું : "સત્ય, સૌન્દર્ય અને સહકાર." તે રાતે દીક્ષાનો સમારંભ પૂરો થયો ત્યારે સત્ય ઉપર, સૌન્દર્ય અને સહકાર ઉપર એમ ત્રણ જુદા જુદા બોધ અપાયા. પછી જમણનો સમારંભ થયો. સામાન્ય રીતે ફ્રીમૅસન થનાર માણસ આપણા સમાજના ઉપલા અને બુદ્ધિમાન વર્ગનો હોય છે. અમુક જાતના નૈતિક અને આધ્યાત્મિક સિદ્ધાંતોના સ્વીકાર પછી જ એ ફ્રીમૅસન થઈ શકે છે. એટલે લોજમાં આવનાર માણસોનો વિકાસ સામાન્ય જનસમાજ કરતાં ઊંચી કોટિનો હોય એ અપેક્ષિત નહીં પણ અનિવાર્ય પરિસ્થિતિ હોય છે; છતાં આવા ફ્રીમસૅન બહારની દુનિયામાં અને જિંદગીમાં કંઈ સિદ્ધાંત પ્રમાણે જ જીવે છે એવું નથી હોતું. પણ તે રાતે જમણ પછી જે પ્રસંગ બન્યો એનાથી હું લેવાઈ ગયો. જમણ પૂરું થવા આવ્યું હોય ત્યારે લોજના મંત્રી એકબંધ નાની પેટી જેને ઉપર રૂપિયો નાંખી શકાય એવું કાણું હોય છે તે ફેરવે છે. દરેક જણ એમાં પોતાની ઇચ્છા પ્રમાણે આઠ આના કે રૂપિયો નાંખે છે અને પછી એ એકત્ર થયેલા પૈસા મંત્રી જાહેર કરે છે. આ પૈસા ગરીબ માણસોને મદદ કરવાના

ફંડમાં જાય છે. તે રાતે એકઠા થયેલા પૈસા જાહેર કરતી વખતે એમણે કહ્યું : "દસ રૂપિયા બાર આના એકઠા થયા છે, તેમાં બે સિક્કા ખોટા આવ્યા છે." લોકોએ તાળીઓ વગાડી અને સમારંભ વિખરાઈ ગયો. મને પહેલાં તો શંકા ગઈ કે ભૂલથી કોઈએ ખોટા સિક્કા નાંખ્યા હશે. પણ મેં મંત્રીને પૂછ્યું ત્યારે ખબર પડી કે ઘણી વખત આવા ખોટા સિક્કા આ પેટીમાં પડે છે. એટલે આ અકસ્માત કે ભૂલ નથી. સભાનપણે, જ્ઞાનપૂર્વક થતી ઠગાઈ કરતાં પણ આ વસ્તુ તો ચઢે એમ છે. આ તો પોતાના આત્માને છેતરવાનું પાપ છે. પણ આ સાપેક્ષતાવાદના જમાનામાં જ્યાં બુદ્ધિની વેશ્યાવૃત્તિ સૂક્ષ્મ અને સમર્થ બળ તરીકે વિહરતી હોય ત્યાં આવાં પાપ તો શું, એનાથી ઘણાંય મોટા પાપને બચાવવા માટે ન્યાયી દલીલ છડેચોક ઊભી છે.

## પ્રધાન

હિંદુસ્તાનના ભાગલાના ભોગે આપણને જે રાજકીય સ્વતંત્રતા મળી તેનો પહેલો ભાગ તો એ સ્વતંત્રતાના ઉપાસક અને આચાર્ય ગાંધીજી જ થયા! આવા આપણા દેશમાં, હમણાં થોડા દિવસ પહેલાં જ એક બનાવ બની ગયો અને વર્તમાનપત્રોમાં એક દિવસ પ્રગટ થઈને ભૂતકાળનો બની ગયો. વંધ્યિ પ્રદેશના ઉદ્યોગ અને પુરવઠા ખાતાના પ્રધાન ઠાકુર શિવકુમારસંહિ પચ્ચીસ હજાર રૂપિયાની લાંચ લેવાને કારણે પોતાના પ્રધાનપદ ઉપરથી દૂર થયા. આ તો અપ્રમાણિકતાના અને અનાવડતના જે અનેક પ્રસંગો બને છે અને પ્રગટ થતા નથી

કે પકડાતા નથી તેમાંનો એક જ પ્રગટ થયેલો અને પકડાયેલો બનાવ છે.

પણ આ બનાવ જોઈને મને જે લાગણી થઈ તે તો એ કે આ દેશ કંઈ એકદમ બગડ્યો નથી. આ બગાડનાં મૂળ જૂનાં અને ઊંડાં છે. જેમ જેમ બુદ્ધિનો વિકાસ થતો ગયો તેમ તેમ આ બગાડનો પણ વિકાસ થતો ગયો. બીજાને છેતરીને ન પકડાવું એ શક્તિ કદર કરવા જેવી છે એટલું જ માનીને આપણે જંપ્યા નથી. સર્વ મૂલ્યો અને મહત્તાની માતા પૈસો છે; અને પૈસો સર્વ કંઈ ખરીદી શકે છે એવી માનવતાહીન માન્યતાને માથે મૂકીને આપણે મહત્તા અને માનવતા ખરીદવા પણ નીકળ્યા છીએ. વ્યક્તિનું અજ્ઞાન માફ કરી શકાય; પણ અજ્ઞાનનું અભિમાન તો વ્યક્તિ અને એની આસપાસના સમાજને ભયંકર નુકસાન કરે છે. સત્યની આવી વિકૃતિ, અહિંસાનો આવો અભિનય અને સેવાની આવી સ્વાર્થી જડ કાઢવા ગાંધીજી મથ્યા પણ કાઢ્યા વિના મર્યા. આપણે એ જડને ઊંડી તો નથી ઘાલતા ને? અધોગતિને આપણે ઉત્ક્રાંતિ તો નથી માનતા ને?

# ‘તુમ્હારે કારન’

સાલ બરાબર યાદ નથી. કદાચ ઈ.સ. 1928 કે 1929 હોય. પણ દિવસતો 21મી ફેબ્રુઆરી હતો. પોંડિચેરીમાં શ્રી માતાજીના જન્મદિવસનો મહોત્સવ હતો. શ્રી અરવંદિ આશ્રમમાં એ સવારથી જ વાતાવરણ શાંત છતાં ઉત્સાહી હતું. બધું જ કામ નિયમિત સમયે થવાનું હતું તે જ રીતે થતું હતું. પરંતુ સાધકોમાં અને એમના કામકાજના પ્રત્યેક પ્રકટીકરણમાં એક રોનક હતી, કંઈક અપેક્ષા હતી, આનંદ હતો.

બરાબર નવ વાગે દર્શન શરૂ થયાં. શ્રી અરવંદિ જ્યાં રહે છે તેને ભોંયતળિયે દર્શકોના ક્રમવાર નામની એક યાદી તૈયાર હતી. તે પ્રમાણે સૌએ એક પછી એક દર્શન કરવા જવાનું હતું. તે વખતે આજની જેમ દર્શન કરનારાઓની સંખ્યા ચાર આંકડાની બની નહોતી એટલે શ્રી અરવંદિ અને માતાજીનાં દર્શન માટે પૂરતો સમય મળતો હતો. મારું નામ તો લગભગ બેતાળીસમું કે પિસ્તાળીસમું આવતું હતું. પરંતુ દર વખતની જેમ હું મારા પુષ્પહાર લઈને સમય કરતાં ઘણો વહેલો આવીને નીચે દાદરને

એક ખૂણે બેઠો હતો. અકળાઈ જવાય એટલાં શાંતિ અને મૌનને ભેદીને તંબૂરનો મીઠો અને અસ્પષ્ટ ઝંકાર આવતો હતો અને એની પાછળ પૂરી સંભળાય નહીં અને સમજાય નહીં છતાં અનુભવી શકાય એવી સુરાવલિ છાયાની જેમ વહી આવતી હતી. હું બેત્રણ વરસથી દર્શન માટેનો નિયમિત યાત્રી હતો. પરંતુ આ અનુભવ નવો હતો. મને ખબર નહોતી કે કોણ ગાય છે. મારું ધ્યાન તો શ્રી અરવંદિ અને માતાજીની તેજસ્વી અને આત્મસ્થ મુખમુદ્રામાં કેન્દ્રિત થતું હતું. ક્યારેક એમનાં ચરણોને એ નમી પડતું અને ક્યારેક શ્રી અરવંદિના ઊંડા, ગંભીર અને કરુણાભર્યાં નેત્રોની આસપાસ ફરતું હતું. નવાઈ તો એ હતી કે આ સંગીત ધ્યાનમાં અડચણરૂપ થવાને બદલે ઊલટું એને સમાધિસ્થ કરવામાં સહાય કરતું હતું.

અને મેં જોયું. હું હિમાલયની તળેટીમાં આવેલા બૌદ્ધોના એક મઠની અગાસીમાં ઊભો છું. પ્રભાત ઊઘડી રહ્યું છે. સવારના અસ્પષ્ટ અજવાળામાં કાંચનજંઘા બરફનો અંચળો ઓઢીને સૂતી છે. એટલામાં ઉષા ઊગી, અને હિમશિખરોની પાછળથી એક અગનગોળો ઊંચે ચઢતો દેખાયો. કાંચનજંઘાને જગાડતો હોય તેમ એક કિન્નર સામેની ટેકરી ઉપરથી પોતાની વીણા ઉપર ઊગતા પહોરના રાગ આલાપી રહ્યો છે. ઊંચે ચઢતા સૂર્યના ગોળાની પીળાશ ઓછી થતી ગઈ અને લાલ સોનેરી રંગ વધારે ઘેરો અને ઉગ્ર થતો ગયો. અને અકસ્માત્ એણે કિરણાવલિનો વિસ્તાર કર્યો. સૂતેલી કાંચનજંઘા ઉપર કિરણોએ પછડાઈ પછડાઈને નવા નવા જીવનરંગો ધારણ કરવા માંડ્યા. રંગોની

આ ઉજાણીને માણીને હું અવાક બની ગયો. વાણીને મૂક બનાવી દેવી એ જ તો સૌન્દર્યનો વિજય નહીં હોય? અને સૂર્યતેજના સ્પર્શે જળમાં જેમ બિડાયેલું કમળ ખીલે તેમ કાંચનજંઘા આળસ મરડીને બેઠી થઈ. રવિના તેજે સમસ્ત ગિરિમાળા પ્રકાશિત થઈ ગઈ. પ્રકાશ જેમ જેમ ઉગ્ર થતો ગયો તેમ તેમ બરફ ઓગળતો ગયો અને શિખરો સ્પષ્ટ થતાં ગયાં. પ્રકાશની આ રંગરમત નીરખતાં નીરખતાં બપોર નમી પડ્યા અને સંધ્યા આવી.

સવાર કરતાં સંધ્યાનો પ્રકાશ વળી જુદા જ પ્રકારનો હતો. પ્રભાતે તો તેજનું ઉદ્ભવસ્થાન રવિદેવ પોતે દૃષ્ટિ સમીપ વિરાજમાન હતા. સંધ્યા સમયે સૂરજ દેખાતો નહોતો, માત્ર પ્રકાશ વરતાતો હતો. અને અસ્ત થતા સૂર્યે પોતાના ઉદય વખતે જે રંગછટા બતાવી હતી તેના કરતાં તદ્દન જુદી જ કળાલીલા અત્યારે દેખાડી. ઉદયના રંગોની તાજગી એમાં નહોતી. એમાં અસ્તનું કારુણ્ય હતું. પણ આ પ્રકાશમાં કાંચનજંઘામાંથી ઊપસતી એક આકૃતિએ મને દિગ્મૂઢ બનાવી દીધો. ધૂર્જટિ ધ્યાનસ્થ બેઠા છે અને એમના ખોળામાં ડાબે પડખે પાર્વતી વિરાજમાન છે. પેલો ગાયક કિન્નર દોડ્યો અને પોતાની વીણા એમને ચરણે મૂકીને સાષ્ટાંગ દંડવત્ કરી રહ્યો.

‘ભાઈ તમારો વારો આવ્યો’ કહીને મને એક સાધકે સાવધાન કર્યો. ઉતાવળે મારાં પુષ્પો સંભાળીને હું ઉપર ગયો. સમાધિ કે સપનામાં જોયેલી આકૃતિ આ જ કે એવો આભાસ થયો. અને મારું માથું શ્રી અરવંદિને ચરણે ઢળી પડ્યું. બંધ આંખો આગળ પાછી પેલી શિવપાર્વતીની આકૃતિ ઊપસી આવી. આંખો

ખોલીને જોયું તો એ આભાસનો જ આ અનુભવ હતો. બહારના મોટા ઓરડામાં શ્રી દિલીપકુમાર રોય પોતાના તંબૂરને ખોળામાં લઈને બંધ નેત્રે ગાતા હતા :

તુમ્હારે કારન સબ કુછ છડિયા
અબ મોહે ક્યોં તરસાવો?

# મંગલસૂત્ર

પિતાજીના કારમા મૃત્યુ પછી બાની ઉદાસીનો પાર નહોતો. એના મુખ પર સ્મિત આવતું તે પણ વિષાદથી છવાયેલું. એના કામમાં, એના વર્તનમાં, અરે અમારા તરફના એના વાત્સલ્યમાં પણ ઉદાસીનો આધાર હતો. મને બાનું ગળું બહુ ગમતું. એક તો આમ પણ બા બહુ દેખાવડી અને નમણી હતી. એના હૃદયની નિર્મળતાનું લાવણ્ય એના ચહેરા ઉપર એવું વિલસતું કે આપણે જોયાં જ કરીએ. પણ એ સર્વમાં એની ડોક મને અપાર વહાલી લાગતી, અને એ ગરદનને વળગીને વહાલ કરતાં હું કદી ધરાતો નહીં. નિશાળમાં કંઈક ગુનો થયો હોય, કોઈ છોકરા સાથે તકરાર થઈ હોય, બાપુજીએ આંખ દેખાડી હોય કે બાનું વહાલ જોઈતું હોય ત્યારે હંમેશાં હું એની ડોકે બાઝી પડતો. મંગલસૂત્રથી શોભતા એ ગળાને બચ્ચીઓ ભરતાં હું કદી જ થાકતો નહીં અને એના બદલામાં હું ધરાઈને એનું વાત્સલ્ય પીતો. બાપુજીના ગયા પછી બાનો ઉદાસ ચહેરો મંગલસૂત્ર વિનાના સૂના ગળાથી બહુ જ એકલો લાગતો. બા પણ છત્ર વિનાની અનાથ લાગતી. મારી

દૃષ્ટિ જ્યારે જ્યારે બાના ચહેરા પર પડતી ત્યારે આપમેળે એની એકલ ડોક પર ઊતરીને ડૂસકું ભરી લેતી. આ દુ:ખ ખમનાર હું એકલો નહોતો. મારાં પાર્વતીફોઈ પણ હતાં. ફોઈ પોતે બહુ રૂપાળાં હતાં. પણ બાના સ્વરૂપનાં એ મોટાં ચાહક હતાં. મને બરાબર યાદ છે. એક દિવસ ફોઈ, બા અને હું એમ ત્રણ જણાં બેઠાં હતાં. પિતાજીનાં સ્મરણોની ઉજાણી ચાલતી હતી. ત્યાં અચાનક ફોઈની આંખ બાના ગળા પર જઈને બેઠી. એમનાથી રહેવાયું નહીં, બોલ્યાં: 'ભાભી, ગળામાં તુલસીની માળા તો રાખ જ. આ સૂની ડોક મારાથી જોવાતી નથી.' અને સ્વાભાવિક રીતે જ એમનો હાથ બાના ગળાને અડકી પડ્યો. બાએ માથે એવી રીતે ઓઢ્યું કે ડોકની ચારુતા સંતાઈ ગઈ. બા કશું બોલી નહિ. બા ગમતી. બાનું સ્વરૂપ ગમતું. બાની આંખોમાં આંખો પરોવતાં હું થાકતો નહિ. પરંતુ બાની ડોકને બાથ ભરીને બચ્ચી ભરવી એ મારા જીવનનું પરમ ઐશ્વર્ય હતું. છતાં એ એકલવાઈ ડોક જ મને રડાવી મૂકતી અને બાના ગયેલા સૌભાગ્યની યાદ આપીને પિતાજીનાં સ્મરણોની યાત્રા કરાવતી.

ધનતેરસે અમારે ત્યાં ધનની પૂજા થતી. પિતાજી જીવતા ત્યારે પણ બા મારી પાસે જ પૂજા કરાવતી. બાપુજીના ગયા પછી પણ એમ જ થતું પણ બાપુજીના ગયા પછી ધનતેરસની એ પૂજામાં એક ફેરફાર છાનો ન રહ્યો. હું પૂજા કરી રહું ત્યાર પછી એક નાનીશી રેશમી પોટલીમાંથી પોતાનું મંગલસૂત્ર કાઢીને બા દૂધથી અને પછી પાણીથી ધોઈ એની પૂજા કરતી અને પાછી એ પોટલીમાં સંભાળથી એને મૂકીને એક ચાંદીની ડબ્બીમાં મૂકી દેતી.

આવી ધનતેરસ દરેક વરસે આવતી અને ચાલી જતી. ધીરે ધીરે પેલું મંગલસૂત્ર મારે મન બા જેટલું જ વહાલું થઈ ગયું.

ઈ.સ. 1929માં હું પોંડિચેરીથી પાછો આવ્યો ત્યારે મારું મોટું સુખ બાનો હસતો ચહેરો હતો. હું ગયો ત્યારે એને જે ઓછું આવ્યું હતું તે હું પાછો આવ્યો ત્યારે હસીને એણે ઓગાળી નાંખ્યું. અહીં સૌ સુખી હતાં. આવીને મેં 'નવગુજરાત' સાપ્તાહિકમાં સહતંત્રીનું કામ સ્વીકાર્યું. બાને બહુ જ આનંદ થયો. એ કામને કારણે મારે સવારે, બપોરે અને સાંજે એમ ગમે ત્યારે ગમે તેટલું રખડવું પડતું. એક વખત ઉનાળો હતો. વૈશાખનો મહિનો. ગરમી તો કહે મારું કામ. લૂ એવી વાય કે માથું ફાટી જાય. એવા સળગતા બપોરે બે વાગે ભૂખ્યોતરસ્યો હું ઘેર પહોંચ્યો. બા પણ બિચારી ભૂખીતરસી મારી વાટ જોઈને ચિંતા કરતી બેઠી હતી. હું આવ્યો ત્યારે એનો ચહેરો કરમાઈ ગયો હતો. અમે જમ્યાં. જમીને હું જરા જંપ્યો. ઊઠ્યો ત્યારે મારું આખું શરીર તાવથી ધીખતું હતું. બા તો ગભરાઈ ઊઠી. ઘરના બધા ઇલાજો એણે કર્યા. પણ તાવે મચક ના આપી. આખરે દાક્તરને બોલાવવા પડ્યા. દાક્તરની સલાહથી મને ઇસ્પિતાલમાં ખસેડ્યો અને આખરે ઈશ્વરની કૃપાથી અને બાની આશિષથી બે મહિને હું સારો થઈ ગયો.

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં. પૂજામાં માત્ર પાંચ રૂપિયા હતા. એક પણ ઘરેણું નહોતું. મને અચંબો લાગ્યો. ધનની પૂજા પછી બાએ નિત્યનિયમ પ્રમાણે પોતાના મંગલસૂત્રની પણ પૂજા કરી. પછી મેં બાને પૂછ્યું ત્યારે ખબર પડી કે મારા

પોંડિચેરીના લાંબા નિવાસ દરમિયાન બાએ ઘેરણાં વેચીને ઘર ચલાવ્યું હતું. તે દિવસે હું બાની એ એકલવાઈ ડોકે બાઝીને ખૂબ રડ્યો.

શિયાળો ગયો ને ઉનાળો આવ્યો. મારી બહુ ઇચ્છા હતી કે હું એક સાઇકલ લઉં. પણ એટલી બચત ક્યાંથી કાઢવી? એક રાતે બેસીને અમે સૌ વાતો કરતાં હતાં. ત્યાં મારાથી સાઇકલની વાત નીકળી ગઈ. સાઇકલ વિના કેટલી મુસીબત પડે છે એ સાંભળીને બાનું હૈયું ભરાઈ આવ્યું. બીજે દિવસે બપોરે મને પાછું મોડું થયું. બા બિચારી દર વખતની જેમ ભૂખીતરસી મારી રાહ જોઈને બેઠી હતી. મને જમાડ્યા પછી પણ એની એક જ ચિંતા હતી કે હું માંદો ન પડું. બપોરે જમીને હું કામ પર જવા નીકળ્યો ત્યારે બાએ પૂછ્યું: ‘બેટા, સાઇકલ હોય તો તને મહેનત ઓછી પડે, નહિ?’ મેં જતાં જતાં હસીને કહ્યું: ‘બા, એ તો કબીરજી કહી ગયા છે.’ જ્યારે જ્યારે મારે બાને હસાવવી હોય ત્યારે હું ઉપરનું વાક્ય વાપરતો.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે ઓટલા ઉપર એક નવી સાઇકલ પડેલી. મને એમ કે કોઈ મળવા આવ્યું છે. મારો અવાજ સાંભળીને બા બહાર દોડી આવી. એના મુખ પર અવર્ણનીય આનંદ હતો. ઘણાં વરસ પછી મેં એનો આવો પ્રફુલ્લિત ચહેરો જોયો. એણે કહ્યું: ‘કિશન, તારી સાઇકલ આવી ગઈ.’ આનંદ અને આશ્ચર્યની મિશ્ર લાગણીથી દબાઈ ગયેલો હું પૂછવા જાઉં તે પહેલાં તો હાસ્યનું ઇનામ આપીને બા બોલી ઊઠી: ‘હું લઈ આવી. ગોપાળદાસ કાકાને ત્યાંથી, ગમીને?’ એમણે કહ્યું:

'હમણાં છોકરાઓ આ ગાડી બહુ શોખથી વાપરે છે. સારી છે ને?' મે કહ્યું: 'પણ બા, હમણાં મારે નહોતી જોઈતી.' અને હું આગળ બોલવા જાઉં તે પહેલાં તો એ બોલી ઊઠી: 'ફેરવી જો તો. હું જોઉં તો ખરી કે તને કેવીક ચલાવતાં આવડે છે.' અને મેં એ નવી સાઇકલ પર ચક્કર માર્યું ત્યારે અમે બંને ખુશખુશ થઈ ગયાં.

ત્યાર પછીની ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં હતાં. બાએ મારી પાસે પાંચ રૂપિયાની પૂજા કરાવી અને પૂજા પૂરી થઈ. બાએ મંગલસૂત્રની પૂજા ન કરી એટલે પૂછ્યું, 'બા, તમારી પૂજા કેમ નથી કરતાં?' બાએ હસીને કહ્યું: 'હવે જરૂર નથી. તું સાઇકલ પર બેસીશ અને હું તને જોઈશ એ જ મારી પૂજા છે.' મારા અંતરમાં ફાળ પડી. મેં કહ્યું: 'બા તમે મંગલસૂત્ર વેચીને આ સાઇકલ લઈ આવ્યાં?' અને મારા ઊતરેલા મુખને બાએ પોતાની ડોક પર ઢાળી દીધું. મારાથી ના તો બાથ ભરાઈ, ના તો બચ્ચી કરી શકાઈ.

બીજે દિવસે હું એક મિત્ર પાસેથી એકસોદસ રૂપિયા લઈને ગોપાળકાકાને ઘેર ગયો. કાકા તો ઘરે નહોતા પણ ગુલાબકાકી હતાં. એ બહાર આવ્યાં ને મેં એમની ડોકમાં બાનું મંગલસૂત્ર જોયું. રૂપિયા મારા ગજવામાં જ રહી ગયા. કાકાની ખબર પૂછીને હું ચાલી નીકળ્યો. પાછા આવીને મેં બાને કહ્યું: 'ગુલાબકાકીના ગળામાં તમારું મંગલસૂત્ર જોઈને મારાથી એક શબ્દ પણ બોલાયો નહીં.' બાએ હસીને કહ્યું: 'બેટા, એમનું સૌભાગ્ય અખંડ રહો.' બાનું એ મુખ આજેય જ્યારે જ્યારે હું મારી સાઇકલને અડકું છું ત્યારે મારી આંખો આગળ આવે છે અને અંતરને અડકે છે.

સાઇકલો તો મારી ઘણી બદલાઈ છે પણ બાનો એ ચહેરો નથી બદલાયો.

# સ્વપ્ન?

અગિયારબાર વર્ષની ઉંમર હશે. સાંજે નિશાળેથી આવ્યો ત્યારે બાએ વાત કરી કે આજે નાટક જોવા જવાનું છે. આ ખુશખબર સાંભળીને નિશાળનો થાક ઊતરી ગયો. અંતર પુલકિત થઈ ગયું. અખાડામાંથી આઠ વાગે ઘેર આવી જવાની બાએ આજ્ઞા કરી. તે સાંજે અખાડાના કામમાં પણ અસાધારણ ઉત્સાહ રહ્યો. દંડબેઠકથી માંડીને કુસ્તી સુધીની બધી જ કસરત ઝડપથી અને સંભાળપૂર્વક પૂરી કરી. અખાડામાં કસરત ઉપર નજર રાખનાર નિરીક્ષક બંધુઓ પણ ખુશ થયા. રાત્રે જમીને અમે સૌ શ્રી વાંકાનેર નૃસંહિ નૌતમ નાટક સમાજનું નાટક 'યોગકન્યા' જોવા ગયા. તે વખતે માત્ર સુધારક સ્ત્રીપુરુષો જ સાથે બેસતાં હતાં. એટલે બા અને બીજો સ્ત્રીવર્ગ ખાસ સ્ત્રીઓની બેઠકમાં ઉપર હતાં અને અમે સૌ નીચે બેઠા હતા. હું મારા જીવનમાં પહેલી વાર નાટક જોતો હતો. વાસ્તવિક જીવન અને નાટક વચ્ચે ભેદ છે અને એ બે એક નથી એવું પણ એ વખતે જ્ઞાન નહોતું. એટલે પાછળથી જે યોગકન્યા બની તે રાજકુમારી

કાન્તાને સૂતેલી જ ઉપાડી જનાર મલયકેતુ તરફ મેં ધિક્કારનો વરસાદ વરસાવ્યો હતો. પછી એ જ રાજકુમારીને છોડાવવા માટે એના પ્રિયતમ કિશોરસંહિ અને એને ઉપાડી લાવનાર દુષ્ટ મલયકેતુ વચ્ચે યુદ્ધ થયું ત્યારે મારું ગભરુ અંતઃકરણ પળે પળે કિશોરસંહિનો વિજય વાંછતું હતું. અને જ્યારે છેવટે રાજકુમારી કાન્તા પોતે પણ એક સૈનિકની તલવાર ઝૂંટવીને મલયકેતુની સામે પોતાના પ્રિયતમ સાથે ઝૂઝી ત્યારે મારા માનસમાં આ રાજકુમારીની ગૌરવમૂર્તિ રોપાઈ ગઈ. મારા હૃદયે જેનો વિજય વાંછ્યો હતો તે રાજકુમાર કિશોરસંહિનો જ વિજય થયો અને મલતકેતુ મરણ પામ્યો.

પછી તો કિશોરસંહિ અને કાન્તા પરણ્યાં. રાજકુમારી કાન્તા પોતાના સૂવાના ઓરડામાં હીંચકે બેસીને પોતાના પતિની વાટ જુએ છે. એક સખી ધીરે ધીરે રાજકુમારીને હીંચકો નાંખે છે. હીંચકો નાંખતી નાંખતી એ એક મધુરું ગીત ગાય છે. પાછળથી રાજકુમાર પ્રવેશ કરે છે. સખી રાજકુમારને જોતાં જ હીંચકો છોડીને અદૃશ્ય થઈ જાય છે. પતિ ચૂપકીથી પોતાની પ્રિયતમાને ફૂલના હારથી બંદીવાન બનાવીને ચમકાવી દે છે. રાજકુમારી પહેલાં ભયભીત થાય છે અને પછી પ્રેમની જાગૃતિથી રોમાંચિત બને છે. શરીરે વંટિળાયેલો હાર રાજકુમાર કાન્તાને ગળે પહેરાવીને એની સાથે જ હીંચકે બેસે છે. થોડી પ્રેમવાર્તા થાય છે. પછી રાજકુમારી એક સ્નેહગીત ગાય છે.

આ દૃશ્ય જોતાં જોતાં મારું સમગ્ર અસ્તિત્વ હીંચકાના આ કાવ્યસ્વપ્નથી ભરાઈ ગયું. ત્યારબાદ આખું 'યોગકન્યા'નું નાટક

જોયું, પણ મારા મનની આંખો આગળથી પેલો હીંચકો અને એ પ્રેમીયુગલ દૂર થયાં જ નહીં.

પછી તો જીવન વહેતું ગયું, સમજણ વિકાસ પામતી ગઈ. દૃષ્ટિ વિશદ થતી ગઈ અને સપનાં આવતાં ગયાં. પરંતુ એ સૌમાંથી હીંચકાનું કાવ્યસ્વપ્ન સર્વોપરી બની જીવનમાં ચક્રવર્તી રાજ કરી રહ્યું. સુગંધિત અને વીરશ્રીથી શોભતું યૌવન પાંગરવું જોઈએ એવી આકાંક્ષા જન્મી. ગમે તેવો ભયાનક જીવનસંગ્રામ ખેલીને પણ મનમાનતી પ્રિયતમા તો મેળવવી જ એવી મહત્ત્વાકાંક્ષા જાગી. અને એ લાવણ્યમયી ચારુશીલા પ્રિયતમા સાથે કોઈ છટકેલી ચાંદની રાતે હીંચકે બેસીને એને પ્રીતિબાથથી બંદીવાન કરીને પ્રેમઐક્યનો સાક્ષાત્કાર કરવો એવી અભીપ્સા જન્મ્યા વિના ના રહી.

માનવીનાં બધાં જ સપનાં કંઈ ઓછાં પૂર્ણ થાય છે! પરંતુ આ સપનું સર્વદા જીવનની સાથે રહ્યું, સરી ના પડ્યું. યૌવન આવ્યું, પાંગર્યું, નવપલ્લવિત થયું. જીવનસંગ્રામ ખેલાયો. સંઘર્ષનો સામનો થયો. પરંતુ હીંચકાનું કાવ્યસ્વપ્ન સપનું જ રહ્યું. યૌવન અને કલ્પના બે ગાઢ મિત્રો છે. કોઈ કાવ્ય વાંચતાં એમાં હીંચકાની વાત આવે કે મારું સપનું સળવળે. કોઈ સંગીતની મહેફિલ વખતે હીંચકાનું ગીત ઊછળે ને મારું સપનું બેઠું થાય. અધરાતે મધરાતે કાને કોઈ હીંચકાનો કચૂડકચૂડ અવાજ સંભળાય ને મારા સપનાનાં નયન ઊઘડે. આખરે હીંચકો અસ્તિત્વમાં કેન્દ્ર બનીને જીવનની પ્રેરણા અને પરાક્રમનો સાક્ષી બની રહ્યો. જિંદગીનો ઘણો ભાગ પછી હીંચકા ઉપર જ વીત્યો પણ એ હકીકત રૂપે.

એકલા જ. સ્વપ્નની પૂર્ણતા રૂપે–પ્રિયતમાની સાથે નહીં. ધીરે ધીરે હીંચકો મિત્ર બની ગયો. ભીની સવારે, ગમગીન સમીસાંજે કે સમસમતી સૂની રાતે મારા અંતરે એની સાથે ગુફ્તેગો કરવા માંડી.

વસિષ્ઠ-અરુન્ધતી પણ કોઈ પીપળાની ડાળે હીંચકો બાંધીને ઝૂલ્યાં હશે. હીંચકા પર ઉછેરાયલા એ પ્રેમઐક્યને કારણે જ તો આજે નવપરિણીત યુગલો પોતાના નવજીવનના પ્રારંભે આકાશમાં એમનાં દર્શન કરીને આશીર્વાદ માગે છે ને! રામચંદ્રજી સીતાજીની સાથે પંચવટીમાં જ્યારે ચૌદ વરસનો વનવાસ ભોગવતા હતા ત્યારે પંચવટીના આંગણામાં કોઈ શિરીષના વૃક્ષની ડાળીએ બાંધેલા હીંચકા ઉપર જ એમણે જાનકી સાથે દાંપત્યનું સુભગ સખ્ય માણ્યું હશે. લક્ષ્મણે પણ રામચંદ્ર સાથે વનમાં જતાં પહેલાં ઊર્મિલાને અંતિમ સ્નેહથી હીંચકા ઉપર જ નવાજી હશે. લક્ષ્ણની સાથે યુદ્ધમાં જતી વખતે ઇન્દ્રજિતને વિદાય આપતાં પહેલાં સુલોચનાએ હીંચકા ઉપર બેસીને જ પોતાના હૃદય ઉપર મેઘનાદનું માથું મૂકીને પ્રેમ કર્યો હશે. ઉષાને અનિરુદ્ધ લેવા આવ્યો ત્યારે એ હીંચકા પર બેસીને જ એની વાટ નીરખતી હશે. રાધાકૃષ્ણે વૃંદાવનની કુસુમકુંજોમાં હીંચકે ઝૂલીને કેવી અપૂર્વ રસકેલિ કરી હશે! દુષ્યન્ત કણ્વનો આશ્રમ છોડીને નીકળ્યો ત્યારે શકુન્તલાની સાથે એનું છેલ્લું મિલન કોઈ બકુલ વૃક્ષની ડાળીએ બાંધેલા હીંચકા ઉપર જ થયું હોવું જોઈએ!

આમ હીંચકે બેસીને, હીંચકાનું કાવ્યસ્વપ્ન સંભારી સંભારીને એકલતાને આરે અંતરે ચાલવા માંડ્યું.

વસંત ઋતુની બહાર હતી. પાનખરમાં ખરી પડેલું પ્રકૃતિનું જીવન પલ્લવિત થતું હતું. વૃક્ષો અને વેલીઓ નવા જીવનની લહેરથી ઝૂલતાં હતાં. દક્ષિણમાંથી આહ્લાદક પવન તાઝગી અને સ્ફૂતિર્ લુંટાવતો વિસ્તરી રહ્યો હતો. માઘનો એ શુક્લપક્ષ હતો. આઠમનોમનો ચંદ્ર પૂણિર્માની પૂર્ણતા ભણી પ્રવાસ કરી રહ્યો હતો. રાતનો પ્રથમ પ્રહર પૂરો થવા આવ્યો હતો. કોકિલા બોલતી સંભળાતી હતી. હું હીંચકા પર સૂતો સૂતો સામે ગુલમહોરના વૃક્ષ પર પથરાયેલી ચાંદનીને જોતો હતો. પોતાની સાથે જ વાતો કરવાની ટેવ પડી હતી, એ ગુફ્તેગો ચાલતી હતી ત્યાં મારી સામે વર્ષો પહેલાં જોયેલું હીંચકાનું દશ્ય ઊપસી આવ્યું. પણ હીંચકા ઉપર રાજકુમાર અને રાજકુમારીને બદલે હું એકલો જ બેઠો હતો. સામેથી કોઈ સુંદરી આવી રહી હતી. મારી સામે આવીને ઊભી રહી. એનું આખું સ્વરૂપ સ્પષ્ટ હતું. મને ઓળખાણ પડી. એણે મારી પાસે બેસીને કહ્યું : હું જ તમારી જનમજનમની સખી. ધીરે રહીને એનો અવાજ ઓળખાયો. પછી તો આંખોમાં એ ઓળખાણ ઊંડી ઊતરી. અને હું એને સ્નેહનો સ્પર્શ કરવા જાઉં ત્યાં જ એ તો ઊઠીને અળગી થઈ. જતાં જતાં બોલી : હમણાં જાઉં છું. જાગૃતિમાં મળીશ.

...એ સ્વપ્ન હતું?

# અહંકારનો સ્વભાવ

## અખાડાની યાદ

હું બારતેર વર્ષનો હતો. પુરાણીભાઈઓએ શરૂ કરેલી વ્યાયામની પ્રવૃત્તિ ત્યારે પુરબહારમાં હતી. ભરૂચ, વડોદરા, નડિયાદ અને અમદાવાદના મુખ્ય અખાડાઓ એ વખતે માત્ર વ્યાયામ માટેનાં સ્થળો નહોતાં, જીવનઘડતરનાં પ્રયોગમંદિરો પણ હતાં. સ્વ. સયાજીરાવ ગાયકવાડના એ વડોદરામાં એ સમયમાં કસરત માટેનાં બીજાં પ્રખ્યાત સ્થાનો હતાં. એમાંથી માણેકરાવજીની જુમ્માદાદા વ્યાયામશાળા અને નારાયણગુરુની તાલીમ તો હજી ચાલે છે. પણ એ વખતે એની રોનક જુદી હતી. આ ઉપરાંત દુર્ગા પહેલવાન અને વજ્રમુષ્ટિના અખાડા પણ મશહૂર હતા. પણ એ બધી જગ્યાએ શરીરને કસવાનો એકમાત્ર હેતુ હતો. જ્યારે પુરાણીના અખાડામાં શરીર તો ઘડાતું, પણ સાથે સાથે મનનો વિકાસ, પ્રાણની શુદ્ધિ અને આત્માની સંસ્કારિતાના ઉછેર ઉપર પૂરતું ધ્યાન અપાતું. એટલે આજે

બત્રીસપાંત્રીસ વર્ષે પણ જ્યારે હું એ અખાડાની યાદ કરું છું ત્યારે એમ લાગે છે કે એની માટીથી બંધાયેલું ચારિત્ર્ય એ સમસ્ત જીવનની બુનિયાદ બની રહી છે. માતૃભૂમિની કે માનવતાની સેવા કરવાની જ્યારે તક મળી છે ત્યારે આ જ ચારિત્ર્યશીલતાએ પોતાનું ઓજસ્ પૂરીને એ પ્રસંગોને સફળ બનાવ્યા છે; અને જ્યારે પામરતા કે નિર્બળતાને કારણે મન મૂંઝાયું છે, પ્રાણ થરથર્યો છે અને અંતરાત્મા ગમગીન બન્યો છે ત્યારે એ જ માટીમાંથી મળેલા શીલના સામર્થ્યે આઘાત કે અધોગતિ અટકાવ્યાં છે, સાચી વીરતાનું મૂલ્ય દેખાડ્યું છે, ધીર વિનમ્રતાનું લક્ષણ રોપ્યું છે અને એ જ શીલના રસાયનથી અભિમાન ઇતરાયું નથી.

સ્મૃતિની પોટલી છોડીને જોઉં છું ત્યારે સ્મરણની એક રેશમી ચીંદરડી જોઈને અંતઃકરણ પ્રસન્ન થઈ જાય છે. એ દિવસે બુધવાર હતો. દંડબેઠક, મગદળ અને લાઠીલકડી પૂરાં કરીને હું કુસ્તી માટે આવીને બેઠો હતો. તે સાંજે વડીલબંધુ અંબુભાઈ પુરાણી કુસ્તી કરાવતા હતા. મારી સાથે એક રમણલાલ નામનો છોકરો પણ કુસ્તી કરવા માટે બેઠો હતો. મને એ છોકરા ભણી કંઈક અભાવ હતો. એક તો એનો પરસેવો ખૂબ ગંધાતો હતો એટલે એની જોડે કુસ્તી કરવાનું હું હમેશાં ટાળતો. મારી આ વૃત્તિ ચકોર અંબુભાઈ કળી ગયેલા. એટલે તેઓ જે દિવસે કુસ્તી કરાવવાના હોય તે દિવસે હું કુસ્તીમાં જાણીજોઈને મોડું કરતો જેથી રમણલાલની કુસ્તી પતી જાય અથવા સંભવિત હોય તો કુસ્તી જ ટાળતો. પણ તે સાંજે કંઈક એવો જ મેળ બેઠો કે હું અને

રમણલાલ સાથે જ બીજી કસરતો પરવારી ગયા અને કુસ્તી માટે આવીને બેઠા. મારા અંતરમાં ધડક ધડક થાય. મનમાં ને મનમાં હનુમાનજીને પ્રાર્થના કરું કે આ રમણલાલ જોડે કુસ્તી કરવાનું ના આવે. પણ આખરે અંબુભાઈએ જાણીજોઈને મને એ રમણલાલ સાથે જ કુસ્તીમાં ઉતાર્યો. ખૂબ ચીઢ ચઢી. અભિમાન ઘવાયું એટલે કુસ્તીમાં હતી એટલી તાકાત એકઠી કરીને રમણલાલને પાંચપાંચ વખત હરાવ્યો. એમાં છેલ્લી બે કુસ્તીમાં તો એને એવો રગદોળ્યો, એવો પછાડ્યો – પીટ્યો કે ભવિષ્યમાં મારી સાથે કુસ્તીમાં ઊતરવાની ખો ભૂલી જાય. અંબુભાઈની ચકોર આંખે એની નોંધ કરી.

થોડી વારમાં કુસ્તી પૂરી થઈ ગઈ. બુધવારી શરૂ થઈ. બુધવારીમાં પહેલો એક મજબૂત મોટો છોકરો ઊતરે અને ઘૂંટણીએ પડે. એની કમ્મર પકડીને બીજો છોકરો એના ગળા અને બરડામાં હાથની જોરથી ફેંટ લગાવ્યા કરે. આ માર ન સહન થાય તો આગલા પકડાયલા છોકરાએ તાકાત કરીને પેલા મારનારના બંધમાંથી છૂટી જવું જોઈએ. બુધવારીમાં આવી રીતે ત્રીસચાલીસની હાર લંબાય. મારી આગળ મને એક મજબૂત છોકરો અંબુભાઈએ આપ્યો. જો એ ધારે તો પળવારમાં મારા હાથમાંથી છૂટી જાય. પણ અંબુભાઈ આજ્ઞા ન કરે ત્યાં સુધી એ પહેલા છોકરાથી છુટાય નહીં. મારી કમ્મર પકડનાર રમણલાલ હતો. હું પેલા આગલા કસાયેલા છોકરાને મારું એનો તો એને હિસાબ જ નહોતો. પણ પાછળથી રમણલાલ મને આઘળ કરેલી કુસ્તીનું જાણે વેર વાળવા જોરથી ફટકારે જતો હતો. મને એટલો

માર પડ્યો કે મારી આંખોમાંથી લગભગ આંસુ નીકળવાની તૈયારી હતી. મારી ભીની આંખમાં પોતાની દૃષ્ટિ પળવાર પરોવીને અંબુભાઈએ આગલા છોકરાને છૂટવાની આજ્ઞા કરી. અને બીજી જ પળે હું તાકાત કરીને રમણલાલના બંધમાંથી છૂટો થયો. મારું ગળું લાલ લાલ થઈ ગયું હતું. બરડામાં પણ સખત માર પડ્યો હતો.

અંતરમાં ઘડભાંજ ચાલતી હતી. ઘણા ગમતા અંબુભાઈ તરફ એક તરફથી અણગમો ઊપજતો હતો, રમણલાલ તરફ ભયંકર વેરવૃત્તિ ઊછળતી હતી પણ બીજી બાજુએ, અભિમાનને પેલે કિનારેથી કોઈ સાદ કરતું હતું કે બીજા તરફ અભાવ, અદેખાઈ કે અભિમાનથી જોવું એ પામરતાની નિશાની છે, ઉદારતાનું ચિહ્ન નથી. પામરતાને ઓળખવાનો એ પહેલો પ્રસંગ સજીવન બનીને ઘણી વખત ત્યારબાદ આવતી અલ્પતાની સામે દીવાલ બનીને ઊભો છે.

## ભજનની રાતે

અમારા ફળિયામાં રણછોડ ભગતને ત્યાં એ રાતે ભજન હતાં. રણછોડકાકા દરેક ગુરુપૂર્ણિમાએ આ ભજન કરાવતા. અને એ પ્રસંગ તેઓ ભારે ધામધૂમથી ઊજવતા. નિરાંત ગુરુદ્વારાના મહંત મગનદાસજી મહારાજ એમના ગુરુ હતા. આ ભજનપ્રસંગે તેઓ ખાસ પધારતા અને એ સમારંભની ગાદીએ વિરાજીને પ્રસંગને શોભા અને ગૌરવ બન્ને આપતા. આ મગનદાસ મહારાજ મારા પિતાશ્રીના ગુરુબંધુ હતા. એટલે મારા

તરફ એમની પહેલેથી જ માયામમતા ઘણી હતી. મારી ઢોલક બજાવવાની આવડત પર એમની પ્રેમદૃષ્ટિ હતી. પિતાશ્રી જીવતા ત્યારે ઘણી વખત હું એ નિરાંત મંદિરમાં એમની સાથે જઈને સાંજે થતા ભજનમાં ઢોલક બજાવતો. પણ પિતાશ્રીના મૃત્યુ પછી હું જરા મોટો થયો અને થોડો સુધરેલો બન્યો. જાહેરસભાઓમાં ભાષણો કરવાની તક મળવાથી મારી જાતને મેં જરા ઊંચી ગણવા માંડી હતી. નેતા છું એવો અહંકાર પણ ઉપજાવતાં શી વાર? એટલે પાંચેક વર્ષથી મેં રણછોડકાકાને ત્યાં થતા ભજનસમારંભમાં જવાનું છોડી દીધું હતું. મારી 'પ્રતિષ્ઠા'ને એમાં ભાગ લેવાની નાનમ લાગતી હતી. ઘણા વખતથી હું મગનદાસજી મહારાજને મળ્યો પણ નહોતો. ગુરુદ્વારે જવાની પ્રાચીનતા મારા આધુનિકતા તરફ ઢળતા મનને રુચતી નહોતી. બાળપણની નિર્દોષ શ્રદ્ધા, યૌવનમાં સુધરેલી બુદ્ધિએ રચેલી નાસ્તિકતાની જાળમાં ફસાઈ ચૂકી હતી. મારા જીવનની આ વાત હું જાણતો નહોતો પણ મારાં બા જાણતાં હતાં.

એ ગુરુપૂર્ણિમાની રાતે રણછોડકાકાને ત્યાં ભજન શરૂ થઈ ચૂક્યાં હતાં. મારાં બાએ બહુ પ્રેમથી મને ત્યાં જવાનો આગ્રહ કર્યો હતો. પણ એ નકારીને હું એક નવલકથા વાંચવામાં ગૂંથાયો હતો. દસ સાડાદસ વાગે મગનદાસ મહારાજે ખાસ રણછોડકાકાને મોકલીને મને તેડાવ્યો. બાએ લગભગ ગદ્ગદ કંઠે આજીજી જેવું કર્યું એ મારાથી ના સહેવાયું એટલે હું ભજનમાં ગયો. પહેલાં તો જ્યારે મંદિરમાં કે ભજનમાં જતો ત્યારે મગનદાસ મહારાજનો ચરણસ્પર્શ કરતો. તે રાત્રે મેં માત્ર

નમસ્કાર જ કર્યા અને એક બાજુએ બેઠો. મહારાજે ખબરઅંતર પૂછી. પાછાં ભજન શરૂ થયાં. ઢોલકનો થડકાર, કરતાળની રમઝટ અને તાલીઓના એકતાલથી વાતાવરણ લયબદ્ધ થઈ ગયું. સંગીતનું જરાય ભાન નહીં એવા સાંભળનારા પણ તાળી વગાડીને તાલ દેવા લાગ્યા. હું મૂંગો મૂંગો સાંભળી રહ્યો. તાળી વગાડીને તાલમાં ભાગ લેવાની ઇચ્છા તો થઈ પણ મારામાં બેઠેલા અભિમાની સુધારકે એનો અમલ થવા ના દીધો. એ ભજન પૂરું થયું. મહારાજે મને આજ્ઞા કરી કે મારે એક ભજન ઉપાડવું. મેં સવિનય ના પાડી. એમણે મને ઢોલક પર બેસવાનું કહ્યું. એની પણ મેં ગંભીરતાપૂર્વક ના કહી. મહારાજ હસી પડ્યા. બીજું ભજન શરૂ થાય તે દરમિયાન એમણે એક વારતા કહી. એ વારતાનું નિશાન હું હતો. વારતા મને પૂરી યાદ નથી. પણ એણે મારા ઉપર જે આઘાત કર્યો તે બરાબર યાદ છે. મારું અભિમાન વિંધાયું. એ વેદનાથી એણે સખત પછાડ ખાધી. ભજનમાંથી ઊઠીને ચાલ્યા જવાનું મન થયું. ત્યાં તો મગનદાસ મહારાજનો વત્સલ અવાજ આવ્યો : "બેટા, ઢોલક હાથમાં લો." મેં ઊઠીને ઢોલક લીધી. કોઈકે ભજન ઉપાડ્યું : 'મુજકો તું ક્યા ઢૂંઢે બંદા, મેં તો તેરે પાસમેં.' ભજનની ગતિ વધી, કરતાળની રમઝટ એકાગ્ર થઈ, ઢોલકના સુબદ્ધ તાલથી લય બંધાઈ ગયો. ભજન પૂરું થયું. આરતી થઈ પ્રસાદ વહેંચાયો. અંતે મગનદાસ મહારાજનો ચરણસ્પર્શ કરીને મેં વિદાય લીધી.

## આંતરયાત્રા

અંબુભાઈ પુરાણી તરફનાં હેત અને આકર્ષણ તો બાલપણ જેટલાં જૂનાં છે. એટલે તેઓ જ્યારે ઈ.સ. 1922-23માં પોંડિચેરીમાં શ્રીઅરવંદિ પાસે જઈને રહ્યા ત્યારે અમને અખાડામાં ઘણા વિદ્યાર્થીઓને આશ્ચર્ય અને કુતૂહલની લાગણી થઈ હતી. પણ એ કુતૂહલ જ્યારે સહૃદય જિજ્ઞાસામાં રૂપાંતર પામ્યું ત્યારે શ્રીઅરવિંદ અને એમના યોગ તરફની અભિમુખતા સ્પષ્ટતા પામી ચૂકી હતી. પોંડિચેરી જનારાની ટીકા કરનાર હું પણ આખરે પોંડિચેરી પહોંચી ગયો અને ત્યાંનો આશ્રમવાસી બની રહ્યો. સાધના વિષે હજી બરાબર ગમ પડી નહોતી. યોગની બરાબર સમજ પણ નહોતી. પરંતુ અંતરમાં અભીપ્સાનો દીવો પ્રગટ્યો હતો. નિષ્ઠા હશે તો બધું ધીરે ધીરે સમજાશે એવી શ્રદ્ધા હું કેળવતો હતો. શ્રીઅરવંદિ આશ્રમના એ પ્રારભના દિવસો હતા. આશ્રમવાસીઓની સંખ્યા પણ ઘણી નાની હતી. એટલે શ્રીમાતાજીનો સત્સંગ સુલભ હતો. રસોડાના કામને કારણે મારે વારંવાર એમને મળવું પડતું. ઉપરાંત મારો પોતાનો એમની સાથેના ધ્યાનનો સમય પણ અઠવાડિયામાં એક વખત નિશ્ચિત હતો. આમ બાહ્ય સંસર્ગ વધારે હતો પણ પછી ધીરે ધીરે આંતરિક નિકટતા પણ સ્પષ્ટ થતી ગઈ.

એ વખતે શ્રીઅરવંદિ અને શ્રીમાતાજીનું બધું કામ સાધકો જ કરતા. એમના ઓરડા સાફ કરવા, કપડાં ધોવાં, એની ઇસ્ત્રી કરવી, એમને માટે ભોજન તૈયાર કરવું વગેરે બધું કામ સાધકોએ પોતે થઈને સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું. માત્ર એક કામ એવું હતું કે

જે બહારનો માણસ, આશ્રમવાસી નહોતો તે કરતો હતો. એ કામ તે શ્રીઅરવંદિના જાજરૂની સફાઈનું. બહારનો ભંગી આવીને એ કૂંડું સાફ કરી જતો. મારે લગભગ રોજ રસોડાના કામને કારણે શ્રીમાતાજીને મળવા જવું પડતું. મારો સવારનો સમય અને એ કૂંડું સાફ કરવા આવનાર ભંગીનો સમય લગભગ મળતો આવતો. અમે બન્ને ઘણી વાર તો દાદર ઉપર જ સામસામી થઈ જતા. ઘણા સમય પછી મારા મનમાં એક વિચાર સ્ફુર્યો. શ્રીઅરવંદિનું બધું જ કામ આશ્રમવાસી સાધકો કરે છે. આ એક જ કામ એવું છે કે જે બહારનો માણસ કરે છે! હું એ કામ ન કરી શકું? વિચાર જેવો ઊગ્યો તેવો મેં તેને સ્થિર થવા દીધો. ઉતાવળે નિર્ણય કરવાનો મારો સ્વભાવ નથી. આખરે મેં નિર્ણય કર્યો કે જે કામ ભંગી કરે છે તે કામ મને સોંપવાની મારે શ્રીઅરવંદિને પ્રાર્થના કરવી. એ પ્રમાણે મેં એક પત્ર લખીને શ્રીમાતાજી સાથે એમને મોકલ્યો. મને ખાતરી હતી કે એ કામ મને મળશે અને એ રીતે હું શ્રીઅરવંદિની આસપાસ કંઈક રહી શકીશ.

ત્રણચાર દિવસ પછી શ્રીમાતાજીએ મને શ્રીઅરવંદિનો પત્ર પહોંચાડ્યો. એમાં મારા પત્રનો ઉત્તર હતો. શ્રીઅરવિંદે પેલા ભંગીનું કામ મને આપવાની ના પાડી હતી. કારણોમાં અસંદિગ્ધ રીતે જણાવ્યું હતું કે જો એ કામ મને સોંપવામાં આવે તો હું એમ માનતો થઈ જાઉં કે બીજા સાધકો કરતાં હું કાંઈક વિશેષ છું અને મારી સધનાના વિકાસમાં હું આગળ વધ્યો છું; મારો સૂક્ષ્મ અહંકાર આનંદિત થાય અને હું મારે વિષે જ ભ્રમમાં પડી જાઉં.

શ્રીઅરવંદિના આ ઉત્તરે મારા અહંકાર ઉપર ભયંકર

આઘાત કર્યો. એના પ્રત્યાઘાત રૂપે સમસ્ત યોગ સામે બળવો ઊઠ્યો. આશ્રમ છોડી જવાનું મન થયું. થોડો સમય ધ્યાનમાં પણ ચિત્ત ચોંટ્યું નહીં. પણ એ આઘાતની અસર ધીરે ધીરે ઓસરવા માંડી. જેમ જેમ અંતરદર્શન વિશદ થતું ગયું તેમ તેમ શ્રીઅરવંદિની આજ્ઞાની સાર્થકતા સમજાવા માંડી. અહંકાર કેવું વિલક્ષણ પરિબળ છે! ભક્તિ અને સેવાનું કેવું કલાત્મક સૂક્ષ્મ રૂપ એ ધારણ કરી શકે છે! અંતરાત્મા સદા જાગ્રત ન રહે તો કેવો કેર વર્તે એ ત્યારે સમજાયું. એનું નામ જ સાધના ને? આંતરયાત્રા એ પણ કેવો દુષ્કર માર્ગ છે!

# નન્નુઉસ્તાદ

સોમનાથને ઘેર ગણપતિની પ્રતિષ્ઠાને આઠમે દિવસે લલિત હતું. વડોદરામાં ગણપતિના ઉત્સવનો મહારાષ્ટ્ર જેટલો જ મહિમા મનાય છે. સોમનાથ મારા મિત્ર ઉપરાંત ગુરુબંધુ પણ હતા. અમે બન્ને બક્ષીઉસ્તાદના શિષ્યો. બક્ષીઉસ્તાદની ગુરુપરંપરા એ પખવાજના મુલ્કમશહૂર બજવૈયા ઉસ્તાદ નાસીરખાંની ઘરાણાની કહેવાય. એટલે સોમનાથને ત્યાં દર વર્ષે લલિતની મજલિસમાં ઊંચી કોટિના કલાકારો આવતા. અને તેની સફળતાનો બધો યશ બક્ષીઉસ્તાદને ફાળો જતો. એમના તરફનાં સ્નેહ અને સન્માનની લાગણીથી દોરાઈને જ સારા સારા જાણકાર માણસો ત્યાં આગ્રહ વિના આવતા. અમારા એ વિભાગમાં સોમનાથને ત્યાંના લલિતની મહેફિલમાં હાજર રહેવા માણસો તલસતા. દસેક વાગે શરૂ થઈને એ ઉત્સવ પરોઢિયે પૂરો થતો.

રાતના બાર વાગી ગયા હતા. મહેફિલ જામતી હતી. સ્વામી વલ્લભદાસે કેદારો પૂરો કર્યો હતો. એમના કંઠમાધુર્યની

મોહિનીથી પ્રભાવિત થયેલા શ્રોતાઓ થોડા ઘેનમાં હતા, અડધા જાગતા હતા, ઘણા મસ્ત હતા. કેદારાએ સર્જેલી આરતથી વાતાવરણ આર્દ્ર બની ગયું હતું. બક્ષીઉસ્તાદે ઇશારો કર્યો. એક પીળી પાઘડીવાળા પાતળા માણસે સિતારને ખોળામાં લઈને 'સા' પર આંગળી દબાવીને મુખ્ય તારને છેડ્યો. મીંડમાંથી આખી સારેગમનું સપ્તક સરી પડ્યું. હું આમ તો બેઠો હતો પણ અંદરથી ઊભો થઈ ગયો. આંખો આશ્ચર્યથી ભરાઈ ગઈ. કાન સરવા થઈ ગયા. અંતર કોઈ અજાણી જિજ્ઞાસાથી જાગી ગયું. સિતારમાંથી ભીમપલાસીની સૂરાવલિ નીકળી. જાણે આરજૂ મોહિનીરૂપ ધરીને મહેફિલમાં આવી. ઉસ્તાદના મુખમાંથી 'વાહ' પ્રગટ થઈ ગઈ. સિતારીની આંખોએ આ સમભાવને ગરદન નમાવીને ઊંચકી લીધો. ભીમપલાસી વિલસતી ગઈ. વચ્ચે તો એમ જ લાગ્યું કે કોઈ લાવણ્યપ્રભા કોમળકંઠે ધીરું ધીરું ગુંજી રહી છે. ક્યારેક એવું લાગે કે ઊંડાણમાંથી કોઈક કિન્નરીનો સૂર વહી આવે છે. સંવેદનશીલ અંતરને એવું જ થાય કે જાણે એની પ્રિયતમાની આર્તિ ખેંચાઈ આવી છે. આંખોમાં કરુણાનું જલ ભરાઈ આવ્યું. ધીરે રહીને મીંડની અદ્‌ભુત સૂરાવલિને સાચવીને ગત બહાર પડી. તબલાનો સાથ થયો. અને એક પછી એક, એકએકથી ચઢિયાતા અંતરા આગળ આવ્યા. દરેકની રમત જુદી, દરેકની ફીરત જુદી, દરેકની રમણા જુદી. આ સિતારીએ સૂરોને સંભાળીને સંકેલ્યા ત્યારે વાતાવરણને અનુકંપાથી તરબતર કરી દીધું.

કોણ છે આ અદ્‌ભુત સિતારી? અંતરે સવાલ કર્યો. ત્યાં તો

બક્ષીઉસ્તાદે ઊઠીને સિતારીની આંગળીઓ ચૂમી લીધીઃ 'વાહ નન્નુઉસ્તાદ.' એમના મુખમાંથી શાબાશી નીકળી પડી. વળદાર પીળી પાઘડી, ઘઉંવર્ણો વાન, રંગીન નશાબાજ, ઘેનમસ્ત આંખો, પાતળી કાયા, શરબતી મલમલનું અંગરખું; ફૂલોની બનેલી એમની આંગળીઓ, સિતાર પર ફરતી જુઓ તો એમ લાગે કે જાણે સૂરોની બનેલી ગુલછડીઓ. નન્નુમિયાં એમનું નામ. પણ વહાલનું નામ નન્નુઉસ્તાદ.

બીજે દિવસે સવારે સોમનાથને લઈને હું નન્નુઉસ્તાદને ઘરે પહોંચ્યો. સોમનાથે મારી ઓળખાણ કરાવી. બક્ષીઉસ્તાદનો હું શાગિર્દ. એટલે એમણે મારી સાથે સ્નેહથી જ શરૂઆત કરી. હું બહુ આગ્રહ કરીને એમને અમારે ત્યાં લઈ આવ્યો. મારો સિતાર એમના ખોળામાં મૂક્યો. મને શિષ્ય તરીકે સ્વીકારવાની પ્રાર્થના કરી. મારે માથે હાથ. એમણે આશીર્વાદ આપ્યા. યમનકલ્યાણથી એમણે શરૂઆત કરાવી.

રોજનો અમારો સાથ. ઉસ્તાદ ગત વગાડે ત્યારે હું તબલા પર સાથ કરું. પછી હું એ ગત કાઢવાનો પ્રયત્ન કરું ત્યારે ઉસ્તાદ તબલાનો ઠેકો આપે. પહેલે મહિને ઉસ્તાદે માગી તેટલી ગુરુદક્ષિણા આપી દીધી.

અને આમ દિવસો ચાલવા માંડ્યા. ઉસ્તાદની રંગીન આંખોનું રહસ્ય મળ્યું. એમણે અફીણ અને શરાબ બન્નેનો શોખ અને બન્નેની આદત. સવારે અફીણ અને સાંજે શરાબ. કલાકાર માણસ, એટલે મુફલિસી મહેમાન. ધીરેધીરે ઉસ્તાદની સાથેનો સંબંધ ગાઢ થયો. જેમ જેમ ઘનિષ્ઠતા વધી તેમ તેમ એમના

જીવનમાં વધારે ને વધારે ઊતરતો ગયો. ગુરુસેવાની આકરી કસોટી થવા માંડી. મારી ગતો યમનથી વધીને ભૈરવી સુધી પહોંચી હતી.

એક સવારે ઉસ્તાદે ગારાની ગત છેડી. એવું લાગ્યું કે કોઈ વિલાસી મોહિની ખુશીનો ગુલાલ વેરતી આવી રહી છે. વાતાવરણમાં કંદર્પના ગુપ્ત અસ્ત્રો ભમી રહ્યાં છે. જિંદગીને ચકડોળે ચઢાવે એવી મસ્તયૌવનાઓ ફેરફૂદડી ફરી રહી છે. સમગ્ર હસ્તીને આકુલવ્યાકુલ બનાવી મૂકે એવી કોઈ સ્વપ્નવાસવદત્તા આવી છે, અડકતા નથી પણ અનુભવાય છે. ખુશીની ખુમારીનું આવું અદ્ભુત જાગરણ આપીને ઉસ્તાદ બસ નવી ગત શીખવ્યા વિના જ ચાલ્યા ગયા.

થોડા દિવસ ઉસ્તાદ દેખાયા નહિ. એક સવારે હું એમની ઓરડીએ પહોંચ્યો. નન્નુમિયાં બીમાર હતા. ઓરડીની હાલત જોઈને હું ઠરી ગયો. કંઈ ઘરવખરી જ ન મળે. એક ફાટેલી ગોદડી પર એ સૂતા હતા. શરીરમાં તાવ ધીખતો હતો. હું તો પાછો આવ્યો ઘેર. એક દોરીનો ખાટલો, ગોદડું, ઓઢવાનું, એક તકિયો, ઘડો, લોટોપવાલું બધું લઈ આવ્યો. ઉસ્તાદને બરાબર સુવડાવીને ડૉક્ટરને બોલાવી આવ્યો. રોજ સવારસાંજ દવા આપી. ચાર દિવસે તાવ મટ્યો. ખાટલામાં એમણે બેસવા માંડ્યું. બેત્રણ દિવસમાં વધારે સારું થયું. આજ્ઞા મળી કે સિતાર લઈને આવવું. હું ને સોમનાથ સવારે સિતાર અને તબલાની જોડી લઈને પહોંચી ગયા. ઉસ્તાદના મુખ ઉપર ખુશીની ખુશ્બૂ હતી. સિતાર મેળવ્યો. સોમનાથે તબલું મેળવ્યું. મીંડમાંથી જોગિયાના સૂરો

પ્રગટ્યા દિલની ગમગીની અકળાઈને ઊઠી. માતમ છવાયો હોય એમ વાતાવરણ ભારે થઈ ગયું. વિષાદના વમળમાંથી બહાર નીકળવાનું ખુશીનું આક્રંદ ગદ્ગદ થતું ગયું. જેમ જેમ આ આક્રંદ વધારે કરુણ બનતું ગયું તેમ તેમ ઉસ્તાદના મુખ પર ખુશીના ભાવો વધારે નિર્મળ, નમણા પણ નિરાધાર થતા ગયા. દિલાવરી અને ગમખ્વારીની આવી દોસ્તી કદી જોઈ નહોતી. એક તારને ખેંચીને મીંડમાંથી ઉસ્તાદે ગમની છેલ્લી આહ પ્રગટ કરી ત્યાં જ તાર તૂટ્યો. સિતાર બાજુ પર મૂકી દીધો. તબલું બંધ થઈ ગયું. 'એક દિન હમારી જિંદગી કા તાર ભી ઐસા હી તૂટેગા.' ઉસ્તાદે હસીને કહ્યું. પણ એ હાસ્યમાં ગમની હસ્તી હતી, આશાનો ઉત્સાહ નહોતો.

ઉસ્તાદ નન્નુમિયાંની તબિયત બહુ જ ખરાબ હતી. ઓરડી ઘણા દિવસથી કાઢી નાંખી હતી. મસ્જિદમાં નિવાસ હતો. ખબર મળી એટલે એક વહેલી સવારે પહોંચ્યો. એમનો બીજો એક શાગિર્દ નંદ સિતાર પર રામકલીને લડાવતો હતો. ઉસ્તાદ એક ચીંથરેહાલ પથારીમાં બાદશાહી અદાથી સૂતા હતા. આંખોમાં ઉદાસી હતી. આ ઉદાસી હોઠો પર સ્મિત બનીને પણ ઊતરતી. ત્યાં નંદે રામકલીને પૂરી કરી. ઉસ્તાદનો ધીરો અવાજ ઊઠ્યો: 'નંદા, સિંધભૈરવી છેડો બેટા.' ઉસ્તાદની આજ્ઞા થતાં જ નંદે સિંધભૈરવીની સુરાવલિને મીંડમાં છતી કરી. મીંડમાંથી સૂર છટક્યો. એમાં વિસંવાદિતા આવી ગઈ. ઉસ્તાદ પથારીમાં બેઠા થઈ ગયા. મેં ઊઠીને પકડી લીધા. નંદ પાસેથી સિતાર લઈને એમણે સિંધભૈરવીને છેડી. નન્નુઉસ્તાદની આંગળીઓ જાણે

થીજી ગયેલા સૂરોની જ બનેલી હતી. તારને અડકતાં તારમાંથી પ્રાણ પાંગરી ઊઠ્યો. રાગરાગિણી સાથે ઉસ્તાદની ગજબની મહોબ્બત હતી. પરંતુ તેમાંય સિંધભૈરવી એમની લાડલી રાગિણી હતી. ઉસ્તાદ એની પાછળ દીવાના હતા. એને છેડીને પોતે જ હાલી ઊઠતા. એ પ્રસંગ ભુલાતો નથી. સ્મૃતિ સાથે એવો રસાયો છે કે સ્મરતાં જ જાગી ઊઠે છે. ઉસ્તાદ સિંધભૈરવી દ્વારા સર્વદા ગમનું ગૌરવ કરતા, વિષાદને વહાલ કરતા, ઉદાસીને આહ્‌વાન આપતા અને એ સૌ સત્ત્વોની સાથે એવો સુમેળ સાધતા કે પોતે જ સત્ત્વ બની જતાઃ સૂક્ષ્મ, સુગંધિત અને સૌન્દર્યમય.

તે સવારે એમણે માત્ર ઉદાસીને જ ન બોલાવી. ઉદાસીના અવતાર જેવા મૃત્યુને જ જાણે આહ્‌વાન કર્યું. એક તો મસ્જિદ, મુડદાં, કફન અને કયામતની લીલાભૂમિ. એમાં મોતની સવારીનું આગમન. જિંદગીને કોઈએ મૂઠ મારી હોય એમ એ નિર્જીવ બની ગઈ. આંખો, હોઠ, હૈયું સૌ પાંખો બીડીને સ્તબ્ધ થઈ ગયાં.

ઉસ્તાદની આંખો ફરી ગઈ. હાથમાંથી સિતાર છૂટી પડ્યો. દેહ ધરણી પર ઢળી પડ્યો. પ્રાણપંખીએ છેલ્લી સલામ કરી. સૂરોનો અસવાર પોતાને દેશ ચાલી નીકળ્યો.

# અલ્પતા અને મહત્તા

## હૃદયશૂન્યતાની દાસી

યાદ તો છે કે 1933ની સાલ હતી. ઇન્દોરમાં હિંદી સાહિત્ય સંમેલન મળ્યું હતું. પ્રમુખ હતા ગાંધીજી. એમનો ઉતારો હતો રાયબહાદુર હીરાલાલ કલ્યાણમલની 'ડાયમંડ કોઠી'માં. આ સંમેલનની પાછળ શ્રી માખનલાલ ચતુર્વેદીના અથાગ પ્રેમનું અને સર હુકમચંદના અપાર પૈસાનું બળ હતું. સંમેલન રોનકદાર હતું. ગાંધીજીને ખુશ કરવાના થઈ શકે એટલા બધા જ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સંમેલનના સૂત્રધાર બાબુશ્રી પુરુષોત્તમ ટંડનની આંખ નીચેથી એકેએક વિગત પસાર થતી હતી. પરંતુ ગાંધીજી તો મોટા મોટા ચક્રવર્તીના ઠાઠમાઠથી પણ અંજાઈ જાય એમ નહોતું. એમને પ્રસન્ન કરવા માટે કાર્યનિષ્ઠા, દૃષ્ટિસંપન્નતા અને હૃદયધર્મથી શોભતી માનવતા જોઈએ. ગાંધીજીની દક્ષિણ દૃષ્ટિ આ વસ્તુઓની શોધ કરતી જ રહેતી હતી. એટલે વિષયનિર્માયક સમિતિમાં બાપુનું વલણ તો પ્રજાકલ્યાણના કામમાં

સાહિત્ય કેવો ને કેટલો ભાગ ભજવી શકે એ જ પકડવામાં રોકાયલું હતું. એટલે બધા ઠરાવોની ચકાસણી એ દૃષ્ટિએ થતી. બધી જ ભાષણોના સરવાળાનું મૂલ્ય એ હિસાબે કરાતું. એટલે સમિતિના પ્રારંભનું એમનું પ્રવચન એ જ રીતે થયું. એના પાયામાં એમણે પ્રજાધર્મની વચ્ચે લાવીને સાહિત્યને મૂક્યું. પ્રજાનું દારિદ્ર દૂર કરે, એની દીનતાને હઠાવે, એમાં દૈવત પૂરે, એને પુરુષાર્થી કરે, એની શક્તિને વિકસાવે અને એના તેજને વધારે એ સાહિત્યનું અને સાહિત્યકારનું વ્રત હોવું જોઈએ એવું દર્શન બાપુએ પોતાની હૃદયદ્રાવક સન્નિષ્ઠ વાણીમાં મૂક્યું. એટલે સંમેલનની આખી હવા એમણે બદલી નાંખી. કવિઓનાં મુખ પડી ગયાં. વાર્તાકાર મૂંગા થઈ ગયા. સાહિત્યકારો લગભગ ઉદાસ બની ગયા. ત્યાં તો એક ઠરાવ વખતે કાનપુરવાળા શ્રી બાલકૃષ્ણ શર્મા 'નવીન' ઊઠ્યા. 'કુંકુમ'ના એ કવિએ કવિતાની મસ્ત બંસી છેડી. એક પછી એક કાવ્ય લલકારતા જાય ને ગાંધીજીને સંભળાવતા જાય. જનતાને કહેતા જાય કે સાહિત્ય જનતાની દાસી નથી. એની પગચંપી કરવા માટે એ નથી. સાહિત્ય પ્રજાનું ફરજંદ છે. જેવી પ્રજા તેવું સાહિત્ય. ગાંધીજી જેવી વિભૂતિ આ પ્રજામાં જન્મી છે ને જીવે છે. એટલે એનું સાહિત્ય પણ એ શિખરને પહોંચશે. ગાંધીજીનું પોતાનું સાહિત્ય એની સાક્ષી પૂરે છે.

આમ હિંદી સાહિત્ય સંમેલને પ્રજા અને સાહિત્યનો સંબંધ ગાઢ કર્યો. ગાંધીજી પણ કવિની મસ્તી અને મુક્તિ જોઈને પ્રસન્ન

થયા. એમને તો જ્યાં જ્યાં શક્તિ અને સન્નિષ્ઠાનાં દર્શન થતાં ત્યાં ત્યાં એમનું સ્મિત સુગંધ છલકાવ્યા વિના રહેતું નહીં.

આ સ્મિત એક વખતે શાંત થઈ ગયું. સંમેલનને બીજે દિવસે સર હુકમચંદને ત્યાં ગાંધીજીને જમવા બોલાવ્યા હતા. સાથે એમની સાથેના મંડળને પણ નિમંત્રણ હતું. હુકમચંદના વિશાળ રાજમહેલ 'આનંદભવન'માં બાપુ જમવા પધાર્યા હતા. હુકમચંદના હરખનો પાર નહોતો. લગભગ પચાસેક પાટલા પડ્યા હતા. બબ્બે પાટલા. દરેક પાટલે ચાંદીના ટાટ, ચાંદીના વાટકા ને ચાંદીના લોટાપવાલા મુકાયા હતા. પણ ગાંધીજી બેસવાના હતા એ પાટલે સોનાના થાળીવાટકા અને લોટાપવાલાની સજાવટ હતી. ગાંધીજીએ ચોકમાં આવીને આ વૈભવભર્યો ઠાઠ જોયો અને સહેજ હસ્યા. સાથે કસ્તુરબા હતાં. એમની પાસેથી બાપુએ એક ઝોળી લીધી. એમાંથી પોતે જેલમાં જે વાસણોમાં જમતા હતા તે એલ્યુમિનિયમનો પહોળો વાટકો ને પવાલું કાઢ્યાં, સોનાનાં વાસણોની બાજુમાં આ વાટકો ને પવાલું મૂક્યાં. એટલામાં હુકમચંદજી બહાવરા બહાવરા આવી પહોંચ્યા. આજીજીભર્યે સ્વરે ગાંધીજીને સોનાની થાળીમાં જમવાની પ્રાર્થના કરી. બાપુએ હસતાં હસતાં કહ્યું કે જમ્યા પછી જો આ વાસણો લઈ જવા દો તો એમાં જમું. હુકમચંદ શાંત રહ્યાં. બાપુએ સોનાનાં વાસણોવાળો પાટલો દૂર ખસેડીને પોતાનાં જેલનાં વાસણોમાં પોતાનો જ ખોરાક લીધો. બાપુ જમ્યા, પણ દરિદ્રનારાયણ ભૂખ્યા રહ્યા. બાકીના અમે પચાસ માણસોને ગળે

માંડ કોળિયો ઊતર્યો. હુકમચંદ કરોડાધિપતિ કહેવાતા. કરોડોએ પણ એમની અલ્પતાને વારી નહીં.

## અંતરસૌહાર્દની સખી

આ તો સાલ હતી 1935, ગાંધીજી વર્ધા હતા. મગનવાડીમાં મુકામ. એ મારી મુલાકાતનો દિવસ હતો. સવારથી વાટ જોતો હતો. પણ મળવાનું બનતું ન હતું. જાણીતા ને જરૂરી માણસો એક પછી એક આવ્યે જ જાય. પાંચ વાગે બાપુનું કહેણ આવ્યું. સાંજે મહિલા વિદ્યાલયમાં પ્રાર્થના કરવા જઈએ ત્યારે સાથે ચાલજો. એ વખતે સાંજની પ્રાર્થના ગાંધીજી મગનવાડીમાં નહીં, મહિલા વિદ્યાલયમાં કરતા. છએક વાગ્યા હશે. બાપુ લાકડી લઈને નીકળ્યા બહાર. સાથે રોજનું ટોળું ચાલ્યું. હુંય ચાલ્યો સાથે. મગનવાડી વટાવીને આગળ ચાલ્યા ત્યાં ઊભા રહીને એમણે મને બોલાવી લીધો.

ટોળાને કહ્યું કે સહેજ પાછળ ચાલો. મારે ખાનગી વાત કરવી છે. ટોળું પાછળ રહી ગયું. મારે ખભે હાથ. બીજા હાથમાં લાકડી. ચાલી વાતો. રસ્તે માણસો આડા આવે. પગે લાગે. સૂતરના હાર પહેરાવે. ફૂલ આપે. જય બોલાવે. પણ એમનું ધ્યાન વાતોમાં. હું વારંવાર અચકાઉં. પણ એમનું ધ્યાન અચૂક અને અખંડિત.

મહિલા વિદ્યાલય આવ્યું. બાપુએ કહ્યું કે હવે અધૂરી વાત રાતે સૂતી વેળા. પાછળનું ટોળું આવી પહોંચ્યું. બાપુનો હવાલો લઈ લીધો. ગાંધીજી પહોંચ્યા પ્રાર્થનાપીઠ પર. હું જનતાના સમૂહમાં એક ઠેકાણે સ્થાન શોધીને બેસી ગયો. પળવાર પહેલાં ગાંધીજીનો

હાથ મારે ખભે હતો. મારા અંતરની સાથે એમના અંતરનું સંધાન હતું. હું બગભાડી માણસ લાગતો હતો. જનતાના ટોળામાં હું અનેકમાંથી એક બની ગયો. અભિમાને અદ્‌ભુત પછાડ ખાધી. જે ચહેરા પર ક્ષણ પહેલાં ગર્વનું તેજ હતું ત્યાં દૈન્યની નિસ્તેજતા આવી ગઈ. પણ એ મહત્તા કોની હતી? મારા અંતઃકરણની કે અંતરાત્માની નહોતી. એ તો બાપુની ઉદારતાનું પ્રતિબંબિ હતું. એમના સ્નેહનો પડઘો હતો. એમની અનુકંપાનો પડછાયો હતો. વાત મારે હૈયે બેઠી. ઊછીનું અને આગલું એ બે વચ્ચેનો ભેદ પણ સમજાયો.

પ્રાર્થનામાં બેઠો હતો સુમસામ. પણ અંતર કળ ખાઈને બેઠું થતું હતું. ગમગીની ઓસરતી જતી હતી. ત્યાં બાપુની વાણી સંભળાઈ. ઈશ્વરની અપાર કરુણા વિષે એ બોલતા હતા. ઈશ્વરની શોધ એઓ દરિદ્રનારાયણમાં કરતા હતા. ભગવાન તથાગતનો એમણે પ્રસંગ કહ્યો. અમિતાભને બધેથી ભિક્ષા મળી પણ એમનું પાત્ર ભરાયું નહોતું. પેલી વૃદ્ધાએ પોતાનું એકનું એક વસ્ત્ર આપ્યું ત્યારે એમનું પાત્ર છલકાયું. બાપુએ કહ્યું કે સહૃદયતા વિનાનાં કરોડપતિના કરોડ અને લખપતિના લાખો એમને નથી જોઈતા. એમને તો હૈયાની મૂંગી આશિષ અને પ્રીતિ વડે આપેલો ગરીબનો પૈસો જોઈએ છે. હૃદયની ઉદારતા અને નિષ્ઠા વડે આપેલા દાનથી દેનાર અને લેનાર બન્નેની શક્તિ અને શુદ્ધિ વધે છે. અને આ જ હૃદયશુદ્ધિ માણસને મહાન બનાવે છે.

પ્રાર્થના પૂરી થઈ એટલે ઝોળી ફરી. લોકોએ કંઈ ને કંઈ ઝોળીમાં નાંખ્યું. ભીડ ઓછી થઈ. બાપુએ ચાલવા માંડ્યું. રસ્તે

મને જોયો એટલે બોલ્યા, ચાલો. સૂતી વખતે કરવાની વાતચીત ચાલતાં ચાલતાં પૂરી કરીએ. પાછો ખભે હાથ. લાકડીનો ટેકો. બે ડગલાં ચાલ્યા હોઈશું. એક ગરીબ દેખાતી બાઈ આવી. બાપુની ચરણરજ લીધી. ઊભી થઈને આંગળીએથી એક વીંટી કાઢી બાપુને કહે : લો. હું ગરીબ છું. મારી પાસે તમને આપવાનું કશું ધન નથી. મારા પતિએ આપેલી આ એક વીંટી છે. મેં એનું જીવની જેમ જતન કર્યું છે. એના વડે હું આશ્વાસન પામું છું. જીવવાનું બળ મેળવું છું. તમને મારે મારી વહાલામાં વહાલી વસ્તુ આપવી છે. એટલે જ આ વીંટી આપું છું. પાછી બાપુને પગે પડી. ગાંધીજીએ એને માથે હાથ મૂક્યો. એ ઊભી થઈ ત્યારે એના મુખ સામે જોઈ રહ્યા. બાપુની આંખોમાં એમના અંતઃકરણની સમય કરુણા એકત્ર થઈ ગઈ. એ કરુણાનો મહાપ્રસાદ લઈને પેલી અજાણી બાઈ અંધારામાં અદૃશ્ય થઈ ગઈ.

# સ્મિત અને આંસુ

1928ની સાલ હતી. કવિવર રવીન્દ્રનાથ ટાગોર હિબર્ટ-વ્યાખ્યાનો આપવા જતાં રસ્તામાં શ્રીઅરવંદિને મળવા ખાસ પોંડિચેરી રોકાયા હતા. મેં ત્યાં સુધી કવિનાં દર્શન કર્યાં નહોતાં. કવિ અને એમની કવિતા વિષે સાંભળ્યું હતું ઘણું, વાંચ્યું પણ હતું. કવિને જ્યારે પ્રથમ જોયા ત્યારે માનવતા કેટલી ચારુ હોઈ શકે તેનો ખ્યાલ આવ્યો.

કવિતાની કલ્પનામૂતિર્ઓ અને સ્વપ્નપ્રતિમાઓ નારી રૂપે જ મેં ત્યાં સુધી સાંભળી હતી. અનેક કવિઓ અને કલાકારો, પંડિતો અને વિવેચકોએ કવિતાનો સ્ત્રીદેહ જ ઘડ્યો છે એવી મારી શ્રદ્ધાભરી માન્યતા હતી. પણ કવિના દર્શનમાં મેં એક અદ્ભુત આશ્ચર્ય જોયું! સૌન્દર્યની સહજ સુકુમારતાએ પુરુષદેહે અવતરીને જાણે વધારે દેદીપ્યમાન ભાવના મૂર્ત કરી છે. કવિતાનાં માધુર્ય, લાવણ્ય અને ચારુતા જાણે આકૃતિ પામ્યાં છે. આર્ય સંસ્કૃતિ જાણે પુરુષદેહ ધરીને વિશ્વને મુગ્ધ કરવા આવી છે.

કવિવર શ્રીઅરવંદિને મળવા ઉપર ગયા ત્યારે એમની ધવલ સ્વચ્છ દાઢીમૂછની કેશાવલિમાં લપાયલા પ્રવાળ જેવો ઉજ્જ્વળ હોઠોમાં સ્મિત સંતાકૂકડી રમતું હતું. આંખોમાં બાલસહજ નિર્દોષતા સ્ફૂતિર્ સાથે ગેલ કરી રહી હતી.

અને એ મિલન પછી કવિવર જ્યારે પાછા નીચે આવ્યા ત્યારે નેત્રો સુધીર અને સ્થિર હતાં. કીકીની પાછળની શ્વેત સુંવાળી સેજમાં ગંભીર કરુણા સૂતી હતી. બન્ને હોઠ સ્મિતને ગળી જઈને અપરાધીની જેમ એકબીજાની સોડમાં લપાઈ ગયા હતા. આંખોમાં રડું રડું થતી કવિતા આખરે ડૂસકાં લેતી હતી. પોતાની મેળે જ કવિ બોલી ઊઠ્યા :

"મેં આજે સિદ્ધ માનવતા સાક્ષાત્ કરી. વર્ષો પહેલાં શ્રીઅરવંદિને કાવ્ય દ્વારા મેં પ્રણામ કર્યા હતા. આજે એ અંજલિએ વધારે વિનમ્ર બનીને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા."

કવિએ આશ્રમની વિદાય લીધી.

*

1935ની સાલ હતી. શાન્તિનિકેતન છોડતાં પહેલાં હું ગુરુદેવને પ્રણામ કરીને એમની પાસે વિદાય માગવા ગયો હતો. પ્રફુલ્લ સવાર હતું. શ્યામલીના આંગણમાં પોતાની પ્રિય આરામ-ખુરશીએ કવિ બેસીને કંઈક સ્વાધ્યાય કરતા હતા. પૂર્વ ભણીથી આવતો કોમળ તડકો કવિની પીઠ પર પડીને આરામ કરતો હતો. મેં ચરણરજ લઈને સામે જ બેઠક લીધી. થોડી વાર પછી કવિએ

પોતે જ કહ્યું કે : "જાઓ છો તો ખરા પણ શાન્તિનિકેતનને ભૂલશો નહીં.'

મેં મૌન જ પાળ્યું. કવિવરના ચહેરા ઉપર માનો ન માનો પણ કંઈક વિષાદની છાયા હતી. મને 1928નો પોંડિચેરીનો પ્રસંગ અને કવિવરની છબી યાદ આવ્યાં. મેં જરા સંકોચ પામીને પૂછ્યું :

"ગુરુદેવ! મારી એક સમસ્યા છે."

"તો જતાં પહેલાં એનો ઉત્તર મેળવતા જાઓ."

અને મેં કહ્યું : "1928માં આપ હિબર્ટ-વ્યાખ્યાનો આપવા જતાં પોંડિચેરી શ્રીઅરવંદિને મળવા ખાસ રોકાયા હતા."

આ વાક્ય સાંભળીને ગુરુદેવ આરામખુરશીમાં જ જરા સ્વસ્થ થઈને ટટાર થઈ ગયા.

"આપ શ્રી અરવંદિને મળવા ગયા ત્યારે આપ તો પ્રફુલ્લ હતા, હસતા હતા, પણ મળીને પાછા ઊતર્યા ત્યારે આપની આંખો આંસુભીની હતી. આ રહસ્યભેદ મારા અંતરમાં સમસ્યા બની વર્ષોથી પડ્યો છે."

આ સાંભળીને વિષાદની છાયા એકાએક ઓસરી ગઈ. સમસ્ત મુખમંડલ કોઈ અકળ આનંદથી પ્લાવિત થઈ ગયું. ઉત્સાહભરે સૂરે ગુરુદેવ બોલ્યા :

"એ મારા જીવનનો મહા ધન્ય પ્રસંગ હતો. તમે મારા અંત:કરણની બહુ જ મૂલ્યવાન પ્રતીતિને સ્પર્શ કર્યો છે. હું જ્યારે શ્રીઅરવંદિને મળવા ઉપર ગયો ત્યારે વર્ષોથી વિખૂટા પડેલા બંધુને મળવાના ઉત્સાહમાં મારું અંત:કરણ હસતું હતું. આનંદ

સમાતો નહોતો. જઈને બાથ ભરીને ભેટવા હું કેટલો ઉત્સુક હતો તે હું જ જાણું છું. પણ ઉપર જઈને મેં જે જોયું તેનાથી મારો બધો જ ઉત્સાહ શમી ગયો. આનંદ મૂક થઈ ગયો. મારી સામે મારા જેવા મારા જ બંધુને બદલે એક ભવ્ય વિભૂતિ બેઠી હતી. બાથ ભરવા ઊઘડેલા મારા બન્ને હાથે પ્રણામ કર્યા. જે સ્વાભાવિક હતું તે જ થયું. અને એ જ કર્તવ્ય હતું. પાછો વળ્યો ત્યારે અહંકાર કકળી ઊઠ્યો, માનવી રડી પડ્યો પણ અંતરમાં બેઠેલો કવિ તો હસતો જ હતો."

ગુરુદેવ પાછા ધીરગંભીર બની ગયા. શાંતિ અને મૌનને જરાય હલાવ્યા વિના એમની ચરણરજ લઈને મેં વિદાય લીધી.

# પ્રેમચંદ અને પ્રસાદ

બનારસની સ્મરણયાત્રા ચાલે છે એટલે ત્યાંનો જ એક બીજો પ્રસંગ સાંભરે છે. શાંતિનિકેતનથી હું ભદન્ત આનંદ કૌસલ્યાયન સાથે કાશી આવ્યો હતો. એમની સાથે સારનાથ જોઈને સાંજે હું સ્વ. શ્રી પ્રેમચંદજીને મળવા ગયો. ઓક્ટોબરનો મહિનો હતો. શાંતિનિકેતનમાં ઊજવાયલા વર્ષામંગલના ઉત્સવનાં સંભારણાં મારા મનમાં હજી તાજાં જ હતાં. શક્ય હોય તો સાંજે ગંગામાં નાવડી લઈને ફરવા જવાની ઇચ્છા મેં પ્રેમચંદજીને કહી. એટલે એ તો શિવરાણીદેવીને કહીને તરત જ લાકડી લઈને નીકળ્યા. મને લઈને પહોંચ્યા શ્રી જયશંકર પ્રસાદને ત્યાં. 'કામયની'ના આ કવિ વિષે મેં ઘણી વાતો સાંભળી હતી. એમના ગુલાબી સ્વભાવ વિષે ભાઈ 'નિરાલા', બહેન મહાદેવી વર્મા અને ભાઈ શાન્તિપ્રિય દ્વિવેદીએ ઘણી વાતો કહી હતી. અમે ગયા ત્યારે એમના ઘરના અંદરના આંગણામાં ઉઘાડે શરીરે માત્ર એક રંગીન પાતળો 'ગમછો' નાખીને પલાંઠી લગાવીને પાનની ઉજાણી કરતા બેઠા હતા. પ્રેમચંદજીએ મારી ઓળખ કરાવી અને મારી ઇચ્છા પણ

કહી દીધી. પ્રસાદજીએ તરત જ પોતાના એક અંતેવાસીને ગંગાકિનારે જઈને બધી તૈયારી કરવાનું કહ્યું. થોડી વારમાં તો અમે એક એક્કામાં નીકળ્યા. ગંગાકિનારે એક નાવડી તૈયાર હતી. પેલો અંતેવાસી અંદર ભાંગ લસોટતો હતો. અમે ગયા એટલે સામો આવ્યો. નાવડી છૂટી મુકાઈ. પ્રેમચંદ અને પ્રસાદજીની વાતચીતનો વિસ્તાર વૈવિધ્યપૂર્ણ હતો. એના વળાંકો અને અંત ક્યારેક રોમાંચક અને ક્યારેક શાંત આવતાં. ક્યારેક તુલસી, સુર અને કબીરની ચર્ચા ચાલતી; વળી બિહારી, મતિરામ અને દાસ પદ્માકર વચ્ચે આવતા; અને ક્યારેક વળી સુમિત્રાનંદન પંત અને મહાદેવી વર્મા સુધી વાત પહોંચતી. નાવડી ચાલતી હતી. ભાંગ તૈયાર થઈને આવી. ગંગાજળની તૈયાર થયેલી આ હરિયાળીને પ્રસાદજીએ 'શિવસંહિતા' કહીને બિરદાવી. હું જરા સંકોચાયો, પણ વડીલોની ઓથ અને આજ્ઞા આગળ હું પણ એમની સાથે ઘસડાયો. બનારસી મીઠાઈ અને સમોસાનો રંગ આજ ગંગાજળી ભાંગ ઉપર બરાબર દીપશે એ પ્રેમચંદજીની વાતનો હવે મને અનુભવ થયો. એમની વાતચીત તો ચાલુ હતી. એટલામાં પ્રસાદજીએ મને પૂછ્યું કે 'તમે મારી ચોપડીઓ વાંચી છે?'

મેં જરા દબાઈને કહ્યું : "હા જી, વાંચી છે." બીજો પ્રશ્ન થયો કે 'સરળતાથી સમજાય છે મારી વાત? "થોડી સમજાય છે, થોડી સમજાયા વિનાની જ રહી જાય છે."

"અને પ્રેમચંદજીને તો તમે વાંચ્યા હશે?" ત્રીજો સવાલ થયો.

"હા જી," મેં જવાબ આપ્યો.

"એમની વાત બરાબર સીધી સમજાય છે?"

મારાથી 'હા' કહેવાઈ ગઈ. અને તરત જ પ્રસાદજી હસી પડ્યા. બોલ્યા : "બસ, આ જ અમારા બન્નેની વચ્ચેનો ભેદ છે. અમારે કહેવી છે માનવહૃદયની એ ગૂઢ મર્મકથા. મારી વાત વાચકના અંતરમાં અટકાય છે અને પ્રેમચંદજીની વાત સીધી રીતે પોતાનો મર્મ કહીને વાચકહૃદયના મર્મને મળે છે."

થોડીક શાંતિ પછી પ્રેમચંદજી બોલ્યા : 'પણ પ્રસાદજી, તમારી કલ્પનાનું ઉડ્ડયન હું ક્યાંથી લાવું?'

"પ્રેમચંદજી, તમારા સંવેદનની સરળતા પામું તો ધન્ય થઈ જાઉં!" પ્રસાદજીના હોઠ પર પાછું સ્મિત રમી રહ્યું.

"માટે તો હિંદી સાહિત્યને પ્રસાદ અને પ્રેમચંદ બંને જોઈએ. એ બન્ને હરીફો નથી, એકબીજાનાં પૂરકો છે, પરમ મિત્રો છે," પ્રેમચંદજી પોતાના સ્વભાવ પ્રમાણે ખડખડાટ હસી પડ્યા અને હાથ આગળ કરીને મારી તાળી લઈ લીધી.

નાવડી પાછી કિનારે આવી અને પ્રસાદજી મને અને પ્રેમચંદજીને કાશી વિદ્યાપીઠમાં ઉતારી હેતથી ભેટીને ચાલ્યા ગયા.

# ગંગાના ઘાટ પર

સ્વ. પ્રેમચંદજી અને જયશંકરપ્રસાદની સાથે અમે કાશીનો મણિકર્ણિકાનો ઘાટ ઊતરીને નાવમાં બેસવા જતા હતા, ત્યાં દૂરથી મૃદંગ ઉપર કોઈ કેળવાયેલા હાથની થાપ સંભળાઈ. મેં પ્રેમચંદજી અને પ્રસાદજીને વિનંતી કરી કે આપણે પેલા મૃદંગ બજાવનારને મળીએ. અને પાછા ઘાટ ચઢીને જે ખૂણેથી મૃદંગનો અવાજ આવ્યો હતો તે તરફ ગયા. અમે પહોંચ્યા ત્યારે તો એક સાધુ મહારાજ દ્રુપદ ઉપર હાથ અજમાવી રહ્યા હતા. ધીરે ધીરે એમણે નવા નવા તોડા અજમાવવા માંડ્યા. જે રીતે તોડાના બોલ સફાઈથી, આસાનીથી અને આત્મવિશ્વાસથી નીકળતા ગયા તેમ તેમ આ સાધુ બજવૈયાની કલાસિદ્ધિએ અમારા અંતરમાં એને વિષે પૂજ્યભાવ જગાડ્યો. હજી તો એ પોતાનું તાલપ્રભુત્વ ધીરે ધીરે પ્રગટ કરતો જતો હતો. અમે પણ વધારે ને વધારે મુગ્ધ થતા જતા હતા, ત્યાં વાંસડાની બન્ને બાજુએ બે થેલા લટકાવીને ભગવો સાફો લપેટેલો એક સપેરો આવી પહોંચ્યો. એના પગમાં ઘૂઘરા બાંધેલા હતા. હાથમાં નાગને નચાવનારી ફુંગી હતી. એણે

પોતાને ખભેથી ભાર ઉતારીને ત્યાં જ મૂકી દીધો અને મૃદંગના તાલ સાથે પોતાના પગના તાલ લઈને એણે ગાલ ફુલાવીને ગળામાં અવાજ પૂર્યો. કોઈના આમંત્રણ કે સંમતિની એને શી પરવા! પેલા સાધુની આંખમાં મસ્તીનો રંગ ઘેરો થયો. મૃદંગમાંથી નવા નવા તોડા નીકળતા ગયા. સપેરાના પગ તાલને વડીલ બંધુ માનીને એને વશ વર્તતા ગયા. સાધુ અને સપેરાની દૃષ્ટિની ગોષ્ઠિ શરૂ થઈ ગઈ હતી. માણસોની ઠઠ્ઠ જામી ગઈ હતી. તાલ રમણે ચઢ્યો હતો. એટલામાં એકદમ સપેરાની ટોપલીનું ઢાંકણું કોણ જાણે કેવી રીતે ખોલીને કાળો નાગ બહાર ધસી આવ્યો અને ફેણ ઊંચી કરી દીધી. કોલાહલ થઈ રહ્યો. ગરબડ મચી ગઈ. મેદનીની નાસભાગ થઈ રહી. સપેરાએ પ્રાર્થના ગુજારી: 'મહારાજ! પખવાજ બંધ કિજિયેગા. યહ દેવભી બહાર નિકલ આયે!' મૃદંગ બંધ થઈ. સપેરાએ ધીરેથી નાગને પોતાના પાશમાં લીધો. સાધુના ચહેરા ઉપર પ્રસન્નતા પીગળીને પરસેવાનાં બિંદુ બની રહી હતી. સપેરાએ કહ્યું: 'મહારાજ, આપને ગજબ કિયા, યહ નાગદેવતા કો બુલા લિયે.' અને એણે સાધુની ચરણરજ લીધી. એના ગળામાં વીંટળાયેલા નાગે પણ ફેણ ઊંચી કરી, જાણે સાધુને પ્રણામ કર્યા. સાધુએ સ્મિતભર્યા વદને કહ્યું: 'ભાઈ, ઇસમેં તુમારા સાથ ભી તો થા.'

અને બંને એકબીજાને હાથ જોડી રહ્યા. અમે ઘાટ ઊતરીને નાવમાં બેઠા પણ હજી તાલના પડઘા શમ્યા નહોતા.

# સત્માર્ગના પ્રવાસી

1935ના વૈશાખની એક સમીસાંજે અલ્હાબાદ સ્ટેશને ઊતર્યો. બનારસથી આવતો હતો. મારી પાસે આચાર્ય શ્રી નરેન્દ્રદેવનો શ્રી મોહનભાઈ ગૌતમ ઉપરનો પત્ર હતો પણ મને આશા નહોતી કે કોઈ સ્ટેશને આવશે. ત્રીજા વર્ગના ઝાંપા આગળ મારી ટિકિટ આપું, ત્યાં મારા ખભે હાથ મૂકીને એક જણે પૂછ્યું : “આચાર્ય નરેન્દ્રદેવને ત્યાંથી તમે જ આવો છો ને?” આ પૃચ્છામાં મૈત્રીની હલકભરી મીઠાશ હતી. “આપ મોહનલાલ ગૌતમ?” અને મારા સુખદ આશ્ચર્યનો એમણે સ્મિતથી ઉત્તર વાળ્યો.

રાતે જમીને અમે સરદાર નર્મદાપ્રસાદસંહિને મળવા ગયા. મારે એમને ત્યાં હિંદી કવિઓ, ભાઈશ્રી ભગવતીચરણ વર્મા, બચ્ચન અને નરેન્દ્ર શર્માને મળવું હતું. સરદાર નર્મદાપ્રસાદસંહિ પોતે પણ મળવા જેવા માણસ છે. કાળો પહાડી કદાવર દેહ, બુંદેલીના મિશ્રણવાળી જોરદાર હિંદી વાણી અને ચમકારા મારતી રાતી રજપૂતી આંખો એમના વ્યક્તિત્વને નિરાળું રૂપ

આપી દે છે. એ વખતે તેઓ અલ્હાબાદ જિલ્લા સમિતિના પ્રમુખ હતા. મૂળ તો રીવાંના ભાયાત, સ્વતંત્રતા મળ્યા પછી વંધ્યિપ્રદેશના મહેસૂલ પ્રધાન થયા હતા. એમણે અમારે માટે જમનામાં નૌકાવિહારની વ્યવસ્થા કરી હતી. વૈશાખ સુદ ચૌદશ હતી. સામે ત્રિવેણીસંગમની ક્ષિતિજેથી ચંદ્ર ઉપર ચઢતો હતો. ચાંદનીએ જમાનાના સમય પ્રવાહને તેજમાર્ગ બનાવી દીધો હતો. પ્રવાહનો મર્મરધ્વનિ કાવ્યની જેમ માત્ર જીવનનો સંકેત કરતો હતો. નાવડીએ કિનારો છોડ્યો અને પ્રવાહના મધ્યમાં વહેવા માંડ્યું. ત્યાં સુધી સૌ જમનાના પટમાં વિસ્તરતી ચાંદનીની છટા જોવામાં મશગૂલ હતા. બચ્ચનની ગીતમાધુરીએ મૌન તોડ્યું. ત્રિવેણીસંગમ પર પહોંચ્યા ત્યાં સુધી અને ત્યાંથી પાછા કિનારે આવ્યા ત્યાં સુધી બચ્ચન, ભગવતી અને નરેન્દ્રનાં કાવ્યગાનથી હૈયું ભરાઈ ગયું. શાંત સ્વચ્છ રાત્રિ, નિર્મળ નમણી જ્યોત્સ્ના, યમુનારાણીનું જીવંત સૌન્દર્ય અને કવિઓની દિલાવરીએ એ રાતને સ્મરણીય બનાવી દીધી.

રાત્રે અમે ઘેર આવીને અગાસીમાં સૂતા ત્યારે મોહનલાલ ગૌતમ જેવા રાજકીય પુરુષના અંતરમાંથી પણ જિંદગીની એ ધન્ય પળો વિશે સુખનો આશ્ચર્યમુગ્ધ અવાજ નીકળી પડ્યો.

એ વખતે શાંતિનિકેતનમાં શ્રી ક્ષિતિમોહન સેનના માર્ગદર્શન હેઠળ કબીર વિષેનું થોડું સંશોધન કરતો હતો. એ અભ્યાસમાં દાદુ અને રાધાસ્વામી સંપ્રદાયની સાધના કબીરના નિર્ગુણ સંપ્રદાયની સાધના સાથે કેટલી મળતી આવે છે એ વિષે અભ્યાસની દષ્ટિએ કંઈક જાણવા માગું છું એ વાત મેં ભાઈશ્રી

મોહનલાલને કરી; અને એને ખાતર હું રાધાસ્વામીઓના મુખ્ય મથક આગ્રાની અને દાદુપંથીઓના મુખ્ય સ્થાન નારાયણાની મુલાકાતે જવાનો છું એમ કહ્યું. બનારસમાં કબીરચોરાના વંશપરંપરાગત ગાદીના મહંતની બાબુ સંપૂર્ણાનંદજીએ ઓળખાણ કરાવીને મેળાપ કરાવી આપ્યો હતો. એ વાત પણ મેં ગૌતમને કહી, એ ઉપરથી એમણે મને તરત જ કહ્યું કે આવતી કાલે સવારે આપણે બાબુ પુરુષોત્તમ ટંડનને મળીશું. તેઓ રાધાસ્વામી છે અને એ સંપ્રદાયમાં એમનાં સ્થાન અને પ્રતિષ્ઠા ઘણાં ઊંચાં છે. આગ્રા માટે મને એમનો પત્ર તો મળશે જ પણ તેઓ પોતે પણ કંઈક મહત્ત્વની માહિતી આપી શકશે.

મોહનલાલ ગૌતમ સ્વ. લાલા લજપતરાયે સ્થાપેલા લોકસેવક સમાજના સભ્ય હતા. શ્રી ટંડનજી એ સમાજના પ્રમુખ હતા. રાજકીય દૃષ્ટિએ ગૌતમ તે વખતે કોંગ્રેસ સમાજવાદી હતા અને ટંડનજી મહાસભાવાદી હતા. પરંતુ એ બન્ને વચ્ચે ગાઢ સ્નેહ હતો. ગૌતમને ટંડનજી માટે ખૂબ માન અને સ્નેહ હતાં એ તો અમારી એ પહેલી ટૂંકી મુલાકાતમાં પણ હું જોઈ શક્યો.

બીજે દિવસે સવારે અમે ટંડનજીને મળવા ગયા. એમની તબિયત અસ્વસ્થ હતી છતાં એમણે બહુ જ ભાવથી અમને બોલાવ્યા. મોહનલાલે મારી ઓળખાણ કરાવી અને મુલાકાતનો હેતુ પણ કહી દીધો. તેઓ બહુ રાજી થયા. તબિયતના ખબરઅંતર પૂછીને મેં મારી વાતની માંડણી કરી :

“રાધાસ્વામી એ શબ્દનો અર્થ અને એની સાધનાના સ્વરૂપ વિષે મારે આપની પાસે જાણવું છે.”

ટંડનજી પથારીમાં બેઠા થઈ ગયા. એમની આંખો ચમકી ઊઠી. બોલ્યા : "મોહનલાલ, આજે મહેમાન અને તમે અહીં જ ભોજન કરજો. હું પણ સાથે થોડો ફળાહાર કરીશ." મોહનલાલ અંદર જઈને અમારી જમવાની વ્યવસ્થા કરી આવ્યા.

"તમારો પ્રશ્ન મને ગમ્યો. તમે મૂળ વાત કરી એ સારું કર્યું." ટંડનજી તકિયાને અઢેલીને વધારે સ્વસ્થ થયા. દાઢી પર હાથ ફેરવીને એમણે આગળ ચલાવ્યું : "નદીના મુખને તમારે પામવું હોય તો તમારે પ્રવાહથી ઊલટા જવું જોઈએ. ગંગોત્રી પહોંચવા માટે તમારે અહીંથી કાશી ભણી નહીં પરંતુ એથી ઊલટા હરિદ્વાર તરફ જવું જોઈએ. એટલે મૂળને પામવા માટે ધારાથી ઊળટી યાત્રા કરવી રહી. આ રહસ્યને સ્ફુટ કરવા માટે ધારાનું ઊલટું નામ રાધા અમે સંપ્રદાયના નામ તરીકે સ્વીકાર્યું છે. આમ પણ રાધા એટલે પ્રકૃતિ અને એના સ્વામી પરમ પુરુષને પામવા માટે સાધકે પોતાના અંતર ભણી જ પાછું વળવું જોઈએ. આ સાધનાની ધારા અંતરથી બહાર નથી વહેતી. એ તો બહારથી અંતરતમ પ્રદેશમાં પહોંચીને આત્મસ્થ બને છે. રાધાસ્વામી શબ્દનો આ મર્મ છે. અને આંતરયાત્રા એ એની સાધનાનું રહસ્ય છે." ટંડનજીની આંખો કંઈક ઝીણી થઈ, દૃષ્ટિ અંતરમાં પાછી વળી અને પળવાર એમનાં નેત્રો બંધ થઈ ગયાં.

ત્યારપછી વાર્તાલાપ તો ઘણો થયો. સંસ્કૃતિથી માંડીને સંસારના ક્ષણજીવી સ્વાર્થ સુધીના ઘણા વિષયો ચર્ચાયા. પણ એ માણસ પકડાઈ ગયા. ટંડનજી સ્વભાવે રાજપુરુષ, સમાજસુધારક કે સાહિત્યકાર ન લાગ્યા. તેઓ તો પોતાને

પામવા માટે, પોતાના જીવનની ધરતી ઉપરનું આકરું કુરુક્ષેત્ર પટાવીને આંતરયાત્રા કરનાર સત્માર્ગના પ્રવાસી જણાયા.

# પૅરિસની મધરાત

રાતના નવ વાગ્યા હતા. પૅરિસનું શાહી ગીતઘર (ઓપેરા) પ્રકાશથી ઝળાંઝળાં થઈ રહ્યું હતું. જિંદગીમાં જે જોવાની જબરી આકાંક્ષા હતી તે પૅરિસનું ઓપેરા જોઈને ખૂબ આનંદ થતો હતો. એની રચના, એની સગવડ, એનું સ્થાપત્ય અને પ્રકાશસંયોજન એ બધું આંખોએ પૂર્વે કદી જોયું નહોતું એવું અપૂર્વ હતું. એ રાતે મહાકવિ હોમરને નામે ચઢેલા વિખ્યાત વીરકાવ્ય ઓડિસી – Odyssey–નું ગીતનાટક ભજવાવાનું હતું. દોઢસો માણસોનું 'ઓરકેસ્ટ્રા' સમૂહવાદન પણ મેં પ્રથમ જ વાર જોયું. કેટલાંક વાદ્યો કદી જ જોયેલાં કે સાંભળેલાં પણ નહીં એવાં હતાં. પણ એ સહુમાંથી એકીસાથે નીકળતું સંગીત ખૂબ મનોહર અને સંવાદી હતું. ટ્રોય(Trojan)ની લડાઈ પછી ગ્રીક પ્રજાજનો પાછાં ઘેર આવતાં હતાં, એ નાટકનું મુખ્ય વસ્તુ હતું. પણ એમાં ખાસ કરીને દસ વર્ષના ભયંકર રઝળપાટ પછી ગ્રીક લોકો ઈથાકા પાછા ફર્યા એ પ્રસંગ ઉપર ભાર દેવાયો હતો. નાટકમાં સંવાદો બિલકુલ નહોતા. બધો આધાર અને બધો જ મદાર સંગીત ઉપર

હતો. પહેલો પડદો ઊપડ્યો તે પહેલાં ઓરકેસ્ટ્રાએ લડાઈના આવતા ભણકારા અનુભવાય એવું સંગીત વાતાવરણમાં વહેતું મૂક્યું. પડદો ઊઘડ્યો ત્યારે ટ્રોયનું લડાઈનું મેદાન અને એ મેદાનમાં લડાઈ દેખાડી. યોદ્ધાઓ જુદી જુદી રીતે લડાઈ લડે, એમાં મોરચા બંધાય, માણસો મરે, વળી જીત થાય, વળી પાછી હાર આવે એમ લડાઈનાં બધાં જ સ્વરૂપો સમૂહસંગીત ઉપાડે અને બધા જ મૂક અભિનયનું નિયમન કરે. જે ભાવને જમાવતું સંગીત ઊપડે તે જ ભાવ, રસ કે અભિનય રંગભૂમિ ઉપર દૃશ્યમાન થાય. બંને વચ્ચે એટલી સંવાદિતા, એટલું ઐક્ય કે ક્યાંય ઓછપ ન જણાય, ત્રુટિ ન લાગે. શસ્ત્રો ઊછળતાં હોય, ચીસાચીસ થતી હોય, હાર થાય કે વિજય મળે, શરણાગતિ થાય કે લડાઈથી ભયભીત થઈને જનાવરો નાસી જાય એ બધું જ સંગીત પોતાની સંવાદી શક્તિથી નિપજાવે અને એને અનુકૂલ, એ અસરને જરાય હાનિ ન પહોંચે એ રીતે રંગભૂમિ ઉપર અભિનય થતો હોય. પછી યુદ્ધ શમે છે અને ગ્રીક પ્રજાજનો પોતાનાં ઢોરઢાંખર સાથે રહીસહી ઘરવખરી લઈને પાછા ફરે છે. એ ચાલુ દૃશ્યને પણ સંગીત જ પ્રેરે અને ચલાવે. લોકો ઘણી વખત તો મૂંગા હોય, પણ ક્યારેક વાદ્યસંગીતને અનુકૂલ જૂનું ગ્રીક લોકગીત ગાઈને વળી સૂર પણ પુરાવે. આ આખાય સંગીતનાટકમાં વિદાય અને સ્વાગત એ બંને પ્રસંગો ચિરસ્મરણીય છે. લોકવિદાય વખતનું કરુણ સંગીત રોમાંચ કરે એટલું પ્રબળ અને ભાવવાહી હતું અને સ્વાગતનું સંગીત એટલું જ આશાપ્રેરક અને ઉત્સાહના અભિનિવેશનું સૂચક હતું. પરંતુ

એ સ્વાગતની પાછળ પણ ભયંકર સર્વનાશની ગૂઢ ગમગીની ડોકિયાં કરતી હતી. યુરોપિયન વાદ્યસંગીતની સામુદાયિક અસર આટલી અદ્‌ભુત હોય છે એ તો જીવનમાં પહેલી વાર જાણ્યું. સંગીત બહારના ભેદને નથી ઓળખતું, સંસ્કૃતીની જુદાઈને એ નથી જાણતું. એ તો સીધું અંતઃકરણને અડકે છે, આદમિયતને સાદ કરે છે, આત્માની ભાઈબંધી કરે છે.

મધરાતે અમે ઓપેરામાંથી બહાર નીકળ્યા ત્યારે પણ માણસો એટલી બધી શાંતિથી વીખરાતા હતા કે રખેને થયેલી અસરને કંઈક હાનિ પહોંચે. અમે એ ઓપેરાના રાજમાર્ગથી ચાલીને બુલવા ધ હસમન ઉપર આવેલી અમારે હોટેલ કોમોદોરમાં જતા હતા. ત્યાં થોડેક દૂર એક વળાંક ઉપર એક સુંદરી મળી. સામેના ફૂટપાથ ઉપર દૂરથી ચાલી આવતી હતી પણ અમને જોઈને એ અમારા ફૂટપાથ ઉપર સામે આવીને જરા ખંચાઈને ઊભી રહી. મારા મનમાં કે એને કંઈક રામ હશે અથવા તો કંઈક પૂછવું હશે. એણે હસીને ‘હલ્લો’ કહીને હાથ લાંબો કર્યો એટલે યુરોપિયન સભ્યતાથી ટેવાયલા મારા હાથે આગળ વધીને હાથ મેળવ્યો. ફ્રેન્ચ રીતે એ અંગ્રેજી બોલતી હતી. એણે પૂછ્યું કે અમે ઓપેરામાંથી ‘ઓડિસી’ જોઈને આવતા હતા કે શું? અને મેં હા કહી. એટલે એણે હસીને કહ્યું કે આવા સરસ અનુભવ પછી એ પોતે આખી રાતની ભાઈબંધી સ્વીકારવા તૈયાર છે. અને અમને તરત સમજ પડી ગઈ કે આ તો મધરાતે ભમતી, જિંદગીનો વેપાર કરતી અનેક ફ્રેન્ચ સ્ત્રીઓમાંની એક છે. અમે ઉપકાર માનીને ના પાડી એટલે એના મુખ પરનું હાસ્ય ઊડી ગયું. અમે

ચાલવા માંડ્યા હતા તે રોકાઈ ગયા. પેલી સુંદરીએ કહ્યું કે હું અડધી રાતના રઝળપાટ પછી એક ફ્રાંક પણ કમાયા વિના ઘેર જાઉં છું. સાંજનું ખાણું પણ પૈસાને અભાવે લીધું નથી. ઓડિસીનું કરુણરસભર્યું સંગીતનાટક જોઈને નિરાધાર ગ્રીક લોકો માટે દ્રવતું તમારું હૈયું એક નિરાધાર ભૂખી સ્ત્રીને પ્રસન્ન કરવાની પણ ઇચ્છા કરતું નથી!

મારા ઓવરકોટના ખિસ્સામાં ઓપેરાની ટિકિટ ખરીદતાં બચેલા થોડાક ફ્રાન્ક્સ પેલી બાઈના હાથમાં મૂક્યા અને એણે આશીર્વાદ આપ્યો કે મશ્કરી કરી એ સાંભળ્યા વિના ચાલવા માંડ્યું.

# કલાકારની દિલાવરી

ઈ. સ. 1938ના ડિસેમ્બરમાં અમે કલકત્તામાં હતા. કલકત્તામાં ડિસેમ્બર મહિનો ગુલાબી આબોહવા અને રંગીન વાતાવરણ માટે મશહૂર છે. એ વખતે હિંદના વડાહાકેમ–વાઇસરોયનો મુકામ ત્યાં હતો. એટલે ઘણા રાજામહારાજાઓ કલકત્તામાં એકત્ર થયા હતા. હું પણ મારા દરબાર સાથે ગ્રેટ ઈસ્ટર્ન હોટલમાં રહ્યો હતો. અમારા મહારાજાને સંગીતનો સાચો શાખ હતો. એટલે ઘણી વખત જુદી જુદી ગાનારી અને ગવૈયા આવતાં. શ્રી સચીન દેવબર્મન અને અખ્તરી ફૈઝાબાદીને મળવાનો અને સાંભળવાનો પ્રસંગ પહેલાં મને ત્યારે જ મળ્યો હતો. અખ્તરીબાઈ તો અવારનવાર અમારી હોટલના આવાસમાં પણ આવીને સંગીતની ભેટ આપી જતી. ગઝલ અને કવાલીની ગાયકીમાં આજની ગાનારીઓમાં એનું સ્થાન મોખરે છે. એના અવાજમાં એક એવું દર્દ ભર્યું છે કે જ્યારે આરજૂની કોઈ ગઝલ કે કવાલી એ ઉપાડે ત્યારે ગમે તેવો કુંદ લાગણીવાળો માણસ પણ રોમાંચ અનુભવે એવું એનું જીવતું સંગીત હતું. હું મળ્યો ત્યારે તે રૂપ અને યૌવન

પણ એનાં હતાં. ચહેરાનો નકશો ઉઠાવદાર, નમણી અને નર્તતી આંખો અને મીઠો પણ મૂંગો અને મારકણો વિલાસ વિસ્તારવાની એની અજબ તાકાતને કારણે એ બહુ મોહક અને મોંઘી ગાનારી હતી. રીતભાત અને વાતચીતમાં એની સંસ્કારિતા એની ગાયકીની જેમ મૌલિક હતી. રીતરસમે બહુ મનોહર અને વાતચીતે ગજબની મીઠડી. પણ એવી કુશળ અને કલાધર કે મર્યાદા કદી ન વટાવે અને કોઈ વટાવવા જાય તો એને બહુ જ સમયસૂચકતા અને ચકોરતાથી રોકે. અને એ જ એનું અજબ આકર્ષણ હતું.

અમે અનેક વાર મળ્યાં હતાં. મજલિસમાં અને મહારાજાસાહેબની હાજરીમાં પણ. પરંતુ અમારે સાધારણ બોલવા-ચાલવા સિવાય બીજો સંબંધ નહોતો. મજલિસમાં એક ખૂણામાં બેસીને હું એને બહુ જ ધ્યાનથી અને સમજવાની આતુરતાથી સાંભળતો એ એની ચકોર આંખો જોઈ ગઈ હતી અને જાણતી હતી. હજારો રૂપિયા મારે હાથે એણે લીધા હતા. એક વખત એના દિલમાં કંઈક દિલાવરી ઊગી. હોટલમાંથી જતી વખતે એણે માગણી કરી કે મારે એને નીચે મોટર સુધી મૂકવા જવું. એની કલાનો હું કદરદાન હતો એટલે મેં હા પાડી અને હું સાથે ગયો. નીચે એણે મને વિનંતી કરી કે એક વખત મારે એને ઘેર જઈને એનું સંગીત સાંભળવું. એને એમાં ખબ ખુશી થશે. મેં હા પાડી. દિવસ નક્કી થયો. એ દિવસે રાતે નવેક વાગે હું એના મકાને પહોંચ્યો. એને સાચે જ બહુ આનંદ થયો. પોતાના સાજિંદાઓને તૈયાર થવાની આજ્ઞા કરીને એણે પાન બનાવ્યું.

પાન તો હું જિંદગીમાં ખાતો નથી એટલે એના આશ્ચર્ય વચ્ચે મેં એ વાત પાછી ઠેલી. સાથીદારોએ સાજ મિલાવ્યા અને અખ્તરીએ ગળું ખંખાર્યું. એક આલાપ લીધો ત્યાં નીચેથી માણસ ખબર લાવ્યો કે નીલમનગરના મહારાજા સાહેબ પધાર્યા છે. મને અને એને બન્નેએ સંકોચની સહજ લાગણી થઈ. ગમે તેમ તોય હું એ મહારાજાનો મંત્રી એટલે મને એમ થયું કે આ નાહકની નકામી ગેરસમજણ થશે. એનો એ બાઈએ તાત્કાલિક તોડ કાઢ્યો કે મારે એના સૂવાના ઓરડામાં થોડી વાર બેસવું, ત્યાં એ મહારાજાને વાતચીત કરી પાતાવી દેશે. હું એના સૂવાના ઓરડામાં આવીને એક આરામખુરશી પર બેઠો. બાઈનો હું મહેમાન હતો. એની સ્થિતિને અનુકૂલ મારે થવાનું હતું. હું અંદર બેઠો બેઠો આ વિવશતાનો વિચાર કરતો હતો ત્યાં માણસે ઉપર આવીને ફરીથી જાહેર કર્યું કે પ્રતાપગઢના મહારાજા સાહેબ નીચે આવ્યા છે અને ઉપર આવવાની ઇચ્છા બતાવી છે. નીલમનગરના મહારાજાની સ્થિતિ કફોડી બની ગઈ. એમને અહીં બીજું કોઈ જોઈ જાય એ ભયથી એમણે અખ્તરીને કહ્યું : "હું બીજા ઓરડામાં બેસું છું, એમને પતાવી લે." અને અખ્તરી જવાબ આપે તે પહેલાં તો એ સૂવાના ઓરડાનું ખાલી બારણું ધકેલીને અંદર આવ્યા. આરામખુરશી પરથી ઊભા થઈને મેં નમસ્કાર કર્યા! વાણીને બદલે માત્ર મૌને આંખો વડે જ વાતચીત કરી લીધી. થોડી વારમાં તો અખ્તરી આવીને અમને બન્નેને બહાર લઈ ગઈ અને પછી એણે નિરાંતે ગાવાનું શરૂ કર્યું. એક પછી એક એમ એણે મધરાત સુધી ગાવાની મહેફિલ જમાવી. જ્યારે ગાનના ફુવારા શમ્યા

ત્યારે અમને સાંભળવાનો સંતોષ થયો તેના કરતાં એને ગાવાની વધુ સંતૃપ્તિ થઈ. એણે બહુ તમીજથી મહારાજાને કહ્યું કે એક વખત એની પોતાની ઇચ્છા મને કંઈક નિરાંતે સંભળાવવાની હતી તે આજે પૂરી થઈ. મહારાજાએ મને કહ્યું કે એને પાંચસો રૂપિયા આપો. મેં ધર્યા, પણ બાઈએ ના પાડી. એણે કહ્યું : "આ તો એક કદરદાન સજ્જનને સંગીતકલાના ઉપાસકની એક નાચીજ ભેટ છે." મહારાજા પણ માણસ તો હતા જ ને! વાતનો મરમ સમજ્યા. વાતચીત પછી અમે ઊઠ્યા. જતી વખતે મેં અખ્તરીને માથું જરા નમાવીને સ્વાભાવિક રીતે જ નમસ્કાર કર્યા; અને દિલની ઝૂકેલી અહેસાનમંદી પ્રગટ કરી. હજારો રૂપિયા લઈને પણ અહેસાન કરતી આંખોમાં કૃતાર્થતા છલકાવીને એણે સામી સલામ ભરી મારા પ્રણામને ઝીલી લીધા. મહારાજાને પણ ન નમેલું માથું કલાકારને નમતું જોઈને એ જોઈ જ રહ્યા. પણ ત્યાર પછી અમે મહારાજા અને મંત્રી મટીને મિત્રો બની રહ્યા.

# આત્મનિવેદન

નીલમનગરના મહારાજાના મોટા દીકરાની જાન લઈને અમે નેપાળ ગયા હતા. અમારી સાથે જાનમાં પંદરસોળ રાજામહારાજઓ હતા. એટલે ડોળદમામ અને ઠાઠમાઠનું તો પૂછવું જ શું? બીજા બધા અનુરૂપ સાજનમહાજન સાથે આઠદસ ઉમદા ગાનારીઓ પણ હતી. એમાં કાશીની મશહૂર ગાયિકા શૈલકુમારી પણ હતી. ખટમંડુના એક વિશાળ રાજમહેલમાં અમને ઉતારો આપવામાં આવ્યો હતો. અમારી મહેમાનગીરી બાદશાહી રીતે થતી હતી. એક રાતે મહારાજાઓની મરજી થઈ કે શૈલેષકુમારીને ગાવા બોલાવો. માણસો દોડ્યા પણ ખબર લઈને આવ્યા કે એ બાઈની તબિયત અસ્વસ્થ છે એટલે આવવાની અશક્તિ જાહેર કરી છે. મહારાજાઓએ એને બદલે સિદ્ધેશ્વરીને બોલાવીને મહેફિલ તો જમાવી જ.

બીજે દિવસે સવારે હું મહારાજાસાહેબની રજા લઈને પશુપતીશ્વર મહાદેવનાં દર્શને જવા નીકળ્યો. મેં એ યાત્રાધામ વિષે ખૂબ સાંભળ્યું હતું. એમનાં દર્શનના મહિમાને લીધે તો

શિવરાત્રિના દિવસોમાં નેપાળ સરકાર ખટમંડુ જવા-આવવાની છૂટછાટ પણ ઘણી મૂકે છે. સમુદ્રની સપાટીથી છ હજાર ફૂટ ઊંચે આવેલા ખટમંડુ શહેરથી આ સ્થળ ત્રણચાર માઈલ દૂર હતું. અમારી મોટર જેમ જેમ મંદિરની પાસે જતી ગઈ તેમ તેમ એ દિશામાંથી સંગીતનો અવાજ સ્પષ્ટ થતો ગયો. ત્યાં જઈને જોઉં છું તો બીજા એક મોટર પણ ઊભી હતી. ગાનારનો અવાજ તંબૂરાના ઝંકાર સાથે ભળીને સ્પષ્ટ રીતે વાતાવરણમાં ઘૂમરાતો હતો. અંદર જઈને જોઉં છું તો શૈલકુમારી ગાઈ રહી છે. સાથે કોઈ સાથીદાર સાજિંદાઓ નથી. માત્ર એક એનો ખાનગી માણસ દૂર બેસી રહ્યો છે. વાળ છૂટા છે અને ભગવાન તરફ મુખ કરીને બંધ આંખે ખભે તંબૂર લઈને એ બાઈ શિવના સાન્નિધ્યમાં પોતાનું આત્મનિવેદન કરી રહી છે. હું જરાય ખડખડાટ કે અવાજ કર્યા વિના પાછળ જઈને દૂર બેસી ગયો. બરાબર કલાક – દોઢકલાક સુધી શૈલકુમારીએ શિવની સમીપ અંતઃકરણને ઉઘાડ્યું. એ બાઈને સાહેર અને ખાનગી મહેફિલો અને મજલિસોમાં મેં ઘણી વાર સાંભળી હતી. પણ આજના એના સંગીતમાં પ્રભાતની કુમાશ અને વાતાવરણની પવિત્રતા હતી. આવું શુદ્ધ અને સૌમ્ય અસરભર્યું સંગીત સાંભળીને અંતર પ્રસન્ન થઈ ગયું. સંગીત પૂરું કરીને એણે તંબૂર બાજુએ મૂક્યો અને ભગવાન પશુપતીશ્વરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ક્ષણો સુધી એ બાઈ ભગવાનને ચરણે પડી રહી. ઊઠીને એણે જળાધારીમાંથી શિવલંગિને માથે ટપકતા પાણીને માથે ચઢાવ્યું અને પાછી ફરી ત્યાં મને જોયો. મેં નમસ્કાર કર્યા. પૂછ્યું કેમ

છે તબિયત હવે? બાઈએ નિખાલસતાથી જવાબ દીધો કે આજે સવારે ભગવાનને ચરણે આવવું હતું. અને અંતરને તૃપ્ત કરવું હતું એટલે ગઈ રાત્રે અશુદ્ધિનો અંતરાય ના સ્વીકાર્યો.

અને એણે વિખરાયલા વાળનો અંબોડો વાળ્યો. ભગવાનને ફરીથી પ્રણામ કર્યા અને પોતાના સાથીદાર તંબૂરાને ઊંચકીને એણે વિદાય લીધી.

# હિંદી અને અંગ્રેજી

પહેલી વખત મુંબઈ આવ્યો હતો. સાંજે ધોબી તળાવ પાસેના ઍડવર્ડ થિયેટરમાં 'એક જ ભૂલ' નાટક જોવાના ઇરાદાથી નીકળ્યો. ટ્રામમાં ધોબી તળાવ તો આવ્યો, પણ ત્યાંથી ઘણી દોડધામ કરી પણ ઍડવર્ડ થિયેટર મળ્યું નહીં. આખરે થાકી કંટાળીને પાછા ધોબી તળાવના ચોગાનમાં આવીને એક ટૅક્સી બોલાવી કહ્યું: 'ઍડવર્ડ થિયેટર લઈ લે.' ટૅક્સીવાળો સામે જોઈ રહ્યો. મને સમજણ ના પડી. ક્રાફર્ડ મારકેટનું એક મોટું ચક્કર લગાવીને એણે મને ઍડવર્ડ થિયેટર ઉતારી દીધો. પૈસા મેં ચૂકવી આપ્યા. હસતો હસતો એ ચાલ્યો ગયો. પાછળથી ખબર પડી કે ધોબી તળાવના ચોગાનથી ઍડવર્ડ થિયેટર એક જ મિનિટ ચાલો તો આવે એટલું પાસે છે. મને ખબર પડી કે પેલો મોટરવાળો મારી મૂર્ખતા પર જ હસતો હસતો ગયો હશે.

પહેલી વખત લંડનમાં આવ્યો હતો. ઑક્સફર્ડ સરકસના એક ખૂણા પર ઊભા રહીને માત્ર પાટિયું વાંચ્યું કે કેમ્બ્રિજ સરકસના એક સિનેમા હાઉસમાં 'History is made at night'

નું સુંદર ચિત્ર ચાલે છે. અજાણ્યો હતો એટલે લીધી ટૅક્સી. ટૅક્સીવાળાએ એક જ મિનિટમાં પાસે ઉતારી દીધો. હસી પડ્યો અને કહે, સાહેબ એ તો તમને ખબર નહીં ને! પૈસા આપવા માંડ્યા ત્યારે કહે કેઃ ‘ના ના, આ તો એક અંગ્રેજની હિંદીને ભેટ છે.’

લુચ્ચાઈએ અજ્ઞાનને હાસ્યાસ્પદ બનાવ્યું. સમભાવે એમાંથી મમતા જન્માવી.

# વાઈસરૉય માપ

એક વખત અમારા મહારાજાએ વાઇસરૉય લૉર્ડ લિનલિથગોને વાઘના શિકાર માટે ખાસ આમંત્રણ આપીને બોલાવેલા. વાઇસરૉયના સ્વાગત, નિવાસ, સહવાસ, આનંદ અને વિદાય માટે ભયંકર તૈયારીઓ કરેલી. ઘણા માણસ કામે લાગેલા. ઘણા તો રાતોની રાતો સુધી ઊંઘેલા નહિ. પૈસાની અને પરસેવાની તો રેલમછેલ. વાઘની શોધ માટે પણ અનેક જંગલી, જંગલના જાણકાર અને શિકારના નિષ્ણાતો એમ જાતજાતના માણસો કામે લાગી ગયેલા. મહારાજાસાહેબની ઇચ્છા એવી હતી કે બને તો વાઇસરૉયને મોટામાં મોટા વાઘનો શિકાર કરાવવો. અત્યાર સુધીમાં મોટામાં મોટો અગિયાર ફૂટ ને પાંચ ઇંચનો વાઘ ધોળપુરના મહારાજાએ મારેલો અને હિંદુસ્તાનમાં તો એણે એક નવો રેકૉર્ડ ઊભો કરેલો. એટલે વાઇસરૉયના મનમાં પણ અભિલાષા તો આ રેકૉર્ડ તોડવાની હશે. વાઇસરૉય આવ્યા. અમારું દિવસે ઊંઘતું અને રાતે જાગતું ગામ ચોવીસ કલાક જાગતું અને જીવતું થઈ ગયું. સાફ ન થયેલા રસ્તા સાફ થઈ

ગયા. વર્ષોથી દુરસ્તી માગતાં મકાનો અને રસ્તાઓ સમારાઈ ગયાં. મુખ્ય મકાનો જે લગ્નમાં ન રંગાય તે પણ રંગરોગાન પામ્યાં. એ. ડી. સી.ને નવા ડ્રેસ મળ્યા. અંગત સેવકોને નવા સાફા મળ્યા. બે નવી મોટરો ખરીદાઈ. મુંબઈથી રોજ ફળફળાદિ, માછલી અને અલ્હાબાદથી બરફ આવે એની ચોક્કસ વ્યવસ્થા થઈ. પ્રાઇવેટ સેક્રેટરી ખાસ મુંબઈ જઈને જાતજાતનો કીમતી શરાબ લઈ આવ્યા. એક ખાસ નિપુણ માણસ ગાનારીઓ અને નૃત્યરાણીઓને ભેગી કરી લાવ્યો. વાઇસરૉયને માટે નવી બિછાતો, ગાલીચા, વીજળીના પંખા, દીવા, ફર્નિચર બધું જ નવેસરથી તૈયાર થયું. જલસો અદ્ભુત જાશે એવી મારી પણ ધારણા થઈ, જે રીતે અને જેટલી સંખ્યામાં રૂપિયા ખર્ચાતા હતા એ ઉપરથી મને એમ પણ લાગ્યું કે વાઇસરૉય ખુશ તો થવા જોઈએ. આ તો બધી આનંદપ્રમોદની વાતો થઈ. પણ જાહેરાતની દૃષ્ટિએ પણ કંઈક કામ થવું જોઈએ ને! એટલે એક જાહેર ઇસ્પિતાલનો પાયો નંખાવવાનું ઠર્યું. (આ ઇસ્પિતાલ હજી બંધાઈ નથી.) જે ટેલિફોન ઘણાં વર્ષો પહેલાં શરૂ થયેલો તેનું ફરીથી નવેસરથી ઉદ્ઘાટન કરવાનું ઠર્યું. દીવાનને માટે નવો બંગલો બાંધેલો તેને તાત્કાલિક છોકરીઓની નિશાળનું મકાન ગણીને એ ઉઘાડાવવાની વ્યવસ્થા પણ થઈ. શિકાર જ્યાં થવાનો હતો ત્યાં તો જંગલમાં મંગલ થઈ ગયું. હાકાનો શિકાર હતો. એટલે લગભગ હજારેક જંગલીઓ ત્રણ બાજુએથી હાકો કરવા રોક્યા હતા. એ ઉપરાંત કૅમ્પની વ્યવસ્થામાં ત્રણસો માણસો રોકાયા હતા. શિકારનો કૅમ્પ અને પાટનગર વચ્ચે રોજ મોટરો

અને મોટરટ્રકો દોડાદોડ કરી રહી હતી. દીવાનથી દરવાન સુધીના સૌ માણસો વાઇસરૉયને માટે મરી ફીટીને પણ મહારાજા તરફથી પોતાની વફાદારી અને પ્રીતિ સિદ્ધ કરવાની અને સંપાદન કરવાની હરીફાઈમાં પડ્યા હતા. છેલ્લાં પચાસ વર્ષમાં આવો ઉત્સાહ, આ તૈયારી, આ રમઝટ થયાં નહોતાં એમ વૃદ્ધો કહેતાં.

વાઇસરૉય આવ્યા તેને બીજે જ દિવસે શિકાર હતો અને એ જ મુખ્ય કાર્યક્રમ હતો. એટલે એને કેન્દ્ર બનાવીને આસપાસ બસ કાર્યક્રમોની એવી બોલબાલા હતી કે ના પૂછો વાત. વાઇસરૉય આવ્યા તે જ સાંજે વાઘના ખબર આવ્યા. બે વાઘ તૈયાર છે, એક છે આઠ ફૂટ અને દસ ઇંચનો અને બીજો છે દસ ફૂટ પાંચ ઇંચનો. મહારાજા કંઈક પ્રસન્ન અને કંઈક ગમગીન થયા. એમની ઇચ્છા તો એક નાસતાફરતા સાડા અગિયાર ફૂટના વાઘને સંડોવવાની હતી. શિકારને સ્થળે માંચડાઓની તૈયારી સંપૂર્ણ હતી. સૂચનાઓ, સંદેશા અને વ્યવસ્થા વધુ સંપૂર્ણ હતું. બપોરે બે વાગે તદ્દન શાંતિપૂર્વક આવીને વાઇસરૉય પોતાના ખાસ માંચડા ઉપર બિરાજી ગયા. સાથે મહારાજાસાહેબ, એમના નાના ભાઈ, વાઇસરૉયના એ. ડી. સી. અને નિષ્ણાત શિકારબાજ બેઠા હતા. આ ઉપરાંત બીજા ત્રણ માંચડા ઉપર મંડળી વહેંચાઈ ગઈ હતી. બપોરનો સમસમતો સૂનકાર હતો. એક શબ્દનો પણ અવાજ ના થવો જોઈએ એવી આજ્ઞા હતી અને આવશ્યક્તા પણ હતી. તરત જ લાલ ઝંડી ફરકી એટલે ખાતરી થઈ ગઈ કે વાઇસરૉય પોતાના માંચડા પર બેસી ગયા અને હવે કોઈ નીચે નથી. એટેલ

બીજી ઝંડી આગળ ફરકી અને એ સંદેશો બરાબર ઠેઠ હાકાના સરદાર પાસે પહોંચી ગયો અને થોડી વારમાં જ હાકો શરૂ થયો. બપોર હતો એટલે વાઘ આરામ કરતો હતો. હાકોનો અવાજ ઘૂમરાઈને, ઘેરાઈને જેમ જેમ સંગઠિત થઈને એની ગુફા સુધી પહોંચતો ગયો તેમ તેમ અમારા અંતરમાં આશાનિરાશાઓનું યુદ્ધ મચ્યું. ભય, આશા, નિરાશા, કંઈક અપેક્ષા એમ વિધવિધ લાગણીઓનાં પૂર ઊલટતાં અને શમતાં. હવે હાકોનો અવાજ બરાબર ઘેરો થયો અને અકસ્માત વાઘની ગર્જના સંભળાઈ. અમને સૌને લાગ્યું કે વાઘ જાગ્રત થયો. હાકોનો અવાજ વધારે પાસે આવતો ગયો અને સ્પષ્ટ બનીને ઉગ્ર થતો ગયો. વાઘે ભયંકર ગર્જના કરીને સામે પડકાર ફેંક્યો. અમારા માંચડા પર બેઠેલા એક સજ્જન ધ્રૂજી ઊઠ્યા. પરસેવો છૂટી ગયો. બહુ સંભાળથી અને સિફતથી એમને મૂંગું આશ્વાસન આપીને સુવાડી દીધા.

અમારા માંચડા પરથી વાઘના આવવાની પગદંડી સાફ દેખાતી હતી. જંગલના એ બાદશાહને એના પોતાના સામ્રાજ્યમાં આઝાદ જોવો એ પણ એક અદ્‌ભુત દૃશ્ય હતું. હાકોના અવાજને પાછળ મૂકીને એ પ્રાણી અવાજની ઊલટી દિશામાં સાવધાનીથી, આસપાસ ચકોર દૃષ્ટિ નાંખતો ચાલતો હતો. એને આજે આ જંગલ નવું લાગતું હતું. એમાંથી માણસોની દુર્ગંધ એને આવતી હતી. માનવીના કાવતરાની એની લાગણી સ્પષ્ટ થતી જતી હતી. જ્યાં એ બરાબર વાઇસરૉયના માંચડાની સામે આવ્યો કે ધાંય ધાંય કરતીને ગોળીઓ છૂટી. દસેક ફૂટ

ઊછળીને એ વીર પ્રાણી પૃથ્વી પર પછડાયું! નિશાન આબાદ હતું. કોની ગોળી વાગી એ ભગવાન જાણે, પણ નિયમ પ્રમાણે પહેલી ગોળી મહેમાનની એટલે એમની જ વાગે. બીજી તો માત્ર સલામતીને ખાતર છોડવી જોઈએ કે અચૂક જાન લઈ લે. ફરીથી લાલ ઝંડી ઊંચી થઈ એટલે વાઘ મર્યો એની ખાતરી થઈ. સૌ નીચે ઊતર્યા. વાઇસરૉય પોતાના શિકારને નિહાળવા મહારાજાની સાથે આવ્યા. શિકારના અફસરે તરત જ મરેલા વાઘનું વાઇસરૉયના દેખતાં જ માપ લીધું. વાઘ બરાબર નવ ફૂટ અને દસ ઈંચનો થયો. પહેલા વર્ગનો શિકાર સિદ્ધ થયો. જલસો ખતમ, વાઇસરૉય ચાલ્યા ગયા. હું પાસે જ ઊભો હતો. શિકારી માપવાની ટેપ મને આપીને વાઘની વ્યવસ્થા માટે કોઈને બોલાવવા દોડ્યો. સહજ રીતે જ વાઘ મને નાનો લાગ્યો એટલે મેં એક દરવાનની મદદથી ફરીથી માપ્યો પણ માપ બરાબર નવ ફૂટ ને દસ ઇંચ હતું અને છતાં વાઘ મને નાનો લાગતો જ હતો. એટલામાં અમારા શિકારના મુખ્ય અફસર આવી પહોંચ્યા. મેં મારી મૂંઝવણ કહી. એ જરા મૂછમાં હસ્યા. એના હસવાનો અર્થ હતો કે કોઈ વાત એવી છે જે હું નથી સમજતો. એમણે મારા હાથમાંથી માપવાની ટેપ લઈને બરાબર ધ્યાનથી મને જોવાનું કહ્યું. મેં જરા ચીવટાઈથી જોયું તો શરૂઆતના પહેલા ફૂટની લંબાઈ જ કાપી નાંખેલી. બેના આંકડાથી પટ્ટી શરૂ થાય. એટલે વાઘ ખરી રીતે તો આઠ ફૂટ અને દસ ઇંચનો જ હતો. પણ આ કારીગરીથી એ એક ફૂટ મોટો થઈ ગયો. આ માયા કેમ જન્મી એ વિષે મેં જ્યારે પૂછ્યું ત્યારે અફસરે કહ્યું: એ તો સાહેબ

વાઇસરૉય માપ છે. હવે કોઈ બીજા મોટા વાઘને મારી એનું ચામડું વાઇસરૉય સાહેબને મોકલી આપીશું. આવાં વાઇસરૉય માપ જેવી તો કેટકેટલી વાતો હિંદુસ્તાનને માથે પડી હતી, રામ જાણે!

# સમ્રાટ ત્રિમૂર્તિ

### બાદશાહની મુલાકાત!

હિંદુસ્થાનમાં રાજાઓને મળ્યો છું, મોટા મહારાજાઓને પણ મળ્યો છું! બર્લિનની ચાન્સેલરીમાં હેર હિટલરના અને રોમના ‘પૅલેસ દ વેનીઝીઆ’માં મુસોલિનીનાં દર્શન પણ કર્યાં છે! પરંતુ આ બધાએ પોતાની કોઈ કાયમી વિશેષ છાપ મારા માનસ ઉપર પાડી નથી. પણ હું ના ભૂલી શકું એવી ત્રણ મુલાકાતો મારી સ્મૃતિના આકાશમાં શુક્ર, બૃહસ્પતિ અને મંગળના ગ્રહોની જેમ પોતપોતાની વિશિષ્ટ રંગભરી તેજસ્વિતાથી ચમક્યા કરે છે.

1937ના મે મહિનાના એક દિવસે બાદશાહી પેગામ આવ્યો. અમે ત્યારે લંડનની મશહૂર હોટલ ‘ગ્રોવનર હાઉસ’માં રહેતા હતા. એ પેગામે બાદશાહ છઠ્ઠા જ્યોર્જની મુલાકાતની ખુશનસીબી અમને મળી હતી એ સત્તાવાર ખબર આણી હતી. અમારા રાજવીને અને અમને એમના સાથીઓને આ બહુમાન મળ્યું એને માટે અમારા કરતાં અમારા મિત્રોને બહુ આનંદ થયો

હતો અને જેમને આ ભાગ્ય નહોતું મળ્યું તેઓ અમારા સુભાગ્યની ઈર્ષ્યા કરતા કરતા પણ અમને અભિનંદન આપતા હતા. આ વાર્તા અમારા મિત્રમંડળમાં પ્રસરી ગઈ. બાદશાહની મુલાકાત પહેલાં અમારા મુલાકાતીઓ વધી ગયા. મુલાકાતનો દિવસ પાસે આવતો હતો. ત્રણેક દિવસ પહેલાં અમને શાહી મહેલના મુખ્ય સંચાલક તરફથી એક બીજો પેગામ મળ્યો. તેમાં જે પોશાક અમે મુલાકાત વખતે પહેરવાના હતા, જે કંઈ જર-ઝવેરાતથી અમે શોભવાના હતા અને જે કંઈ ચંદ્રકો અમે લટકાવવાના હતા તે સર્વની સાથે અમારે શાહી મહેલમાં 'રિહર્સલ'ને માટે હાજર થવાનું હતું. બધી જ વસ્તુઓ આપણે સમજીને કરીએ છીએ એવું ઓછું હોય છે! કેટલીક વાતો તો આપણને કર્યા પછી જ સમજાય છે. વખતસર અમે અમારા પૂર્વજોના પરંપરાગત હિંદી પોશાકમાં એની બધી વિગતો સાથે, અમને કહ્યું હતું એ જ દરવાજે થઈને શાહી મહેલમાં હાજર થઈ ગયા. 'પોશાકની સંપૂર્ણતા'ના નિષ્ણાતોએ અમને તપાસ્યા. અમારી સુશોભિત આકૃતિની બરાબર પરીક્ષા થઈ ગઈ. પછી 'શિસ્ત અને નિયમો'ના ધુરંધરે અમને કેટલીક પ્રાથમિક સમજણ આપી. 'રીતરિવાજો'ના પ્રમુખે અમને શહેનશાહને મળવાના પ્રસંગનું મહત્ત્વ સમજાવ્યું. શાહી મહેલના મુખ્ય સંચાલકે પછી અમારે ક્યાં થઈને શહેનશાહ પાસે જવું, કેવી રીતે જવું અને શી રીતે જવું અને શી રીતે મળવું – એ બધું અભિનય કરીને સમજાવ્યું. અને અમે એ બધું સમજ્યા છીએ એવી ખાતરી કરી લીધી.

શાહી મુલાકાતનો એ દિવસ આવ્યો. શરીર, મન અને આત્મા ત્રણેય અસ્વસ્થ હતાં. મુલાકાતની સફળતાની અપેક્ષાએ બેચેની આવી હતી. બસ આવી અવસ્થામાં સમ્રાટ છઠ્ઠા જ્યોર્જની મુલાકાત થઈ ગઈ. જરા પણ ભૂલ કર્યા વિના, આગલે પ્રસંગે કર્યું હતું, તે જ રીતે અમારા સરઘસને સંપૂર્ણ શિસ્તબદ્ધ રીતે, વધારે ગાંભીર્યયુક્ત છટાથી મોટા મોટા ઓરડાઓમાંથી પસાર કરાવીને સમ્રાટ અને સમ્રાજ્ઞી ઊભાં હતાં તેની પાસેના ખંડમાં લાવવામાં આવ્યું. 'રિહર્સલ' વખતે અમને શીખવ્યું હતું તે જ રીતે અમારે એક પછી એક જઈને રાજા છઠ્ઠા જ્યોર્જ અને રાણી ઇલિઝાબેથ સાથે હસ્તધૂનન કરવાનું હતું. તે વખતે પાસે ઊભેલા 'રીતરિવાજો'ના પ્રમુખ અમારાં નામો બોલતા જતા હતા. અમે હાથ મિલાવી ન મિલાવીને પેલી બાજુથી સરકીને શિખવાડ્યા પ્રમાણે અભિનયપૂર્વક ધીરે ધીરે અદૃશ્ય થતા હતા. મુલાકાતના આ ક્ષણજીવી નાટકને માટે અમે હિંદુસ્થાનમાં કેટકેટલાં સપનાંઓ સેવ્યાં હતાં, કેટલી બધી તૈયારીઓ કરી હતી! કયા રંગના કિનખાબની શેરવાની અમને વધારે શોભશે અને કેવી ભાતની જરી વધારે ચમકશે એ શોધવા માટે અમે બનારસમાં ઘણી દુકાનો ફર્યા હતા. દરજીઓ રાત જાગ્યા હતા. હીરાનાં બટનો માટે ખાસ મુંબઈના ઝવેરીઓને બોલાવ્યા હતા. પહેરવાના ઝવેરાતની પસંદગી માટે અમારા મહારાજાએ ઘણા દિવસો ચિંતામાં ગાળ્યા હતા. અને આ શાહી મુલાકાતનું માન અમને મળે તે માટે અમારા મહારાજાએ નામદાર વાઇસરોયને ખાસ વાઘના શિકાર માટે બોલાવીને બાદશાહી મહેમાનગતિ કરી હતી.

અમે જે પૈસો અને પરસેવો આ બાદશાહે સલામતની મુલાકાતની અપેક્ષામાં ખર્ચ્યાં હતાં તેના વળતરમાં માત્ર સમ્રાટ અને સમ્રાજ્ઞીનું પળવારનું હસ્તધૂનન મળ્યું એમ જ માનીએ તો તો ભારે નિરાશા થાય. જોકે અમારા મહારાજાને તો આથી આનંદ જ થયો છે; અને તે પણ અપૂર્વ. પણ મેં આખી આ મુલાકાતને જિંદગીના એક અનુભવ તરીકે લીધી અને એમાંથી જ્ઞાન મેળવ્યું કે જીવનની કહેવાતી સફળતાના મૃગજળ પાછળ જિંદગી વેડફી દેવાનું ગજું આપણું નહીં. આવી ઉડાઉગીરી તો હિંદના રાજા-મહારાજાઓને જ શોભે!

## સમ્રાટ કે સદ્ગૃહસ્થ!

વસંતઋતુનો થોડો સમય લંડનમાં વિતાવીને અમે બાકીના થોડા દિવસો કંઈક સુખમાં ગાળવાના ઇરાદાથી ફ્રાન્સના દક્ષિણ કિનારાના પ્રદેશમાં પહોંચ્યા. નીસ બહુ મોટું શહેર અને કંઈક ધમાલવાળું પણ ખરું. એટલે અમે કેનને અમારું મુખ્ય મથક બનાવ્યું. ભૂમધ્ય સમુદ્ર પર મીટ માંડીને ઊભેલી બાદશાહી હોટલ માટિનીમાં અમે આવ્યા ત્યારે મને પહેલો વિચાર આવ્યો કે કોઈ દિવસે અકસ્માત્ દરિયાકિનારે કે કોઈ ‘કેસીનો’માં ભૂતકાળના આઠમા એડવર્ડ અને વર્તમાન કાળના ડ્યૂક ઓફ વિન્ડસર પોતાની પ્રિયતમા સાથે મળી જાય તો કેવો રંગ જામે! આ અપેક્ષાના કુતૂહલ સામે લંડનમાં થયેલી સમ્રાટની મુલાકાતના કુતૂહલને ના સરખાવી શકાય. એક વસ્તુ માથે પડેલી હતી અને આ બીજી વસ્તુને અંતર ચાહતું હતું. એ વખતે વિન્ડસર-દંપતી

કેનમાં રહેતાં હતાં. થોડા જ દિવસમાં અમે એમની શાંતિપ્રિયતા અને સ્વાભાવિકતા વિષે ઘણી ઘણી વાતો સાંભળી હતી. એમની સજ્જનતા વિષે તો છેક ઇંગ્લૅન્ડથી અમે સાંભળતા આવતા હતા. અમે કેન આવ્યા તે પહેલાં જ વિન્ડસર-દંપતી માટેનો એક અપૂર્વ સન્માન-સમારંભ પૅરિસમાં થયો હતો. અને એનાં અહેવાલો અને ચિત્રો ફ્રેન્ચ વર્તમાનપત્રોમાં આવતાં હતાં. એક અંગ્રેજ યુવતી જે થોડા સમયથી ઓળખાણનો અંતરાય ઓળંગીને કંઈક સન્મિત્ર કહેવાય એવી ભૂમિકા પર આવી હતી તેની સાથે હું કેનની ચોપાટી ઉપર આંટા મારતો હતો. એને ફ્રેન્ચ આવડતું હતું. એણે આજના સવારના વર્તમાનપત્રમાં વાંચેલી એક વાત મને કહી. એણે કહ્યું કે પૅરિસના સમારંભમાં વર્તમાનપત્રોના પ્રતિનિધિઓનું આખું લશ્કર ડ્યૂક ઓફ વિન્ડસરને ઘેરી વળ્યું હતું. ઘણાઓએ ઘણા સવાલો પૂછ્યા હતા. પણ સૌએ એક સવાલ તો સામાન્ય પૂછ્યો હતો કે આ ડચેસ ઓફ વિન્ડસરમાં તમે એવું શું જોયું કે જેને ખાતર આખું સામ્રાજ્ય ન્યોચ્છાવર કરી દીધું? ફ્રેન્ચોની પણ એક રંગીલી દુનિયા છે. ઇંગ્લેંડમાં આવો સવાલ ભાગ્યે જ પુછાય! પણ ફ્રેન્ચો તો જિંદગીના જાણનારા અને માણનારા છે. ડ્યૂકે આછું આછું હસતાં જવાબ આપ્યો કે : “ડચેસ બહુ સ્વાભાવિક વિનોદી નારી છે.” અને પછી તરત જ પોતાની મોટરમાં બન્ને જણાં ચાલ્યાં ગયાં. આ જવાબને મોટાં મોટાં મથાળાં કરીને ફ્રેન્ચ વર્તમાનપત્રોએ ડ્યૂકને અભિનંદન આપ્યાં છે અને એને જીવનનો શિલ્પી કહ્યો છે. અને વધારામાં એ છોકરીએ

ઉમેર્યું કે એ સ્ત્રી ધનભાગી છે કે એને આવો પ્રિયતમ મળ્યો કે જેણે શહેનશાહત ફેંકી દીધી.

ફરીને પછી અમે ગયાં કેનના મુખ્ય કેસોનીમાં. રંગ અને રસનું તો એ કેન્દ્ર હતું. અમારી મંડળીના બીજા માણસો પણ આવી પહોંચ્યા. ધીરે ધીરે જમવાનો ઓરડો ભરાઈ ગયો. વીજળીના રંગો બદલાયા, ઓરકેસ્ટ્રાના સૂરો વહેતા થયા અને એક પછી એક યુગલે નૃત્ય કરવા માંડ્યું. આમ આખી હાજરી રંગમાં મસ્ત હતી. ત્યાં ધીરેથી એક યુગલ આવીને પોતાને માટેના ખાસ રાખેલા ટેબલ પર બેઠું. એમની હાજરી જેમ જેમ વરતાતી ગઈ તેમ તેમ નાચનાર યુગલોએ હાથ અને રૂમાલ ઊંચા કરીને પેલા નવા આવેલા યુગલને અભિનંદન આપ્યાં. અમે તો વર્તમાનપત્રોમાં તસવીરો જોયેલી. મેં કહ્યું કે આ તો વિન્ડસર-દંપતી. અમારાથી પંદરેક ફૂટ દૂર એમનું ટેબલ હશે. બસ રંગરાગ પાછો ચાલુ થયો. નૃત્ય અને સંગીતની રમઝટ પાછી જામી. અમારા ટેબલ ઉપર એક મહારાણીસાહેબ પણ હતાં. મહારાજા અને રાજકુમારો પણ હતા. એક અંગ્રેજ છોકરી પણ હતી. ખરાબ દેખાવાને ભોગે પણ અમે વારંવાર એમને તાકીતાકીને જોતાં હતાં. મધરાતને હવે થોડી વાર હતી. રંગ વધારે ઘટ્ટ થતો જતો હતો. અમારા આશ્ચર્યની વચ્ચે વિન્ડસર-દંપતી ઊઠ્યાં અને જતાં પહેલાં અમારા ટેબલ આગળ આવ્યાં. અમે હિંદી છીએ એ તો એમણે ધારી જ લીધું. સૌનાં નામ અને ખબરો પૂછ્યાં. મળીને આનંદ થયો એમ સ્વાભાવિક રીતે કહ્યું. અમને પણ એમના આ વર્તનથી ખૂબ ખુશી થઈ. સમ્રાટના

તાજને અને સામ્રાજ્યન ફેંકી દઈને આ સદ્ગૃહસ્થ બનેલા જુવાન રૂપાળા માનવીને અને એની સહચારિણીને જોઈને થયેલી ખુશી હજી પણ જ્યારે સાંભરે છે ત્યારે હર્ષના રોમાંચ કરે છે.

## ઓલવાયલો દીવો

લંડનથી રાજ્યારોહણની સ્મૃતિ જેવું “કંગ્સિ-કમિશન” અમને મળ્યું હતું. એટલે હિંદુસ્તાનમાં આવીને તરત જ અમારે લેફ્ટેનન્ટ તરીકે મેરઠના 17/21 બ્રિટિશ લાન્સર્સમાં તાલીમ માટે જોડાઈ જવું પડ્યું. સવારમાં પાંચ વાગે ઊઠીને ઘોડાની માલિસ અને ઘોડેસવારી મને ગમતાં નહોતાં પણ કરવાં પડતાં હતાં. લશ્કરી તરીકેની જિંદગીનો નવો અનુભવ થતો હતો! મેરઠ મને 1857ના બળવાના કારણે બહુ જ કૌતુકપ્રિય લાગતું હતું. અને મેરઠકાવતરા કેસ પછી તો હિંદી ક્રાંતિકારીઓનું એ મુખ્ય ધામ બન્યું હતું. મેરઠની લશ્કરી જિંદગી ગદ્ય જેવી હતી. એટલે એમાં થોડી કવિતા લાવવા અમે અઠવાડિયે એક વખત દિલ્હી જતા. એક અથવા બે અને કોઈ વાર ત્રણ સિનેમાચિત્રો જોતા, રાતે કોઈ ઇમ્પીરિયલ કે સેસિલ, મરીના કે મેઇડન જેવી ખર્ચાળ હોટલમાં જમતા, લહેર કરતા, સમય હોય તો સંગીત સાંભળતા અને મધરાત પછી સવાર પડતાં મેરઠ પહોંચી જતા.

‘સિવિલ’ અને ‘મિલિટરી’ જિંદગી વચ્ચેના ભેદ વિશે ઘણું સાંભળ્યું હતું. હવે અનુભવ થયો હતો. હું માત્ર ‘સિવિલ’ માણસ જ નહોતો. કંઈક અંશે કવિ અને કલાકાર હોવાનો દાવો કરતો હતો. એટલે બે જીવન વચ્ચેનો ભેદ ભવ્ય લાગવાને બદલે

ભયંકર લાગવા માંડ્યો હતો. શિસ્ત અને તે પણ માત્ર જડ શિસ્તને અનુસરવાનું અને અનુકૂળ થવાનું હતું. મારા મુક્ત અને સ્વૈરવિહારી માનસને આ શિસ્ત, માબાપે પોતાના છોકરાની મરજી વિરુદ્ધ જબરદસ્તીથી પરણાવેલી વહુ જેવી અકારી અને આકરી લાગતી હતી. એટલે એ જિંદગીને કંઈકે સહ્ય બનાવવા મેં અમારા કૅપ્ટન, મેજર અને કર્નલને સાંજે ક્લબમાં પાર્ટીઓ આપીને થોડાક કૂણા અને કંઈક અંશે સમભાવી બનાવ્યા હતા. પણ આખરે તો અમે હતા તાલીમ લેનારા ઉમેદવારો. એટલે મારી આ હંગામી સ્થિતિ મારાં સુખ અને દુ:ખ બન્નેનું કારણ બની હતી. આવી ફરજિયાત શિસ્તની તાલીમથી ઘડાયેલો મારો સ્વભાવ આજના આ બેજવાબદારીભર્યા વાતાવરણમાં ભારે કામયાબ નીવડ્યો છે અને એનાથી હું પોતે અજાયબ થયો છું. એટલે જીવનમાં થયેલો ગમે તેવો અનુભવ જિંદગીના વિદ્યાર્થીને માટે નકામો જતો નથી, એ જ્ઞાન ઘણી વિકટ પરિસ્થિતિમાં પણ હૃદયને ધીર બનાવે છે.

મેરઠની એ જિંદગી એકધારી હતી પણ માથે પડી હતી એટલે વધારે અણગમતી હતી. આવી અરસિક જિંદગીમાં પણ ન ભુલાય એવો એક બનાવ બની ગયો. એક સાંજે અમે ફરવા નીકળ્યા. મેરઠ કૅન્ટોન્મેન્ટની રાહદારી વિનાની લાંબીપહોળી સડકો શાંત પડી હતી. સામે અમને એક ભિખારી જેવો કોઈ મિસ્કીન મુસલમાન મળ્યો. મેલાં કપડાં, વધેલી હજામત પણ આંખમાં ગુમાનની ચમક, ખભે એક ગંદો, ફાટેલો ટુવાલ નાંખેલો. અમારા ટોળામાંથી એક મશ્કરાએ કહ્યું : ‘સલામ આલેકુમ.’

એટલે પેલા ભિખારી જેવા દેખાતા મુસલમાને તરત જ પોતાને ખભેથી ફાટેલો ટુવાલ નીચે જમીન પર પાથર્યો. એના ઉપર રાજગાદી ઉપર બેઠો હોય એવી બેઠક જમાવીને પછી એણે હાથ નમાવી 'આલેકુમ સલામ' કર્યા. બીજું બોલ્યા કે ચાલ્યા વિના એણે ટુવાલ ખંખેરીને ખભે નાંખ્યો અને ચાલવા માંડ્યું.

મારા આશ્ચર્યનો પાર નહોતો. પણ પેલા મશ્કરાને હકીકતની ખબર હતી. એણે કહ્યું : "સાહેબ, આ ગૃહસ્થ મોગલ પાદશાહતનો છેલ્લો પ્રતિનિધિ છે. બ્રિટિશ સરકાર એને વાર્ષિક ચાળીશ રૂપિયાનું પેન્શન આપે છે. અમારી સલામ સામાન્ય માણસની જેમ એનાથી ઝીલી શકાય નહીં. અને રાજતખ્ત તો છે નહીં. માટે આ ટુવાલને જમીન પર બિછાવીને, એને જ રાજતખ્ત માનીને એના ઉપર બેઠા પછી જ એ સલામને વળતો ઉત્તર આપે છે. આપણે કોઈને કહીએ તો કોઈ માને નહીં." મેં કહ્યું : "મેં પણ જોયું ના હોત તો માનત નહીં."

સમ્રાટ જોયા હતા. સમ્રાટ મટીને સદ્‌ગૃહસ્થ થયા તેવા માનવીને મળવાનું પણ ભાગ્યમાં બન્યું હતું. સમ્રાટોના વંશજ તરીકેના અભિમાની ગાંડપણમાં આદમિયતના એક ઓલવાયલા દીવાને પણ નસીબે દેખાડ્યો! આ બધી પાદશાહતોની જ પરંપરા!

# અનામી

લંડનમાં એક દિવસ સવારે અગિયારેક વાગે માર્બલ આર્ચના ટ્યૂબ સ્ટેશને એક પરાની ગાડી પકડવા માટે રાહ જોતો ઊભો હતો. હજારો માણસોની અવરજવરની વિવિધતા એટલી આકર્ષક હતી કે એક ગાડી મેં જવા દીધી. પણ બીજી ગાડી આવે તે પહેલાં સ્ટેશને સારી એવી ભીડ જામી ગઈ. સાપની જેમ સિફ્તથી ગાડી આવી અને ઊભી રહી કે તરત એનાં બારણાં આપમેળે ઊઘડી ગયાં. બધાંની સાથે હું પણ ચઢી ગયો. ત્યાં તો એક સ્ત્રી એક છોકરાને લઈ દોડતી આવતી હતી. ગાડી ઊપડવાને વખતે બારણાં આપમેળે બંધ થઈ જાય તે પહેલાં છોકરો તો અંદર આવી ગયો પણ બાઈ બહાર રહી ગઈ અને બારણાં બંધ થઈ ગયાં. ગાડી ચાલી. છોકરાની ઉંમર ચારેક વર્ષની હશે. ગભરાટની જરાય લાગણી વિના એણે મારી પાસેની બેઠક પર જગા લીધી. મેં એને પૂછ્યું તો એણે હસીને જણાવ્યું કે એને નોટિંગહિલ જવું હતું. જ્યારે નોટિંગહિલ આવ્યું ત્યારે એ છોકરાની સાથે હું પણ ઊતરી પડ્યો અને એને આશ્વાસન

આપ્યું કે એની મા બીજી ગાડીમાં આવશે ત્યાં સુધી હું સાથે જ રહીશ. એણે બહુ જ સ્વસ્થતાથી મારો ઉપકાર માન્યો. છોકરાની સાથે મેં ત્યાં જ પ્લૅટફૉર્મ ઉપર ફરવા માંડ્યું. વાતચીતમાં જાણ્યું કે એની મા માર્બલઆર્ચના લાયનના કોરનરહાઉસ નામના મોટા રેસ્ટોરાંમાં પિયાનો વગાડે છે. રોજ રાતે આઠેક વાગે બન્ને માદીકરો ઘેરથી જમીને જાય છે. મા મધરાત સુધી પોતાની ફરજ બજાવે છે. છોકરો એક નાનીશી ભોંયરાની ઓરડીમાં ઊંઘે છે. પછી સવારે નાસ્તો લઈને થોડો બજારહાટ કરીને એ લોકો ઘેર આવે છે. અમારી વાતચીત તો ચાલતી હતી ત્યાં બીજી ગાડી આવી અને એની મા એમાંથી ઊતરી અને દોડતી દોડતી પોતાના દીકરાને વળગી પડી. હું બાજુમાં ઊભો હતો. છોકરાએ મારા સમભાવની અને સથવારાની પણ વાત કહી દીધી. માએ ઓશંગિણભાવે પોતાની ઉપકારવશતાની લાગણી પ્રગટ કરી. મારા મનમાં કે હવે ઉપકાર માનીને આ માદીકરો પોતાને રસ્તે પડશે અને હું બીજી ગાડી પકડીને મારે સ્થાને ચાલ્યો જઈશ. પણ મારા આશ્ચર્ય વચ્ચે પેલી બાઈએ કહ્યું : “બદલો વાળવા માટે નહીં, પણ તમને હરકત ન હોય તો તમે અમારે ઘેર આવશો? અમને બહુ આનંદ થશે.” આ ઉદ્‌ગાર એટલા સરળ અને સ્વાભાવિક હતા કે મેં હા પાડી અને હું એમની સાથે ગયો. બાઈનું ઘર તો સામાન્ય હતું, પણ હતું સુઘડ અને બહુ જ વ્યવસ્થિત. બીજા પીણાની મેં ના પાડી એટલે એ ખાસ ચા બનાવી લાવી. અંગ્રેજ બાઈ આવી કવેળાએ ચા આપે એ પણ એક નવાઈ હતી. ચાની સાથે અમે ઘણી વાતો કરી એમાં હિંદી સંગીત

વિષે મને રસ છે એ વાત પણ નીકળી ગઈ હતી. એટલે જ્યારે રજા લેવાની વેળા આવી ત્યારે એ બાઈએ મને પૂછ્યું : "તમે અમારું સંગીત સહી લો તો હું તમને એક ગીત મારા પિયાનો પર સંભળાવું." મેં કહ્યું કે સહન કરવાની તો વાત જ નથી. સંગીત તો આપોઆપ પોતાનું કામ કરશે." એટલે એણે પિયાનો ઉપર 'Alone' (એકાકી) વગાડ્યું અને સરસ રીતે ગાયું. શબ્દો સમજાયા એટલે ભાવ પણ ઊઘડ્યો. પરંતુ એ બાઈનો કંઠ જે દર્દ લઈ આવ્યો એણે વાતાવરણમાં કરુણતા ફેલાવી દીધી. ગીત બંધ થયું. પિયાનો પણ બંધ થયો. પરંતુ વાતાવરણમાં એકલતા સમસમી રહી. એકલી બાઈ બોલી : "તમારા કીમતી વખતનો ભોગ આપીને તમે જે સમભાવ દેખાડ્યો છે તેને માટે અમે તમારા આભારી છીએ." મેં કહ્યું : "મેં તો માત્ર મારી ફરજ બજાવી છે." અને એની આંખમાં ગમગીની ઊપસી આવી. અમે હાથ મિલાવીને છૂટાં પડ્યાં. 'જિપ્સી' થવામાં સુખ હોય તો આવી લીલી માણસાઈનાં દર્શન કરવાની તકો મળી રહે છે એવા વિચારમાં નોટિંગહિલ સ્ટેશન ક્યારે આવ્યું તેનું ભાન ન રહ્યું.

# કરુણ અનુભૂતિ

સ્વિટ્ઝર્લેન્ડમાં અમારું મુખ્ય મથક મોંત્રો નામના એક હવા ખાવાના સ્થળને બનાવ્યું હતું. અને ત્યાં રહીને મોટર દ્વારા આખા દેશનું પરિભ્રમણ કરવાનું નક્કી કર્યું હતું. મોંત્રો લેમન સરોવરના સુરમ્ય કિનારાને છેક છેવાડે વસ્યું હતું. સામે કિનારે આલ્પ્સની ગિરિમાળા પથરાઈને પડી છે. અમે ઊતર્યા હતા એ મોંત્રો પૅલેસ હોટલ આખી દુનિયાની મશહૂર હોટલોમાંની એક હતી. જાણીતા રાજદ્વારીઓ, જુદાજુદા દેશના વડા અને પરદેશખાતાના પ્રધાનો, મહારાજાઓ અને મોટા માણસો જ આ હોટેલમાં ઊતરે એવો એનો ઇતિહાસ અને એની પ્રતિષ્ઠા હતાં. કારણ કે ત્યાં ઊતરવું એ બહુ જ ખર્ચાળ હતું. બસ આ જ એક વસ્તુ મહત્તાનો કીમિયો હતી. એટલે એટલા પૈસા ખર્ચીને જે ત્યાં ઊતરે તે મોટા માણસ કહેવાતા; પછી ભલે એઓ જે હોય તે.

હોટલના રજિસ્ટરમાં અમારી મંડળીના વડાનું નામ હિંદુસ્તાનના નીલમનગર રાજ્યના મહારાજ તરીકે નોંધાયું હતું. રોજ ભાડાની ટૅક્ષી વાપરીને મોંમાગ્યા પૈસા આપવા અને ગમે

તેવી મોટર વાપરવી એના કરતાં કોઈ સારી ખાનગી મોટર ભાડેથી મળે તો રાખવી એ ઇરાદાથી અમે એક સારી ઊંચી બનાવટની મોટર ભાડે રાખી હતી. અને એમાં જ અમે મુસાફરી કરતા હતા. ટ્રેનનો ઉપયોગ તો ભાગ્યે જ કરતા.

એક વખત અમે અમારા હોટલના મૅનેજરને કહ્યું કે અમે શનિરવિ બર્ન જવા માગીએ છીએ. કોઈ સારી હોટલની વ્યવસ્થા કરાવી રાખજો. શનિ આવ્યો ત્યારે મહારાજાએ અસ્વસ્થ તબિયત હોવાથી ના પાડી એટલે હું અને મહારાજકુમાર અમારી આલીશાન મોટરમાં બર્ન જવા ઊપડ્યા. અમારો ડ્રાઇવર કાબેલ અને ચલતા પુર્જા હતો. બરાબર ધારેલે વખતે અમને એક ઉત્તમ હોટલમાં લઈ આવ્યો. મૅનેજર બહુ જ સદ્ભાવ અને સન્માનપૂર્વક અમને અમારા ઓરડામાં દોરી લાવ્યો. ઓરડાઓ સાચે જ સારા અને વ્યવસ્થિત હતા. ફર્નિચર અને બધું જ રાચરચીલું ઊંચા પ્રકારનું હતું. અમે જરા સ્વસ્થ થયા ન થયા ત્યાં તો એ મૅનેજર કલાકે પછી પાછો આવ્યો અને નીચે ઘણા માણસો મળવા આવ્યા છે એવું કહ્યું. અમને બહુ આશ્ચર્ય થયું. અમારે બર્નમાં કંઈ જ ઓળખાણ નહોતી. મારા મનમાં કે અમારાં હિંદી નામો જોઈને કોઈ બીજા હિંદી મુસાફરો હળવા-મળવા માગતા હશે. એટલે મહારાજકુમારને મૂકીને હું કપડાં પહેરીન નીચે ગયો.

જોઉં છું તો હોટલના દીવાનખાનામાં દસબાર યુરોપિયન સ્ત્રીપુરુષો વાટ જોઈને બેઠાં હતાં. પેલા મૅનેજરે સૌની ઓળખાણ કરાવી. એઓ એક અથવા બીજી રીતે પત્રકારો અને

પત્રપ્રતિનિધિઓ હતા. મેં રિવાજ પ્રમાણે મળવાનો આનંદ પ્રદર્શિત કર્યો. એમણે હિંદ અને હિંદના દેશી રાજાઓ વિષે કેટલાક સવાલો પૂછ્યા. મેં જવાબો આપ્યા. બેત્રણ જણા મારા ફોટોગ્રાફ પાડી લીધા. મેં વળી મારી ઉદારતા અને રીતભાતનો દેખાવ કરવા સૌને થોડાંક પીણાં આપ્યાં અને સૌ વિખરાયા.

બીજે દિવસે મારા આશ્ચર્ય વચ્ચે સવારે વર્તમાનપત્રોમાં મારી તસવીર જોઈ અને મને ન સમજાય એવી ફ્રેન્ચ ભાષામાં આખાં બે કોલમ ભર્યાં હતાં. મેં અમારી હોટલના મૅનેજરને પેલી છપાયેલી હકીકત વિષે પૂછ્યું ત્યારે ભેદ ફૂટ્યો કે પેલા પત્રકારોએ મને જ મહારાજા ધારીને આખો હેવાલ પ્રસિદ્ધ કર્યો હતો.

રવિવારે રાતે પાછા મોંત્રો આવ્યા. સોમવારે સવારે ટપાલ આવી તેમાં પેલાં વર્તમાનપત્રો જેમાં મારી છબી અને હેવાલ આવ્યાં હતાં તેની નકલો હતી. મેં ફોડીને એ વર્તમાનપત્રો ફાડી જ નાંખ્યાં. મહારાજાને કે મહારાજકુમારને આ અકસ્માતની ખબર જ ના પડી. અજ્ઞાન એ આશીર્વાદ હોય છે અને અનુભવને આધારે મળેલું જ્ઞાન દુઃખદ અને ક્યારેક હાસ્યાસ્પદ હોય છે એ કરુણ અનુભૂતિ કોઈને કહેવાય પણ શી રીતે?

# અભિનવ સાક્ષાત્કાર

ફાગણ મહિનો હતો. હોળી આવી નહોતી ગઈ, આવતી હતી. હું લખનૌથી કલકત્તા જતો હતો. કયા સ્ટેશને સુમેરગઢના દરબાર અમારા પહેલા વર્ગના ડબ્બામાં આવ્યા તે આજે યાદ નથી. એ વખતે અમારા ખાનામાં અમે બે જ જણ હતા—હું અને મારા સાથી કૅપ્ટન જંગબહાદુરસંહિ. દરબારની સાથે એમના મિત્ર હતા કર્નલ ગિરિરાજસંહિ. બપોર આથમતા હતા પરંતુ હજી સંધ્યાના ઓળા ઊતર્યા નહોતા. જંગબહાદુરે એમના સ્વભાવ પ્રમાણે શરાબની બાટલી કાઢી. ઠાઠથી પ્યાલાઓ જમાવ્યા અને બેઠકની નીચેની એક ખાસ પેટી કાઢીને એમાંથી સોડાની બાટલીઓ બહાર મૂકી. બરફથી ભરેલા એક મોટા થરમોસને પણ બહાર આણ્યું. સાચા શરાબીને મન એકલા શરાબ પીવા જેવી બીજી ગમગીની નથી અને સાચા સાથીદારો સાથે પીવા જેવો બીજો આનંદ નથી. જંગબહાદુરે પેલા દરબાર અને એમના મિત્રને પ્યાલા નજર કરીને ઓળખાણ કરી લીધી. એ બન્ને જણે પ્યાલા પાછા મૂકીને જ્યારે શરાબ પીવાની ના પાડી

ત્યારે મારા આશ્ચર્યનો અવધિ ન રહ્યો. દરબાર દારૂની ના પાડે એ મારે મન અજાણ્યો અને અણધાર્યો પ્રસંગ હતો. જંગબહાદુર નિરાશ થયા. એમણે પણ આખરે એમ નક્કી કર્યું કે બનારસ ગયા પછી પીવાનું શરૂ કરીશું. પરંતુ ચોંકાવનારી વાત તો એ બની કે દરબારે શરાબ નહીં લેવાનું જે કારણ આપ્યું તેણે મારી જિજ્ઞાસાને હલાવી દીધી. મારું આશ્ચર્ય પળ વાર થંભી ગયું.

દરબારે કહ્યું : "અમે વિદ્યાધરીનું ગીતગોવંદિ સાંભળવા બનારસ જઈએ છીએ. મહા મુશ્કેલીએ એણે ગાવાની હા પાડી છે. શરાબ પીને આવેલા માણસો આગળ એ ગીતગોવંદિ ગાતી નથી. બાટલી તો અમે પણ લાવ્યા છીએ; પણ કાલે વાત. આજે તો એના વિના ઉપવાસ કરવો પડશે."

વિદ્યાધરીનું નામ મશહૂર ગાનારી તરીકે મેં સાભળ્યું હતું, પરંતુ ગાનારી એ ગુણકા, શરાબ પીને આવનારની આગળ ગીતગોવંદિ ગાતી નથી એ વાત મારે માટે સાવ નવી હતી. એટલું જ નહીં પણ એણે મારા મનમાં કુતૂહલનાં ગૂંચળાં ઉપજાવ્યાં–અગરબત્તીના ધૂપમાંથી એકમાંથી અનેક ગૂંચળાં ઉત્પન્ન થાય છે તેમ. બનારસ પાસે આવતું જતું હતું. મેં તરત જ નિર્ણય કરી લીધો કે જો દરબારને વાંધો ન હોય તો હું બરનાસ ઊતરી જઈશ એ બીજે દિવસે એ જ ગાડીમાં પાછો કલકત્તા ચાલ્યો જઈશ. મારી ઇચ્છા મેં દરબારની આગળ નમ્ર વિનંતીના ભાવથી મૂકી. એમણે એ ખુશીખી સ્વીકારી. જંગબહાદુર સાથે નક્કી કર્યું કે એમણે તો એ જ ગાડીમાં કલકત્તા જવું; કારણ કે હાવરા સ્ટેશને નીલમનગર દરબારના માણસો વ્યવસ્થા મુજબ

રાહ જોશે. જંગબહાદરુને એક જ રંજ હતો કે એમને હવે એકલા જ શરાબની લિજ્જત લૂંટવી પડશે, જે લિજ્જત વિના બીજું બધું જ હશે. મેં આશ્વાસન આપ્યું કે બનારસ અથવા મીરજાપુર સ્ટેશનેથી કોઈ સંગાથી જરૂર મળી જશે.

આથમતા બપોરે અમે બનારસ ઊતરી પડ્યા. સુમેરગઢના રાજાસાહેબ સાથે રસાલામાં માત્ર એક જ માણસ હતો, એ વસ્તુસ્થિતિએ પણ મારા આશ્ચર્યમાં વધારો કર્યો. બનારસમાં રાજાસાહેબનો પોતાનો બંગલો હતો. સ્ટેશને એમની મોટર હાજર હતી. આગળ થઈ ગયેલી વાતચીતથી હું એટલો બધો આશ્ચર્યમુગ્ધ હતો કે સભ્યતાને ખાતર કરવી જોઈએ તેટલી વાતચીત પણ મારાથી થઈ શકી નહીં. જે થતું હતું તે જોતો હતો અને થવાનું હતું તેની કલ્પના કરતો હતો.

નમું નમું થતી સંધ્યા આખરે નમી પડી. ફાગણ સુદ બારસના ચન્દ્રે વસંતની એ રાત્રિને પોતાની મીઠી જ્યોત્સ્નાથી હસીને અજવાળી હતી. જમીપરવારીને દસ વાગ્યાના શુમારે અમે ગંગાઘાટે પહોંચી ગયા. બે નાવડીઓ તૈયાર હતી. રાજામહારાજાની ખાસ બંધાવેલી અને સજાવેલી નાવનો ખ્યાલ મને કંઈક હતો. પરંતુ આ નાવને જોઈને પ્રસન્નતા થાય એમ હતું. એનો ઘાટ, એની સજાવટ, એનું રૂપ, એની સ્વચ્છતા એ બધું સુઘડ હતું. અને એના માલિકના ઐશ્વર્યનો ખ્યાલ આપતું હતું. પૌરસ્ત્ય ઢબે અને ઠાઠથી શણગારેલા કોઈ નાના શા દીવાનેખાસમાં બેઠા હોઈએ એવી લાગણી અંદર બેઠા પછી થઈ આવી. પરંતુ એ લાગણીને તો વહેતી ગંગાએ અને નીતરતી

ચાંદનીએ કલ્પનાની પાંખો પર બેસાડીને અધ્ધર કરી દીધી. હું તો હજી આ વાતાવરણની મોહકતા માણતો હતો ત્યાં એક અંતેવાસીએ આવીને કહ્યું :

"મહારાજ, બીજી નાવ વિદ્યાધરીને માટે મોકલું છું. હજી એમનું ગંગાસ્નાન બીજે ઘાટે પૂરું નથી થયું. એમના બજવૈયા તો આવી ગયા છે."

મહારાજાએ સંમતિ દર્શાવી એટલે બીજી નાવ ધીરે રહીને સરી ગઈ. પચાસેક મિનિટ પછી એ નાવડીએ આવીને અમારી બાજુમાં જ લંગર કર્યું. એમાંથી એક સૌમ્ય છતાં તેજસ્વી બાઈ ઊતરીને અમારી નાવડીમાં આવી. સૌએ એનું સન્માન કર્યું. એની પાછળ એના સાજિંદાઓ પણ આવ્યા. બીજી નાવડીમાં રાજાસાહેબના થોડાક માણસો બેઠા અને બન્ને નાવે ગંગાજળમાં ગતિ ધારણ કરી. બીજી નાવનું મુખ પહેલી નાવના અંતને સ્પર્શતું હતું. મધ્ય પ્રવાહમાં આગળ ગયા ત્યારે નાવનો આકાર ગંગાજળ ઉપર ઊપસી આવ્યો. હંસયુગલ જીવનયાત્રાએ નીકળ્યું હોય એવું સુરમ્ય ચિત્ર રચાઈ ગયું.

વિદ્યાધરીને નામથી અને એની કલાવંત પ્રતિભાને આધારે હું ઓળખતો હતો. પણ હું જો એ જ્ઞાનથી બેખબર હોત તો આ સ્ત્રીને મેં કોઈ યોગિની જ માની હોત. સુવર્ણચંપાના રંગની કિનારી વિનાની રેશમી સાડી પહેરી હતી. બન્ને હાથે મોગરાના ગજરા, જમણે હાથે એ જ કુસુમોનો બાજુબંધ, ગળામાં એ જ પુષ્પોની માળા અને અંબોડાની વેણીમાં પણ મોગરો જ મહેકતો હતો. વયે તો વિદ્યાધરી વન વટાવી ગઈ હતી પરંતુ ઘાટ રૂપે

તો એ મધ્યાનું પણ માન હરે એવી શોભતી હતી. આ પ્રગલ્ભાને જોઈને મારા મનમાં શાયરીની એક પંક્તિ ઊગીને આથમી ગઈ :

"ખંડહર દીખા રહે હૈં. ઇમારત બુલંદ થી."

પરંતુ સારંગીમાંથી ઊઠેલી સૂરાવલિએ મારી દૃષ્ટિને પાછી ગંગાલહરી પર આણી મૂકી. પછી તો કાનડો વહેતો થયો એટલે તો ત્યાં રંગદર્શી કુતૂહલ ઓસરી ગયું. કાનડાની અકથ્ય મસ્તીમાં જયદેવની કવિતાએ વહેવા માંડ્યું. બાગેસરી અને બિલાવલની સૂરછટાએ પણ જયદેવની ભાવસરિતાને લહેરાવી દીધી અને અંતે રામકલીમાં આરોહ તથા અવરોહ પામીને એ કવિતા જ્યારે ભૈરવીમાં સ્થિર થઈને છંદ:સિદ્ધ સુરાંગના બની ત્યારે તો જિજ્ઞાસા જીવી ગઈ, અને મારા અંત:કરણે અભિનવ સાક્ષાત્કારનો રોમાંચ અનુભવ્યો.

મૌન પથરાયું છે. ગંગાલહરી ઉપર ચંદ્રની મસ્ત ચાંદની વિસ્તરી છે. હંસયુગલ સમી બન્ને નાવ ધીરે ધીરે સરી રહી છે. સંગીત અવકાશમાં ડૂબી ગયું.

માત્ર પ્રવાહનો કલકલ નાદ જીવતો હતો.

# વિચિત્ર ખંડણી

એક વખત રામપુરના નવાબસાહેબનું આમંત્રણ આવ્યું કે અમારા મહારાજાએ એમના જન્મોત્સવના સમારંભમાં અચૂક હાજરી આપવી. રોટરી, ફ્રીમેસન, થિયોસોફી, બહાઈ, વગેરે સંસ્થાઓમાં જેવી બિરાદરી હોય છે એના કરતાં વધારે દંભી ભાઈબંદીના પાયા ઉપર રાજસંસ્થાની માંડણી છે. એટલે એક રાજા કે નવાબ બીજા એમના ભાઈ રાજા કે નવાબને બોલાવે ત્યારે આનાકાની કર્યા વિના દોડી જવું પડે. પણ આવું ક્યારેક જ બને. અમારા મહારાજાએ હુકમ કર્યો કે આપણે પહેલી વખત રામપુર જઈએ છીએ માટે સ્પેશિયલ ટ્રેનમાં જ મુસાફરી કરવી. આનું કારણ એ પણ હતું કે બીજા મહારાજાઓ આવવાના હતા તેમની આગળ અને રામપુર આગળ અમારો જરા વટ પડે. લખનૌ, દિલ્હી અને મુંબઈ તારથી તપાસ કરાવી પણ કોઈ સ્ટેશનેથી સ્પેશિયલની વ્યવસ્થા થઈ શકી નહીં. આખરે કલકત્તા ખાસ તારથી પુછાવ્યું. કલકત્તાએ શરત કરી કે સ્પેશિયલ અલ્હાબાદ હાજર રહેશે. હાવરાથી અલ્હાબાદ અને પાછા

વળતાં અલ્હાબાદથી હાવરા સુધીનું ખાલી ભાડું પણ આપવું પડશે. આ ઉડાઉગીરી સ્વીકારીને પણ અમે અલ્હાબાદથી સ્પેશિયલ ગાડીમાં રામપુર જવા ઊપડ્યા. અમારી સવારીમાં માણસોનો અને સામાનનો ઠીક ઠીક જથ્થો હતો. અમારા મહારાજાની ઇચ્છા પ્રમાણે સાથે થોડી પ્રદર્શનની વસ્તુઓ પણ લેવાની હતી. એટલે એ.ડી.સી. તો હતા પણ એમના ખાસ નવા ઝરિયાની પોષાક પણ સાથે લીધા હતા. અમારી મિલિટરીમાંથી ચુનંદા બાર સિપાઈઓ પણ એક સૂબેદાર અને બે જમાદાર સાથે ખાસ પહેરવેશમાં સાથે હતા. એંસી વરસનો સફેદ દાઢીમૂછોવાળો પોતાની ખાસ પાઘડીથી શોભતો પ્રાચીનતાના નમૂના જેવો એક ચોપદાર હતો. રીતરિવાજોના અફસર પોતાના ભાટચારણ અને બીજા બંદીજનોના લશ્કર સાથે હાજર હતા. ડોક્ટર, વૈદ્ય, હજામ, ધોબી, ડ્રાઇવર અને મશ્કરાઓ પણ અમારી સાથે સામેલ હતા. એમાં અલ્હાબાદથી એક કથક નર્તકી અને લખનૌથી બે મશહૂર ગાનારીઓનો ઉમેરો થયો. અત્યાર સુધી અમારી આ સવારીને શુદ્ધ ગદ્ય પણ ના કહેવાય અને કોમળ કવિતા પણ ના કહેવાય એવી અપદ્યાગદ્ય જેવી અવસ્થા હતી. પણ નવી નર્તકી અને ગાનારીઓના ઉમેરાથી અમારી મંડળીના જીવનમાં કૌતુક આવ્યું. સૌની આંખોમાં રંગદર્શનની ચમક આવી ગઈ.

બરેલી આવીને અમારી સ્પેશિયલે આરામ લીધો. અહીંથી મહારાજાના ખાસ હુકમ પ્રમાણે સૌએ પોતપોતાના ખાસ પહેરવેશમાં સજ્જ થઈ જવાનું હતું. બરેલીથી રામપુર માત્ર

દોઢબે કલાકનો રસ્તો હતો. રામપુરથી ત્રણ અફસરો અને પાંચ પટાવાળાઓનું ખાસ પ્રતિનિધિ મંડળ પ્રાથમિક સ્વાગત કરવા બરેલી આવ્યું હતું. એમની દ્વારા અમને સમાચાર મળ્યા કે અમારા સ્વાગતની ભવ્ય તૈયારીઓ થઈ ગઈ છે. અમારી સ્પેશિયલ ગાડી રામપુરના સામાન્ય સ્ટેશને નહીં પણ નવાબસાહેબ માટે ખાસ બાંધેલા ખાસા સ્ટેશને ઊભી રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. રામપુરની ઇન્ફન્ટ્રી ગાર્ડ ઓફ ઓનર આપવાની છે. પંદર તોપોની સલામી અપાવાની છે. રામપુરી ઘોડેસવારોની ખાસટુકડી અમારા મહારાજાની રાજશાહી બગ્ગીની આગળપાછળ ચાલશે. સ્ટેશને મોટો આલીશાન ઝગમગતો શમિયાનો ઊભો કરવામાં આવ્યો છે. એમાં ખાસ ઈરાની ગાલીચાઓની બિછાત ઉપર કિનખાબનું તખ્ત તૈયાર કરવામાં આવ્યું છે. પહેલો મુજરો પણ સ્ટેશને જ થાય એવી ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. નવાબસાહેબ ખુદ સૌ શાહજાદાઓ સાથે સ્ટેશને હાજર રહેશે. બરેલી સ્ટેશને મને હુકમ મળ્યો કે મારે બધા માણસોની બધી તૈયારી જાતે તપાસી લેવી અને જરૂર કે ઊણપ હોય ત્યાં કાસ સૂચનો આપીને તૈયારી સંપૂર્ણ કરવી. સ્પેશિયલ ટ્રેન ત્યાર પછી ઉપાડવી. એન્જિનના ડ્રાઇવરને અને ગાર્ડને સૂચના અપાઈ કે બરાબર સાંજે સાડાછને ટકોરે સ્પેશિયલને ખાસા સ્ટેશને ઊભી રાખવી. રામપુરના ખાસ આવેલા પ્રતિનિધિમંડળના અફસરોને મેં મારા સલૂનમાં આગ્રહ અને સન્માનથી બેસાડ્યા. મારા સલૂન અને મહારાજાના સલૂન વચ્ચે અંદરથી જ આવવાજવાની વ્યવસ્થા હતી. રામપુર

આવવાની અડધા કલાકની વાર હતી. મેં મહારાજાને જઈને વિનંતી કરી કે રામપુર નવાબસાહેબે કહેવડાવ્યું છે કે ડબ્બામાંથી પહેલા આપ ઊતરજો. પછી ક્રમવાર સૌ ઊતરશે. પણ અમારા દસ્તુરાત અફસરની સલાહ એવી થઈ કે નીલમનગરની પરંપરા પ્રમાણે પહેલાં મુખ્ય સ્ટાફ–અફસર ઊતરે અને પછી મહારાજા ઊતરે. આખરે નક્કી થયું કે જે દસ્તુર હોય તે જ પ્રમાણે કરવું.

મેં ઘણી વિનંતી કરી કે યજમાનની યોજનાને માન આપીને વર્તીએ. પણ નીલમનગર તો પોતાની રીતે જ રામપુરને પ્રભાવિત કરવાના મિજાજમાં હતા. પેલી ચાર વિખ્યાત ‘હઠ’માંથી આ એક રાજહઠ! કોઈનું સાંભળે તો ને!

રામપુર પાસે આવતું જતું હતું. મહારાજાસાહેબ પંદર તોપોના માન અને ગાર્ડ ઓફ ઓનર આપવાની ઇન્ફન્ટ્રીના એકીસાથે થનારા બંદૂકોના અવાજના સ્વાગત માટે લગભગ તૈયાર હતા. ગાડીની ગતિ ધીરી થઈ. ગજગામિની ગતિએ એણે રામપુરનું સામાન્ય સ્ટેશન વટાવ્યું અને ખાસા સ્ટેશને થંભી. અમારા દસ્તુર પ્રમાણે અને મહારાજાની આજ્ઞા અનુસાર એમના મુખ્ય સ્ટાફ–અફસર તરીકે એમના ખાસા સલૂનમાંથી પહેલો હું ઊતર્યો. અને જેવો હું પ્લૅટફૉર્મ ઉપર ઊતર્યો કે ધડાધડ બંદૂકોના અવાજ થઈ ગયા. ધનાધન તોપો ફૂટવા માંડી નવાબસાહેબ હાથ મિલાવવા આતુર થઈને આગળ આવ્યા. ત્યાં તો લગભગ બે મિનિટે અમારા દરબાર ઊતર્યા. અમારા મહારાજા માટેનું માન એમને મળતાં પહેલાં કોઈને મળી ગયું એ અકસ્માત માટે કોઈ તૈયાર નહોતું છતાં અકસ્માત બની ગયો. એને માટે ત્રણેયને રંજ

હતો. જેને જોઈતું હતું તેને એ સન્માન ના મળ્યું તે માટે મુખ્ય મહેમાન મહારાજા નારાજ થયા. જેને આપવું હતું તેને મોકા ઉપર પ્રથમ સન્માન ના આપી શકાયું તેને માટે યજમાન તરીકે નવાબસાહેબ નાખુશ થયા. અને જેને આપવું જોઈતું નહોતું, એની જેને કિંમત પણ નહોતી ને છતાં એ સન્માન મળી ગયું તેનો મને ભારે વિષાદ થયો. અકસ્માત દ્વારા કુદરત પણ અભિમાન પાસેથી કેવી વિચિત્ર અને આગવી ખંડણી ઉઘરાવે છે!

# જીવન અને નાટક

રામપુરના નવાબસાહેબના શોખની વિચિત્રતાઓ વિશે ઘણું સાંભળ્યું હતું. એટલે એક વખત નીલમનગરના મહારાજા સાથે રામપુર જવાનું થયું ત્યારે મારા અંતરમાં ભારે કુતૂહલ હતું. સ્પેશિયલ ટ્રેનમાં અમારી રવાનગી હતી. બીજા પણ ચારપાંચ મહારાજાઓ પધારવાની બાતમી હતી એટલે રંગ જામશે એવી અપેક્ષા હતી. દરભંગાના મહારાજાની કે રામપુરના નવાબસાહેબની મહેમાનગતિનું વર્ણન કરવું સરળ નથી; અને સલામત પણ નથી. કારણ કે ત્યાં ઉડાઉગીરીના જે કીમિયા અજમાવવામાં આવે છે તે લગભગ તિલસ્મી લાગે એવા હોય છે. એટલે સામાન્ય માણસો કાં તો એને અસંભવિત માને અથવા કહેનારને ગપ્પીદાસનું બિરુદ આપે. પણ અમે જે સાંજે પહોંચ્યા તે રાતે એક નાટક જોયું તેનું વર્ણન કરી શકાય તેવું છે. મહેલમાં જ નાટ્યઘર અને તે પણ તદ્દન અદ્યતન પ્રકારનું. હિન્દુસ્તાનના તો શું પણ યુરોપના કોઈ પણ ગીતઘરની સાથે સરખાણણીમાં ઊતરે એવું સુરમ્ય. નવાબસાહેબ પોતે નાટકના લેખક છે, કવિ

છે અને સંગીતસંયોજક પણ છે. એટલે અમે જોયું તે ‘ચિંતામણિ’ નાટક એમની જ સર્જનકલાનો નમૂનો હતું. આજે સ્ત્રીઓ જ સ્ત્રીપાત્રો ભજવે અને પુરુષો પોતાના જ ક્ષેત્રમાં મર્યાદિત રહે એ ચળવળ જોર પકડતી જાય છે. અને પરિણામે ધંધાદારી રંગભૂમિને પણ બેચાર કુમારિકાઓનાં નામોની જાહેરખબર આપવાની ફરજ પડે છે. પરંતુ નવાબસાહેબની રીતરસમ જુદી હતી. એમને સ્ત્રીપાત્રો તરીકે પુરુષો અભિનય કરે એવો આગ્રહ હતો. એટલે નાટકનાં બધાં જ સ્ત્રીપાત્રો પુરુષો જ ભજવતાં હતા. તખ્તાની પાસે જ કોઈ મોટા પંતસચિવનું ટેબલ હોય એવું સુશોભિત અને સુંદર વિશાળ ટેબલ નવાબસાહેબનું હતું. એ ટેબલ પર લગભગ સો સવાસો વીજળીની ચાંપો હતી. એની દ્વારા નવાબસાહેબ પોતે જ આખા તખ્તાનું, પ્રકાશનું, સિનસિનેરીનું અને લગભગ બધાનું બધું જ સંચાલન કરતા હતા. એ ટેબલ ઉપર ચારપાંચ ટેલિફોન પણ હતા. એક અંદરનાં પાત્રો તથા માણસો સાથે વાતો કરવા માટે. એક પોતાના મહેલમાં કોઈની સાથે વાત કરવી હોય તેની સરળતા માટે, એક વળી ટ્રંક-કોલ માટે. અને બે ટેલિફોન ખાસ જનાના સાથે વાતચીત કરવા માટેના હતા. આ બધી પૂર્વભૂમિકા સાથે અમે નાટક જોવા બેઠા હતા. બધા મળીને પચીસેક માણસો અમે હોઈશું.

પહેલી હારમાં મહેમાન રાજાઓ સોફા ઉપર બેઠા હતા. ત્યાર પછીની ખાસ ખુરશીઓ ઉપર મહારાજાના અમલદારો બેઠા હતી. અને ત્યારબાદ છેલ્લી હારમાં પાંચસાત જાણીતી ગાનારીઓ જે મહેમાનોનું દિલ ખુશ કરવા આવી હતી તે બેઠી

હતી. પ્રાચીન રીત પ્રમાણે ધડાકા સાથે પડદો ઊઘડ્યો અને સૂત્રધાર-નટીઓએ કલ્યાણની ચીજ ગાઈને 'ચિંતામણિ' નાટકનો પ્રારંભ કર્યો. અને પછી તો નાનપણમાં જોયેલા બિલ્વમંગલ ઉર્ફે સુરદાસના નાટકની યાદ આપે તેવા એ નાટકના એક પછી એક પ્રવેશ ભજવાતા ગયા. વચમાં વચમાં નવાબસાહેબ ટેલિફોનનો ઉપયોગ કરે, સંગીતનું સંચાલન પ્રગટપણે કરે, વળી પ્રકાશસંયોજનની જવાબદારી પણ અમને દેખાય તેમ અદા કરે અને બધું બરાબર ગાડું ચાલતું હોય ત્યારે એકાદ ટેલિફોન ઉપર જનાના સાથે ગુફ્તેગો કરે.

ત્યાં તો અમે ચિંતામણિ અને બિલ્વમંગલના એક બહુ જ રોમાંચક પ્રસંગમાં પહોંચી ગયાં. ચિંતામણિ પોતાની અટારીએ ગમગીન બેઠી છે. નીચે એની બેત્રણ દાસીઓ પોતાની બાઈને ગમે અને એનું મનોરંજન કરે એવું સંગીત જમાવવાની પેરવી કરી રહી છે. એટલામાં બિલ્વમંગલ આવે છે. આ એનું પ્રથમ આગમન છે. એનો સમૃદ્ધ અને દમામદાર પહેરવેશ જોઈને દાસીઓ માનથી એને ઉપર લઈ જાય છે અને એમ બિલ્વમંગલ ચિંતામણિ પાસે અટારીએ આવે છે. ત્યાં બન્ને વચ્ચે સંવાદ થાય છે. એ સંવાદની મધ્યમાં ચિંતામણિને જ્યારે જાણ થાય છે કે બિલ્વમંગલ પરિણીત છે ત્યારે એ એને સ્વીકારવાની આનાકાની કરીને શિખામણ દે છે કે : "પરિણીત પુરુષોએ વારાંગનાને ઘેર આવવું વ્યાજબી નથી." જ્યાં ચિંતામણિના મુખમાંથી આ વાક્ય સર્યું કે તરત જ નવાબસાહેબે પાછળ ફરીને પેલી ગાનારી બાઈઓને ઉદ્દેશીને ટકોર કરી : "જરા સુન ભી તો લો.

ચિંતામણિ જૈસી જિંદગી બનાઓ.” એ ગાનારીઓમાં બનારસની મશહૂર ગાનારી સિદ્ધેશ્વરી પણ હતી. એણે તરત જ ઉત્તર વાળ્યો : “ચિંતામણિ તો અપને મકાનમેં બેઠી હૈ, લેકિન હમ તો આપકે મહેલમેં હૈં, ક્યા કરેં ઔર કૈસે કરેં?”

અને સૌ હસી પડ્યા. નાટક પાછું ચાલુ થયું. ગમગીન બનીને હું ઊઠી ગયો.

# અનિવાર્ય અસબાબ

નરેન્દ્રમંડળના અધિવેશનમાં ભાગ લેવા અમે દિલ્હી જતા હતા. અમારું સ્ટેશન નાનું હતું એટલે દિલ્હીમેલ ત્યાં ઊભો રહેતો નહોતો. એટલે એક ગાડી વહેલા જઈને અમારે એ મેલગાડી ઝાંસીથી પકડવાની હતી. એ નાના સ્ટેશન ઉપર એ સવારે ત્રણચાર રાજાઓનો અસબાબ ભેગો થયો હતો. મહારાજાસાહેબો તો બધા મોટરોમાં જવાના હતા. માત્ર સામાન, સિપાઈઓ, અંગત સેવક અને કારકુનો અને વધારામાં એ સૌની સંભાળ માટેનો એકાદ અમલદાર એમ મેળો જામ્યો હતો. રાજામહારાજાઓના ગંજાવર અને નકામા સામાનના ઢગલાઓથી હું વાકેફ હતો એટલે સામાનના આ પર્વતો એ મારું આશ્ચર્ય નહોતું. પરંતુ એક મહારાજાના સામાનમાં પડેલા વીસપચીસ મણના લીસા પથ્થરે મારું ધ્યાન ખેંચ્યું. એક દાઢીવાળો દરવાન એ સામાનની રખેવાળી કરતો હતો. મેં એને પૂછ્યું: 'ક્યોં ભાઈ, યહ પથ્થર કિસ કામ કે લિયે હૈ?' દરવાને ઝૂકીને સલામ કરી અને બોલ્યો: 'સરકાર હુઝુર કે સંગ ધોબી

જાત હૈ દેહલી, વહાં ઉસે કપડે ધોને કે લાને પથ્થર મિલો ના મિલો તો ઘર સે લે જાત હૈ.'

આ અનિવાર્ય અસબાબને જોઈ મને થયું કે હિંદુસ્તાનના નકશામાં આ પીળા રંગની દુનિયાએ પણ ગજબ કર્યો છે.

# સમય પર સવારી

એક વહેલી સવારે મહારાજાસાહેબનો ફોન આવ્યો કે પૅલેસમાં અગત્યનું કામ છે માટે જલ્દી પહોંચી જવું. ઉતાવળે મહેલમાં પહોંચ્યો ત્યારે એમણે કહ્યું : "આપણા વડાન્યાયાધીશ બાજપેઈને જલદી મોટર મોકલવીને બોલાવો. એમનું બહુ જ જરૂરી કામ છે." મેં આ આજ્ઞાની સાથે તરત જ મોટર મોકલી અને અડધાએક કલાકમાં તો એ લખનોરી જીવ મહામુશ્કેલીએ હાજર થઈ ગયો. બાજપેઈ લખનૌના હતા. ટાઢો અને રંગીલો આત્મા. સવારે નવેક વાગે ઊઠે અને નિત્યક્રમ પરવારી, જમીને માંડ બાર વાગે કોર્ટમાં પહોંચે. એને સવારમાં આઠ વાગે પકડી મંગાવ્યા એની મેં એમની પાસે માફી માગી લીધી. હું તો એમને મુલાકાતીના ઓરડામાં બેસાડીને મારે કામે ચાલ્યો ગયો. અગિયારેક વાગ્યે પાછો આવ્યો ત્યારે બાજપેઈ ત્યાં જ બેઠા હતા. મેં પૂછ્યું તો હજી મહારાજાસાહેબે બોલાવ્યા નહોતા. એટલે મેં ખાસ જઈને મહારાજાસાહેબને યાદ કરાવી આપ્યું કે બાજપેઈ બેઠા છે. અને પાછો હું મારા કામમાં ગૂંથાઈ ગયો. લગભગ

બારેક વાગે મારી બૂમ પડી. જોઉં છું તો એન્જિનિયર સાહેબનો ફોન હતો. એઓ સવારના નવ વાગ્યાથી નવા બંધાતા પૅલેસમાં મહારાજાસાહેબની રાહ જોઈ રહ્યા છે. એ સમાચાર પણ મેં હજૂરને પહોંચાડ્યા. એનો તરત જ હુકમ થયો કે મોટર તૈયાર કરાવો. અમે અડધીએક કલાકમાં નવા પૅલેસમાં જવા નીકળ્યા ત્યારે મોટરમાં બેસતી વખતે મેં પાછું યાદ દેવડાવ્યું કે બાજપેઈ બેઠા છે. ઉત્તર મળ્યો કે પાછા આવીને વાતચીત કરીએ છીએ, બેસાડો એમને. દોઢેક વાગે અમે પાછા આવ્યા એટલે ઉતાવળે મહારાજાસાહેબ નાહવા ચાલ્યા ગયા. બાજપેઈને આશ્વાસન આપીને હું ઘેર જમવા નીકળ્યો અને હાજરી પર રહેલા એ.ડી.સી.ને સૂચના આપતો ગયો કે મહારાજાસાહેબને બાજપેઈની યાદ દેવડાવે.

સાંજે સાડાછ વાગે ટેનિસ રમીને અમે મહેલમાં પાછા આવ્યા ત્યારે મને ખબર પડી કે બાજપેઈ હજી બેઠા જ છે. મેં જઈને તપાસ કરી કે એમણે કંઈ ખાધુંપીધું કે નહીં. બિચારા સવારના ભૂખ્યા બેઠા હતા. મહારાજાસાહેબ ક્યારે બોલાવે એ ચિંતામાં જમવા પણ ગયા નહોતા. મેં એમને માટે ચા અને 'ભારે' નાસ્તાની ગોઠવણ કરી અને મહારાજાસાહેબને ખબર આપી કે બાજપેઈ બેઠા છે. લગભગ સાડાસાતે મહારાજાસાહેબ બહાર આવ્યા ને તરત જ ખબર આવી કે નવા મહેલની પાછળ એક ચિત્તાએ ગાય મારી નાંખી છે. બસ એકદમ તૈયારીનો હુકમ મળ્યો અને બાજપેઈને બેસવાનું કહી અને ચિત્તાની શોધમાં ઊપડ્યા. રાતે સાડાનવ વાગે ચિત્તાનો પ્રાણ હરીને અમે પાછા ફર્યા અને

મહારાજાસાહેબ આ ખુશખબર મહારાણીને કહેવા અંદર ગયા. મેં મારી રીતે બાજપેઈને સાન્ત્વના આપી. ત્યાં તો ખબર આવી કે રાતનું ખાણું મહારાજાસાહેબ જનાનખાનામાં મહારાણીસાહેબ સાથે લેવાના છે. મેં તરત જ એક વિશ્વાસુ બાઈ સાથે બાજપેઈનો સંદેશો મોકલ્યો અને બાજપેઈ માટે મારી સાથે જ જમવાની વ્યવસ્થા ત્યાં મહેલમાં જ કરી. રાતના અગિયાર વાગ્યા અને છતાં કંઈ સમાચાર ન આવ્યા ત્યારે હું જાતે ખાસ પરવાનગી માગીને જનાનખાનામાં ગયો અને મહારાજાસાહેબને કહ્યું કે બાજપેઈ હજી બેઠા છે. મહારાજા જમીને હુક્કો પીતા હતા અને આગળપાછળ સૌન્દર્ય અને સુખનું વાતાવરણ હતું. જવાબ મળ્યો : “એમને ખોટી કરવા માટે દિલગીર છું. હવે તો કાલે સવારે નવ વાગે બરાબર બોલાવો. કાલે જ વાતચીત કરીને નક્કી કરી નાંખીશું.” રોજના નિયમ પ્રમાણે મધરાતે જ્યારે હું ઘેર જવા નીકળ્યો ત્યારે બાજપેઈને પણ મોટરમાં સાથે લીધા અને રસ્તામાં એમને ઘેર ઉતાર્યા. આખે રસ્તે બાજપેઈ બિલકુલ બોલ્યા નહીં. પણ એમનું મૌન એ જ એમની અંતરવ્યથાની વાણી હતી.

# હું નહીં બદલું

અમારું રાજ્ય મોટું હતું પણ અમારું રેલવે સ્ટેશન નાનું હતું. લોકલ ગાડી માત્ર બે જ મિનિટ ઊભી રહેતી અને મેલગાડી પકડવા માટે અમારે આગલી લોકલગાડીમાં નીકળી જંક્શને પહોંચવું પડતું. હું મારા કાફલા સાથે લખનૌ જતો હતો અને ત્યાંથી અમે મસૂરી જવાના હતા. સ્ટેશન ઉપર એક નાનાશા રાજ્યના ધણી પણ અલ્હાબાદ જવા માટે પધાર્યા હતા. પ્લૅટફૉર્મ ઉપર એમને બેસવા માટે સ્ટેશનમાસ્તરની એકની એક ખુરશી બહાર કાઢવામાં આવી હતી અને દરબાર બરાબર જ્યાં ઍંજિન આવીને ઊભું રહે ત્યાં જ પ્લૅટફૉર્મને છેડે બેઠા હતા. આગળપાછળ હુકમ ઉઠાવવા હજૂરિયાની હાર વીખરાયેલી ઊભી હતી. એટલામાં તો એક ઘંટો વાગ્યો, સીટી વાગી અને ગાડીએ દૂરથી જ પોતાનું આગમન જાહેર કર્યું. એક હજૂરિયાએ પેલા રાજાસાહેબને નિવેદન કર્યું કે ગાડી આવે છે. એટલે તરત જ હુકમ થયો કે હવે પાન બનાવો. પાન બની રહ્યું અને ગાડી પણ આવી ગઈ. ત્યાં વળી હુકમ થયો કે હુક્કો ભરો. હુક્કો ભરાયો

ન ભરાયો ત્યાં ગાડીએ સીટી મારી અને પોતાની ઊપડવાની વાત જાહેર કરી. સ્ટેશનમાસ્તર દોડતો આવ્યો. દરબારનો પહેલા વર્ગનો ડબ્બો છેક પાછળ ગાર્ડના ડબ્બાની પણ પાછળ હતો. હું પણ એ જ ડબ્બામાં બેસવાનો હતો એટલે હું તો અંદર બેસીને દરબારની વાટ જ જોતો હતો. દરબારના માણસોએ સામાન ઊંચકીને દોડવા માંડ્યું. ગાડી તો ધીરેથી ઊપડી. ચાલતી ગાડીએ સામાન અંદર ધકેલાયો. સ્ટેશનમાસ્તરે લીલીને બદલે લાલ ધજા કરી એટલે ગાડી જરા અટકી. હું ઊતરીને દરબારને લેવા દોડ્યો. ત્યાં તો દરબાર હજી કોગળો કરતા હતા. મહામહેનતે મેં એમને સમજાવ્યા ત્યારે ડબ્બા તરફ એમણે ચાલવાની હામ ભીડી. એક હજૂરીયાએ હુક્કો ઝાલ્યો છે. હુક્કાની નળી દરબારના હાથમાં છે. બીજો હજૂરિયો પાનનો મોટો ચાંદીનો ડબ્બો ઉઘાડીને પાન ધરી રહ્યો છે. ચાલતાં ચાલતાં, અને દરબાર પાન ખાતા ખાતા વચ્ચે નળીમાંથી ધુમાડો કાઢતા કાઢતા ચાલે છે. મારી ધીરજ ખૂટતી હતી. સ્ટેશનમાસ્તર અકળાયા હતા. ત્યાં તો એમનાથી લાલને બદલે લીલી ધજા બતાવાઈ ગઈ અને ગાડી પાછી ધીરેથી ઊપડી. મેં દરબારને કહ્યું કે જરા જલદી પગ ઉપાડો. જવાબ મળ્યો કે ગાડીને જવું હોય તો જાય પણ હું ચાલ નહીં બગાડું. હું દોડીને ડબ્બામાં ચઢી ગયો અને અંદર જઈને પાછી સાંકળ ખેંચી. ગાડીની ઉપર ઉપકાર કરતા હોય તેમ પોતાની ગજગતિએ દરબાર આખરે ગાડીમાં બેઠા. એમાં કમાયો સ્ટેશનમાસ્તર. દરબારે ખુશ થઈને ડબ્બામાંથી સ્ટેશન-માસ્તરને પચીસ રૂપિયા બક્ષિસ આપ્યા અને

એના ઉમંગમાં એણે જોરથી લીલી ઝંડી ઉડાવીને ગાડીને વિદાય આપી.

# છબી કોરાઈ ગઈ

મધ્યપ્રદેશમાં વિંધ્યાચળની ઘાટીનાં જંગલો વાઘના અને બીજાં જંગલી પશુઓના નિવાસસ્થાન તરીકે મશહૂર છે. તેમાંયે કટનીથી માણેકપુર, દક્ષિણ ઉત્તર અને રીવાંથી ઓચ્છા સુધીના પૂર્વપશ્ચિમ લગભગ દસ હજાર ચોરસ માઈલના બુંદેલખંડ-બાઘેલખંડ વિસ્તારમાં ગાઢ અને ભયંકર જંગલો પડ્યાં છે, આ જંગલો જુદાં જુદાં દેશી રાજ્યોની સરહદોમાં વીખરાયેલાં છે. પરંતુ ચરખારી, છત્રપુર, બીજાવર અને ઓરછાનાં દેશી રાજ્યો પાસે જંગલોનો વિસ્તાર બહુ નથી. મોટાં અને બિહામણાં જંગલો પન્ના અને રીવાં રાજ્યની સરહદોમાં સમાયેલાં છે. તેમાંયે પન્નાનાં જંગલો વાઘ, દીપડા, ચિત્તા, રીંછ, વરુ, હરણ અને સાબરના શિકાર માટે ખૂબ પ્રખ્યાત છે. આ પન્ના રાજ્યમાં ત્યાંના મહારાજાના અંગત મંત્રી તરીકે પાંચ વરસ કામ કરવાની તક મળવાથી શિકાર વિષે ઘણી વાતો અને વિગતો જાતઅનુભવથી જાણવાની મળી. પહેલાં શિકાર વિષે ઘણા પીઢ શિકારીઓ પાસેથી રોમાંચક વાર્તાઓ અને વર્ણનો સાંભળેલાં. ત્યારથી

શિકાર કરવાની ઘણી હોંશ હતી. એક વખત ભાવનગરથી થોડાક મિત્રો સાથે એક દીપડાના શિકાર માટે ઠેઠ જૂનાગઢની સરહદ સુધી પ્રવાસ કર્યો હતો. પરંતુ માત્ર પ્રેક્ષક તરીકે. અજમેર પાસે ખરવાની એક નાનીશી જાગીરના રાવસાહેબ ગણપતસિંહજી સાથે ઘોડા પર સૂવરના શિકારની મોજ માણી ત્યારે જિંદગીના એ પહેલા શિકારનો અનુભવ રોમાંચકારી, ઉપરાંત મારી પોતાની શક્તિ, સમયસૂચકતા અને ઘોડેસવારીની કસોટી કરનાર પણ નીવડ્યો. રાવસાહેબ અને એમનાં ઠકરાણી બંને સૂવરનાં આબાદ શિકારીઓ હતાં. બંનેની ઘોડેસવારી દિલ ધડકાવનારી હતી, પરંતુ કાબેલ હતી અને નિશાનબાજીમાં એ બંને પતિપત્નીમાં કોણ ચઢે એ કહેવું મુશ્કેલ હતું. સૂવરનો શિકાર ઘણે ભાગે ઘોડા પરથી જ થાય છે. એને માટે શિકારીમાં કસાયેલું બાહુબળ હોય તો જ ભાલાની અણીથી સૂવરને સુવાડી શકાય. ઉપરાંત ઘોડા પરની એની સવારી પણ પકડદાર અને ગંઠાયેલી હોવી જોઈએ, નહીં તો મારેલો ભાલો તાકાતપૂર્વક પાછો ખેંચી લઈને આસનને પાછું સમતોલ બનાવવું ઘણું જ મુશ્કેલ બની જાય છે. ઘોડેસવારની ઘોડા પરની પકડ જો મજબૂત ન હોય તો રાંગમાંથી ઘોડો ખસી જઈને સવારને નીચે ગબડાવી દે એની પૂરી સંભાવના હોય છે. નાસતો સૂવર અને એની પાછળ નાસતો ઘોડો એ બંનેની ગતિ પારખીને ભાલો ઉગામીને સૂવરની ગરદન કે પેટમાં હુલાવી દેવા માટે શિકારીની પાસે ચકોર અને ચોક્કસ દૃષ્ટિ ના હોય તો ઘા તો ખાલી જતો જ રહે પણ એ સમતુલા ચૂકીને જો શિકારી નીચે આવી પડે તો સૂવરનો જ શિકાર બની જાય.

ખરવાની રાઠોડી ઠકરાણીએ ભયંકર અને તીણા દંતુશળવાળા એક ભારે મદમસ્ત અને વીફરેલા સૂવરને એક વખત ઘોડાની લગભગ બાર આની ગતિએ અદ્‌ભુત ચોકસાઈ અને અચૂકતાથી ભાલો હુલાવી દીધો હતો. ભાલો એટલો ઊંડો ઊતરી ગયો કે પાછો ખેંચી શકાયો નહીં, અને ભાલો અંદર જ રહેવા દઈને ઠકરાણી ચાલી નીકળ્યાં. એ વખતે સમતુલા ગુમાવવાનો પૂરેપૂરો ભય હતો. પણ એમની અચૂક સમયસૂચકતા અને બહાદુરીથી એમણે ભાલાને જતો કરીને પોતાની જાતને અને પોતાની પ્રિય ઘોડી બિલ્લોરીને સંભાળી લીધી. ભાલાના ઊંડા ઘા સાથે નાસતા સૂવરની દોડ ધીરી બની ગઈ અને પાછળથી ઠાકોર સાહેબે પોતાના ઘોડા ઉપર પેંગડામાં અધ્ધર થઈને બરાબર સમતુલા જાળવીને ભાલો કાઢી લીધો. દસપંદર ફૂટ પણ નહીં જવા પામ્યું હોય અને એ વિકળ પશુ ભોંયભેંગુ થઈ ગયું.

પરંતુ સૂવર અને રીંછથી વધારે રોમાંચક અને રંગદર્શી શિકાર તો અમે એક વખત પન્ના મહારાજાના ખાસ જંગલ રમણામાં એક વિકરાળ વાઘનો કર્યો હતો. પન્ના જંગલમાં મોટામાં મોટા વાઘનો શિકાર અત્યાર સુધીમાં ધોળપુરના મહારાજાએ કર્યો છે. એ વાઘની લંબાઈ અગિયાર ફૂટ અને બે ઇંચની છે. ધોળપુરના રાજમહેલમાં એ વાઘને મસાલો અને દવાઓ ભરીને જાણે જીવતો હોય તેમ એક કાચના કબાટમાં ઊભો રાખ્યો છે. એ મરેલા વાઘને જોઈને પણ માણસો ડરી જાય એટલે ભયાનક એ આજેય લાગે છે. પહેલાં અગિયાર ફૂટની

કાયા સાંભળીને હું પણ ચોંકી ઊઠ્યો હતો. પણ વાઘનું માપ એના નાકથી માંડીને એની પૂંછડીના છેડા સુધીનું ગણાય છે.

પન્નામાં બિકાનેરના મહારાજકુમાર વાઘના શિકાર માટે આવ્યા હતા. ત્રણ- ચાર દિવસથી અમે જુદા જુદા શિકારી અફસરો મારફત વાઘની ખબરો જંગલમાંથી મંગાવી હતી. ચોથે દિવસે સવારે એક શિકારી અફસર વહેલા રાજમહેલમાં આવી પહોંચ્યા. એમના મોઢા ઉપર સ્મિત હતું અને આખો ચહેરો આશાની આગાહી જેવો બની ગયો હતો. મને જોતાં જ એમણે ખુશખબર આપી કે વાઘનો પત્તો મળ્યો છે. એક ભેંસને મારીને એ પોતાની બોડમાં લઈ ગયો છે. એટલે આજ સાંજ સુધી ત્યાંથી ખસવાની સંભાવના નથી. વાઘ લગભગ અગિયાર ફૂટ લાંબો છે. આ સાંભળીને મને બહુ નવાઈ લાગી. આ માણસો વાઘને જોયા વિના એનું માપ શી રીતે કહી શકતા હશે? મેં એ અફસરને પૂછ્યું ત્યારે એણે પોતાના ખિસ્સામાંથી પાંચેક ઈંચ લાંબી એક સળી કાઢી. બોલ્યાઃ 'જુઓ, આ સળી વડે એ વાઘના આગલા પગલાંનું માપ લીધું છે, એ પગલું જેટલા ઇંચ લાંબું તેનાથી બમણા ફૂટનું એનું શરીર હોવાનું. આ સળી સાડાપાંચ ઇંચની છે. આ ઉપરથી લાગે છે કે વાઘ અગિયારેક ફૂટ લાંબો હોવો જોઈએ.' એટલામાં મહારાજા નીકળ્યા. અફસરે વાઘના સમાચાર આપ્યા. હુકમ છૂટ્યો કે શિકારની તૈયારી કરાવો. આ શિકાર હાકોનો થશે એ પણ નિર્ણય થઈ ગયો. વાઘના બે પ્રકારના શિકાર બહુ મશહૂર અને પ્રચલિત છે. એક આ હાકોનો અને બીજો એના રસ્તામાં બળદ અથવા એવું જ કોઈ બીજું મોટું

જનાવર બાંધવું અને વાઘ એના શિકાર માટે આવે ત્યારે એને મારવો. આ પ્રકારને 'કિલ'નો શિકાર કહેવાય છે. પણ બંને પ્રકારના શિકાર માંચડા ઉપરથી જ થાય છે.

વાઘનો શિકાર બહુ ખર્ચાળ હોય છે. એમાં સમય, શક્તિ અને પૈસાનું ઘણું સારું ખર્ચ કરવું પડે છે. જે દેશી રાજ્યોમાં આ શિકારની સહેલગાહ થતી હોય છે ત્યાં શિકારના ખાસ અફસરો અને ખાસ ખાતાંઓ હોય છે. પન્નાથી બે મોટરટ્રક તંબુઓ ભરીને એના મજૂરો સાથે ઊપડી ગઈ. એની પાછળ રાજમહેલના ખાનસામાઓ અને રસોઇયાઓ પોતપોતાના સરસામાન સાથે બે બસ ભરીને ઊપડ્યા. વૈશાખ મહિનો હતો, એટલે ઠંડા પીણાંઓ અને આઇસક્રીમની ખાસ વ્યવસ્થા હતી. શિકારી અફસરો માંચડા બાંધવાની વ્યવસ્થા કરવા અને હાકો માટે આજુબાજુનાં ગામડાંઓમાંથી પાંચસોક માણસો એકઠા કરવા તરત નીકળી ચૂક્યા હતા.

અગિયારેક વાગે ચાર મોટરો લઈને અમે ઊપડ્યા. પન્નાથી લગભગ વીસેક માઈલ અંદર જંગલમાં જવાનું હતું. અડધો માઈલ જંગલના ઊંડાણમાં અમારે ચાલવું પડ્યું. કારણ મોટરોના અવાજથી વાઘને ખલેલ પહોંચે તો એ ચકોર પ્રાણી ચેતી જાય અને કદાચિત્ બીજી જ દિશાએ ચાલતું થઈ જાય. દબાતે પગલે અમે માંચડાઓ પાસે પહોંચી ગયા. બંદૂકો પહેલેથી જ અજમાયશ કરીને તૈયાર રાખી હતી. ગોળીના કારતૂસો પણ બધા બરાબર તપાસી લેવામાં આવ્યા હતા. લગભગ સાડાબાર વાગે અમે માંચડાઓ ઉપર બેસી ગયા. મુખ્ય માંચડા ઉપર

શિકાર કરનાર મુખ્ય મહેમાન પોતાના યજમાન સાથે બેઠા હતા. સાથે એક કાબેલ અને નિપુણ શિકારી અને એક અચૂક નિશાનબાજ એ. ડી. સી. હતા. બીજો માંચડો જે ઘાયલ માંચડો કહેવાય છે ત્યાં મુખ્ય મહેમાનના રહસ્યમંત્રી, હું અને બે શિકારીઓ બેઠા હતા. બીજા માંચડા ઉપર બાકીની મંડળી ગોઠવાઈ ગઈ. ઘાયલ માંચડાનું મહત્ત્વ એટલું જ કે જો મુખ્ય માંચડા ઉપરથી શિકાર છટકે તો એ ઘાયલ માંચડા આગળથી જ નીકળે અને ત્યાં એનો અંત આવી જવો જોઈએ. ત્રીજો માંચડો એ તો માત્ર પ્રેક્ષકો માટે હોય છે. એ માંચડા પરના માણસો શિકારમાં જોવા સિવાય બીજો ભાગ લેતા નથી.

દરેક જણને ચોક્કસ સૂચના આપી દેવામાં આવી હતી. હાકો શરૂ થયા પછી તદ્દન ચુપકીદી જળવાવી જોઈએ. ધીરેથી કાનમાં પણ વાતચીત તો થઈ જ ન શકે. જોરથી શ્વાસ પણ નહિ લેવાનો. ખાંસવા અથવા ખોંખારવા જેવા અવાજ તો બિલકુલ નહિ જ કરવાના. વાઘ બહુ જ ચકોર અને ચપળ પ્રાણી છે. એટલું સતેજ અને સ્ફૂર્તિવાળું કે માણસના શ્વાસની ગંધ આવતાં તે દિશા પારખી લે છે અને એ ઉપરથી તરત જ પોતાની દિશા બદલે છે.

વૈશાખનો મહિનો હતો. સળગતો બપોર હતો. વિંધ્યના એક ઘાટીના જંગલમાં 1150 અંશ ડિગ્રીનો તાપ પથ્થરો તપવાને પરિણામે વધારે આકરો લાગતો હતો. ભયંકર સૂનકાર વિસ્તર્યો હતો. બહાદુર માણસની બહાદુરી કંપાવે એવા ગરમ પવનના સુસવાટા વાતા હતા. ત્યાં સૂનકારની ભયાનકતા વીંધીને હાકોનો અવાજ વહી આવ્યો. અવાજની આ અસ્પષ્ટતા અને એનું અંતર

એની વિકરાળતા વધારતાં હતાં. ધીરેધીરે આ અવાજ પાસે આવતો ગયો અને એની સ્પષ્ટતા છતી થઈ ગઈ. હાકોના શિકારનો મારો આ પહેલો અનુભવ હતો. જાણે બળવાખોરો કોઈ શહેર લૂંટવા અને બાળવા આવતા હોય એવું વાતાવરણ સરજાઈ ગયું. બુમરાણ વધી ગઈ એટલે વનરાજ ચિઢાયો. એણે ગર્જના કરી. ટોળાનો અવાજ વીંધીને એ ગર્જના જંગલમાં પછડાઈ અને એના પડઘા પડ્યા. વાતાવરણ વધારે બિહામણું બની ગયું. માનવીનો અવાજ એણે વરત્યો એટલે એણે એ અવાજની અવળી દિશામાં ચાલવા માંડ્યું. અમારી તરફ હવે એ આવતો હતો. જ્યાં જ્યાંથી એને છટકી જવાના રસ્તાઓ હતા ત્યાં તો ભાલા, તલવાર અને લાઠીઓ લઈને માણસો નીચે અને ઝાડ પર હાજર હતા. માણસ જેમ વાઘથી ડરે છે તેમ વાઘ પણ માણસથી ડરે છે. એને આજે પોતાનું જૂનું જંગલ નવું લાગતું. એના મોતના આશકો એકઠા થયા હતા. એનું પહેલું ભાન એને આડા રસ્તા રોકીને ઊભેલા માણસો પરથી થઈ ગયું. અને એ ચમક્યો. ઘાયલ માંચડા પરથી અમે એ પશુવરને સ્પષ્ટ જોઈ શકતા હતા. મુખ્ય માંચડાને હજી આડ નડતી હતી. કોઈ બાગમાં પાંજરામાં વાઘને જોવા ટેવાયેલી આંખોએ પહેલી વાર સ્વતંત્ર વિહાર કરતા વનરાજને પોતાના રાજ્યમાં ચક્રવતી રૂપે નીરખ્યો. હૈયું પળવાર તો થંભી ગયું. શ્વાસ આપોઆપ રોકાઈ ગયો. નવીન વાતાવરણથી સહેજ જાગ્રત થઈને એ વિકરાળ વનરાજે ભયાનક ગર્જના કરી. આખું જંગલ ગજી ઊઠ્યું. પડછંદા પડ્યા. ભયંકર સૂનકાર પણ ધ્રૂજી ઊઠ્યો. હાકોની હરોળ સાંકડી થતી

ગઈ. અવાજ ઉગ્ર થતો ગયો અને વાઘ અમારા તરફ ધકેલાતો ગયો. એને અમારા તરફ આવ્યા વિના હવે બીજો રસ્તો નહોતો. વનરાજ જાણે આ અનિવાર્ય પરિસ્થિતિ પામી ગયો. એટલે એણે એક આડે રસ્તે થઈને નીકળવાનો પ્રયાસ કરી જોયો. પણ ત્યાંથી ભાલા અને તરવારના ચમકારા જોયા. ટોળાનો અવાજ પારખ્યો. એટલે મૃત્યુના આંગણામાં હવે એ નિર્ભય રીતે શહેનશાહની અદાથી આવી રહ્યો. એની આંખો દિશાઓ પારખતી હતી. એની ચાલ દઢ સામર્થ્યની પગલીઓ પાડતી હતી. નિશાનવાળા કેન્દ્રમાં રોપેલી નાની લાલ ધજા જોઈને એ જરા થંભ્યો ત્યાં તો મુખ્ય માંચડા ઉપરથી ગોળી વછૂટી 'ધાંય'. એના અનેક પડઘા પડ્યા. અવાજ ટુકડેટુકડા થઈને વીખરાઈ પડ્યો. વનરાજ દસબાર ફૂટ ઊછળીને જે દિશા તરફથી ગોળી આવી હતી ત્યાં ફાળ ભરીને કૂદ્યો અને 'ધાંય'નો બીજો અવાજ થયો. પોતાની ફાળથી અધ્ધર થયેલો એ બહાદુર ત્યાં જ વીંધાઈ ગયો. એનું શબ ધડાક દઈને ધરતી પર પડ્યું. સલામતી માટે બીજી બે ગોળીઓ એના શબમાં આવીને લપાઈ ગઈ. ભયંકર ચુપકીદી કકળી ઊઠી.

અડધા કલાકે એક સીટી વાગી. લીલી ઝંડીઓ ફરફરી રહી. સૌએ જાણ્યું વનરાજ મૃત્યુ પામ્યો. શિકારીઓ માંચડા પરથી નીચે ઊતર્યા. અમારી સાથે એક છબી પાડનાર પણ આવ્યો હતો. એણે મુખ્ય મહેમાન અને યજમાનને બંદૂક સાથે ઊભા રાખીને અવસાન પામેલા વનરાજ સાથે છબી પાડી.

મારા અંતરમાં પણ એક છબી કોરાઈ ગઈ. મરેલી બહાદુરી પડી હતી તેની સાથે જીવતી કાયરતા ઊભી હતી.

# આત્મવિલોપનનો ઉત્સવ

નીલમનગરના યુવરાજના લગ્નની જાન નેપાળ તરફ જતી હતી. ફેબ્રુઆરીના દિવસો હતા. વસંતઋતુની મધ્યની ચમકતી ઠંડી હતી. બાદશાહી અમારો ઠાઠ હતો. આખી આગગાડી અમારી આગવી હતી. સલૂનોમાં રાજામહારાજાઓ બિરાજ્યા હતા. પહેલા વર્ગના ડબ્બાઓમાં દીવાનો, પ્રધાનો, રહસ્યમંત્રીઓ અને રક્ષકો હતા. બીજા વર્ગમાં નાના અમલદારો અને કલાકારોની જગ્યા હતી. નોકરચાકરોની જમાવટ ત્રીજા વર્ગમાં હતી. અલ્હાબાદથી અમારી આ ગાડીનાં રુઆબ અને રોનક વધ્યાં. આખી આગગાડી આસોપાલવ અને વિવિધરંગી ફૂલોનાં તોરણોથી શણગારાઈ. દિલ્હી, લખનૌ, કાનપુર અને કલકત્તાથી ખાસ બોલાવેલા ગવૈયા, ગાનારીઓ, નર્તકો અને નર્તકીઓ, વિદૂષકો અને ફોટોગ્રાફરો અલ્હાબાદથી અમારી સાથે જોડાયાં. સાડાબારે ગાડી અલ્હાબાદથી ઊપડી. નમતા બપોરે અમે બનારસ પહોંચ્યાં. અહીં કેન્ટોન્મેન્ટ સ્ટેશને મોટી ગાડી (બ્રૉડગેજ) બદલીને નાની ગાડીમાં (મિટરગેજ) બેસવાનું

હતું. વ્યવસ્થા બધી જ મોટી ગાડી જેવી જ હતી. બંને ગાડીઓ સ્ટેશનના મુખ્ય પ્લૅટફૉર્મ ઉપર સામસામી એવી રીતે ઊભી હતી કે આસાનીથી માણસો અને સરસામાનની ફેરબદલી કરી શકાય. જાનમાં રાજામહારાજાઓ તો માત્ર ચૌદ હતા પણ બાકીનો રસાલો બહુ મોટો હતો. બધા મળીને ત્રણસોએક માણસો હશે. પણ સરંજામ હજાર માણસોનો હોય તેના કરતાં વધારે હતો.

બનારસ સ્ટેશનનો દેખાવ જોવા જેવો થઈ રહ્યો. રંગબેરંગી સાફાના તોરા ફરફરી રહ્યા. અંગરખા અને સુરવાળની ઉપર જુદા જુદા રંગની ભેટ બાંધેલા, વિવિધ ઘાટની રંગીન પાઘડીઓ પહેરેલા ચોપદાર ચાંદીસોનાની છડી લઈને આમતેમ ઘૂમવા લાગ્યા. પોતાના રાજ્યના ખાસ રંગના લશ્કરી ગણવેશ પહેરેલા અંગરક્ષકો પહેરો ભરવા લાગ્યા. લાંબી શેરવાની, સુરવાળ અને સાફો, ટૂંકો જોધપુરી કોટ અને બ્રિજીસ, છેલ્લી ઢબનો અંગ્રેજી પોશાક, એમ વિવિધ આકર્ષક પહેરવેશવાળા આદમીઓથી બનારસનું સ્ટેશન એક નાનું રજવાડું બની ગયું.

એક કલાકમાં અમારે ગાડીની ફેરબદલી પૂરી કરવાની હતી, કારણ ગાડીઓ મેઈલ લાઈનના મુખ્ય પ્લૅટફૉર્મને રોકીને ઊભી હતી. ગુજરાતી, રાજસ્થાની, મારવાડી, હિંદી, બુંદેલી, બંગાલી અને બિહારી એમ જુદી જુદી વાણી દ્વારા પ્રગટ થતા અવાજો કોલાહલનું રૂપ ધરીને મનોરંજનનું કામ કરતા હતા. પણ પ્રીતમગઢના મહારાજાની આજ્ઞા વિશેષ રૂપે બહાર આવી. એમના સલૂન આગળ એમણે મુજરાની માગણી કરી. વરરાજાના બાપ યજમાન હતા. એમના મહેમાનની ઇચ્છાની અવગણના શી

રીતે થાય? હુકમ છોડ્યો કે કાનપુરવાળી જિમિલાબાઈ મુજરો શરૂ કરે. બિછાયત થઈ ગઈ. સાજિન્દાઓ તૈયાર થઈ ગયા. બાઈએ ગળું ખંખાર્યું અને મુજરો શરૂ થયો. આખરે એક કલાકને બદલે અઢી કલાક મોડી પડેલી અમારી ગાડી ઊપડી. આજે યાદ નથી પણ પંદરસો કે બે હજાર રૂપિયા, અમારે વિલંબ કર્યાનો રેલવેને દંડ આપવો પડ્યો હતો.

બીજે દિવસે સવારે મોતીહારી થઈને અમે રકસૌલ પહોંચ્યા, હિંદી રેલવેને માટે આ અંતિમ સ્ટેશન હતું. અહીંથી નેપાલની હદ શરૂ થતી હતી. નેપાલ સરકારે અહીંથી બીરગંજ સુધી ખાસ ગાડીની વ્યવસ્થા કરી હતી. બીરગંજ પહોંચ્યા ત્યારે બપોર નમી ગયા હતા. આગગાડી અહીંથી આગળ જઈ શકે એમ નહોતું. જાનને માટે મોટર બસો અને લોરીઓ મળીને લગભગ બસો વાહનો હાજર હતાં. ચા-નાસ્તાની રાજાશાહી વ્યવસ્થા હતી. જાનૈયાઓ ભીમફેદી જવા ઊપડ્યા. રાત થતાં થતાં તો ભીમફેદી પહોંચી જવાયું. યંત્રનાં વાહનો માટેનું ભીમફેદી એ છેલ્લું મથક હતું. રાતે ઠંડીએ પોતાનો પરિચય આપવા માંડ્યો હતો. ખટમંડુ જતાં વચ્ચે તેર હજાર ફૂટ જેટલું ચઢાણ આવવાનું હતું. એટલે ત્યાં ટાઢનું જોર કેવું અને કેટલું હશે તેની આગાહીથી ઘણી ચિંતા થતી હતી. અહીં ગઢીના મેદાનમાં સેંકડો તંબુ અને રાવટીઓ તણાયાં હતાં. દેખાવ આખો લશ્કરી છાવણી જેવો થઈ ગયો હતો. અહીંથી ઘોડા અને ડંડી (પાલખી)માં મુસાફરી શરૂ થતી હતી. કાબેલ અસવારો પણ હિંમત હારી જાય એવી આકરી ચઢાઈ હતી. પરંતુ નેપાળના રાજકુટુંબે પહાડ ચઢવા માટે ખાસ

કેળવાયેલા નાના ઘોડાઓની વ્યવસ્થા કરી હતી. પોણો ભાગ ડંડીમાં, કંઈક ભાગ ચાલતો અને થોડો ભાગ ઘોડાઓ ઉપર એમ સૌ બીજે દિવસે સવારે રવાના થઈ ગયા.

ભીમફેદી પોતે પણ પ્રકૃતિનું સુરમ્ય બાળક છે. ત્યાંથી જ પહાડોની ચઢાઈ શરૂ થવાને કારણે જાણે હિમગિરિને ઉંબરે કોઈ નાનું બાળક બેઠું હોય એવી લાગણી થાય છે. સામે વિસ્તરતી પર્વતમાળા ચડીને ખટમંડુ પહોંચવાનું છે એ વિચારે નવો ઉત્સાહ જાગ્યો હતો. ચિસપાની ગઢી સુધીની ચઢાઈ બહુ આકરી નહોતી. નેપાળ સરકારનો, સંરક્ષણની દષ્ટિએ આ પહેલો ગઢ છે. અહીં લશ્કર અને બચાવનાં સાધનોની મોટી વ્યવસ્થા રખાઈ છે. પણ અહીંથી જ પહાડોએ પોતાનું વિશાળકાય ભયંકર સ્વરૂપ દેખાડવા માંડ્યું. કેટલેક ઠેકાણે રસ્તો માર્ગ મટીને પગદંડી જેટલો સાંકડો બની જતો. એક બાજુ નીચે હજારો ફૂટ ઊંડી ખીણ અને બીજી બાજુ માથું ફોડી નાંખે એવી પથ્થરી ઊંચી દીવાલ. પગ લપસવાની એકાદ ભૂલ જાન હરી લે એવાં આકરાં ચઢાણ જોઈને નબળી મનોદશાવાળાં સ્ત્રીપુરુષો હેબતાઈ ગયાં. ત્યાં તો એકાએક વાદળો ઘેરાઈ આવ્યાં અને થોડી વારમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો. મુશ્કેલ રસ્તો ભયંકર બની ગયો, પણ પ્રકૃતિનાં જાદુ અદ્‌ભુત હોય છે. એકાદ કલાકમાં તો વાદળાં વિખેરાઈ ગયાં. સૂર્યની ઉષ્માએ લોકોના હૃદયમાં આશાની હૂંફ આપી. બે કલાક પછી પ્રવાસ પાછો શરૂ થયો. દસેક હજાર ફૂટ ઊંચાઈએ પહોંચ્યાં ત્યાં તો કુદરતે એનું સમૃદ્ધ સ્વરૂપ જાણે છલકાવી દીધું. હિમગિરિને પેલે પારથી ખેંચાયેલું મેઘધનુષ્ય

અમારી આગળની ખીણમાં ઊતરતું હતું. એના પડછાયા કે પ્રતિબિંબથી આકાશ રંગદર્શી બની રહ્યું. હમણાં જ વર્ષાનાં નીરથી સ્નાન કરીને શુદ્ધ થયેલી નિસર્ગશ્રી સંક્ષુબ્ધ લાગતી હતી. ભય હતો કે કદાચ મુશળધાર વરસાદની એંધાણી તો નહીં હોય! પણ રાત પડતાં પહેલાં અમે ખટમંડુ પહોંચી ગયા.

અમારા મહારાજાને એવી ફિકર હતી કે આટલા બધા રાજામહારાજાઓ અને એમના રસાલાની સુયોગ્ય વ્યવસ્થા કેવીક હશે! પરંતુ એક જ વિશાળ અને સુરમ્ય રાજમહેલમાં આખી જાન ક્યાં સમાઈ ગઈ તેની ખબર પણ ન પડી.

નોકરો માટે તંબુઓ અને રાવટીઓની હારમાળા હતી. ત્રણસો વિવિધ પ્રકારના મહત્ત્વ અને મહત્તાવાળા મહેમાનો માટે નેપાળના યજમાને હજારેક તો નોકરો તહેનાતમાં રાખ્યા હતા. સો ઉપરાંત મોટરો આજ્ઞા પાળવા હાજર હતી, અને સૌની વ્યવસ્થા કરનાર અને દેખરેખ રાખનાર સો ઉપરાંત અફસરો હતા. આખી મહેમાનગતિ રાજશાહી હતી. વ્યવસ્થાની ચોકસાઈ અને ઉદાર હાથે વેરાતી સમૃદ્ધિ જોઈને અમારા મહારાજાઓ પણ વિસ્મય પામી ગયા.

ત્રીજે દિવસે સાંજે યુવરાજની લગ્નસવારી નીકળી. ખટમંડુના રાજમાર્ગ ઉપર હિંદુસ્તાનના રાજામહારાજાઓની શોભતી નેપાળના ઇતિહાસમાં કદાચિત્ આ પ્રથમ સવારી હતી. બનારસી ભરગચ્છી અને કિનખાબનાં ઝબકતાં અચકનસેરવાની, જરિયાની સાફા, હીરા, માણેક અને નીલમથી ઝળાંઝળાં થતાં તોરા અને કલગીમાં સજ્જ થયેલા રાજવીઓ રોનકથી નીકળ્યા

હતા. રંગબેરંગી ચંદેરી અને સોનેરી પોશાકમાં શોભતા રુઆબી પ્રધાનો અને મંત્રીઓ અને જુદાં જુદાં રાજ્યના લશ્કરી ગણવેશમાં ઠાઠથી ચાલતા અંગરક્ષકો સવારીની શોભા વધારતા હતા. આતશબાજીનો પાર નહોતો. જાતજાતનાં વાજાંઓના સૂરથી આખું નગર જાણે ગાજી ઊઠ્યું હતું. સોનાની અંબાડીથી શોભતો યુવરાજનો હાથી મલપતો ચાલી રહ્યો હતો. એના બંને કાન ઉપર મોર ચીતર્યા હતા, અને મોરની આંખોની બરાબર હાથીની આંખો સાથે મેળવી દેવામાં આવી હતી. એટલે હાથી જ્યારે કાન હલાવતો અને આંખો બંધ-ઉઘાડ કરતો ત્યારે મોર જીવતા લાગતા હતા. આખું ખટમંડુ રાજમાર્ગમાં બંને બાજુએ એકઠું થયું હતું.

કન્યામંડપે જ્યારે સવારી પહોંચી ત્યારે નેપાળનું રાજકુટુંબ સ્વાગત માટે રાહ જોઈને ઊભું હતું. નેપાળી રાજરાણાઓ ઉચ્ચ લશ્કરી હોદ્દાના આગવા લશ્કરી પોશાકમાં સજ્જ હતા. માથે રાજહંસ જેવા શ્વેત ગુચ્છાઓથી શોભતાં મંડિલો અને શિરપેચ હતાં. એમાં હીરા, માણેક, નીલમ અને મોતીથી જડેલી કલગીઓ ચમકતી હતી. ગળામાં તેજસ્વી અને પાણીદાર મોતીની માળાઓ એમની સમૃદ્ધિની નેકી પોકારતી હતી. સ્વાગત થયું. ઓળખાણનો રાજવિધિ થયો. વરરાજાને હાથી ઉપરથી ઉતારીને અંદર માહ્યારામાં લઈ જવામાં આવ્યા. સવારી વીખરાઈ ગઈ. રાજામહારાજાઓ અને ખાસ નિમંત્રિત મહેમાનોને દરબાર હૉલની બાજુમાં વિશાળ સુંદર મંત્રણાગૃહમાં લઈ જવામાં આવ્યા. હિંદુસ્તાનમાં ઘણા રાજમહેલ જોયા છે.

ઘણા રાજામહારાજાઓની સમૃદ્ધિ અને ઉદારતા પણ જોઈ છે પણ આ રાજામહારાજાઓના પણ મહારાજા લાગતા નેપાળી રાજરાણાઓનો વૈભવ જોઈ છક્ક થઈ જવાયું. આખી દુનિયામાંથી સર્વશ્રેષ્ઠ વસ્તુઓ વહી લાવીને અહીં એકઠી કરવામાં ન આવી હોય! ઐશ્વર્ય! કવિતામાં અને ઇતિહાસમાં વાંચેલો એ શબ્દ! અહીં જે જોયું તેનાથી એનો અર્થ સમજાયો. ભોજનમાં, રંગરાગમાં, કલાદર્શનમાં, આનંદના ઉત્સવમાં અને દિલાવરીમાં અહીં જે અનુભવ થયો એ સાચે જ વિરલ હતો. ભોજન પછી જુદા જુદા ખંડોમાં મહેમાનોના મનોરંજન માટેની વિવિધ વ્યવસ્થા હતી. કોઈ ખંડમાં શૈલકુમારી અને સિદ્ધેશ્વરીનું રાગસંગીત ચાલતું હતું. કોઈ ખંડમાં અખ્તરી ફૈજાબાદી અને જિમિલાબાઈની ગઝલકવાલી સંભળાતી હતી. એક ખંડમાં એક રૂપાળો કથક તાલ ઉપરનાં પોતાનાં પ્રભુત્વ અને છટા દેખાડતો હતો. બીજા ખંડમાં વળી એક કીમિયાગર જાદુના ખેલ કરતો હતો અને ત્રીજા ખંડમાં વિદૂષકો વારાફરતી હસાવીને મહેમાનોનું મનોરંજન કરતા હતા.

મધરાતે કન્યાના મંડપે લગ્નનો અડધો વિધિ થયો. બાકીનો સપ્તપદી અને છેડા ગાંઠવાનો અડધો વિધિ વરમંડપે પૂરો થવાનો હતો. વરરાજા વહુરાણીને લઈને પોતાને ઉતારે જવા નીકળ્યા. સાંજ કરતાં સવારી અડધી હતી. કન્યાના મહેલને દરવાજે વરરાજાનો હાથી ઊભો હતો. સવારી થંભી ગઈ હતી. આતશબાજી ગગને ચઢી હતી. વાજાંઓ વાગતાં હતાં. પરંતુ હજી કન્યાની રત્નજડિત સોનેરી પાલખી આવી નહોતી.

મહારાજાએ મને તપાસ કરવા મહેલમાં મોકલ્યો. ત્યાં જઈને જોયું તો આંખો ચમકી ગઈ. કારણ સાંભળ્યું ત્યારે હૃદય પ્રસન્નતાથી પાંગરી ઊઠ્યું. નેપાળના રાજકુલનો રિવાજ હતો કે સપ્તપદી પહેલાં રાજકન્યાએ પોતાની અંગત વસ્તુઓ બધી લૂંટાવી દેવી જોઈએ અને માત્ર વરમંડપેથી આવેલાં કપડાં પહેરીને જ એણે પિયરઘરથી નીકળવું જોઈએ. પિયર એ એને માટે ગઈકાલની વસ્તુ છે. આવતીકાલની વસ્તુ એનું સાસરું છે. માબાપ કરતાં મોટી સગાઈ એના સ્વામીની છે. ત્યાં તો દરબાર હૉલની પેલી પારથી રાજકન્યા આ બાજુ આવતી હતી. રસ્તે બંને બાજુએ કુટુમ્બીઓ, સ્વજનો, સખીઓ અને સેવક-સેવિકાઓની કતાર મંડાઈ હતી. રાજકુમારી પોતે રૂપરૂપનો અંબાર હતી. યૌવનથી પાંગરેલી નમણી નવવલ્લરી હતી. પરંતુ એની આંખોમાં ન્યોછાવરની જે નમ્રતા હતી તેણે એ સૌંદર્યને અદ્‌ભુતતા અર્પી. આગળપાછળ થાળ લઈને દાસીઓ ચાલતી હતી. થાળોમાં રાજકુમારીની અંગત, પોતાની વસ્તુઓ ભરી હતી. પાલખી સુધી પહોંચતાં તો એણે બધા થાળ ખાલી કરી નાખ્યા. ભેટ આપવામાં એણે આઘુંપાછું ન જોયું. હવે એની પોતાની પાસે પોતાનું કહેવાય એવું કશું જ નહોતું. સર્વાંગે એ સ્વામીની થવા જતી હતી. પોતાની ગઈકાલ લૂંટાવીને હવે એ આવતીકાલને બાથ ભરવા પગલાં ભરતી હતી. પાલખીમાં બેસતાં બેસતાં એણે માતાની સોડમાં ભરાઈને અંતર ખાલી કરી દીધું. પિતાની ચરણરજ લઈને એણે પાછું હૃદય ભરી લીધું. બહેનોને ભેટીને એણે સખીઓની વિદાય લીધી. સૌની સામે છેલ્લી દૃષ્ટિ કરી ત્યારે

આંખોમાંથી પડું પડું થતાં આંસુ પણ અટકી પડ્યાં. રત્નોથી શોભતી સુવર્ણમંડિત પાલખીએ રાજકુમારીને ઉપાડી લીધી.

પોતે પોતાની મટીને હવે પારકાને પોતાનો કરવા જતી હતી. પોતાની જાતની એણે 'અન્ય'માં શોધ આરંભી હતી. એમાં આનંદ જ આદિ કારણ હતું અને એ જ અંતિમ પરિણામની અભીપ્સા હતી. સ્વામીમાં સમાઈ જવા એ પોતાની વ્યક્તિનું વિસર્જન કરતી હતી. અહંનો ઉત્સર્ગ કરીને નેપાળની કુળલક્ષ્મી આત્મવિલોપનનો અભિનવ ઉત્સવ કરીને નીકળી.

# જીવન, વિષ, અમૃત

લાડલી એ નીલમનગર રાજ્યની પહેલી હરોળની જાગીર. એના વૃદ્ધ જાગીરદાર ઠાકુર દીવાન ગિરિરાજસિંહનું મૃત્યુ થયું ત્યારે લોકોને શોક થયો તેના કરતાં આનંદ વધારે થયો. આ જાગીરદાર આમ તો ગીતાભક્ત. પણ શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીએ એક મેળો ભરે. એમાં મોટું જુગારખાનું ચલાવે. એની મોટી આવકથી ખિસ્સું ભરે અને અનેક લોકોને આંસુ સારતા પાછા વાળે. એ જાગીરની પ્રજા કંગાલ અને દુ:ખી. પરંતુ જનતાનું મોટું આશ્વાસન લાડલીનો રાજકુમાર રઘુરાજસિંહ. પોતાના બાપની સાથે એનો બિલકુલ મેળ નહિ. જન્માષ્ટમીના મેળામાં રઘુરાજસિંહ નીલમનગર આવતા રહે. લાડલીના લોકોને મન આ રાજકુમાર સોનાનો માણસ.

બાપના અવસાન પછી રઘુરાજસિંહ ગાદીએ આવ્યો. રઘુરાજ મને બહુ વહાલા. એટલે એ ઉત્સવમાં મેં અંતર ભરીને ભાગ લીધો અને પછી તો અમારી મૈત્રી નિકટતાનું એક પછી એક પગથિયું ચઢતી ચાલી. સુંદર અને લાવણ્યવતી સ્ત્રીઓ

જોઈ છે. ચારુ અને મનમોહક નારીઓના પરિચયમાં પણ આવ્યો છું. ચકોર અને દક્ષ સન્નારીઓનો સમાગમ થયો છે. આ સર્વ હોય ને શીલનું ઓજસ્ હોય એવી વિરલ મહિમાવંત માતાને પણ મળ્યો છું. પરંતુ રૂપવંતા તેજસ્વી પુરુષો ઓછા જોયા છે. જેમના વર્તનમાં પ્રસાદનો પરિમલ મહેકે છે. જેમના હૃદયકમળનું આકર્ષણ મનોહારી નીવડ્યું છે એવા જૂજ નરરત્નોનો પરિચય થયો છે. દાક્ષિણ્ય જેમનું અદ્ભુત છે અને મેધાના ગૌરવથી જેઓ શોભે છે. એવા સજ્જનોના સંપર્કમાં આવ્યો છું. પરંતુ આ સર્વનો સપ્રમાણ સુમેળ હોય ને શીલના સુવર્ણરંગે ઓપતા હોય એવા વિરલ સત્પુરુષોને મળવાનું સુભાગ્ય પણ મળ્યું છે, એમાં રઘુરાજસિંહનું નામ આવે. એટલે એમનું મારા અંતરને એવું તો આગવું આકર્ષણ કે એના સ્મરણ માત્રથી મને આનંદ થાય.

આ રઘુરાજસિંહ માટે લગ્નની અનેક માગણીઓ આવવા માંડી. રાજામહારાજાઓ અને રાજકુમારો જાગીરદારોના ચારિત્ર્ય વિષે કોઈ ભાગ્યે જ છાતી ઠોકીને ખાતરી આપી શકે પણ લાડલીના આ સપૂતનું ચારિત્ર્ય સો ટચનું સોનું મનાતું અને હતું. સવારે બે કલાક ધ્યાનપૂજામાં ગાળે. કંકુના તિલકથી દીપતું એમનું મુખ નિર્મળ પ્રભાની છટાથી ઝાંયઝાંય થયા કરે. બે નિષ્કલંક આંખોમાંથી નેહ નીતર્યા કરે. સુવર્ણરંગી ને સુરેખ કાયામાં બેઠેલો પરાક્રમશીલ પ્રાણ અને અભિજાત આત્મા આપણને વહાલ કરવાનું આમંત્રણ આપ્યા જ કરે. બાળક જેવું એમનું નમણું અને નિખાલસ વર્તન સ્વાભાવિકતાની એવી સુગંધ મહેકાવે કે આપણે દુષ્ટતાનો વિચાર કરતાંય સંકોચ થાય. આ

બધું જોઈને મને એમ થતું કે રઘુરાજ ગયા જન્મનો કોઈ યોગી છે, જે આ જન્મે અધૂરો રહેલો યોગ પૂરો કરવા આવ્યો છે. ભગવાને ક્ષત્રિયનો અવતાર આપ્યો છે પણ દષ્ટિ અને હૃદય બ્રાહ્મણનાં આપ્યાં છે. પરાક્રમ અને પવિત્રતાના આવા સુમેળથી આ પુરુષ કેવો ગરવો અને ગરીબનવાજ લાગે છે! એટલે હું એના ઉપર મુગ્ધ. એની મિત્રતાનો મારે મન અનુપમ આનંદ અને એ લહાવો પણ વિરલ ગણું.

એક વખત રઘુરાજસિંહ મોટર લઈને નીલમનગર આવ્યા. નિરાંત અને એકાંત મેળવીને એમણે મારા હાથમાં એક પત્ર મૂક્યો. એમાંની વિગત વાંચીને મને પણ આશ્ચર્ય ઊપજ્યું. લાડલીથી સાઠ-સિત્તેર માઈલ આવેલી બીજી રાજપૂત જાગીર અસલનેરની રાજકુંવરીનો એ કાગળ હતો. એમનું નામ સુમનકુમારી. એ બાઈ સવારે પૂજામાં બેઠાં હતાં. ત્યાં ધ્યાનમાં એમની કુલદેવીએ આવીને દર્શન દીધાં અને આજ્ઞા કરી કે લાડલીના જાગીરદાસ સાથે લગ્નસંબંધથી જોડાઈ જા. મારા આશીર્વાદ છે. એટલે એમણે પોતે કાગળ લખ્યો હતો. રાજપૂતોમાં અને તેમાંય આવી ઠકરાતોમાં કન્યા પોતે આવો પત્ર ન લખે. એમાં લજ્જાનું શીલ તૂટે. છતાં પોતે આવી હિંમત કરી છે એટલે અમે માંગું મોકલીએ છીએ. તમે હા જ પાડજો. ના પાડશો તો હું શરીર પાડીશ.

રઘુરાજસિંહનું અંતઃકરણ ઋજુ અને સ્નિગ્ધ હતું. એમણે મારી સલાહ માગ્યા પહેલાં પોતાનો નિર્ણય કહ્યો. એઓ માગું સ્વીકારશે. મારે વધુ કહેવાનું હતું જ નહીં. એમને તો માત્ર આ

નિર્ણય પોતાના મિત્રને કહીને હૃદય હળવું કરવું હતું. બીજી વસંતઋતુમાં લગ્ન થઈ પણ ગયું. લાડલી અને અસલનેરનાં જૂનાં વેર. આ લગ્ન કોઈની કલ્પનામાંય નહીં. પણ કન્યાની હઠ અને રઘુરાજસિંહની સહજ સંમતિએ આ અસંભવિત લગ્ન કરાવ્યું હતું. અસલનેરનાં રાજકુમારીને લાડલીની હવેલીમાં જોયા પછી જે સુખ, જે આનંદ મારા અંતઃકરણને થવાં જોઈએ તે થયાં નહીં. ઊલટું એમનું વ્યક્તિત્વ જોઈને થોડીક બીક લાગી. આમ તો એ નમણાં હતાં. સુકુમાર પણ લાગતાં. દેહ ઘાટીલો હતો. આંખોમાં ચમક હતી. પરંતુ કોણ જાણે કેમ એમને જોઈને, મળીને આનંદ નહોતો થતો. એ શાંત રહેતાં તે સહેવાતું પણ હસતાં ત્યારે તો ડરી જવાતું. સ્ત્રીમાં એવું એ કયું તત્ત્વ હતું જેણે આ રાજરાણીને બિહામણી બનાવી દીધી હતી! પરખાય નહિ પણ લાગે એવું કોઈ અસુરી સૂક્ષ્મ તત્ત્વ હશે! નહિ તો સમજણ ન પડે? પણ મારી આ લાગણી, મારું આ સંવેદન મેં મારી પાસે જ રાખ્યું.

લગ્નને છ-સાત માસ વીતી ગયા હશે ને રઘુરાજસિંહ નીલમનગર આવ્યા. પાંગરેલું પ્રફુલ્લ પૌરુષ જોવા ટેવાયેલી મારી આંખોએ કરમાતું અંતઃકરણ જોઈને ઊંડી ગમગીની અનુભવી. એ રાત કદી નહિ ભુલાય. રાતે અમે અગાસીમાં બેઠા હતા. બે ઓશીકાને પોતાના ખોળામાં રાખી એના ઉપર હાથ રાખીને રઘુરાજસિંહ બેઠા હતા. એમને કંઈક કહેવું હતું ને એ કહેતા નહોતા. અંતરને ઊઘડવું હતું અને એ ઊઘડવા દેતા નહોતા. હું જરા પાસે ખસ્યો. મને એઓ બહુ જ ગમે. હું તો સ્નેહથી ગદ્ગદ થઈ ગયો. મેં એમની દાઢીએ એક આંગળીનો સ્પર્શ કરીને પૂછ્યું:

'રઘુરાજ, દિલ ન ખોલે તેને આ રાતના સોગન.' એમણે થોડી વાર મૌન રાખીને અતિશય ધીરેથી કહ્યું: 'આ સુમનકુમારી આમ સારાં છે, સ્નેહાળ છે, હુશિયાર છે, પણ...' કહીને એ અટકી ગયા. મેં વાત આગળ ચલાવતા કહ્યું: 'પણ?' અને એમણે કહ્યું: 'પણ એઓ મારા પલંગમાં સૂએ છે ત્યારે જાણે મારી પાસે નાગણ સૂતી હોય એવો આભાસ મને થયા જ કરે છે. એટલે ઘણી જ વાર મને નિદ્રા જ નથી આવતી. ક્યારેક તો એમ લાગે એટલે બીજા પલંગમાં જઈને સૂઈ જાઉં છું, અને ઘણી વખત એ સૂતાં હોય છે ત્યારે મને વહાલાં લાગવાને બદલે બિહામણાં લાગે છે.' આ વાતથી મને આશ્ચર્ય ન થયું, કારણ કે મારું સંવેદન પણ એવું જ હતું. મેં એમને મારી લાગણીની વાત કરી. એમને વિષે અમે બંને એકમત થયા પણ આનો ઉપાય શો? ખૂબ વિચાર કર્યો. મેં એમને થોડો વખત નીલમનગર રાખ્યા. થોડાક પ્રસન્ન થયા ત્યારે વિદાય લીધી. અમે એક નિર્ણય કર્યો કે સુમનકુમારીને થોડો સમય અસલનેર મોકલવાં.

બેએક મહિના વીત્યા હશે. આસો મહિનો હતો એમ યાદ છે. નવરાત્રિના દિવસો હતા. દશેરાનો એ આગલો દિવસ હતો. બપોરે ત્રણેક વાગે લાડલીની મોટર મહેલમાં આવી એણે ખબર આપી કે રઘુરાજસિંહ ઇસ્પિતાલમાં છે. અમે તો સૌ દોડ્યા ઇસ્પિતાલમાં. ડૉક્ટર ઊતરેલે ચહેરે ઊભા હતા. રઘુરાજસિંહની સુવર્ણરંગી કાયા જાણે છાયાથી ઢંકાઈ ગઈ હોય એમ નીલીછમ થઈ ગઈ હતી. આંખો મીંચાયેલી હતી. મેં એમના હાથને મારા હાથમાં લીધો. વહાલથી કપાળે હાથ ફેરવ્યો ને

બોલાવ્યા: 'રઘુરાજ! રઘુરાજ! રઘુરાજ!' ત્રીજે અવાજે આંખો ખૂલી. મારા ભણી જોયું અને આંખો આપમેળે બિડાઈ ગઈ. ડૉક્ટરના ઇંજેક્શનનું કશું ના ચાલ્યું. પળવારમાં જ એમની ગરદન એક બાજુ પડી ગઈ. ત્યાં ઊભેલા સૌ સ્તબ્ધ થઈ ગયા.

એ જ રાતે એમનું શબ લઈને અમે લાડલી આવ્યા. સવારે અગ્નિસંસ્કાર થયા. લાડલી ઉપરાંત દૂરદૂરનાં ગામોમાંથી લોકો ઊમટી આવ્યાં હતાં. રઘુરાજસિંહની સુગંધ દૂરસુદૂર વિસ્તરેલી હતી. એટલે માતમ ઊંડો હતો. વેદના બેકરાર કરનારી હતી. એ જ બેકરારી સાથે મેં હવેલીમાં જઈને સુમનકુમારીને આશ્વાસન આપ્યું. ખરી રીતે તો એ સાંત્વના હું મને જ આપતો હતો.

તે જ સાંજે લાડલીથી નીકળીને નવાગામ આવ્યો. અહીં નીલમનગરનો બંગલો હતો. રાત ત્યાં રહીને સવારે નીકળવાની ધારણા હતી. બંગલે પહોંચ્યો ત્યારે જ બેચાર માણસો મળવા ઊભા હતા. એમણે લોકવાયકા કહી કે લાડલી દરબારનું ઝેરથી મૃત્યુ થયું. લોકો વાત કરતાં ડરતા હતા. હું કપડાં બદલીને બહાર પલંગમાં આડો પડ્યો. ખાવાપીવાની સુધબુધ પણ નહોતી. દિલમાં, મનમાં, શરીરમાં – આખી હસ્તીમાં બસ વેદના ગાંડાની જેમ રઝળતી હતી. અંતરમાં યાદની ફરિયાદ આકરી બનતી જતી હતી. આમાં બિચારી નિદ્રા ક્યાં આવે! દૂરથી વાતચીત સંભળાઈ. અવાજ માળીનો હતો. જરા ધ્યાનથી જોયું તો માળી ને એની વહુ વાતો કરતાં હતાં: 'રોજ રાતે શાનો દારૂ ઢીંચીને આવે છે? શરાબી?' માળીની વહુ બોલી ત્યાં તો માળી ઊકળી ઊઠ્યો. બેચાર ગાળો સાથે એ બિચારી સ્ત્રી ઉપર તૂટી પડ્યો.

હું જઈને જોઉં છું તો બન્ને કુસ્તીમાં મસ્ત હતાં. બંનેને છોડાવ્યાં. માળી શરાબથી ગંધાતો હતો. એને ખેંચીને મેં વરંડામાં સુવાડ્યો. માલણને કહ્યું કે જઈને નિરાંતે સૂઈ જા. થોડી વારે મને ઊંઘતો ધારીને પેલી સ્ત્રી આવીને પોતાના પતિને પ્રેમથી સંભાળીને લઈ ગઈ. અમારા બંગલાના ચોકીદારે પાંચ ઘંટા વગાડ્યા ત્યારે મને ખબર પડી કે હવે સવાર પડ્યું. ભરભાંખળું થયું હતું. અંધારું ઓસરતું હતું. અજવાળું આવતું હતું. ઉષ:કાળ હતો. ફૂલોની સુગંધથી વાતાવરણ ભર્યું હતું. પ્રભાતના પવનની લહેરોએ મને જરા જંપ વાળી. આંખો મીંચીને હું અંતરની યાદ સાથે મસ્ત હતો. ત્યાં અચાનક બુમરાણથી ચોંકી ઊઠ્યો. માળીની વહુનો પોકાર હતો. જઈને જોઉં છું તો ઓરડીના ઓટલા ઉપર માળી પડ્યો છે. માલણ કકળી રહી છે. પૂછ્યું ત્યારે ખબર પડી કે માળીને સાપ ડસ્યો છે. મેં તો તરત જ મોટરના હાંકનારને ઉઠાડ્યો. મોકલ્યો મોટર લઈને ડૉક્ટરને બોલાવવા. ચોકીદાર આવી પહોંચ્યો. પણ માલણ ચૂપ રહે ત્યારે ને! એ તો વળી નીચી, માતાનું નામ દીધું અને માળીને પગે જ્યાં કાપ ડસ્યો હતો ત્યાં જોરથી બચકું ભરી આખો લોથડો ઉખાડી લીધો અને લોહી ચૂસવા મંડી. લોહી ચૂસતી જાય ને બહાર થૂંકતી જાય. આમ ચૂસતાં ચૂસતાં એની ગતિ ધીરી પડી અને થોડી વારમાં ચક્કર ખાઈને બાઈ ધરતી પર ઢળી પડી. મેં માન્યું કે બાઈએ ઝેર ચૂસ્યું તેની અસર થઈ. પણ જોઉ તો માળીની આંખો ઊઘડવા માંડી. પાસે માલણ પડેલી જોઈને મહામહેનતે એ બેઠો થયો. ઢસડાઈને પાસે જતો હતો તે મેં ઊંચકીને માલણ પાસે

બેસાડ્યો. માળીની આંખો પૂરી ઊઘડી ત્યારે માલણની સંપૂર્ણ બિડાઈ ગઈ. માળીની ઘેનઘેરી આંખોમાંથી આંસુની ધારા ચાલી. પુરુષ જેવો પુરુષ રડી પડ્યો.

તડકો ચડ્યો ત્યારે ડૉક્ટર આવી પહોંચ્યા. મેં બધી વાત કરી માલણની નાડી જોઈને એમણે ઇંજેક્શન આપ્યું પણ મોતની પાસે માણસ શું કરે! થોડી જ વારમાં માલણના હૃદયના ધબકાર બંધ થઈ ગયા. એ છાતી પર માથું મૂકીને માળી તૂટી પડ્યો.

બપોરે માલણના શબના અગ્નિસંસ્કાર કરીને મોટરમાં હું નીલમનગર જતો હતો. રસ્તે કેન નદી આવી. આખું અસ્તિત્વ થાકી ગયું હતું. મોટર બાજુએ મુકાવીને હું ઊતર્યો. ઘાટ પર બેસીને પાણીમાં પગ બોળ્યા. આંખે થોડું પાણી છાંટ્યું. મને લગભગ ચક્કર આવતા હતા છતાં મારી આંખો વહેતા પાણીમાં શબ્દો વાંચતી હતી: જીવન, વિષ, અમૃત.

# 'બંસી કાહે કો બજાઈ?'

હોય તેવું ન દેખાય તેનું નામ ભ્રમ. આવી ભ્રમણામાં એક વાર પડ્યો. પરિણામે પાંસળી ભાંગી. મસૂરીના આ દિવસો ઘણી વાર સાંભરે છે. પણ એમાં પાંસળી ભાંગ્યા પછીનો વિશ્રામ યાદ આવે છે ત્યારે તો અંતઃકરણ આનંદથી ભરાઈ જાય છે. ઈ. સ. 1939ના ઉનાળામાં અમે ત્રણ મહિના મસૂરી રહ્યાં હતાં. એક રાતે રાજપીપળાનાં મહારાણી સાહેબને ત્યાંથી જમીને અમે નીકળ્યાં. સૌને રિક્ષાઓમાં રવાના કરીને મેં ચાલવા માંડ્યું. મને એમ કે આવી મનોહર રાતે રિક્ષામાં કેમ બેસાય? આકાશને જોતો જોતો હું ચાલ્યો જઈશ. બાગમાં એક લાંબો ક્યારો ખોદાયેલો પડ્યો હતો. અંધારું હતું. મને લાગ્યું કે આ નવો ટૂંકો રસ્તો છે. આપણે તો પડ્યા ખાડામાં. માંડ માંડ ઘેર પહોંચ્યો. સવારે ડૉક્ટરે કહ્યું કે પાંસળી ભાંગી ગઈ છે. પંદર દિવસ પથારીવશ રહેવું પડ્યું. આ અકસ્માત થયાને બે-ત્રણ દિવસો થયા ને મહારાજા અને એમનું આખું કુટુંબ હરિદ્વાર થઈને દિલ્હી જવા રવાના થઈ ગયું. વિશાળ મહેલ જેવા બંગલામાં હું, એક નોકર અને રસોઇયો એમ

ત્રણ જ રહ્યા. ભરપૂર વસતિવાળો બંગલો વસતિ વિનાનો થઈ જતાં એકદમ તો એકલતા અને શૂન્યતા બંને લાગવા માંડ્યાં. અનિવાર્ય પરિસ્થિતિને અનુકૂળ બનાવી દેવાની અથવા અનુકૂળ થઈ જવાની માનવીમાં કેવી સ્વાભાવિક કલા છે! ચોથે દિવસે સવારે એક મધુર સૂરના સ્પર્શથી જાગી ઊઠ્યો:

બંસી કાહે કો બજાઈ,

મૈં તો આવત રહી! બંસી કાહે કો?

વરદાન પામેલા કોઈ નમણા કંઠમાંથી ગળાઈને સ્વર વહી આવતો હતો. ખરી રીતે એ ગીત નહોતું ગવાતું. માત્ર ગુંજનનો વિહાર હતો. ઊઘડતું સવાર, મસ્ત ઠંડી હવા. વાતાવરણની તાજગી. પ્રકૃતિની રમણીયતા, અને એ સર્વમાં આળોટીને આવતા આ ગુંજને અંતરને તરબતર કરી દીધું. ત્યાં તો એ જ ગુંજારવથી ભરાયેલો અવાજ ઊંચો થયો: 'રામપ્રસાદ! ભૈયા, પાની કી બાલટી બહાર લે આના!'

મારાથી માણસની મદદ વિના બેઠા પણ થવાતું નહોતું. એટલે મેં ધીરેથી નોકરને બોલાવ્યો. રામપ્રસાદ આવ્યો. મેં પૂછ્યું: 'રામપ્રસાદ, હમણાં કોણ ધીરે ધીરે ગાતું હતું?'

'સાહેબ, એ તો આપણી ઝાડુવાળીની છોકરી ગુલબ્બો.' મને પથારીમાં બેઠો કરતાં કરતાં એણે કહ્યું: 'નામ તો એનું ગુલાબ છે, પણ લાડમાં એને સૌ ગુલબ્બો કહે છે.'

પલંગમાં તકિયે અઢેલીને બેઠો. સામે બારીમાંથી સવારના કોમળ સૂર્યનાં જીવનદાયક કિરણો ખોળામાં આવી પડ્યાં. કેટલાંક કિરણો એ સમગ્ર હસ્તીની સાથે ગેલ કરવા માંડ્યા. ત્યાં એ

સોનેરી કિરણાવલિને પોતાના પાલવમાં સંતાડતી બારતેર વર્ષની ગુલબ્બો સામે આવીને ઊભી રહી. ઊભી તો રહી પણ લજ્જાથી બેચેન થઈ રહી હતી. એની આંખોમાં, ચહેરા પર, અરે સમગ્ર દેહમાં એ લજ્જા લાવણ્ય બનીને જીવનનો અભિષેક કરી રહી હતી. હું તો પળવાર એને જોઈ જ રહ્યો. મારી આ દૃષ્ટિએ એની લજ્જાનો ભાર વધારી મૂક્યો. એક બાજુ લચી પડીને એ કોઈ શિલ્પીએ કોરેલી ત્રિભંગી મુગ્ધા બની રહી.

મેં કહ્યું: 'ગુલબ્બો, આ ગીત તને પૂરું આવડે છે?'

આંખો વડે એણે હા કહી. બોલી નહીં.

'તું અહીં પાસે બેસીને આખુંય ગીત ગાઈશ?' મારાથી બોલી જવાયું.

ડોકું હલાવીને હા કહી. ફરીથી બોલી નહીં.

સામે રામપ્રસાદ જીવનની આ ઉજાણી માણતો ઊભો હતો. એની આંખોમાંય જુદો ચમકાર હતો.

'રામપ્રસાદ, ગુલબ્બોને આજે ચા અને ખાવાનું આપજે.' કહીને મેં એ છોકરીને કહ્યું: 'હમણાં નહીં તો પછી ગાજે હોં. જા, રામપ્રસાદ તને બધું આપશે. તારી મા આજે કેમ નથી આવી?'

'એ બીમાર છે, સરકાર.' છોકરીની આંખોમાંથી લજ્જાનો ધક્કો મારીને ચિંતા આગળ આવી. આંખોનો રંગ ફરી ગયો.

'કંઈ કામકાજ હોય તો કહેજે, જા.' મારા અવાજમાં અકારણ અનુકંપા ઊપસી આવી.

ગુલબ્બોના ગયા પછી મારા મનમાંથી પેલા ગીતનો ગુંજારવ

હઠે જ નહીં. ગમે તે વિચાર કરું. ગમે તે પુસ્તક વાંચું. ગમે તેની સાથે વાત કરું, મને સદા એ જ સંભળાયા કરે:

બંસી કાહે કો બજાઈ

મેં તો આવત રહી! બંસી કાહે કો?

અને સામે આવીને ઊભી રહે પેલી સુકુમાર કન્યા. એના જીંથરા જેવા અસ્તવ્યસ્ત વાળ, એનાં મેલાંઘેલાં કપડાં, એનો શ્યામ રંગ, એના જન્મકર્મની પરિસ્થિતિ, એ સર્વની ઉપરવટ થઈને મારી સામે પેલી લજ્જાના શીલથી અંજાયેલી બે નિષ્કલંક આંખો જ આવીને ઊભી રહે, અને એની પાછળ વહી આવે અંતરની આર્તિથી અજવાળાયેલો ગુંજારવ. સૂરમાંથી શબ્દ બેઠો થાય અને ભાવને ઊંચકીને મારા હૃદય સુધી લઈ આવે.

રોજ સવારે સૂર્યનાં કિરણો આવીને મારી છાતી પર બેસે. હૂંફ આપે મને જગાડે અને એની નીચે જીવનને જગાડે પેલા ગીતનું ગુંજન!

ચારપાંચ દિવસ પછી મારી તબિયત કંઈક સારી થઈ. પણ હજી બિછાનામાંથી ખસવાની ડૉક્ટરની રજા નહોતી મળી. પાંસળી સંધાતી જતી હતી. દુઃખ ઓસરતું જતું હતું. સપ્ટેમ્બરનો મહિનો હતો. એક સવારે ઊઠ્યો ત્યારે ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. વાતાવરણમાં ઠંડીનો પ્રકોપ હતો. સામે બારીમાંથી દૂરસુદૂર સુધી દેખાતી નયનમનોહર હરિયાળી વરસાદમાં નહાતી હતી. સ્નાન કરતી પ્રકૃતિનું આવું અભિનવ નિર્ભેળ સૌંદર્ય જીવનમાં પ્રથમ વાર સાક્ષાત્ કરીને અસ્તિત્વ ઓશિંગણ બની રહ્યું અને મારા એકલાનું અસ્તિત્વ જ નહીં!

બાગનાં રમ્ય પુષ્પો પણ પોતાના ઐશ્વર્યને ભૂલી જઈને નિસર્ગના આ અભૂતપૂર્વ સ્વરૂપને વિનમ્રભાવે નમી રહ્યાં હતાં. પળવારમાં તો પ્રકૃતિ અને પુરુષ વચ્ચે સંકેત થયો. વરસતી વાદળીઓ વીખરાઈ ગઈ. આકાશ નિરભ્ર થવા માંડ્યું. પૂર્વમાં રંગાવલિ પ્રગટી. સોનેરી તેજની ટશરો ફૂટી. તેજકિરણો પર સવારી કરીને પૃથ્વી પર સુવર્ણમેઘ ઊતર્યો. સમસ્ત પ્રકૃતિ પ્રેમથી પાંગરી ઊઠી. પુષ્પોએ મસ્ત બનીને સુગંધ છલકાવી દીધી. આ સૌરભનો સાથ કરીને પેલું પ્રિય ગુંજન આવ્યું:

બંસી કાહે કો બજાઈ,
મૈં તો આવત રહી! બંસી કાહે કો?

ધીરે ધીરે ગુંજન, ગીત અને ગુલબ્બો મારે માટે એકરસ થઈ ગયાં. પંદર દિવસનો મારો આરામ પૂરો થયો. ડૉક્ટરે હરવાફરવાની રજા આપી. પાટો છૂટી ગયો. મસૂરીથી નીકળવાનો દિવસ પાસે આવ્યો. જવાને આગલે દિવસે મેં રામપ્રસાદને કહીને ગુલબ્બોની માને બોલાવી મંગાવી.

બપોરે ચાનો વખત હતો. રામપ્રસાદે આવીને ખબર આપ્યા કે સુરખ્ખી આવી છે, સાથે ગુલબ્બો પણ છે. સુરખ્ખીના મનમાં ભય પેઠો હતો કે મને ગુલબ્બોના કામથી અસંતોષ થયો છે એટલે કંઈક ઠપકો આપવા બોલાવી છે. મેં રામપ્રસાદને કહીને બંને મા-દીકરીને ચા ને ખાવાનું અપાવ્યાં અને થોડી વારમાં એમને બોલાવવાને બદલે હું જ એમની પાસે બાગમાં પહોંચી ગયો. મા-દીકરી બિચારાં ઊભાં થઈ ગયાં. હું કંઈક કહું તે પહેલાં જ માએ આજીજીભર્યા અવાજે કહ્યું:

'માલિક, ગુલબ્બોકી ગુસ્તાખી માફ હો. અભી બચ્ચી હૈ. કુછ સફાઈ મેં કમી હો તો આપ સરકાર હૈ, મૈં ઓર લડકી દોનો માફી માંગતે હૈ.' કહીને સુરખ્ખીએ નીચે વળીને ધરતીને હાથ લગાડી થોડી ધૂળ માથે મૂકી. ગુલબ્બોએ પણ માનું અનુકરણ કર્યું.

'નહીં નહીં સુરખ્ખી, ઐસી કોઈ બાત નહીં હૈ. હમ તો ગુલબ્બો કે કામ સે બડે ખુશ હૈ. લડકી કે કામ મેં કોઈ નુસ્ખ નહિ. તુમ્હારે જૈસા હી કામ કરતી હૈ, ગુસલખાને, પાયખાને, આંગન સભી કી સફાઈ તુમ્હારેસે ભી અચ્છી કરતી હૈ. ઈસી લિયે તુમ્હેં કુછ ઇનામ દેને હમને બુલાયા હૈ. કલ હમ જા રહેં હૈ.' હું છેલ્લો શબ્દ પૂરો કરું ત્યાં જ ગુલબ્બોથી બોલી જવાયુંઃ

'આપ જા રહેં હૈ? અબ આપ કભી નહીં આયેંગે?'

'નહીં ગુલબ્બો! મકાન હમ છોડ રહે હૈ.' કહીને મેં પચીસ રૂપિયા સુરખ્ખીના હાથમાં મૂક્યાં. કહ્યું કે એણે ત્રણ મહિના બંગલામાં સારું કામ કર્યું તેના પગાર ઉપરાતનું આ ઇનામ છે.

પચીસ રૂપિયા પામીને સુરખ્ખીની સૂરત બદલાઈ ગઈ. એના મુખ પર ખુશીનો પાર નહોતો, પણ ગુલબ્બોના ચહેરા પરની ગમગીની ઓસરી નહિ.

બીજે દિવસે સવારે નીકળવાની વેળાએ ગુલબ્બો લપાતી લપાતી આવી. પણ સાથે ન હતું ગીત કે ન હતું ગુંજન. એની આંખોમાં આશ્ચર્ય અને રંજ બંને એવાં મળી ગયાં હતાં કે એમાંથી એની બિચારીની તો નિર્દોષતા જ પ્રગટ થતી હતી. મેં આગ્રહ કરીને એને આજે તો ઓટલા પર બેસાડી અને બહુ જ સમભાવ અને વાત્સલ્યથી પેલું ગીત ગાવાનું કહ્યું. આંખો નીચી. ચહેરો

સ્તબ્ધ. હસ્તીમાં ક્યાંય હરખ નહિ. ગળું ગાય. આંખો રડે. વાતાવરણ ભરાઈ ગયું.

મારો સામાન નીચે ઊતરતો હતો. રામપ્રસાદને બોલાવીને મેં મારી એક ટ્રંકમાંથી લાલ ચૂંદડીભાતનો સાફો લાવવાનું કહ્યું અને ઓટલાનાં પગથિયાં ઊતરતાં ઊતરતાં એ સાફો ગુલબ્બોના હાથમાં મૂક્યો. એનો ખભો થાબડીને કહ્યું: ‘લે બેટા, તુમ્હારી શાદીમેં ઇસકી ચુન્ની બના લેના.’ અને એની સામે જોયા વિના જ હું પગથિયાં ઊતરી પડ્યો.

## 2

ઈ. સ. 1953ની શરૂઆતના બેત્રણ મહિના માટે દિલ્હી રહેવું પડ્યું હતું. એ વખતે સ્વામી આનંદની મુલાકાત એ મીઠો અકસ્માત હતો. એમને મળવા મારું મન ઝંખતું હતું. મળ્યા ત્યારે બહુ આનંદ થયો. તેમાંય એમના હૃષિકેશ જતાં પહેલાંનો અમારો સહવાસ ચિરસ્મરણીય રહેશે. સ્વામી જીવનના કસબી છે. એમની સાથે અંતઃકરણનાં કમાડ ઉઘાડીને વાતો કરવી એ લહાવો છે. એમની મૈત્રી, એમનો સ્નેહ, એમનું વાત્સલ્ય પામવાં એ આ કળિયુગની એક સુમંગલ અનુભૂતિ છે. હૃષિકેશમાં મળીને મારે નિરાંતે એક રાત એમની સાથે ગાળવી હતી. ચૈત્રની પૂર્ણિમા મેં હરદ્વાર અને ઋષિકેશમાં ગાળી પણ અમે મળી ન શક્યા.

ગયે વર્ષે અમારે દહેરાદૂન જવાનું થયું હતું. મિત્રો ગંગાસ્નાન કાજે હરદ્વાર જઈ આવ્યા હતા પણ હું ગંગા પાસે જઈ શક્યો નહોતો. એને મળ્યાને ચૌદ વરસ લગભગ થયાં. ઈ. સ. 1939માં

મસૂરીથી પાછા વળતાં ગંગામાં નહાયો હતો. આ વખતે દિલ્હી હતો ત્યારે જ કોણ જાણે કેમ પણ ગંગાને મળવાની ખૂબ આતુરતા હતી. સ્વામીનું કારણ મળ્યું એટલે પહોંચ્યો હરદ્વાર.

ઘણા સમયનો વિખૂટો પડેલ પુત્ર જેમ માને મળવા અધીર થઈ જાય તેવી મારી મનોદશા હતી. વહેલી સવારે હરદ્વાર ઊતરીને સીધો પહોંચ્યો ગંગાની પાસે. એની ગોદમાં આજે જેટલું સુખ, જેટલો આનંદ મળ્યો તેનું વર્ણન થઈ શકે એમ નથી. એ ઉષાનો ઉદય, સોહામણા સવારનું જાગવું, સૂર્યના પ્રથમ કિરણનું ગંગામાં આળોટવું. સમીરનું ગંગાસ્નાન, જાહ્નવીની પ્રસન્નતાનો કલકલ ધ્વનિ, અને જાણે દેવોના આશીર્વાદથી મંગલમધુર બનેલું સભર સુગંધિત વાતાવરણ. જિંદગી પળવાર તો દંગ બની ગઈ. અંતરાત્મા મંત્રમુગ્ધ બનીને કૃતાર્થતા અનુભવી રહ્યો. એમ લાગ્યું કે સ્વર્ગમાંથી ગંગા એકલી આ પૃથ્વી ઉપર નથી ઊતરી, એની સાથે સ્વર્ગનો સદા અભિનવ આનંદ લેતી આવી છે. ગંગાજલ માત્ર જલ નથી, જીવનનું દૂધ છે, સમગ્ર અસ્તિત્વના મળ ધોનાર અનાવિલ અમૃત છે.

હરદ્વારથી ગંગાને કિનારે કિનારે ચાલીને હૃષિકેશ આવ્યો. ગંગાનું દર્શન જેમ જેમ વ્યાપક બનતું ગયું, જેમ જેમ ઊંડું ઊતરતું ગયું તેમ તેમ અંદરનો માનવ મસ્ત બનતો ગયો. અન્નછત્રમાંથી માગીને થોડું ખાઈ લીધું. બપોર આખી ગંગાના સાન્નિધ્યમાં ક્યાં ગઈ તેની ખબર ન પડી. સાંજની વેળા તો પાછો 'હર કી પેડી' આવી ગયો. ઓહો શું ભીડ હતી! ચૈત્રીપૂનમનું પુણ્યસ્નાન કરવા ભાવિકોનો એવો તો માનવમેળો જામ્યો હતો કે

એવું ગાંડપણનું દશ્ય માત્ર આપણા દેશમાં અને તેય ગંગાકિનારે જ જોવા મળે.

ઘાટની છેક ઉપર ઊભો રહીને નહિ પણ ભીડની વચ્ચે એક નાનકડા મંદિરની ભીંતને અઢેલીને હું આ અવર્ણનીય ચિત્ર વાગોળતો હતો. સમાજનું આવું અને આટલું વૈવિધ્ય મેં પહેલી વાર સાક્ષાત્ કર્યું. આટલી અપાર અશાંતિમાં હું શાંતિથી ઊભો ઊભો ગંગાના વહેતા પ્રવાહને જોતો હતો. પળવારના જંપ વિના એ વહેતી હતી: અગાધ, અસ્ખલિત, અનુપમ.

સાંજની વેળા હતી. રાત હજી પડી નહોતી, પડવાની હતી. ગંગાનાં નીર ઉપર ઊતરતાં એ અચકાતી હતી. હું અનિમેષ નયને એની વાટ જોતો હતો. એટલામાં મારી પાસેથી એક પહાડી જુવાન હાંફળોફાંફળો નીકળ્યો. એનાથી ન રહેવાયું એટલે આમતેમ ગભરાયેલી દષ્ટિએ જોઈને એણે બૂમ પાડી: 'ગુલબ્બો! ઓ ગુલબ્બો! અરી ગુલબ્બો!'

અને ભીડમાંથી અવાજ ખેંચાઈ આવ્યો: 'ઓ...આઈ અમૂલો! કહાં હો?'

અને પેલા પુરુષે આવેલા અવાજને પોતાના અવાજથી સાંધ્યો: 'ચલી આઓ, મંદર કે પા...સ.' અને એ અવાજની આંગળી પકડીને એક સ્ત્રી પોતાની આંગળીએ એક છોકરાને વળગાડીને ચાલી આવી.

છોકરાને છાતી સરસો ચાંપીને પુરુષે સ્ત્રીને પણ સોડમાં લઈ લીધી. સ્પર્શનું સાંત્વન મેળવીને હેઠે બેઠેલા એના શ્વાસે ઉચ્ચાર કર્યો: 'કહાં ખોવત રહી!'

'હમ તોંહે દેખત રહે!' ધીરેથી બાઈએ ઉત્તર વાળ્યો.

બસ આ પળ બે પળમાં મારી સ્મૃતિ ચૌદ વરસ પાછળ જઈને મસૂરી જઈ આવી. સાથે પેલા મધુરા ગુંજનને લેતી આવી અને એ ગુંજનને પેલી સ્ત્રીમાં પરોવીને અવાજ ઊંચકાયો: 'ગુલબ્બો! ગુલબ્બો!, કહાં મસૂરી સે આઈ? અરે વહી સાફેકી ચુન્ની બનાઈ હૈ! યે કૌન તેરા બેટા હૈ? ઔર યે તેરા આદમી!'

પ્રતિઉત્તરના અવાજમાં આશ્ચર્યનો આંચકો હતો: 'માલક, આપ યહાં! બરસોં કે બાદ!' અને જરા રહીને એણે પોતાના દીકરાને કહ્યું: 'બુલ્લો, બેટા માલક કે પાંવ પડો!' અને દીકરો કંઈ કરે તે પહેલાં તો એણે પોતે ચરણરજ લઈ લીધી. 'અમૂલો, યે મસૂરીવાલે માલક હૈ! યે ઈનીકી તો ચુન્ની હૈ! તું ભી પાંવ લગ્ગ!' અને પેલો જુવાન પણ નમી પડ્યો.

મેં સૌને સાથે લીધાં. ઘાટ ચઢીને એક શિલા પર જઈને બેઠાં. ગુલબ્બોએ નિરાંતે એના પતિ અમૂલોની અને દીકરા બુલ્લોની વિગતવાર ઓળખાણ કરાવી. એની મા સુરખ્ખીના અવસાનની વાત કરતાં એ રડી પડી. વળી પાછી બુલ્લોના જનમની વાત કહેતાં હસી પડી. ગુલબ્બોએ પોતના એકના એક દીકરાને સાતમે વરસે ગંગાસ્નાન કરાવવાની બાધા રાખી હતી. એ બાધા પૂરી કરવાને બાળકને ગંગા નવડાવવા આ ચૈત્રીપૂનમે મસૂરીથી હરદ્વાર આવી હતી. મારા આપેલા સાફામાંથી એણે બે ચુન્નીઓ ફાડી હતી. એક એણે લગ્ન પર પહેરી હતી અને બીજી આજે દીકરાની માનતા પર પહેરીને આવી હતી.

હું એમને ત્રણેને બેસાડીને હલવાઈને ત્યાંથી શાકપૂરી, દહીં

અને મીઠાઈ લઈ આવ્યો. ત્રણચાર પતરાળાં પાથરીને અમે સૌ સાથે જમવા બેઠાં. મેં ગુલબ્બોને કહ્યું કે તારા લગ્ન વખતે હું હાજર નહોતો એટલે આ ઉજાણી આપણે સાથે કરીએ છીએ. અમૂલો અને બુલ્લોના તો આશ્ચર્યનો પાર નહોતો. બુલ્લોને બરફીનું એક ચોસલું આપતાં મેં કહ્યું: 'બુલ્લો, તું તો મારી છોકરીનો છોકરો થાય. તારા જન્મ વખતે હું હોત તો તારા હાથ ચાંદીથી ભરી દેત.' કહીને મેં બુલ્લોના હાથમાં ત્રણચાર રૂપિયા ને થોડું પરચૂરણ મૂકી એની મુઠ્ઠી વળાવી દીધી. બુલ્લોની ખુશી પર આશ્ચર્ય ચઢી બેઠું.

ગંગાના ઘાટ પર અકૃત્રિમ કુટુંબજીવનની લહાણી જિંદગીમાં અણધારી મળી એનો આનંદ મારામાં સમાતો નહોતો. આનંદનો એ જ રણકો મારા અવાજમાંથી નીકળ્યો. 'ગુલબ્બો! વો ગા...બંસી કાહે કો બજાઈ!'

'માલક, બડા અચ્છા ગાતી હૈ યે ગાના!' અમૂલોથી ના રહેવાયું.

'મા, ગા, બનસીવાલા!' બુલ્લોએ ટહુકો કર્યો.

થોડોક ગુંજારવ કરીને ગીત બહાર નીકળ્યું:

'બંસી કાહે કો બજાઈ,
મૈં તો આવત રહી! બંસી કાહે કો?'

એ જ લજ્જાનું શીલ, એ જ લાવણ્ય! મધુરતાની એ જ વેણુ! અંતરની આર્તિનો એ જ પ્રસાદ!

સૌ કહે છે માનવ બદલાય છે, જગત બદલાય છે! શું બદલાય છે? માનવનું મન બદલાતું હશે! અંતઃકરણ નહીં!

અંતઃકરણ જેની ખાણ છે એ આજન્મ સંબંધ તો ઋણાનુબંધની ઋજુગરવી કવિતા છે.

# પગચંપીનું પુણ્ય

સાલ, મહિનો અને દિવસ મારા સ્મરણમાં સ્પષ્ટ છે, એ પ્રસંગ જેટલા જ. અમે મુંબઈમાં તાજમહાલ હોટલમાં ઊતર્યા હતા. નરેન્દ્રમંડળની એક સભા હતી. અમારા નીલમનગરના મહારાજા એ વખતે એની વ્યવસ્થાપક સમિતિમાં હતા. સવારસાંજ ધમાલ વધારે ને કામ ઓછું. રોજ રાતે મોટા ખાણાના મેળાવડાઓ, શરાબ અને સંગીતની મજલિસો. એટલે એક રાતે લગભગ મધરાત પછી હું મારા ઓરડામાં આવીને બહારનાં કપડાં બદલીને સૂવાની તૈયારી કરતો હતો. આખા દિવસનો થાક, જે કંઈ થતું હતું તેની ગમગીની અને મજલિસોનો કંટાળો. મન એમ કહેતું હતું કે કંઈ એવું કરવું કે આ બધું ભૂલી જવાય. રાતે ઊંઘ આવી નહીં. સવારમાં વહેલા ઊઠીને મહાદેવભાઈને સેવાગ્રામ ટેલિફોન કર્યો. બાપુને મળવાનો દિવસ અને સમય માગ્યો. એમણે તરત જ બાપુને પૂછીને મને બોલાવ્યો. આખી રાત જે કલકત્તા-મેલમાં વિતાવી તે હોટલ કરતાં ઓછી ખરાબ હતી. સવારે વર્ધા ઊતર્યો. સેવાગ્રામ જવા માટે એક આશ્રમવાસી બહેનનો સંગાથ

મળી ગયો. વર્ધાની ઘોડાગાડી ધીરે ધીરે સેવાગ્રામ લઈ તો આવી. મને વિશ્વાસ નહોતો કે એ સલામત પહોંચાડશે. અગિયાર વાગ્યાનો ગાંધીજીને મળવાનો સમય હતો. પણ એ તો જમવાનો સમય નીકળ્યો. હું ગભરાયો એવો દોડ્યો મહાદેવભાઈ પાસે. એમણે કહ્યું કે તમારે જમતાં જમતાં જ બાપુ સાથે વાતો કરવાની છે. મારો જીવ હેઠો બેઠો. બાપુ આવ્યા. પ્રાર્થના થઈ. બેઠા જમવા. બાપુએ પોતાના વાડકામાંથી ડુંગળીનો એક દડો મને આપવા માંડ્યો. હું કાંદાનો દુશ્મન. નમ્રતાથી ના પાડી. ત્યારે ડોસાએ સંતરાની છાલની ચટણી આપી. કડવી લાગી એટલે રહેવા દીધી. દરમિયાન વાતો ચાલુ હતી. હું બોલતો જાઉં, બાપુ સાંભળતા જાય. જમી રહ્યા. ત્યાં દરેકે પોતપોતાની થાળીમાં એંઠું એકઠું કરીને થાળી સાથે ઊઠવાનો મનોરથ કર્યો. બા ત્યારે હયાત હતાં. એમણે મારા પહેરવેશ પરથી ધાર્યું કે હું કોઈ રાજા નહીં તો રાજકુમાર અથવા આખરે દીવાન કે એવું કંઈક તો છું જ. મેં કાળી શેરવાની અને સુરવાળ પહેરેલાં. શરદી સખત થઈ હતી એટલે ગરમ મફલર વીંટાળેલું. બાએ એક બીજી નોકર જેવી બાઈને આજ્ઞા કરી કે એણે મારી થાળી લઈ જવી. આ આજ્ઞા સાંભળીને બાપુ જે માત્ર મારી વાત સાંભળતા હતા તે બોલ્યા : "આ બા તમને રાજકુમાર ધારે છે. એટલે તમારી એંઠી થાળી પેલી બાઈ પાસે હવે ઉપડાવશે." મેં તરત જ આજીજીભર્યા સ્વરે કહ્યું : "બાપુ, આ ગેરસમજણ પાંચ મિનિટ ચાલવા દો, પછી સત્ય કહેજો. નહીં તો મારા આ પહેરવેશ સાથે થાળીવાડકો અજવાળવાં પડશે." બાપુ જોરથી હસી પડ્યા ને બોલ્યા : "હજી

તમે જેવા હતા તેવા જ ખરાબ માણસ છો. પાંચ વરસમાં જરાય સુધર્યા નથી.” મેં હસતાં હસતાં આ અભિનંદન સાંભળી લીધાં.

જમીને અમે બાપુની ઓરડીના આંગણામાં ગયાં. ત્યાં એઓ આરામ કરવાના હતા. બાપુ સૂતા એટલે કુમારી અમતુલ સલામે પગ દબાવવા માંડ્યાં. ગાંધીજીએ મારી સામે જોયું. મેં ઇશારાથી કહ્યું કે આપણી વાતચીત વખતે કોઈ ના હોય તો સારું. એટલે ગાંધીજીએ પોતાના મીઠા સ્મિતથી અમતુલબહેનને કહ્યું : “અમતુલ, આ રજવાડી માણસ પાછો હાથમાં નહીં આવે માટે એને જ પગ દબાવવા દે. તું તારે નિરાંતે જા અને તારું કામ કર.” પગચંપી કરતાં કરતાં અમારી વાતો પૂરી થઈ. બાપુને આરામ થયો પણ એમની ઊંઘ ગઈ. બપોરની ઊંઘ એ ગાંધીજીની તબિયતને દૃષ્ટિએ જરૂરી વસ્તુ હતી. એ જતી કરીને એમણે સ્નેહભાવ બતાવ્યો. અંતરની ઉદારતાની એમની સખાવતને મર્યાદા નહોતી. આ દરિયાવદિલના સખાવતીએ સત્યને કાજે જિંદગીની પણ ખેરાત કરી દીધી.

# લોટો પાણી

1935ના ઓક્ટોબરમાં પૂજાની રજાઓ દરમિયાન હું શાંતિનિકેતનથી મુંબઈ આવ્યો હતો. ત્યાં રજાઓ પૂરી કરીને કલકત્તા પાછા જતાં રસ્તામાં ત્રણચાર દિવસ વર્ધા ઊતરીને ગાંધીજી પાસે રહેવાનું બન્યું હતું. ત્યારે બાપુ મગનવાડીમાં રહેતા હતા. મુંબઈથી શ્રી ક્ષિતિમોહન સેનના કેટલાક મિત્રોએ થોડાંઘણાં સંપેતરાં આપ્યાં હતાં. એટલે મારો સામાન ઠીક ઠીક વધેલો હતો. આટલો બધો સમાન લઈને મગનવાડી જવામાં સંકોચ થયો. પણ હંમિત કરીને હું તો પહોંચી ગયો.

મારો સામાન જોઈને બાપુ હસી પડ્યા. એમણે કહ્યું : “તને તારા જ રજવાડી સામાન સાથે ઉતારવાની મારી પાસે જગ્યા નથી. હું અહીં તસુએ તસુ જગ્યાનો ઉપયોગ કરું છું. આ ઓટલા ઉપર આશરો લો.” મેં તો બાપુના ઓરડાની આગળના ઓટલા ઉપર જ ડેરાતંબુ ઠોક્યા. તે વખતે હું ભૂલતો ન હોઉં તો બાપુ દોઢ વાગે ઊઠતા. ઊઠીને મહત્ત્વના ઉત્તરો અને જરૂરના લેખો લખાવતા. પછી સાડાત્રણ વાગે સૂઈ જતા. પાંચ વાગે પાછા

ઊઠીને પ્રાર્થના કરી નવો દિવસ શરૂ કરતા. છ સાડાછ વાગે ફરવા નીકળતા.

તે દિવસે સવારે મને સાથે લીધો. રસ્તામાંથી એક બાલટી અને સાવરણો મારી પાસે લેવડાવ્યાં. એમણે કહ્યું : “આપણે જે ગામે જઈએ છીએ ત્યાંનો મુખ્ય રસ્તો તમારે સાફ કરવાનો છે. વળી ગામને પાદરે એક ઉકરડો છે એને પણ સાફ કરવો પડશે. અને મારે ખભે એક હાથ મૂકીને બીજે હાથે લાકડી ઠોકતા ડોસા ચાલ્યા. બાલટી અને સાવરણો પકડીને જાહેરમાં ચાલવાનો જિંદગીમાં પહેલો પ્રસંગ હતો. અભિમાન છંછેડાયું. બીજી બાજુ મારે ખભે બાપુનો હાથ હતો એને કારણે અહંકારને કંઈક આનંદ પણ થયો. આ બન્ને લાગણીઓ એકસાથે ઊગીને સમાંતરે સળવળવા માંડી. રસ્તે હું મારી વાત કહેતો ગયો. બાપુ એમનો જવાબ વળતાં આપવાના હતા. પેલું ગામ આવ્યું. રસ્તો વાળ્યો, પેલો ઉકરડો સાફ કર્યો. રસ્તે કૂવામાંથી પાણી કાઢીને બાલટી અને હાથપગ ધોયાં. પાછા વળતાં બાપુએ એમનો જવાબ આપવા માંડ્યો. વચ્ચે વચ્ચે હું સ્પષ્ટતા માગતો તે પણ એ આપતા જતા હતા. અમે વર્ધા પહોંચ્યા. બાપુ તો એમને કામે લાગી ગયા; પણ મારામાં રોપાયલા વિનમ્રતાના છોડને લોટો પાણી પાતા ગયા.

# મુક્ત ચેતનાનું કાર્ય

નાની સરખી એક બાલિકા. એના ભાગ્યમાં બાપુની સેવા હતી. એમનો સ્નેહ હતો અને એમનો સહવાસ હતો. બાપુ જ્યારે પંચગનીથી નીકળવાના હતા ત્યારે કનુ ગાંધી પાસેથી એણે બાપુ અને બાની એક ભેગી છબી મેળવી. એના ઉપર એને બાપુના આશીર્વાદ જોઈતા હતા. છબી લઈને એ તો પહોંચી બાપુ પાસે. પાંચછ વરસની એ છોકરી કહે, બાપુ, આ છબી ઉપર ‘બાપુના આશીર્વાદ’ લખી આપો. બાપુ કહે એની તો કિંમત પડે. છોકરી કહે કે હું કિંમત આપીશ. બાપુએ કહ્યું : તો તારા કાનનાં એરિંગ કાઢી આપ. છોકરીએ કહ્યું કે કાઢી લ્યો. પણ બાપુએ શરત કરી કે તારાં એરિંગ ત્યારે જ લઉં જ્યારે તું મને વચન આપે કે હવે ભવિષ્યમાં તું કદી કાનમાં એ નહીં પહેરે. સાધના સંકોચ વિના તરત જ કબૂલ થઈ. ગાંધીજીએ સૌની હાજરીમાં એના કાનમાંથી એરિંગ કાઢી લીધાં. છબી ઉપર ‘બાપુના આશીર્વાદ’ લખી આપ્યા.

હમણાં ત્રણેક મહિના ઉપર એ છોકરી મુંબઈ ફરવા ગઈ હતી

પોતાના ભાઈ સાથે. ત્યાં એના જેટલી ઉમ્મરની છોકરીઓને એણે બહુ જ ફૅશનવાળા એરંગિમાં જોઈ. એને મન થયું કે પોતે પણ એરિંગ પહેરે તો શું? પણ એને બાપુને આપેલું વચન યાદ આવ્યું. એણે એક બીજાં વડીલ બાઈ જેમનામાં એને શ્રદ્ધા હતી તેમની સલાહ લીધી. એમણે ગાંધીજીને પત્ર લખીને પુછાવવાની સલાહ આપી. પણ દરમિયાનમાં એ પાછી ઘેર આવી અને એરંગિની વાત ભુલાઈ ગઈ.

જ્યારે બાપુના અવસાનની વાત બધે પ્રસરી ત્યારે એણે પણ જાણ્યું. અમારા શહેરમાં સૌની સાથે એણે પણ ઉપવાસ કર્યો. એ ઉપવાસની સાંજે એણે પોતાની મેળે કહ્યું કે બાપુ તો હવે નથી. હવે પત્ર લખીને પુછાવી જોવાની સંભાવના પણ ચાલી ગઈ. એટલે હવે તો પોતે ભવિષ્યમાં એરંગિ નહીં પહેરીને જ બાપુને આપેલું વચન પાળશે.

ગાંધીજીના જીવતાં એમને આપેલા વચન વિષે ઢચુપચુ થયેલી એક નાની બાલિકા એમના જતાં વચનપાલનમાં મક્કન બની ગઈ. બાપુ જીવતા હતા ત્યારે જે શક્ય નહોતું બન્યું તે કદાચિત્ એમના મૃત્યુ પછી શક્ય બનશે એવી આશા કેમ ન રખાય? દેહનાં બંધનો અને મર્યાદાઓમાંથી છૂટેલી એમની ચેતના દેહવિલય પછી મુક્ત બનીને સમસ્ત માનવસદ્ભાવનાને સ્પર્શશે એવી શ્રદ્ધા મારા અંતરમાં ઊગી.

# ચાલી નીકળ્યો

નીલમનગરમાંથી મારું અંજળ ખૂટ્યું હતું. ત્રણચાર દિવસથી અંતર ગમગીન રહેતું હતું. કામમાં ચિત્ત ચોંટે નહીં. વિલાસ વિષાદ વધારે, અને સૌન્દર્ય અકારું લાગ્યા કરે. બેચેનીનો પાર નહીં. એમ થયાં કરે કે હવે અહીંથી છૂટવું જોઈએ. વૃત્તિઓના આ કબંધમાં જિંદગી જો વધારે ટકશે તો એમાં જ એનું શબ રઝળશે. પણ સલામતીએ આસાની અને આરામનો આસવ પિવડાવી પિવડાવીને પુરુષાર્થને પાંગળો બનાવી દીધો હતો. જીવનની વિશુદ્ધિનું આકર્ષણ થાય પણ અશુદ્ધિ ઓળંગવાની અનિચ્છા રહ્યા કરે. શાંતિનિકેતનથી પાછા આવીને આ નોકરી સ્વીકારી ત્યારે અંતર સાથે નક્કી કર્યું હતું કે આટલી હદ સુધી જ વ્યવહારમાં બાંધછોડ કરીશું. આ મર્યાદાના બળ ઉપર પાંચ વરસ કાઢીને એના બદલામાં થોડુંક નાણું જમા કરી લઈશું. આ મર્યાદાની હદ તો હું આરંભના પહેલા છ મહિનામાં જ વટાવી ગયો. એટલે પછીના દિવસોમાં પૈસા એકઠા થવા માંડ્યા, પણ હું મારા અંતરાત્માનો વધારે ને વધારે દેવાદાર થતો ગયો. ત્રણેક

વરસ પછી આ પરિસ્થિતિ એટલી બધી આકરી બની કે એણે મને આકુળવ્યાકુળ કરી મૂક્યો.

એક બાજુથી વિલાસ, મોજશોખ, ઐશ્વર્ય, આરામ અને અર્થનાં પાંચ બળોએ સાથે મળીને જીવનને જેર કરવા માંડેલું. એની સામે બીજી બાજુએ અંતરાત્મા પોતાના વિમળતાના ઘીના દીવાને સપનાંની મલમલના અંતરાય વડે ઓલવાતો અટકાવવાની ભગીરથ સાધના કર્યા જ કરે. એના અજંપાની મારા પ્રાણને ખબર પડે પણ એને એ પરવડે નહીં. મારું મન એ પરેશાનીથી ખિન્ન થાય પણ એની ખબર ન પડવા દે. આમ જીવનના કુરુક્ષેત્રમાં મહાભારતના ભણકારા વાગ્યા. ઘડીમાં એમ થાય કે મળી છે એવી તક જિંદગીમાં વિરલ જ સાંપડે છે. જે સુખ માટે લોકો વલખાં મારે છે તે મને અનાયાસે મળે છે. વિલાસના આ વિમોહનથી આસક્ત થયેલો પ્રાણ ક્યારેક આત્માના આક્રંદથી ગદ્‌ગદ થઈ જાય પણ પાછો ન વળે. ઇન્દ્રિયોના સુખથી પ્રભાવિત થયેલું મન આત્માને ક્યારેક આશ્વાસન આપે પણ અસહકાર ન છોડે. ત્યારે બીજી બાજુ એમ પણ થાય કે ભીખ માગીને ગુજારો કરીશું. પણ જીવનના આ કાંસમાંથી તો છૂટવું જ.

એક સવારે અકળાઈને ગાંધીજીને દિલ્હી તાર કર્યો અને મળવાનો સમય માગ્યો. બાપુનો તારથી જ ઉત્તર આવ્યો કે આવી જા. નીલમનગર જેવું નાનું ગામ. એનો વળી મહારાજા. 1939નું વરસ. સપ્ટેમ્બરનો મહિનો. ગાંધીજીનો તાર જોઈને એ નાનીશી તારઓફિસમાં ધમાલ મચી રહી. પોલીસ-અધિકારીને જાણ કરવામાં આવી. પોલીસવડાએ મહારાજને જાણ કરી.

એટલે તાર મને મળ્યો તે પહેલાં એની નકલ મહારાજાને પહોંચી ગઈ હતી. હું દિલ્હી જવા માટે મહારાજાસાહેબ પાસે રજા માગવા ગયો તે વખતે એમણે ગંભીર ચહેરે મને ગાંધીજીના તારની વાત કરી. એમણે કહ્યું કે તમે મારા ખાનગી મંત્રી છો. એટલે આમાં હું પણ સંડોવાયલો છું એમ રાજદ્વારી ખાતું માનશે. કારણ કે તારઓફિસમાંથી જરૂર પોલિટિકલ એજન્ટને અને ત્યાંથી દિલ્હી આ સમાચાર પહોંચાડવાના કે આપણે ગાંધીજીની સાથે ખાનગી રીતે સંપર્કમાં છીએ. મને ખબર હોત તો હું તમને તાર જ ન કરવા દેત. એમ ને એમ તમારે મળવા જવું હોત ને તમે ગયા હોત તો આપણે ઊંડા પાણીમાં ઊતરવું ન પડત. મહારાજાસાહેબ સાચે જ ચિંતાતુર હતા. મેં કહ્યું કે મારો તાર સ્પષ્ટ હતો. એમાં મેં મારા અંગત કામ માટે સમય માગ્યો હતો. છતાં હું વ્યવસ્થા કરું છું કે તારઓફિસ આ ખબર પોલિટિકલ એજન્ટને ન મોકલે અને એમની સંમતિથી મેં એમ પણ નક્કી કર્યું કે મારે સતના અલ્હાબાદ થઈને નહીં પણ ઝાંસી થઈને દિલ્હી જવું. અને રસ્તામાં નૌગાંવમાં પોલિટિકલ એજન્ટને મળતા જવું અને ખાતરી કરી લેવી કે આ ખબર એને નથી મળ્યા.

રાજમહેલમાં મેં તારમાસ્તરને બોલાવીને હસતાં હસતાં એના ગજવામાં સો રૂપિયાની નોટ સરકાવી દીધી અને તારની આખી વાત જ દાબી દીધી. બીજે દિવસે હું ઝાંસી જવા નીકળ્યો. રસ્તામાં પોલિટિકલ એજન્ટને મળ્યો. એની પ્રસન્ન અને નિખાલસ વાતચીતથી ખબર પડી કે તારવાળી વાત અહીં

પહોંચી જ નથી. એમની સાથે જ જમીને હું બપોરે ઝાંસી જવા નીકળ્યો.

દિલ્હીમાં એ દિવસોમાં ગાંધીજી જૂની દિલ્હીની હરિજન કોલોનીમાં દેવદાસભાઈને ત્યાં રહેતા હતા. સાંજે પ્રાર્થના વખતે ત્યાં હજારો માણસોની ઠઠ્ઠ જામતી. હું એને ભાઈ યશવંત પંડ્યા એમની લાલ એડલર ગાડીમાં પ્રાર્થનામાં જવા નીકળ્યા. પ્રાર્થના પછી બાપુને મળીશું એવો મનસૂબો હતો. તે વખતે સમય નહીં હોય તો બીજો વખત માગી લઈશું. પણ અમે થોડાક મોડા પહોંચ્યા. પ્રાર્થના શરૂ થઈ ગયેલી. એટલે અમારી ગાડીને સ્વયંસેવકોની પહેલી ચોકીએ જ રોકી લીધી. પ્રાર્થના પૂરી થઈ ત્યાં સુધી અમે રોકાઈ રહ્યા. અને પૂરી થયા પછી એ મેદની વિખરાઈ એમાં અમારાથી આગળ વધાયું નહીં. પણ પંડ્યા દિલ્હીના જાણકાર હતા. એમણે સ્વયંસેવકના કાનમાં કંઈક ભૂરકી નાંખી અને અમારી મોટરને અંદર જવાની રજા મળી. દેવદાસભાઈના ઘર પાસે પહોંચ્યા ત્યારે બાપુ ઉપર એમના ઓરડામાં પહોંચી ગયા હતા. મેં ચિઠ્ઠી મોકલી. એમણે મને તરત જ ઉપર લાવ્યો. પંડ્યા ગાડીમાં જ રોકાયા. એ સોમવાર હતો. બાપુને મૌન હતું. પરંતુ સ્મિતના વાત્સલ્યથી એમણે મને નવાજ્યો. મારા હાથમાં કોરા કાગળોની એક થોકડી મૂકી. એક ચિઠ્ઠી લખીને એમણે મને આજ્ઞા કરી કે મૌન હોવાથી મારી વાત મારે લખવી અને એઓ પણ લખીને જ જવાબ આપશે. ચાળીસ પિસ્તાળીસ મિનિટ લખાપટ્ટી ચાલી. છેલ્લી ચિઠ્ઠીમાં આખરે એમની આજ્ઞા આવી : “જીવનના આ કાંસમાં તમે એટલા

ઊંડા ઊતરી ગયા છો કે અત્યારે જ જો બહાર નહીં નીકળો તો પછી બહુ મોડું થઈ જશે અને બહાર નીકળવાના પ્રયત્નો પણ તમને એ કાંસમાં ઊંડા ને ઊંડા ઉતારી દેશે. માટે ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને આ નોકરી છોડી દો. આ તમારું કામ નથી.” હું પગે લાગીને ઊઠ્યો. બાપુએ ફરવા જવાની તૈયારી કરી. હું પગથિયાં ઊતરતો હતો. નીલમનગરથી નીકળ્યો ત્યારે જે મહાભારતના ભણકારા વાગ્યા હતા તે યુદ્ધ શરૂ થઈ ગયું હતું. એક બાજુ સુખવિલાસની વૃત્તિઓ વારાંગનાના આકર્ષણથી પ્રાણને પરવશ કરતી હતી અને મનને મોહપાશમાં બાંધતી હતી. બીજી બાજુએ અંતરાત્મા અનાવિલ અભીપ્સાના ભારેલા અગ્નિને અકળાઈને છેલ્લી ફૂંકો મારતો હતો.

મારી પાછળ બાપુ પણ ઊતર્યા. કોઈને ખભે હાથ હતો. હાથમાં લાકડી હતી. સમીસાંજ નમી ગઈ હતી. છતાં રાતનું અંધારું હજી સઘન થયું નહોતું. અંધારાના એ અસ્પષ્ટ અજવાળામાં બાપુને જતા જોયા. એ ચરણોએ મારા અંતઃકરણમાં પગલાં પાડીને પેલી વૃત્તિઓના વાવાઝોડાને ડાર્યું. એ પગલાં પાછાં બહાર પડ્યાં. એ ચરણોને ચાલતાં જોવાં એ પણ જીવનનું કેવું અહોભાગ્ય!

નીલમનગર આવીને નોકરીનું રાજીનામું આપ્યું. અને, અને હું ચાલી નીકળ્યો.

# સર્જનનો ઉત્સવ

સાતઆઠ વરસની વાત છે. ગરમીના દિવસો હતા. વૈશાખ ધીકતો હતો. એ લૂ વરસતા ઉનાળામાં શ્રી નંદલાલ બોઝ શાન્તિનિકેતનથી વડોદરા આવ્યા હતા. સાથે એમના શિષ્ટ કલાકારોનું જૂથ હતું. ગાયકવાડના કીર્તિમંદિરમાં ઉગમણી દીવાલે એમના પ્રથમ ભીંતચિત્રનું નિર્માણ થવાનું હતું. કીર્તિમંદિરના પાછલા ભાગમાં આવેલી સામાન્ય ઓરડીઓમાં એ સૌની સાથે જ રહ્યા હતા.

અમને ખબર પડી એને બીજે દિવસે સવારે ડો. અલી અને હું એમને મળવા ગયા. ગુલાબી સ્વભાવ અને રંગીન તબિયતના આદમી ડો. અલીએ નંદબાબુ જેવા ગંભીર માણસને પણ ખડખડાટ હસાવી પાડ્યા. અમે નંદબાપુની સાથે જ કીર્તિમંદિરમાં ઉપર ગયા. ઉગમણી દીવાલે જોયું તો કાળી લકીરોથી ચિત્રની જગ્યા રોકી લેવાઈ હતી. નંદબાબીએ દીવાલ ભણી જોઈને પોતાના અંતરની વાત કહી : મીરાંના જીવનકથાના પ્રસંગો આલેખવા છે. બસ, પાછા એ તો પોતાની સમાધિમાં પડી ગયા

થોડીવારપછી બેચાર જણાને બોલાવી કંઈક સૂચનાઓ આપી અને પોતે કામે લાગી ગયા.

અઠવાડિયા પછી ડો. અલી અને હું પાછા નંદબાબુને મળવા ગયા. સામાન્ય રીતે નંદબાપુ કોઈને ઉપર લઈ જતા નહીં. પણ અમને એમણે એ નિયમના અપવાદ રાખ્યા. ઉપર જઈને જોયું તો થોડાંક રંગનાં ધાબાં ભીંત પર પડ્યાં હતાં. હજી એમાંથી આકૃતિ ઊઠતી નહોતી. અલીએ મને કહ્યું : “તેં નંદબાબુની આંખો જોઈ? એમાં ચિત્રની બધી જ આકૃતિઓ સળવળી રહી છે. એમના અંતરમાં જે દર્શન પડ્યું છે તે એમની આંખોમાં દેખા દે છે. આવતે અઠવાડિયે હવે એ રંગમાં ઊતરશે.” દરમિયાન નંદબાબુ તો પીંછી લઈને પોતાને કામે લાગી ગયા હતા.

અઠવાડિયા-દસ દિવસ પછી અમે બન્ને ફરીથી નંદબાબુને મળવા ગયા. અને નિયમ મુજબ ચાનો પ્યાલો પિવડાવીને તેઓ અમને ઉપર લઈ ગયા. અમારા આશ્ચર્ય વચ્ચે અમે દીવાલને જીવતી થતી જોઈ. આકૃતિઓની રેખા બંધાઈ ગઈ હતી. રંગો વધારે વિશદ થતા જતા હતા. કલાકારનું દર્શન આકાર લેતું હતું. સર્જકપ્રતિભા પાંગરતી જતી હતી. અમે તો મુગ્ધ બનીને ભીંતમાંથી જાગતા જીવનને જોઈ જ રહ્યા. નંદબાબુની પીંછી પામર માનવઆકૃતિને પરમ આત્મશ્રીથી વિભૂષિત કરી રહી હતી. અમે ઘેર જવા પાછા વળ્યા ત્યારે કદીય મૂંગા ન રહેતા ડો. અલી રસ્તે એક શબ્દ પણ બોલ્યા નહીં.

નંદબાબુને મળવાનો આનંદ અનેરો હોય છે. થોડીક જ વાતો એ વાણી દ્વારા કરે છે. એમની ઘણી વાતો મૌન વાટે થાય છે.

એમની આંખો એ વખતે મુખ્ય વાહન હોય છે. એ સવારે અમે ગયા ત્યારે એ બહુ જ શાંત હતા. સમાધિસ્થ કહીએ તોપણ એમાં અતિશયોક્તિ થવાનો ડર નહીં. કારણ કે તેઓ બેઠા હતા ધરતી પર, પણ એમની દૃષ્ટિ દૂર અગમ્યમાં હતી. અમને બીજા શિષ્યે ચા આપી અને અમે એમની સાથે ઉપર ગયા. પણ એમની સર્જનસમાધિ અતૂટ હતી. ઉપર ગયા ત્યારે આંખોએ નવું જ આશ્ચર્ય જોયું. આકૃતિમાં પ્રાણ દેખાયો. રંગ અને રેખા બન્નેની જુદાઈ લય પામી હતી. અને એ લયમાંથી લાવણ્ય પ્રગટ્યું હતું. “મૈં તો દરદ દીવાની, મેરા દરદ ન જાને કોઈ” એમ ગાતી મીરાં આગળ ચાલતી હતી. ભીંતમાંથી ધ્વનિ ઊઠતો હતો, ધૂન એકાગ્ર થતી હતી અને લગનીનું ગાંડપણ જોનારને અવાક્ કરી દેતું હતું. વૃક્ષ, મંદિર, આકાશ, ધરતી, તેજ, છાયા બધું કળામય બનીને મીરાંને સાથ દેતું હતું.

નંદબાબુ પોતાની અદ્‌ભુત પીંછી વડે ચિત્રને અંતિમ રૂપ આપી રહ્યા હતા.

અને છેલ્લું દર્શન! અપૂર્વ હતો એ અનુભવ. પહેલા દર્શને એ આરસ જેવી શ્વેત પથ્થરની દીવાલ હતી. એની ઉપર રેખાઓ અંકાઈ, રંગનો છંટકાવ થયો, શિલ્પીની આંગળીઓ ફરી અને એમાંથી જીવન જાગ્યું. જીવન જાગવાનો કેવો અભિનવ ઉત્સવ! કલાકારની વિભૂતિનું સૌન્દર્યના પ્રાકટ્યમાં કેવું ધન્ય વિસર્જન!

# સૂરસમાધિ

સૂરના સૂરજ સમા મનાતા ઉસ્તાદ ફૈયાઝખાંને ઘણી વખત સાંભળ્યા છેઃ ગાયકવાડના દરબારની મજલિસમાં, કીર્તિમંદિરમાં, સંગીત-પરિષદમાં, રેડિયો- સ્ટેશને અને ખાનગી મહેફિલમાં. પણ ગ્રીષ્મની વિહરતી એ એક રાતે ખાંસાહેબને સાંભળીને જાણે અરમાન ધરાઈ ગઈ. તે વખતે હજી એને ક્ષયનો રાજરોગ થયો નહોતો. એમના શ્વાસ, શક્તિ અને સૂરમાં તાજગી, રોનક અને બહાર હતાં. લગભગ દસેક વાગે ખાંસાહેબે ધમારનો આલાપ શરૂ કર્યો. ધમાર ખાંસાહેબની પોતાની ઘરાણાની ગાયકી છે, એટલે એમાં આલાપના આરોહઅવરોહની અનુપમ છટા તો છે જ પણ એમાં સૂરની મોહિની છે. ધમારનો આલાપ પૂરો કર્યો ત્યારે એમના અવાજને જિગરની હૂંફ બરાબર મળી ચૂકી હતી, કંઠની મીઠાશ મહેકી ઊઠી હતી. એટલે જ્યારે એમણે દરબારીને છેડ્યો ત્યારે સૂરાવલિ મલકી ઊઠી. ધમારના આલાપથી જે વાતાવરણ બંધાઈ ગયું હતું તેમાં ધ્યાનની એકાગ્રતા ઉમેરાઈ. જાણે કોઈ મોટો જોગંદર શિવની આરાધના

કરી રહ્યો છે. એના અંતરપદ્મની બધી પાંખડીઓ ઊઘડીને દેવને આહ્‌વાન કરી રહી છે. આ આહ્‌વાનમાં ધીરે ધીરે અભીપ્સાનો આતશ ઉમેરાતો ગયો. સંગીતની સરહદોનો સૂબો તંબૂરો સાવધાન હોત. સારંગી આજ્ઞાંકિત દાસીની જેમ પાછળ સૂરાવલિ લઈને ચાલી આવતી હતી. જરાય આંચકો ન લાગે એમ દરબારીની પાલખી ઉપાડીને તબલાનો તાલ ચાલતો હતો. ધીરે ધીરે સૂરનો ધોધ શમ્યો.

પણ દેવ ધ્યાનના તપથી પ્રસન્ન ન થયા. એટલે ખાંસાહેબના કંઠમાંથી આરઝૂ લઈને ભીમપલાસી નીકળી. પ્રીતિથી મલકાતી, છલકાતી ભીમપલાસીની સૂરાવલિએ ધ્યાનને વિખેરી નાંખ્યું. એને બદલે એણે આરતની નવી માંડણી કરી. રીસ, લજ્જા, મોહિની, ભેદ અને ભાવની એવી રસમસ્ત વિભાવના જગાવી કે મોટો યોગી પણ વિવશ બની જાય. આંખની અને અંગની અદાકારી ઘણી જોઈ છે. પણ સૂરની અદા જિંદગીમાં પહેલી વાર નીરખી. ભીમપલાસીની સૂરાવલિ આથમી ત્યારે અંતરમાં વ્યાકુળતા શૂન્ય થઈ ગઈ. ખાંસાહેબ પોતે ઉદાસ થઈ ગયા. આંખો ગમગીનીથી ભરાઈ ગઈ.

જ્યારે ગમગીની અસહ્યા થઈ પડી ત્યારે ઉસ્તાદે ભૈરવીને યાદ કરી. ઘણી વાર મહેફિલમાં સાંભળનારની ફરમાઈશ હોય છે. પણ આ મજલિસમાં તો કલાકારની મરજી ઉપર જ બધું છોડી દેવામાં આવ્યું હતું. એટલે ખાંસાહેબના પોતાના સંવેદનને આધારે સંગીત રૂપ લેતું હતું. મધરાત વીતી ને જેમ જેમ સવાર પાસે આવતું ગયું તેમ તેમ ભૈરવી વધારે ને વધારે જામતી ગઈ.

ભૈરવી પાસે હૈયામાં મધુર બેચેની મૂકવાની અદ્ભુત તાકાત છે એનો પરચો એણે અમને આપવા માંડ્યો. કવિઓ જેને ‘અજંપાની માધુરી’ કહે છે એવી કંઈક લાગણી ઊંડી ઊતરતી હતી.

એમ ઊંડે ઊતરતાં પળવાર થંભી જવાયું. ધમાર ગાતા શાંત ખાંસાહેબ, પછી દરબારીને લડાવતા લડાવતા ધ્યાનમગ્ન થઈ જતા કલાયોગી, ભીમપલાસીની પાછળ દોડતા પાગલ પ્રેમી અને ભૈરવીમાં પરાકાષ્ઠાની આનંદસમાધિ માણતા અદ્ભુત મરમી, એમ જુદેજુદે રૂપે કલાકારને વિહરતો જોયો, વિકસતો જોયો. સર્જનનો આનંદ જ્યારે સૌંદર્યસાધનાનાં પગથિયાં ચઢીને આત્મસ્થ બને છે ત્યારે માનવ પામર સંગ્રાહક મટીને પરમ સર્જક બની જાય છે. એટલા સમય માટે તો એ આત્મશ્રીનો અપ્રતિમ અધિકારી બની રહે છે.

# મસ્ત શિલ્પી

શાંતિનિકેતનના કલાભવનના આંગણામાં શરદની ચાંદની વિસ્તરી હતી. યાદ નથી એ ચૌદશ હતી કે પૂર્ણિમા. દસેક વાગે વૈતાલિક ફરી ગયા હતા. સંગીતની છાયામાં આશ્રમ જંપી ગયો હતો. અમે બેત્રણ જણા કલાભવનમાંથી એક મિત્રને મળીને પાછા વિદ્યાભવન તરફ આવતા હતા. ત્યાં તો ત્રણચાર ફાનસ લઈને ઊભેલા કલાભવનના થોડાક વિદ્યાર્થીઓ જોયા. પાસે કાદવ જેવા ગારાનો એક મોટો ઢગલો જોયો. રામબાબુ બાંયો ચઢાવીને ઊભા હતા. પહેલાં તો સમજણ ન પડી, પણ સમજણ પડી ત્યારે ત્યાંથી હઠવાનું દિલ ન થયું. રામબાબુની સંમતિ લઈને અમે પણ અડ્ડો જમાવ્યો. રામબાબુએ અને એમના શિલ્પભવનના વિદ્યાર્થીઓએ મળીને પાટિયાનું એક ઊંચું આસન બનાવેલું. એની ઉપર પેલા ગારામાંથી રાતોરાત એમને એક મૂર્તિ બનાવવી હતી. હાથ વિના એમની પાસે બીજું હથિયાર નહોતું. ગારામાંથી એક મોટો લોચો લઈને એમણે એની ભીનાશ અને ચીકણાશ બન્ને પામી લીધાં. વાંસના-કામડીના થોડાક ટુકડા પાસે પડ્યા હતા. કામ શરૂ થયું.

માટીના લોચા મૂકતા જાય અને રામબાબુ એને આકારમાં ઢાળતા જાય. પાણી એ એક જ રસાયન એમની પાસે હતું, જે માટીમાંથી મૂર્તિ સરજી રહ્યું હતું. પહેલાં તો જાણે માટીનો ઢગલો પડેલો દેખાયો. એમાંથી શિલ્પીના હાથે માનવદેહનાં જુદાં જુદાં અંગો સરજાવા માંડ્યાં. પલાંઠી વાળેલા પગ દેખાયા. પેટ અને છાતીનો ભાગ જુદો પડ્યો. બંને હાથના આકાર નીકળી આવ્યા. ઉપરના એક મોટા ઘડા જેવા ભાગમાથી માથાની રચના થઈ ગઈ. ઉષાએ ઊગીને જ્યારે ઉજાસ આપ્યો અને ચાંદની કલાન્ત થઈને અસ્ત થવા માંડી ત્યારે આછા અજવાળામાં એ પ્રયોગવીર શિલ્પીએ મૂર્તિનાં હોઠ, આંખ, નાક, કાન, બધું ઉઠાવી દીધું હતું. પ્રભાતના સૂર્યનાં કોમળ કિરણો જ્યારે પહેલી વાર મૂર્તિને અડક્યાં ત્યારે તો રૂપ અવતરી ચૂક્યું હતું. ભગવાન તથાગત બુદ્ધની પ્રતિમા પૂર્વાભિમુખ રહીને અનુકંપાભર્યા આશીર્વાદ વરસાવી રહી હતી. પાસે જ શિલ્પી રામબાબુ ઊભા હતા અને બાળક જેવા સરળ ભાવે પ્રતિમાને જોઈ રહ્યા હતા. જોઈ જ રહ્યા હતા.

મસ્ત રામબાબુ મૂર્તિવિધાનમાં અદ્‌ભુત હતા. એમની સર્જનશક્તિ અને કલાદૃષ્ટિ માટે બે મત નહોતા. પણ બુદ્ધના મૂર્તિવિધાન પછી રામબાબુની મસ્તીમાં વિષાદ ઉમેરાયેલો જોયો. ચારપાંચ દિવસ પછી અમે આશ્ચર્યમુગ્ધ બનીને એક સવારે જોયું તો કલાભવનના જે આંગણામાં બુદ્ધ બેઠા હતા, તેની સામે જ સુજાતાની પ્રતિભા ઊભી હતી. એમ લાગે કે જાણે હમણાં બુદ્ધમાં જઈને સમાઈ જશે એટલી અભીપ્સા અને આરતભરી. સમર્પણની જાણે થીજી ગયેલ સૂરાવલિ.

હવે શિલ્પીનું અંતર ઓળખાયું. એની સર્જકપ્રતિભાએ ધ્યાનસ્થ બુદ્ધ સર્જ્યા પણ એને જંપ ન વળ્યો. પોતાનું સમસ્ત અર્પણ કરતી સુજાતા સરજીને જ એણે શાંતિ મેળવી.

રામબાબુ હવે પાછા મસ્ત લાગતા હતા. એમની ચાલમાં એ જ બેપરવાઈ હતી, એમની આંખો એવી જ બેતમા હતી. એમનો અંતરાત્મા નિતાન્ત પ્રસન્ન હતો. સર્જક કેવો મોટો શહેનશાહ છે એ તો રામકિંકરબાબુને જોયા પછી જ સમજાયું.

# સ્વ. ફૈયાઝખાં

## બેમાંથી એક

ઘણાં વર્ષોની વાત છે. વર્ષ પણ સાંભરતું નથી. યાદ છે માત્ર ઋતુ. કારણ કે એનું વાતાવરણ સ્મૃતિમાં સજીવન છે. શ્રી કૃષ્ણમૂર્તિ વડોદરામાં આવ્યા હતા. જ્યારે કોઈ જાણીતી મહાન વ્યક્તિ વડોદરામાં આવે ત્યારે એમનું વ્યાખ્યાન ઘણુંખરું સાંજે જ રખાતું અને સ્થળ પણ ન્યાયમંદિર કે વડોદરા કૉલેજનો હૉલ પસંદ થતું. પરંતુ કૃષ્ણજીને માટે સમય અને સ્થળ બંને બદલાયાં હતાં. સમય સવારે આઠ કે સાડાઆઠનો હતો અને સ્થળ તરીકે કમાટીબાગમાં સફેદ બંગલા આગળની વૃક્ષોની ઘટા પસંદ કરવામાં આવી હતી. સ્વ. મહારાજા સયાજીરાવે સ્વેચ્છાથી એ સભાનું પ્રમુખપદ સ્વીકાર્યું હતું. જે સભા ભરાઈ હતી તે સ્થળને સાદાઈથી પણ કલાત્મક રીતે શણગારવામાં આવ્યું હતું. પરંતુ શોભા અને રોનક તો વાતાવરણમાંથી ઊઠતાં હતાં. વૃક્ષો નવપલ્લવિત થયાં હતાં. વેલીઓ પાંગરતી હતી અને કુસુમો

નવજીવનથી હસતાં હતાં. વસંતઋતુની વૃક્ષરાજિ મહેકી ઊઠી હતી. નિસર્ગના આવા તાજગીભર્યા સુગંધિત વાતાવરણમાં સભા પૂરી થઈ. વ્યાખ્યાન અને વાતાવરણ બંનેની અસરથી મુગ્ધ થયેલા શ્રોતાઓ અંદર અંદર વાતો કરતા હતા. ત્યાં કૃષ્ણજીની સાથે આવેલાં ભાઈબહેનોમાંથી એક જણે એક વડોદરાવાસીને પૂછ્યું: 'વડોદરામાં જાણવા જેવી જાણીતી વ્યક્તિઓ કોણ કોણ છે?' પેલી વિલક્ષણ વ્યક્તિએ ઉત્તર વાળ્યો: 'એક સયાજીરાવને તો તમે જોયા. બીજા છે ઉસ્તાદ ફૈયાઝખાં. વડોદરામાં આ જ બે વ્યક્તિઓ મળવા જેવી મહાન છે.'

સયાજીરાવ મહારાજે એ સભાના પ્રમુખપદેથી જીવનસ્પર્શી અને સૌંદર્યસ્પર્શી ભાષણ કર્યું હતું. તેનાથી કૃષ્ણજી અને એમની મંડળી બહુ જ પ્રભાવિત થયેલાં. પરંતુ તે રાત્રે રાજમહેલમાં ફૈયાઝખાંનું સંગીત સાંભળીને એ લોકો મુગ્ધ અને મસ્ત થયાં હતાં. સવારે એમનું મન મરક્યું હતું. રાતે એમનું હૃદય રંગાયું. વર્ષોની આ યાદ આજે ઉસ્તાદ ફૈયાઝખાંની ગેરહાજરીમાં પહેલી બેઠી થાય છે. આજે મળવા અને માણવા જેવા બંને મહાન પુરુષો વિના વડોદરા ઘણું ગરીબ લાગે છે.

## આફતાબનો ઉદય

જિંદગીમાં મહેફિલો તો ઘણી જોઈ છે. અખ્તરી ફૈજાબાદી, ઇદન મુરવ્વતી, જમિલા કાનપુર, મહેબુબજાન સોલાપુર, દિલશાદ સહરાનપુર, અસ્મત મુરાદાબાદી એ સમશાદ બેગમની ગઝલકવાલી અદાની મસ્તી સાથે સાંભળી છે. સિદ્ધેશ્વરી,

વિદ્યાધરી, શૈલકુમારી, અંજની, મેનકા, રોશનઆરા, કેસરબાઈ, રાજેશ્વરી, મીરાંબાઈ વાડકર, સુશીલા ટેમ્બે, લક્ષ્મીબાઈ અને હીરાબાઈ બડોદેકરની જુદાં જુદાં ઘરાણાંની અનોખી તમીજ અને તાજગીભરી ગાયકીનો પણ લહાવો મળ્યો છે. ઉસ્તાદ ફૈયાઝખાં, વિલાયતહુસેન, મહમદખાં, પંડિત ઓમકારનાથ, ખરેજી, જોશી, માસ્તર કૃષ્ણા, દિલાવરહુસેન વગેરે ગવૈયાઓને પણ સાંભળ્યાં છે. પરંતુ એક મહેફિલ મારા મુગ્ધ અંતરમાં એવી કોરાઈ ગઈ છે કે આજે પણ એની સ્મૃતિ ખ્વાબની ખુશનુમા હવા પેદા કરે છે. લગભગ પચીસ- સત્તાવીસ વર્ષની વાત છે. વડોદરામાં પાણી દરવાજા બહાર એક કબરની પાસે મહેફિલ જામી હતી. શમિયાનો હતો. યાદ તો એવી છે કે વડોદરાના સંગીતવિધાયક પ્રો. મૌલાબક્ષની મૃત્યુતિથિ હતી. વડોદરા એ વખતે સંગીતકલાના ઉપાસકોથી પોતાના ગૌરવનું અજવાળું વેરતું હતું. એટલે વડોદરાના જાણીતા ગવૈયાઓ અને ગાનારીઓ ઉપરાંત હિંદમાંથી પણ ખ્યાતનામ ગાનારાઓ આવ્યા હતા. રાત્રે દસેક વાગે શરૂ થયેલી એ મહેફિલ સવારે છ વાગે પણ માંડ પૂરી થઈ હતી. એ મજલિસમાં બહારના માણસો તો ઘણા ઓછા હતા. કલાકારોની જ મોટી સંખ્યા હતી. મહેફિલનો આત્મા એ મૌલાબક્ષ તરફની સદ્ભાવના હતી. એટલે દરેક કલાકારના અર્પણમાં પોતાનું શ્રેષ્ઠ સત્ત્વ પ્રગટ કરવાની શુદ્ધ અભીપ્સાનો રણકાર હતો. એ રાત્રે પહેલી વાર જીવનમાં ઉસ્તાદ ફૈયાઝખાંને જોયા અને સાંભળ્યા. દરબારીના આલાપથી એમણે મહેફિલ શરૂ કરી હતી. ત્યારે એમને પૂરાં

ચાળીસ વરસ પણ ભાગ્યે જ થયાં હશે. સુરમાથી આંજેલી આંખોમાં નરી મસ્તી મરકતી હતી. રૂપ મઢ્યા ને નકશીદાર ચહેરા પર પૌરુષની દીપ્તિ હતી. તમીજના અત્તરથી આખું અસ્તિત્વ મહેકતું હતું. મેં સાંભળ્યું હતું કે એમની પાછળ ઘણી ગાનારીઓ ગાંડી હતી અને ગાનારી સ્ત્રી હોય તો ગાંડી જ થાય એવો રંગદર્શી અને મનોરમ એ આદમી હતો. ખાંસાહેબે દરબારીનો આલાપ લઈને એના રંગીલા ઘરાણાની ગાયકીને એવા ઉચ્ચ ધોરણના ક્યારામાં સહજ રીતે રોપી કે પાછળના જે ગાનારાઓ એ ધોરણને ના પહોંચી શક્યા, તે ઝાંખા પડ્યા અને ક્યારાની પાસે જઈ શક્યા તેમણે ખુદાનો પાડ માન્યો. ખાંસાહેબે ભૈરવીથી એ મહેફિલની પૂર્ણાહુતિ કરી, ત્યારે વાતાવરણમાં ગમનું મૌન પથરાઈ ગયું, પણ વેદનાશીલ હૈયાને જોઈતી હૂંફ પણ મળી ગઈ. ઘણા ગવૈયા ખાંસાહેબને ભેટી પડ્યા, ઘણી ગાનારીઓએ માનનો મુજરો કર્યો. મારા ગભરુ અંતરની સંવેદના એવી હતી કે વડોદરાના આકાશમાં સંગીતનો સૂરજ ઉદય પામ્યો હતો. ‘આફતાબે મૌસુકી’નું સન્માન એમને ત્યાર પછી મળ્યું પણ હતું.

## કીમિયાગર

સ્વ. મહારાજા સયાજીરાવના જન્મોત્સવનું સપ્તાહ ચાલતું હતું. એ વાતને પંદરસત્તર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. એક સાંજે મોતીબાગના મેદાનમાં ઉપવનસંમેલન હતું ત્યાં મહેમાનોના મનોરંજન માટે વિવિધ વ્યવસ્થા હતી. પોપટના ખેલોથી માંડીને

ઈદનજાનના સંગીત જલસાના શમિયાના બંધાયા હતા. ગઝલકવાલી એની વખણાતી પણ ખ્યાલની ગાયકી પણ એની જાણતી હતી. અમે એ શમિયાનામાં ઊભા હતા. અડધોએક કલાક ગયો પણ મજલિસ જામતી નહોતી. એટલામાં સયાજીરાવ મહારાજ પોતે પોતાના બેચાર ખાસ મહેમાનો સાથે આવી પહોંચ્યા. સાજિન્દાઓ સાવધાન થઈ ગયા. ઈદન પોતે પણ જરા ચોંકીને સરખી થઈ ગઈ. આલાપ કરીને એણે વિલંબિતમાં ભીમપલાસી છેડી. રૂપ જુવાની અને કંઠનો એનામાં ત્રિવેણીસંગમ હતો. આ અપૂર્વતાથી એ અજ્ઞાન નહોતી. એટલે એના રસીલા અને રંગભર્યા ચિત્તવનમાં એની ખુમારી કોઈ કૌતુકપ્રિય પુરુષનું સપનું બની જાય એટલી બલવાન હતી.

પરંતુ ગાનારીના કંઠની રોનક જામતી નહોતી. એટલામાં ઉસ્તાદ ફૈયાઝખાં એ શમિયાનામાં આવ્યા. કોઈની શોધમાં નીકળેલી ઈદનની નજરે ખાંસાહેબની આંખોમાં આશરો લીધો. કંઠમાં જાણે નવાં નવાણ ફૂટ્યાં. ભીમપલાસી લહેરી ઊઠી. ખાંસાહેબના 'વાહવાહ, શાબાશ'ની કદરદાનીને ઈદને મુજરો કર્યો અને આખા સંગીતનો મિજાજ ફરી ગયો. નવી ફિરત ઊઠી, ઊંડું દર્દ જાગ્યું, આરતે અકળાઈને પોકાર કર્યો અને મહેફિલની હવા બંધાઈ ગઈ. ઈદનનો મુજરો લઈને મહારાજાની દૃષ્ટિ ફૈયાઝખાં પર પડી ત્યારે ખાંસાહેબે ઝૂકીને સલામ કરી. એમના ખભા ઉપર પોતાનો હાથ મૂકીને શાબાશીનું ઇનામ આપીને મહારાજા ચાલ્યા ગયા. મારી બાજુમાં કર્નલ શિવરાજસિંહ ઊભા હતા. બોલી ઊઠ્યા: 'ઉસ્તાદ કીમિયાગર હૈ.'

## મહેમાનનવાજ

શ્રી નંદલાલ બોઝ શાંતિનિકેતનથી પાંચસાત વર્ષ પહેલાં વડોદરામાં કીર્તિમંદિરમાં ભીંતચિત્રો કરવા માટે આવ્યા હતા. સાથે એમનું શિષ્યવૃંદ હતું. નંદબાબુને ઉસ્તાદ ફૈયાઝખાંને સાંભળવાની ઇચ્છા થઈ. એમણે ડૉ. અલીને કહેણ મોકલ્યું. અલી અને હું બન્ને ખાંસાહેબને મળ્યા. નંદબાબુની ઇચ્છા હતી કે એમને સાંભળવા ખાંસાહેબને ઘેર જ જવું. અમે એમને એ રીતની વિનંતી કરી, પણ ઉસ્તાદ માને નહીં. એમની તબિયત એવી હતી કે નંદબાબુ જ્યાં ઊતર્યા છે ત્યાં જઈને એમને સંગીત સંભળાવવું. નંદબાબુ રહ્યા કલાકાર. એ કહે કે આટલા મોટા મહાન સંગીતકારને આપણી ઝૂંપડીમાં કેમ બોલાવાય. એ અવિનય છે. આપણે જ એમને ત્યાં જવું જોઈએ. ખાંસાહેબ એકના બે ના થયા. એ કહે મહેમાન ઉપરાંત નંદબાબુ તો મોટા કલાકાર રહ્યા. એમના જેવા મહાપુરુષને આપણે ઘેર સંગીત સાંભળવા આવવું પડે એમાં મારી અપકીર્તિ છે. હું સામે ચાલીને એમને ત્યાં જઈને એમને સંભળાવું એમાં જ મારી શોભા. અમને લાગ્યું કે જો બંને કલાકારો આમ જ કર્યા કરશે તો સંગીત સાંભળવાનું જ નહિ બને. ડૉ. અલી અને મેં ખાંસાહેબને સમજાવ્યા. બહુ સમજાવ્યા ત્યારે માંડ એ માન્યા. અમે સૌ એમને ત્યાં જ ગયા. તે રાત મને બરાબર યાદ છે. શેતરંજી ઉપર સફેદ ચાદરની બિછાયત હતી અને બિછાયત ઉપર મોગરાનાં ફૂલનો ઢગલો પડ્યો હતો. ખાંસાહેબ ખુશમિજાજ હતા. તે રાતે મેં એમની પાસેથી પરજ, ભટિયા અને બાગેસરી તદ્દન અભિનવ

રીતે સાંભળ્યા. આ રાગો મેં પહેલાં પણ એમની પાસેથી સાંભળ્યા હતા. પરંતુ એ વખતે એમણે જે કલા-લીલા બતાવી તેનો ઠાઠ જ જુદો હતો. એ કસબને ઇનાયતખાંના સિતારની મીંડ સાથે સરખાવી શકાય. પોતાના અદ્ભુત કંઠમાંથી ખાંસાહેબ સૂરની જે મીંડ કાઢતા એ કલા તો એમની પોતાની આગવી સિદ્ધિ હતી અને એ એમની સાથે ચાલી ગઈ.

## સંવેદનાનો શિલ્પી

એ વખતે ઓલ ઇન્ડિયા રેડિયો, વડોદરાના સ્ટેશન ડિરેક્ટર શ્રી પરાશરની યોજનાથી એવું ઠર્યું કે ખાંસાહેબ મલ્હારનાં ચારે સ્વરૂપો ગાય. દરેક સ્વરૂપનું વાતાવરણ પણ સરજવામાં આવે અને સાથે સાથે એ સ્વરૂપોનાં સૌંદર્ય અને સંવેદનાનો મર્મ પ્રગટ કરતી એક દોડતી વિવેચના થતી જાય. વડોદરા રેડિયોના કલાકારોનું ઑરકેસ્ટ્રા ખાંસાહેબના સૂરની પાછળ પાછળ ચાલે. મલ્હારનાં ચારે સ્વરૂપ વિષે વિવેચનો કરવાનું મારે ભાગે આવ્યું એટલે ખાંસાહેબની સાથે મલ્હારનાં એ ચારે સ્વરૂપો વિષે બહુ જ રસભરી ચર્ચા થઈ. ખાંસાહેબે તો દિલ ખોલીને મલ્હાર રાગની શક્તિ અને અસર વિષે ઘણી રોમાંચક વાતો કહી, અને જુદાં જુદાં સ્વરૂપની તરજો ગાઈને એના વાતાવરણની હવા બાંધી આપી. મલ્હારનાં ચાર સ્વરૂપો સાંભળીને અંતર ભરાઈ ગયું. જે રાતે એમણે ગાયું તે રાત વર્ષાઋતુની હતી. હું ભૂલતો ન હોઉં તો શ્રાવણનો મહિનો હતો.

મેઘમલ્હારની સૂરાવલી હૃદયના ધબકારા સાથે તાલ દેતી

દેતી નીકળી. પાવસઋતુમાં દુલ્હનના અંતરમાં પ્રિયતમની યાદ જાગી. પણ પ્રિય તો ઘેર નથી. મેઘ ગરજે છે. કાળી ઘનઘટાઓ બિહામણી બનીને ચઢી આવી છે. રેન અંધારી છે. વીજળી લપકારા મારે છે, પણ પ્રિયતમની યાદ વધારે ને વધારે વિહ્‌વળ કરી મૂકે છે. હૈયું પિય પિય ઝંખે છે. મિલનની આતુરતા અકળાવી મૂકે છે. પ્રાણ બહાવરો બની જાય છે. દુલ્હન આવી કાળી રાતે પણ પિયમિલનનો નિશ્ચય કરે છે.

અને સૂરાવલિ પલટો લે છે. મિયાંમલ્હારના તલસાટભર્યા વિવશ સૂરોથી દુલ્હનના અંતરમાં માત્ર એક જ કામના ચક્રવર્તી બની રહે છે. પિયમિલન. એણે નિશ્ચય તો કર્યો પ્રિયતમને મળવાનો, પરંતુ વીજળીના ચમકારાના પ્રકાશમાં કાળી દેખાતી વાદળીઓ ચોધાર આંસુએ રડતી હોય તેમ ગરજી ગરજીને મેહ વરસે છે. આ મુશળધાર વરસાદમાં, કારમા અંધકારમાં અને મધરાતના સૂનકારમાં હૈયું પિયમિલનને માટે વધારે ને વધારે તલસે છે. ત્યાં તો સૂનકાર અને શાંતિ વીંધીને પપૈયા પિયુ પિયુની રટ લગાવે છે અને તલસાટ અસહ્ય થતાં દુલ્હન નીકળે છે પ્રિયતમને મળવા.

સૂરમલ્હારના સૂરોનો ફુવારો ઊડે છે. મેહ વરસી રહ્યો છે. ક્યારેક મુશળધાર પડે છે, ક્યારેક ઝરમર ઝરમર વરસે છે. ઈશાન ખૂણામાં વારંવાર વીજળી ઝબૂકે છે. પરંતુ કોઈનો ખ્યાલ કર્યા વિના, કોઈથી ડર્યા વિના દુલ્હન તો ચાલી જાય છે પ્રિયતમને મળવા. એના હૈયામાં એક જ ઝંખના છે, એના અંતરમાં એક જ આતુરતા છે અને તે પોતાના અંતરદેવતામાં સમાઈ જવાની.

આલિંગનની આ ઉત્સુકતા એને બળ આપે છે. ત્યાં તો આશાની યાદ આપતી કોયલ બોલે છે. પપૈયો સાથ આપે છે. દુલ્હનની છાતી ધડકે છે, બેચેની પીડે છે અને એ આગળ ચાલે છે. એક જ ધૂન છે, એક જ ધ્યેય છે પ્રિયતમ મિલનનું.

'બલમા બહાર આઈ' બોલતી ગૌડમલ્હારની સૂરાવલિ ઊછળે છે. વરસાદ થંભી ગયો છે. વાદળાં વીખરાઈ ગયાં છે. અંધકાર ઓછો થયો છે. અંધારાના સાથી બેપાંચ તારાઓ પણ બહાર નીકળ્યા છે. દુલ્હનના અંતરમાં ત્યાં આશાનો સંપૂર્ણ ઉદય થયો છે કે હવે પ્રિયતમને મળી લેવાશે, આતુરતા શમશે, પ્રાણની બેબસી ઓસરી જશે, મન જંપશે અને મિલનની શય્યા ઉપર અંતરાત્મા સ્વર્ગ અનુભવશે. ત્યાં તો કોયલ ટહુકે છે, મયૂર ગહેંકે છે, પપૈયા બોલે છે અને સામેથી પ્રિયતમ આવે છે. દુલ્હનને પોતાનો બાલમ મળે છે. એનું હૈયું ઊછળી પડે છે. પાવસની આ બહારમાં પિયા અને પ્રિયતમનું અદ્‌ભુત મિલન થાય છે. ગૌડમલ્હારના સૂરોની હૂંફમાં બન્ને આનંદની મૂર્છા પામે છે.

મલ્હારનાં ચારે સ્વરૂપો ફૈયાઝખાંએ ગાઈને પોતાના અંતરને તો સંવેદનાની ભરતીઓટથી ઝબકોળ્યું, પણ મારા અંતરજગતમાં પણ મલ્હાર છલકાવી દીધો. સંવેદનાના આ શિલ્પીને હું નમવા જતો હતો ત્યાં એમણે મને ઉઠાડીને છાતીસરસો ચાંપી દીધો.

# કેરોસીન અને અત્તર

એક શિયાળાની રવિવારની સવારે હું અને ડૉ. અલી એમને ત્યાં સ્વ. રવીન્દ્રનાથ ટાગોરનાં ગીતોની ગ્રામોફોન રેકર્ડો વગાડવા બેઠા હતા. ડૉ. અલીને માટે કોઈ એક વિશેષણ વાપરીને એમને વિષે સમગ્ર ભાવ પ્રકટ કરવો મુશ્કેલ છે, કારણ એમનામાં કેટલાક સંવાદી ભાવોનું જેમ સુભગ મિશ્રણ હતું તેમ કેટલાક પરસ્પર વિરોધી ભાવોનું પણ વિચિત્ર મિલન હતું. ગુલાબી સ્વભાવ અને તેજ મિજાજ, બહુરૂપી મેધા અને બાલસહજ નિર્દોષતા, બહુશ્રુત ભાષાશાસ્ત્રી અને સંગીતના ગજબના આશક, તેજસ્વી વ્યાખ્યાનશિલ્પી અને મૌનના અજબ શોખીન, નામેજાતે મુસલમાન અને દેખાવે તથા રીતભાતે હિંદુ, તુલનાત્મક ધર્મોના અધ્યાપક અને પોતે કોઈ ધર્મમાં નહિ માનનારા, વ્યક્તિત્વે મીઠા પણ લાંબો વખત સહન ન થઈ શકે એવા વિલક્ષણ, પુરુષો કરતાં બાળકો અને સ્ત્રીઓને સહજ મિત્ર ડૉ. અલી પણ કોઈ ચીજ હતા. ક્યારેક તમે ગમગીન હો તો તમને ખુશી કરે અને ક્યારેક વળી ગમગીની વધારી મૂકે. તમે આનંદિત

હો તો તમારો આનંદ ક્યારેક અનેક ગણો વધારી દે અને ક્યારેક વળી તમને દુ:ખી દુ:ખી કરી નાંખે એવા જિંદગીના જાણકાર અને માણનાર એ માણસ રમૂજ અને મશ્કરીના પણ ભંડાર હતા.

ટાગોરનાં ગીતો ચાલતાં હતાં, એની ઉપર અલીની દોડતી રસિક વિવેચના ચાલતી હતી ત્યાં એમણે એક નવી શોધનો કીમિયો કહ્યો. રવીન્દ્રનાથની એક ચોપડી કોઈ 'વિજયા'ને અર્પણ છે. અલીએ કહ્યું: 'રવીન્દ્રનાથના જીવનમાં વિજયા નામની કોઈ સ્ત્રી અસ્તિત્વ ધરાવતી હોય એમ નથી. પણ મેં ડોસાની પ્રીતિની એ કૂણી લાગણી શોધી કાઢી છે. રવીન્દ્રનાથ જ્યારે દક્ષિણ અમેરિકા ગયા હતા ત્યારે બ્રાઝિલની જાણીતી સાહિત્યકાર વિક્ટોરિયા એમની મિત્ર બની હતી એ વાત જાણીતી છે. એ વિક્ટોરિયા એ જ એ પુસ્તકનું અર્પણ સ્વીકારનારી વિજયા છે.' અને એના ઉપર પછી અલીની વાગ્ધારા ચાલી. એટલામાં બહારથી કોઈએ બારણા ઉપર ટકોરા માર્યા. રવિવારે અલી કોઈને કામ માટે મુલાકાત આપતા નહીં અને કામ માટે બહાર જતા નહીં. એટલે ટકોરા સાંભળીને ત્યાંથી જ તાડૂકી ઊઠ્યાં- Who is there to-day? અને સામેથી જવાબ મળવાને બદલે ફરીથી ટકોરા પડ્યા. અલીએ બારણું ઉઘાડ્યું એટલે તરત પેલા બે જણાએ કહ્યું: 'અમે કેરોસીન ઇન્સ્પેક્ટરો છીએ.' આ સાંભળીને અલીના મોઢા પરનો ગુસ્સાનો ભાવ બદલાઈ ગયો અને એને બદલે એકદમ આતિથ્યની લાગણી ધસી આવી. આવકાર આપીને બંનેને અંદર લઈ આવ્યા અને કોઈ સ્ત્રીની સાથે કરે એના કરતાંય વધારે મીઠાશથી વાતચીત કરી મહિને

એક ગેલન વધારે કેરોસીન મેળવ્યું. બદલામાં પેલા ઇન્સ્પેક્ટરોને ચા પિવડાવી અને વિદાય કર્યા.

અલીનું આ રૂપાંતર અને એની કેરોસીન માટેની આ આસક્તિ બધું મારે માટે નવીન હતું. એટલે મેં પૂછ્યું કે આ નાટક શાનું કર્યું? એના જવાબમાં મારો હાથ પકડીને પોતાના સૂવાના ઓરડામાં લઈ ગયા અને ધીરેથી પલંગની નીચેથી શેતરંજી ઊંચકીને સંતાડી રાખેલા કેરોસીનના બે ડબ્બા દેખાડ્યા અને કહ્યું કે હમણાં જાપાન કૂદકે ને ભૂસકે આગળ વધે છે. થોડા વખતમાં કદાચ કેરોસીન આવવું બંધ થાય. વળી જાપાન બૉમ્બમારો કરે એ ભયથી રાતે વીજળી આપવાનું બંધ થયું છે. એક તો હું રાતે અગિયાર વાગે જમનાર અને પછી રાતે બે ત્રણ વાગ્યા સુધી વાંચીને સૂઈ જનારો માણસ એટલે અંધારામાં તો હું મરી જાઉં. માટે કેરોસીન એ એક જ મારો પ્રાણ છે. એટલે કેરોસીનની કિંમત મારે મન ઘી કરતાં વધારે છે. માટે તો પેલા બે ઇન્સ્પેક્ટરોની આગતાસ્વાગતા કરી અને પછી તો કેરોસીન ઉપર એક મુખતેસરનું ભાષણ આપ્યું.

એટલામાં બારણે બીજી વાર ટકોરા પડ્યા. અલી પાછા ગુસ્સે થયા અને બરાડી ઊઠ્યા: Who is there to-day? જવાબમાં પાછા ટકોરા જ. એટલે વધારે ચિડાઈને બોલ્યા: 'સાલા, આ દેશના માણસો પણ ગજબના જંગલી છે. બોલતા શું ચૂક આવે છે?' અને જઈને બારણું ઉઘાડ્યું તો એક અત્તરવાળો ઝૂકીને સલામ ભરી રહ્યો: 'સાહેબ, કુછ અત્તર લો! લખનૌ ઔર બિજનોર કી ખાસ બની હુઈ કોઈ ખાસી ચીજ હૈ!' અને અલી

તાડૂકી ઊઠ્યા: ‘યહ અત્તર બેચનેકા જમાના હૈ? તુમકો માલૂમ હૈ કિ અભી કેરોસીન કા રેશન હૈ? અત્તર લે કે આયે હૈ બડે આદમી! કેરોસીન હૈ?’ પેલો બુઢ્ઢો અત્તરવાળો તો અવાક્ જેવો બની ગયો. કોઈની પાસે અત્તરના શોખીન તરીકે ડૉ. અલીનું નામ સાંભળીને આવ્યો હશે. અલીએ ધડાક દઈને બારણું બંધ કરી દીધું અને ખુરશી પર બેસતાં બેસતાં હસી પડ્યા. ત્યાર પછી ડૉ. અલીએ એક ડબ્બો કેરોસીન બાવીસ રૂપિયા કાળા- બજારમાંથી ખરીદ્યું હતું. પછી તો જાપાન તૂટી પડ્યું. રાતે વીજળી અપાવા માંડી અને અલીના કેરોસીનના વધારાના બે ડબ્બા પડી રહ્યા. પણ છેક છેવટ સુધી એ બે ડબ્બા એમણે જીવની જેમ સાચવ્યા અને જ્યારે કલકત્તા જવા વિદાય થયા ત્યારે અમને બંને મિત્રોને એક એક કેરોસીનનો ડબ્બો હેતથી ભેટ આપતા ગયા.

# માતાની સુવાસ

ટ્રાન્સ વર્લ્ડ એરલાઇનનું તોતંગિ એરોપ્લેન સ્કાયમાસ્ટર સાંજે છ વાગે ન્યૂયોર્ક પહોંચ્યું. સાઠ કલાક પહેલાં તો હું મુંબઈમાં મિત્રોની વિદાય લેતો હતો. આ સાઠ કલાકમાં સપનાની જેમ મેં સાઉદી અરેબિયાનું ડરહાન, ઇજિપ્તનું કેરો, ગ્રીસનું એથેન્સ, ઇટાલીનું રોમ, સ્વિટ્ઝર્લૅન્ડનું જિનીવા, ફ્રાન્સનું પૅરિસ, આયર્લૅન્ડનું શેનોન અને ન્યૂફાઉન્ડલૅન્ડનું ગાદા જોઈ લીધાં હતાં. ડરહાન રાતે બે વાગે પહોંચ્યા. બહાર નીકળ્યા ત્યારે એવી લાગણી થઈ કે ધરતી પરનો લાવા જાણે હજી હમણાં જ ઠંડો પડ્યો હતો. અમારા પાઇલટે કહ્યું કે ગરમીનો પારો 122 ડિગ્રી હતો. એરોપ્લેન પેટ્રોલ ભરીને તરત જ ઊપડ્યું. સૂર્યોદયના અજવાળામાં સુએઝની નહેર ઉપર અમે ઊડતા હતા. કેરો અમારું નિશાન હતું. માર્ગમાં જે રીતે નાઈલ વહી જઈને જીવનદાત્રી બની હતી તે લીલા જોઈને આંખો ઠરી. સામ્રાજ્યો અને સંસ્કૃતિના ઉદય અને અસ્તની સાક્ષી આ ગંભીર નાઈલ કેરો પહોંચતાં રંગદર્શી અને હૃદયંગમ લાગતી હતી.

એથેન્સની પાસેનાં જૂનાં ખંડેરો જોઈને હેલેનિક સંસ્કૃતિનું દબાયલું સપનું હવે કદી જ પાછું નહીં સંભવે એમ એના ઉપર ચઢેલા વિસ્મૃતિના થરો બોલતા હતા. જીનીવા જતાં પહેલાં બરફની ચાદર ઓઢીને સૂતેલો આલ્પ્સ જોયો અને સમુદ્ર જેવા લેમન સરોવરને વિલીનોય આગળ અંત પામતું દીઠું. વિલીનોય જોયું એટલે એના સંત રોમેરોલાં સાંભર્યાં. સમી સાંજે ઊડીને અમે રાતે તો પૅરિસ પહોંચી ગયા. પૅરિસની રાત એ જિંદગીનો દિવસ. મધરાતે અમે શેનોન ઊતર્યા. અહીં અમારા એરોપ્લેને આટલાંટિક મહાસાગર ઓળંગવાની પોતાની તાકાત માપી જોઈ. ચૌદ કલાકની અખૂટ મુસાફરી હતી. સવારે આંખ ઊઘડી ત્યારે નીચે મહાસાગરનાં અપાર નીલાં પાણી અને ઊંચે એની સાથે તાલ દેતું અનંત આકાશ. ગમે તેવા નાસ્તિકને પણ ઈશ્વરી સત્તામાં શ્રદ્ધા રાખવાનું મન થાય એવી કુદરતની ભવ્યતા જોઈને આંખો દિગ્મૂઢ બની ગઈ. વાણી મૂક થઈ રહી અને અંતઃકરણ અકળાઈને કોઈના આશીર્વાદ માગી રહ્યું. અપાર અને અનંતની સાધના કરનાર માનવીનું મન માત્ર મહાસાગરનો પાર પામવા ઝંખી રહ્યું. ન્યૂફાઉન્ડલૅન્ડનો કિનારો જોયો ત્યારે જંપ વળ્યો.

સાંજે ન્યૂયોર્ક ઊતર્યો ત્યારે વિષાદ અને એકલતા અકળાવતાં હતાં. સામે કોઈ લેવા આવ્યું નહોતું. મારી પાસે સરનામું હતું. કૅબ(ટૅક્સી)વાળાને મેં ઠેકાણું આપ્યું : ધિ ડોવર, 687 લેક્ષિંગ્ટન એવેન્યૂ. ફૅશનેબલ લત્તામાં એક ચૌદ માળના મકાન આગળ મોટર આવીને ઊભી રહી. મેં નંબર અને નામ બન્ને વાંચ્યાં. મને જોતાં જ અંદરથી એક માણસ બહર આવ્યો અને મારું નામ

બોલ્યો. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. મારો સામાન ઉતાર્યો. અગિયારમે માળે બાવીસ નંબરના ઓરડામાં એણે જાતે આવીને મારો સામાન ગોઠવી આપ્યો. એણે ખબર આપી કે મારા મિત્ર મિસિસ પેઈજને અનિવાર્ય કારણને લીધે બહારગામ જવું પડ્યું છે. એક ચાવી એણે મને આપી દીધી. અંદર સોફા ઉપર લગભગ સાત જુદા જુદા પત્રો મારા માટે લખાયલા પડ્યા હતા. એકમાં મને અવકાર હતો અને પોતાને જવું પડ્યું તેનું દુઃખ પ્રગટ કરીને રંજ દેખાડી ક્ષમા માગી હતી. બાકીના પત્રોમાં આ ઓરડામાં કઈ વસ્તુ ક્યાં છે, મારે ક્યાં જમવા જવાનું છે, મારી પીટ્સબર્ગ જવાની ટિકિટ, તારઓફિસ અને પોસ્ટઓફિસનાં સરનામાં વગેરે જે જરૂરી સૂચનાઓ આવશ્યક હતી તે સર્વ તૈયાર હતી. ચાર દિવસ સુખચેનમાં ગાળીને હું પીટ્સબર્ગ જવા નીકળ્યો. મેં પણ મિસિસ પેઇજનો આભાર માનતો કાગળ લખીને સોફા પર મૂક્યો. અને પીટ્સબર્ગ જઈને મેં નિરાંતે બીજો પત્ર લખીને મારો આનંદ વ્યક્ત કર્યો. એના પ્રત્યુત્તરમાં એમનો મીઠો ઉત્તર આવ્યો. એમાં અમેરિકા વિષે અને લોકોના સ્વભાવ અને ખાસિયતો વિષે એમણે ઘણી મહત્ત્વની માહિતી આપી હતી. પરંતુ હજી અમે મળ્યા નહોતા.

હું ન્યૂયોર્ક પાછો આવ્યો ત્યારે પહેલી તકે હું મિસિસ પેઈજને મળવા ગયો. મળવા જતાં પહેલાં મેં ફોન કર્યો હતો. મને જોતાં જ માતાની જેમ મને ભેટી પડ્યાં. સાઠપાંસઠ વર્ષના આ સન્નારીને મળીને ખૂબ આનંદ થયો. આ ઉંમરે પણ સુંદરતાનો એમને સાથ હતો. ઉત્સાહ અને જિજ્ઞાસામાં એમને આંબી જાય એવો માનવી

મેં હજી જોયો નથી. ગુલાબી સ્વભાવ, વિગતોમાં ચોકસાઈ, ચુસ્ત શાકાહારી અને મોહક તેજસ્વિતા. અમે મિત્રો તરીકે જ મળ્યાં. પહેલે દિવસે એમણે વિસ્તારથી મને પોતાની શરૂઆતની ગેરહાજરી વિષે વાત કહી. ન્યૂયોર્કમાં એક 'પ્રોક્સી પૅરેન્ટ્સ લિમિટેડ' નામની સંસ્થા ચાલે છે. કોઈ કુટુંબમાંથી મા અથવા બાપને લાંબા અથવા ટૂંકા ગાળા માટે બહારગામ કે પરદેશ જવું હોય અને પોતાનાં બાળકોની સંભાળ માટે મા અથવા બાપને ઠેકાણે કોઈ એવા જ સ્વભાવનાં અને ઉંમરનાં સ્ત્રી-પુરુષ જોઈતાં હોય તો આ સંસ્થા એ પૂરાં પાડવાની વ્યવસ્થા કરી આપે છે. મિસિસ પેઈજ એનાં સભાસદ છે. એમને એવી રીતે મા બનવાનું એક કામ મળ્યું હતું. અને હું ન્યૂયોર્ક ઊતર્યો તેને આગલે દિવસે જ ફરજ ઉપર ચઢી જવાનું હતું. એટલે તેઓ એરપોર્ટ ઉપર આવી શક્યાં નહોતાં. આ સંસ્થા આવા માણસો પૂરા પાડવા માટે બહુ જ કિફાયત મહેનતાણું લે છે.

જે કુટુંબમાં તેઓ આ કામ માટે ગયાં હતાં એ કુટુંબના વડા મર્લ અરમિટેજ સાથે પંદર દિવસમાં નિખાલસ મિત્રતા એમને બંધાવા પામી હતી. આ જ મિત્રતાને આધારે તેઓ મને મર્લને મળવા લઈ ગયાં મર્લ અરમિટેજ 'ધિ લુક' નામના મશહૂર અમેરિકન અઠવાડિકના કલાવિભાગના સંચાલક છે. મુદ્રણકલાના એક અદ્યતન નિષ્ણાત તરીકે એ જાણીતા છે. એટલે મારી એમની સાથેની ઓળખાણ બહુ જ ઉપયોગી નીવડી. "નોટ્સ ઓન મોડર્ન પ્રિન્ટિંગ" એ પોતાના પુસ્તકની ભેટ આપીને એમણે મને એમની ઉદારતાથી નવાજ્યો એટલું જ નહીં; 'બીલી રોઝ' ઉપર

મને એક ઓળખાણપત્ર લખી આપ્યો. અરમિટેજમાં કલા અને વિજ્ઞાનનો વિરલ સુમેળ છે. સ્વભાવ કલાકારનો, અપ્તરંગી અને વિશદતા તથા ચોકસાઈ વૈજ્ઞાનિકનાં. જ્યારે એમની વધારે નિકટતાનો લાભ મળ્યો ત્યારે ખબર પડી કે આ પુરુષ મિસ્કીન છે અને માણસાઈના પૂજારી છે.

બીલી રોઝ 'ધિ લુક'માં "વાઇન, વિમેન એન્ડ વર્ડ્ઝ" (શરાબ, સ્ત્રી અને શબ્દો) નામની એક લેખમાળાથી આખા અમેરિકામાં અને બીજી રીતે કહીએ તો આખી દુનિયામાં જાણીતા છે. ન્યૂયોર્કમાં છઠ્ઠા એવેન્યૂ ઉપર ઝીગફિલ્ડ ફોલી નામના અતિશય ફૅશનેબલ અને સુંદર થિયેટરના માલિક છે. છઠ્ઠા માળના એમના દીવાનખાનામાં હું મળ્યો ત્યારે એ એક સ્ત્રી-ટાઇપિસ્ટને લેખ લખાવતા હતા. સવારના સાડા અગિયાર થયા હતા. પણ એમને હજી કપડાં પહેરવાની ફુરસદ નહોતી. સ્ફૂર્તિર્, સંસ્કારિતા અને ચકોરતામાં તદ્દન અમેરિકન બીલી રોઝ ન્યૂયોર્કની મશહૂર રાતની ક્લબ 'ડાયમંડ હોર્સ-શૂ' પણ ચલાવે છે. ચાર કલાક હું એમની સાથે રહ્યો. ચોવીસ દિવસ ચાલે એટલી જિંદગી એમણે લૂંટાવી. એની વાતચીતમાં, એના હલનચલનમાં, રીતભાતમાં સર્વમાં એ જીવનનો ફુવારો ઉડાડતા જાય. પુનર્જન્મોની અપેક્ષામાં આ જન્મ પણ એળે ગુમાવતા આપણા હિંદીઓને બીલી રોઝની એક જન્મમાં અનેક જન્મો જીવી લેવાની તમન્ના અને કલા નવજીવનનો પ્રસાદ બની રહે તેમ છે.

અમે સાથે જમ્યા. જમતાં જમતાં એમણે રાતની મુખ્ય નટી સાથે અગત્યની વાતો કરી લીધી. પોતાની અંતેવાસીને સાંજનો

કાર્યક્રમ કહી દીધો. ખવડાવનારને સાંજના ખોરાક વિષે સૂચના આપી દીધી; અને નાટકના મૅનેજરને રાતના ખેલની વ્યવસ્થા વિષે માહિતગાર કરી દીધો. જમીને તરત જ અમે ઊપડ્યા જોન દેવી કંપનીમાં પર્લ બકને મળવા. નીકળતા પહેલાં ટેલિફોન કરવાની સૂચના કરી દીધી.

પર્લ બકને મળીને ખૂબ આનંદ થયો. અમેરિકન શરીરમાં પૌરસ્ત્ય સ્ત્રી બેઠી હતી; ગંભીર અને પ્રગલ્ભ. અમેરિકાની સામાન્ય સ્ત્રીમાં દેખાતી અસ્થિરતા અને આછકલા પાણાનો અહીં સંપૂર્ણ અભાવ હતો. એમની નાદુરસ્ત તબિયત છતાં બહુ જ ખુશમિજાજ હતાં. અમારી વાતચીત દરમિયાન એક વાત એમની મને બરાબર યાદ છે. એમણે કહ્યું હતું કે હિન્દમાં એક જ મહાન વિભૂતિ ક્યારેક અનેક વ્યક્તિઓનું કામ પૂરું કરી શકે છે. અમેરિકાની પ્રજા હજી પ્રમાણમાં શિશુ છે. એવી પ્રતિભા અને વિભૂતિ પ્રગટતાં અહીં હજી ઘણો સમય લાગશે. પણ અહીં થોડી મહાન વ્યક્તિઓ મળીને એક મહાન વિભૂતિનું કામ પૂરું કરી શકે એવી સંભાવના જરૂર છે. અને આ જ અમેરિકાની લાક્ષણિકતા છે. ન્યૂયોર્ક છોડતાં ક્વિન ઇલિઝાબેથના તૂતક ઉપર મેં મિસિસ પેઈજને કહ્યું કે તમે માતાની પ્રોક્સી નહિ, માતા પણ બની શકો છો, અને મેં એમનો ચરણસ્પર્શ કર્યો.

# મને મારો મેળાપ

ઈ. સ. 1948નો ઑક્ટોબર મહિનો હતો. શુક્રવારના નમતા બપોરે અમે પીટ્સબર્ગથી નાયગરા જવા નીકળ્યા. અમે ચાર જણા હતા: હું, આલફ્રેડ, ચાર્લી અને હેનરી. ચાર્લી વાનકુવરનો રહેવાસી. સ્વભાવે કેનેડીઅન: ગુલાબી અને ઉદાર. આલફ્રેડ અમેરિકન અને તબિયતનો ગંભીર. હેનરી અમારા ત્રણેનો માનીતો નિગ્રો દોસ્ત હતો: મસ્ત અને મીઠડો.

ચાર્લીની નવી જ મોટરગાડી હતી પ્લીમથ. ચાર્લી અને હેનરી બન્ને મોટરના રસિયા અને જાણકાર હતા. અમે નિર્ભય હતા. ચારસો માઈલની મુસાફરી હતી. સાથે થોડું ખાવાનું હતું.મધરાત પહેલાં નાયગરા પહોંચી જવાની ઉમેદ હતી. પીટ્સબર્ગથી દોઢસોએક માઈલ દૂર નીકળી ગયા હતા. એલેગ નદીને કાંઠે અમારી મોટર હંસગતિએ સરતી હતી. નદીકાંઠો નમણો તો હતો જ. પણ ઝાડોના ઝુંડમાંથી વળાંક લેતી વખતે એલેગની ભારતની લજ્જાવતી યૌવના જેવી મોહક અને મનોહર લાગતી હતી એ વાત મેં જ્યારે કહી ત્યારે ચાર્લીએ મોટર થંભાવી દીધી. મારા

ત્રણે મિત્રોએ કૌતુકપ્રિય નદીને ધારીને જોઈ લીધી. ઇચ્છા તો સૈની આ સુંદર સ્થળે બેસીને જરાક આરામ લેવાની થઈ. પણ મધરાત પહેલાં નાયગરા પહોંચી જવાના નિર્ણયને કારણે અમે ઊપડ્યા. એકાદ માઈલ પણ નહીં ગયા હોઈએ ત્યાં મોટરના આગલા પૈડામાં જબ્બર ભડાકો થયો અને મોટર ત્યાં જ અટકી પડી. અમારી ગાડી નવી હતી, અમારી પાસે એક વધારાનું પૈડું હતું એટલે બેસાડીને અમે થોડી જ વારમાં આગળ વધીશું એમ અમારા મનમાં હતું. પણ કમભાગ્યે નવા પૈડામાં કોઈ એકાદ વસ્તુ ખૂટતી લાગી જેથી બૈડું બરાબર બેસે જ નહીં. ચાર્લી અને હેનરી બન્ને નિરાશ થઈ ગયા. બિચારા પરસેવે રેબઝેબ થઈ ગયેલા, હાથ તેલવાળા ચીકણા થઈ ગયેલા અને આંખોમાં નિરાશા ઊપસી આવેલી. એટલામાં અમારી મોટરને ધક્કો મારીને અમે વળાંકથી સહેજ નીચે લઈ જઈને બાજુ પર લઈ ગયા. અમારાથી થોડે દૂર એક બીજી મોટર ઊભેલી જોઈ અને અમારા મનમાં આશાની ચમક ઊગી. હું અને ચાર્લી પેલી મોટર પાસે ગયા તો બે વિચિત્ર દેખાતા માણસો એ મોટરના મશીનમાં કંઈક સુધારતા હતા. દેખાવે અને વાણીએ અમેરિકન નહોતા. પહેલાં દક્ષિણ અમેરિકાના હશે એમ લાગ્યું. પણ ચાર્લીએ અંગ્રેજીમાં જ પૂછ્યું કે તેઓ અમને કંઈક મદદ કરી શકશે કે કેમ અને અમે એમને કંઈક ઉપયોગી થઈ શકીએ કે કેમ? એમણે બંને વાતોમાં હા કહી. જાણે કેટલાંય વર્ષોથી અમને ઓળખતા હોય એવું એમનું વર્તન હતુંઃ સ્વાભાવિક અને સ્નેહભર્યું. એમનું કામ પડતું મૂકીને એ બંને જણા અમારી મોટર પાસે આવ્યા.

અમારી મૂંઝવણ જોઈ અને શાને માટે અમે મૂંઝાતા હતા તે વાત જાણી ત્યારે તો એ ખડખડાટ હસી પડ્યા. એક જણ દોડીને પોતાની ગાડીમાંથી જોઈતી વસ્તુ લઈ આવ્યો અને એ બે જણે થઈને અમારું નવું પૈડું ચઢાવી આપ્યું. મોટર અમારી તૈયાર થઈ ગઈ. આ આનંદના ઊભરામાં હેનરીએ અમારી મોટરમાંથી ચાર બીરની બાટલીઓ કાઢીને પેલા બે મિત્રોને ભેટ આપવા માંડી. એમણે ત્યાં ને ત્યાં જ સૌની સાથે ભાગીદારીમાં એનો સદુપયોગ કરીને એની સાર્થકતા કરી. પછી અમે પૂછ્યું કે અમે એમને કઈ રીતે કામમાં આવી શકીએ? ત્યારે એમણે હસીને કહ્યું કે અમે તો જિપ્સી છીએ. અસ્થિરતા અમારું જીવન છે. રઝળપાટ અમારો ખોરાક છે અને અકસ્માત એ અમારો આનંદ છે. અહીં અકસ્માત થયો છે એને કારણે અમે આખી રાત અહીં જ સ્થિર રહેવા માગીએ છીએ. અમે બહુ જ આગ્રહ કર્યો કે અમારી મોટરની પાછળ બાંધીને એમની ગાડીને અમે પાસેના શહેર સુધી લઈ જઈએ પણ એમણે એટલા જ આગ્રહથી ના પાડી. એમાંથી એક જણે કહ્યું: 'અમે જ્યાં સુધી બીજાને ઉપયોગી થઈ શકીએ છીએ ત્યાં સુધી અમે જીવતા લાગીએ છીએ. જ્યારે બીજાનો ઉપયોગ કરવાની વૃત્તિ જાગશે ત્યારે અમે જીવતા નહિ હોઈએ. ઊપડો, તમને લોકોને મોડું થાય છે.'

મારાથી ન રહેવાયું એટલે મેં પૂછ્યું: 'તમે સાચું કહો, કોણ છો અને ક્યાંના છો?' 'અમે?' કહીને બન્ને સાથે હસી પડ્યા. બોલ્યા: 'અમે જિપ્સી છીએ. અમે જન્મ્યા છીએ ઇજિપ્તમાં, પણ આખું જગત અમારો દેશ છે. અમને ક્યાંય પારકું લાગતું જ

નથી. મિસરમાં અમે હજારો વર્ષની ઉમરનાં મુડદાં (મમી) જોયાં છે. એટલે જ્યારે અમે નાની ઉંમરનો પણ જીવતો આદમી જોઈએ છીએ ત્યારે અમને અદ્ભુત ખુશી થાય છે કે ચાલવું એ જ જિંદગી છે.'

નામથી અજાણ્યા આ જીવતા માણસોને જોઈને અસ્તિત્વે પળવાર જિંદગીનો રોમાંચ અનુભવ્યો. મને લાગ્યું કે આપણે 'જિપ્સી' થઈએ તો? આજે નામથી તો 'જિપ્સી' થયો છું. કામથી થવાય ત્યારે ખરું!

# પોલ રિશાર : ત્યારે અને આજે

ન્યૂયોર્કમાં એક શુક્રવારે સાંજે પાંચ વાગે ભાઈ હરિ ગોવિલનો ટેલિફોન આવ્યો કે શનિ-રવિ મારે એમની સાથે ‘ગ્રાન્ડ વ્યૂ’ નામના ગામડામાં એમને ઘેર ગાળવાના છે. સાથે સાથે એ પણ સમાચાર આપ્યા કે એ વખતે શ્રી પોલ રિશાર પણ શનિ ને રવિ બન્ને દિવસો અમારી સાથે જ રહેશે. આ ખબરે મારા મનમાં કલ્પનાનો ઘુમ્મટ રચ્યો અને ઘણાં વર્ષોથી દબાયેલી સ્મૃતિ આપોઆપ ઊપસી આવી.

પોલ રિશારને પહેલાં જોયા હતા ઈ. સ. 1921ની અમદાવાદની કોંગ્રેસમાં. હું મળ્યો ત્યારે શ્રી શ્રીમતી સરોજિની નાયડુ સાથે વાતો કરતા હતા. સફેદ ટાગોરિયન ઝભ્ભો, લાંબા વાળ અને દાઢીમૂછો અને આંખોની શાંત તેજસ્વિતા. એ બધું જોતાં મને પ્રથમ તો રવીન્દ્રનાથ ટાગોરની જ ભ્રાંતિ થઈ. છબીનું આટલું બધું સામ્ય અજાણ્યાને આશ્ચર્ય પમાડે એવું હતું. મેં તો સરોજિનીદેવીને પણ પહેલીવાર જ જોયાં, એટલે એ વખતે મારી આંખો વિમાસણમાં પડી હતી. સરોજિનીદેવીનું ચારુ લાવણ્ય

જોવું કે પોલ રિશારની શાંત તેજસ્વી પ્રતિભાને નમન કરવું એ તાત્કાલિક તો સૂઝ્યું પણ નહિ. અણઘડ જુવાનની જેમ હું તો સૌંદર્યનાં બન્ને સ્વરૂપોને માત્રજોઈ જ રહ્યો હતો.

પછી તો પોલ રિશાર, જૈન તપસ્વી શ્રીકેસર વિજયજી મહારાજને મળવા આવ્યા ત્યારે એમના વધુ પરિચયમાં આવવાનો લાભ મળ્યો. પોલ રિશારનું ત્યારે બેવડું આકર્ષણ હતું. પહેલું એમનું પોતાનું વ્યક્તિત્વ જ અસામાન્ય હતું. એમની તેજસ્વી, સૂક્ષ્મ ને ચંચળ પ્રજ્ઞા આંજી નાખે એવો સ્વૈરવિહાર કરતી. અને એમની ભાવોદ્રેકતા ગમે તેવા કઠણ હૃદયને પણ ભક્તજન બનાવી દે એટલી સમર્થ અને તીવ્ર હતી. બીજું આકર્ષણ એઓ શ્રીઅરવંદિ પાસે થોડાંક વર્ષ રહીને એમની સાથે સાથે 'આર્ય'નું સંપાદન કરીને પોંડિચેરીથી પૂર્ણયોગનું રહસ્ય લઈને કદાચ આવ્યા હશે એવી માન્યતા હતી. આ ઉપરાંત તે વખતે એમનાં પત્ની શ્રીમતી મીરા રિશારે પણ શ્રીઅરવંદિની પૂર્ણયોગની સાધના સ્વીકારી હતી. વળી એવી અફવા પણ આવી હતી કે પતિપત્ની વચ્ચે સાધના વિષે મૂળગત મતભેદ થવાથી હવે બન્ને જણાં કાયમ માટે છૂટાં થવાનાં હતાં. આમ એમના નામની આસપાસ કૌતુકપ્રિયતાનો એક એવો અંચળો વીંટળાયલો હતો કે એને કારણે એમનું વ્યક્તિત્વ રહસ્યમય ને રંગદર્શી બની ગયું હતું.

એટલે એમની બધી વાતચીત વખતે, ચર્ચાઓ વખતે કે ધ્યાન વખતે હું જિજ્ઞાસુની મુગ્ધ વૃત્તિથી એમના વ્યક્તિત્વની પ્રતિભા પીતો. મને પણ એમનું આકર્ષણ બહુ જ ઊંડું હતું, એટલે

વડોદરાથી એમની સાથે ભરૂચ અને ઝાડેશ્વરનો પ્રવાસ પણ માથે લીધો. આજે આ અનુભવોને પા સદી જેટલો સમય થયો છે, છતાં મારી સ્મૃતિનો ઢગલો વિખેરીને હું સ્પષ્ટ જોઉં છું કે મારા સમગ્ર માનસ ઉપર એમની અસર એક મનોજીવી મરમીની હતી. એમણે જ મારા અંતરનાં કમાડ ઉઘાડીને એમાં શ્રીઅરવંદિ વિષેની જિજ્ઞાસા રોપી હતી. એમાંથી જ આખરે ભક્તિનો છોડ ઊગ્યો અને હું શ્રીઅરવંદિની જીવનદષ્ટિનો કંઈક પ્રસાદ પામ્યો. મારે મન મીરા રિશાર જે તે વખતે એક ફ્રેન્ચ સાધક સન્નારી હતાં તેમણે મારા પોંડિચેરીનિવાસ દરમ્યાન માતાનું પાવનકારી સ્થાન લીધું. મારા જીવનમાં આવેલા એ અતિ સૂચક સમયરંગનો યશ શ્રી પોલ રિશારને છે.

આમ, મારા ભૂતકાળનાં સ્મરણોની પોટલી લઈને હું એ શુક્રવારની વરસાદ વરસતી સંધ્યાએ 'ગ્રાન્ડ વ્યૂ' પહોંચ્યો. ન્યૂયોર્કથી ગ્રાન્ડ વ્યૂ લગભગ પંદરેક માઈલ હશે. જ્યોર્જ વોશંગ્ટિન પુલ ઉપર થઈને જતી બસનો એ આખોય રસ્તો બહુ જ રમણીય છે. જીવન નિચોવી નાખનારા ન્યૂયોર્કના ભયંકર ઝડપભર્યા અને ધમાલિયા વાતાવરણમાંથી પુલ ઓળંગીને જ્યારે આ બસ ન્યૂજર્સી સ્ટેટની હદમાં થઈને હડસનને કિનારે કિનારે ચાલી જાય છે ત્યારે તે શાંતિ અને નિર્જનતાને માટે મન તલસી રહ્યું હોય છે તેનો જ સાક્ષાત્કાર થાય છે. મુક્ત આકાશ નીરખવા ટેવાયેલી મારી દષ્ટિની વચ્ચે આવતા ન્યૂયોર્કના આકાશી મહેલોનો અહીં સદંતર અભાવ જોઈને મારું હૈયું હરખાતું હતું. પિયરમોન્ટ ગામથી સહેજ આગળ તો મલપતી હડસન વિશાળ

પટ ધારણ કરીને જાણે સાગરની સખી હોવાનો ગર્વ કરે છે. આ માનિની સરિતાને હું જરા દૃષ્ટિ ભરીને નીરખું ન નીરખું ત્યાં તો હરિ ગોવિલનો સફેદ મહેલ આવી પહોંચ્યો.

ટેકરી ઉપર ઊભેલો આ સફેદ મહેલ કંઈ હરિ ગોવિલનો પોતાનો નથી. હરિ તો અહીં સ્વજન તરીકે રહે છે એટલું જ. એના માલિક તો છે શ્રી વાસુદેવ ભટ્ટાચાર્ય. એમનું લાડનું નામ તો પંડિત આચાર્ય, અને એ જ નામે એ આખા અમેરિકામાં વિખ્યાત છે. હિંદના આદિ ક્રાંતિકારોમાંના એક શ્રી ખુદીરામ બોઝના સાથીદાર આ વાસુદેવ ભટ્ટાચાર્ય પાંત્રીસ-ચાળીસ વર્ષ પહેલાં અમેરિકા નાસી આવ્યા હતા. આજે તો એ અમેરિકાના નાગરિક છે. પ્રાણાયામના આચાર્ય છે, ઘણા અમેરિકન રાજપુરુષો અને સંસ્કારી શ્રીમંતોના મિત્ર છે. પણ સૌથી વધુ તો એ અમેરિકા આવતા હિંદીઓનું મોટું આશ્વાસન છે. એમને વિષે જુદો લેખ લખી શકાય એટલી રોમાંચક એમના જીવનની કથા છે.

આ સફેદ મહેલના બગીચામાં ચારછ ખુરશીઓ પર જુદાં જુદાં સ્ત્રીપુરષો બેઠાં છે. વરસાદ રહી ગયો છે અને હડસનની પેલે પાર ઝૂકી રહેલી ક્ષિતિજમાંથી ચંદ્ર નીકળીને ઊંચે આવ્યો છે. તારાઓ વિનાના નિરભ્ર નિરંકુશ આકાશમાં ચંદ્રની એકલતા પૃથ્વી ઉપર શૂન્યતા બનીને ટપકી રહી છે. એ શૂનકારને વેધતો હરિનો અવાજ આવ્યો : ‘આવો આવો, પોલ રિશાર ક્યારના તમારી વાટ જુએ છે.’ જોયા પૅલ રિશાર. હાથ મેળવ્યા. ચાંદનીના અસ્પષ્ટ અજવાળામાં આંખો પણ મળી. તદ્દન જુદું જ સ્વરૂપ. દેહ તો એ જ, પણ એનો ઘાટ જ જુદો. છેલ્લામાં છેલ્લી

ઢબનાં કોટપાટલૂનમાં સજ્જ થઈને, બહુ જ ખૂબીથી બાંધેલી રંગીન ટાઈની નોટની ઉપર ઝૂકી રહેલા ચિબુકને આંગળી અડકાડીને જીવંત નરદેહ ઊભો છે. એ જ અણિયાળું નાક, વિશાળ કપાળ, નાના વાળ, સફેદ ભરાવદાર મૂછો અને ચમકતી ચકોર આંખો. એ જ મૃદુ મોહક અવાજ. 1921માં જોયેલા ઋષિ જેવા, કવિ જેવા અને કંઈક અસામાન્યતાની છાપ પાડનારા પોલ રિશાર, અને આજે સૌમ્ય, સજ્જન અને તદ્દન સામાન્યતાનો પડઘો પાડનાર પોલ રિશાર! પણ માણસથી ઓછું કંઈ ભૂતકાળમાં જિવાય છે? જીવવાનું તો એને વર્તમાનમાં જ ને? એટલે હું ગઈ કાલ છોડીને આજમાં ઊતરી આવ્યો.

પછી તો સાથે જમ્યા અને આખી રાત ગુફ્તેગો કરી. હરિ ગોવિલ તે મધરાતે હારીને સૂઈ ગયા. પશ્ચિમનાં સાહિત્ય, કલા અને ફિલસૂફીનો એમનો જીવંત અભ્યાસ, પૂર્વની વિચારણા સાથેની એમની મહોબ્બત, પૂર્વ અને પશ્ચિમની સંસ્કારિતાનો વિવેકભર્યો સમન્વય, – ઈશ્વર એ વ્યક્તિ નથી પણ સત્ત્વ છે એ સિદ્ધાંતના પાયા ઉપર રચાયેલી આખી ચિંતનધારા, અને આ માન્યતાનું પ્રતિપાદન કરવા મથતી સૂક્ષ્મ બુદ્ધિ, એ બધું અનુભવીને બાહ્ય સ્વરૂપે બદલાયેલ પોલ રિશાર અંતર સ્વરૂપે તો હતા એવા જ લાગ્યા : બુદ્ધિના વર્ચસ્વથી મનોજીવી મેધાવી; મરમી થવા મથતા જીવનના અનુભવી લડવૈયા, સંઘર્ષમાંથી સંવાદિતા સર્જાવવાની કોઈ અંતરપ્રેરણાની ચાવી શોધતા, હૃદયશાંતિ માટે આકાશપાતાળ એક કરવું પડે તો કરવાની મુરાદ સેવતા આ બુદ્ધિના બાઉલે મારા અંતરમાં પડેલા શ્રીઅરવંદિ

વિષેના પ્રેમને પણ છેડી જોયો. જે જિજ્ઞાસા એમણે પા સદી પહેલાં વાવી હતી તેમાંથી એમણે આસ્થા ઊગેલી જોઈ. એમની જે શંકા હતી તે જ મારી શ્રદ્ધા હતી.

આ શ્રદ્ધાપૂર્વક મારા અંતઃકરણે શ્વાસ હેઠો મૂક્યો. પોલ રિશાર ત્યારે હતા તેવા જ આજે છે.

# પ્રામાણિકતાનો સ્વભાવ

## અમેરિકન

અમે ન્યૂયૉર્કથી વૉશિંગ્ટન જતા હતા. આગગાડીમાં નહિ, ગ્રેહાઉન્ડ બસમાં, ગ્રેહાઉન્ડ બસની સંસ્થા અમેરિકામાં આગગાડી કરતાં વધારે વ્યાપક, ઝડપી અને સસ્તી છે. લોકપ્રિય પણ આ કારણે ઘણી છે. બેસવાની વ્યવસ્થા અને સ્વચ્છતા આગગાડી કરતાં જરાય ઊતરતી નહિ. ઉપરાંત આગગાડીની જેમ શહેરોને છેડેથી એ જાય નહિ પણ શહેરોમાં કે ગામડાંઓની મધ્યમાં થઈને જ પસાર થાય. એટલે અજાણ્યા મુસાફરોને પણ નવાં સ્થાનો જોઈ લેવાની દૃષ્ટિએ આ બસનું વાહન વધારે ફાવે. આગગાડીની જેમ એ બસ પણ 'ઍરકન્ડિશન્ડ', એનાં પણ આગગાડી જેવાં સ્ટેશનો, વિશ્રામસ્થાનો, કૉફી અને જમવાનાં ગૃહો, એ દસ માઈલનું છેટું પણ કાપે અને ન્યૂયૉર્કથી લૉસ એન્જલસની ત્રણ હજાર માઈલની મજલ પણ કરે. એના હાંકનારાઓ હોશિયાર અને ચલતા પૂર્જા. 'ગ્રેહાઉન્ડ' બસ કોઈ

અમેરિકન ‘હાઈ-વે’ ઉપર આવતી હોય તો ગમે તેવી ઝડપથી જતી મોટર એને માર્ગ આપે.

અમે ફિલાડેલફિયાથી પંદરેક માઈલ આગળ ગયા ત્યાં એક માણસે એક ગામડા આગળ હાથની ઇશારત વડે આ બસને રોકી એણે હાંકનારને સમજણ પાડી કે એને જરૂરી કામ માટે વૉશિંગ્ટન જવું છે. ‘વૉશિંગ્ટનમાં ભાડું આપી દેજો.’ એમ કહીને એણે પેલા સદ્ગૃહસ્થને બેસાડી લીધા. રાતે આઠ વાગે અમે વૉશિંગ્ટન પહોંચ્યા. અમે ત્રણેય મિત્રો અમારી ભારે પેટીઓ ત્યાં જ સાચવનારને સોંપીને વાય. એમ. સી. એ. માં અમારી જગ્યાની તપાસ કરવા ગયા. જગ્યા મેળવીને અમે કલાક દોઢકલાક પછી પાછા આવ્યા ત્યારે પેલા અધવચ્ચેથી બસમાં ચઢેલા સજ્જન ભાડું ચૂકવવા માટે ચિંતાતુર બનીને ઊભેલા. અમે કારણ પૂછ્યું તો જવાબમાં એમણે કહ્યું કે ભાડું કોઈ લેતું નથી. બસમાં મેં મુસાફરી કરી છે એની એ માણસ ખાતરી માગે છે. અમે બે મિત્રોએ એની ખાતરી કરાવી આપી. એમણે ભાડું ચૂકવ્યું અને કૉફીનો એક કપ સાથે પીને અમે વિખૂટા પડ્યા.

કોલંબસથી નીકળીને અમે સંટલૂઈ જતા હતા. અમારી હોટેલમાંથી નીકળીને અમે સ્ટેશને આવ્યા. મારી સાથે એક અમેરિકન મિત્ર હતા. અમારી ઓળખાણ કોલંબસમાં જ થઈ હતી. ગાડી ઊપડવાને પંદરવીસ મિનિટની વાર હતી. ત્યાં અકસ્માત એમને યાદ આવ્યું કે હોટેલનું બિલ જ આપવાનું રહી ગયું છે. એમની મૂંઝવણ પરખાઈ જાય એટલી સ્પષ્ટ હતી. પળવારમાં જ એમણે નિશ્ચય કરી લીધો. એમણે મને કહ્યું: ‘જુઓ

હું ટૅક્સી લઈને હોટેલમાં બિલ ચૂકવવા જાઉં છું. સમયસર પાછો આવવાની મહેનત તો કરીશ. પણ જો હું ગાડી ઊપડતાં પહેલાં ના આવું તો તમે મારો સામાન તમારી સાથે જ લઈ જજો. હું બીજી ગાડીમાં પહોંચી જઈશ. તમે...હોટેલમાં જ ઊતરશો ને?' આટલું કહીને એમણે કોલંબસનું સ્ટેશન છોડ્યું.

ગાડી ઊપડવાને હવે બે જ મિનિટ હતી. ગાડીનો નિયામક અમારા ડબ્બા પાસેથી નીકળ્યો અને મેં પેલા અમેરિકન મિત્રની કથા કહી. એને પણ એ વાત એટલી બધી અસરકારક લાગી કે એણે પાંચ મિનિટ ગાડી જરૂર પડ્યે મોડી કરવાનું કહ્યું.

ઘડિયાળનો કાંટો હવે એક મિનિટ બાકી છે એવું બોલે તે પહેલાં તો પેલા અમેરિકન મિત્ર એકીશ્વાસે દોડતા દોડતા ડબ્બામાં આવી પહોંચ્યા. એમના ચહેરા ઉપર જે આનંદ હતો, જે સંતૃપ્તિ હતી તે જોઈને ગમે તેવા મૂંજી માણસને પણ પ્રસન્નતા થાય.

અમેરિકામાં ભૂગર્ભ રેલવેસ્ટેશનો ઉપર પણ ટિકિટ લેવાની નહીં અને ટિકિટ આપનાર કે જોનાર પણ કોઈ નહીં. તમારી મેળે દસ સેંટનો સિક્કો દરવાજા ઉપર નક્કી કરેલી પેટીમાં નાંખીને દરવાજો ઉઘાડીને ગાડીમાં બેસી જવાનું. પછી પહેલે સ્ટેશને ઊતરી પડો કે પચીસમેં ઊતરો. દરવાજો ઉઘાડીને ચાલ્યા જવાનું.

અમેરિકાનાં મોટાં શહેરોમાં જે બસ અને ટ્રામો ચાલે છે તેમાં પણ ટિકિટ આપવાનો રિવાજ નથી. ચઢતી વખતે કે ઊતરતી વખતે પાંચ સેંટ કે દસ સેંટ જે નિર્ણિત ભાડું હોય તે હાંકનારની પાસે ઊભી કરેલી લોખંડની પેટીમાં નાંખી દો એટલે બસ.

આખી અમેરિકન પ્રજા આ સામાન્ય પ્રામાણિકતાનું પાલન સહજ રીતે કરે છે. સંસ્કૃતિની દૃષ્ટિએ હજી તો ઊછરતી આવતી આ પ્રજાના ચારિત્ર્યની અખંડતા જીવનની કેવી ઝીણી ઝીણી વિગતો દ્વારા ઘડાય છે એનું રહસ્ય વૉશિંગ્ટનમાં બસનું ભાડું આપવા માટે દોઢ કલાક ખોટી થયેલા પેલા અમેરિકન પ્રજાજનના વર્તનમાં દેખાયું.

## અંગ્રેજ

લંડનમાં ઓલવીચમાં આવેલા ઇન્ડિયા હાઉસમાં ઑક્ટોબરની એક સાંજે જવાહરલાલ નેહરુને મળવા માટે એક સમારંભ યોજાયો હતો. એ પ્રસંગે પંડિતજીએ પોતાનું અંતર ઉઘાડીને કેટલીક નિખાલસ વાતચીત કરી. હિંદીઓની મર્યાદા અને નિર્બળતા વિશે પણ પોતાનું સ્પષ્ટ મંતવ્ય જણાવ્યું. અંગ્રેજને પણ નહેરુની આ પ્રામાણિકતા બહુ ગમી. અમે બહુ જ ખુશી હતા અને વાતાવરણ પણ ખુશનુમા હતું.

ઇન્ડિયા હાઉસમાંથી સમારંભ પૂરો કરીને અમે બસના સ્ટેશને એની રાહ જોતા ઊભા રહ્યા. ખોટી થનારાઓની હાર ઘણી લાંબી હતી. જુદા જુદા નંબરોવાળી બસ પણ ઝડપથી આવીને હાર ટૂંકી કરતી જતી હતી. ખોટી થનારાઓમાં શિસ્ત આબાદ હતી. ક્યાંય નિરાશા નહિ, ખોટી ચર્ચા નહિ, બસ- કંપની ઉપર ટીકા નહિ. અમારી બસ આવી એટલે અમે પણ બેસી ગયા. ટિકિટ આપનારે અમને અમારું ઊતરવાનું સ્થળ પૂછીને એટલી કિંમતની ટિકિટ આપી દીધી. અમારી બાજુમાં એક અંગ્રેજ હતો.

એણે પણ પોતાની ટિકિટ લીધી. આ ટિકિટ લેનારે રસેલ સ્ક્વૅર આગળ ઊતરી જવું જોઈએ. પણ પેલો ત્રણેક સ્ટેશન અમારી સાથે આવ્યો અને પછી ઊતર્યો. અપ્રામાણિકતાની આ આછી રેખા પેલા ટિકિટ આપનારની આંખમાંથી છટકી ના શકી. આંખોની અદા વડે જ એક અછડતું સ્મિત કરીને એણે કહ્યું કે આવી વર્તણૂક સારી નહીં.

એક સારા અંગ્રેજી રેસ્ટોરાંમાં અમે જમવા ગયા. બહાર જાહેરખબર હતી કે જમનાર દીઠ ડબલ રોટીના ત્રણ કકડા મળશે. અત્યારે રેશનના યુગમાં ત્રણ કકડા લંડનમાં તો વધારેમાં વધારે ઉદારતા કહેવાય. અમને ત્રણ કકડા મળ્યા ખરા પણ એટલા બધા પાતળા કે એકમાંથી ત્રણ કર્યા છે એવું જ લાગે એટલે કાયદેસરની અપ્રામાણિકતા નહિ પણ નૈતિક દૃષ્ટિએ એ ચોખ્ખી અપ્રામાણિકતા હતી.

અંગ્રેજ પ્રજાની પ્રામાણિકતા બહુ પ્રખ્યાત છે. એના સામ્રાજ્ય ઉપર નમતો સૂર્ય કદી જ અસ્ત નહીં પામે એમ માનનાર એ પ્રજા મહાપ્રજાનો દાવો કરે છે. આજે એ સૂર્ય આથમ્યો છે. એને માથે મુસીબતોની અનેક તલવારો લટકે છે. આ પરાજયના મૂળમાં સ્વાર્થ અને અંતે સ્વાર્થમાંથી નીપજતી પામરતા હશે કે એ સ્વાર્થ અને હીનતા પરાજયનું પરિણામ હશે?

## હિંદી

ન્યૂયૉર્કમાં એક પાઉન્ડની કિંમત ત્રણ ડૉલર આપવી પડે પણ લંડનમાં એક પાઉન્ડની કિંમત ચાર ડૉલર થાય. સરકારી નિયમ

પ્રમાણે એક માણસ પાંચ પાઉન્ડથી વધારે રોકડા પાઉન્ડ લઈને ઇંગ્લેન્ડને કિનારે ઊતરી ના શકે અને કદાચ જો પાંચ પાઉન્ડથી વધારેની રકમ પકડાય તો એને સખત સજા થાય.

રાતે અમે સાઉધમ્પ્ટન પહોંચ્યા. અને બીજી સવારે લંડનની ગાડીમાં બેઠા. મારી સાથે એક હિંદી સજ્જન હતા. મારી પાસેના પાંચ પાઉન્ડ મેં સ્ટીમર ઉપર અને રહ્યાસહ્યા લંડનની ટિકિટ લેવામાં ખર્ચી નાખ્યા હતા. મેં પેલા સજ્જન પાસે એક પાઉન્ડ ઉછીનો માગ્યો ત્યારે એમને બહુ જ આશ્ચર્ય થયું. મેં માત્ર પાંચ પાઉન્ડ જ ન્યૂયૉર્કમાં ખરીદ્યા હતા તેનું એમને બહુ આશ્ચર્ય થયું. લંડનમાં હવે પાઉન્ડ દીઠ મારે એક ડૉલર વધારે આપવો પડશે એનો એમને ખેદ થયો અને મારી અણઆવડતની એમને દયા આવી અને મને પોતાની ચકોરતાથી આંજી નાખવા માટે કહ્યું કે એમણે પોતે તો લગભગ સો પાઉન્ડ ગુપ્ત રીતે ન્યૂયૉર્કમાં ખરીદી લીધા હતા અને પાટલૂનની અંદર ચડ્ડીમાં સંતાડીને સલામત રીતે ઇંગ્લૅન્ડમાં લઈ આવ્યા હતા. પોતાની આ સાહસિકતા અને કાબેલિયત માટે એમને ગર્વ હતો.

અમારી સ્ટીમરે લંડનથી ઊપડ્યા પછી પહેલું બંદર પોર્ટસૈયદ કર્યું. આઠ દિવસની સતત મુસાફરી પછી ધરતી જોવાનો અને એના ઉપર પગ મૂકવાનો ખૂબ આનંદ હતો. એક હિંદી મુસલમાન મોટરવાળા સાથે એક માઈલનો દોઢ રૂપિયો ઠરાવીને અમે બેઠા. દસેક માઈલ ફેરવીને જ્યારે અમને પાછો બંદર ઉપર લાવ્યો ત્યારે અમે પંદર રૂપિયા આપવા માંડ્યા. પેલો મુસલમાન મોટરવાળો ગરમ થઈ ગયો. એણે કહ્યું કે એક માણસ દીઠ

માઈલનો દોઢ રૂપિયો એણે ઠરાવ્યો હતો. અમે ચાર જણ હતા. એટલે અમારે સાઠ રૂપિયા આપવા જોઈએ. જણ દીઠ દોઢ-દોઢ રૂપિયો એણે કહ્યો નહોતો. 'દરેક જણ દીઠ' એ વાત એણે અધ્યાહાર રાખેલી હતી. એને પ્રગટમાં લાવીને એણે ભયંકર ચાલબાજી આદરી. આખરે પોલીસને બોલાવીને પંદર રૂપિયામાં પતાવ્યું.

સ્ટીમર ઉપર પાછા આવ્યા પછી તે રાતે મોડે સુધી મને ઊંઘ આવી.

# નાતાલની શુભેચ્છા

કાઉફ્મેન એ પીટ્સબર્ગની મોટામાં મોટી દુકાન. મુંબઈના વ્હાઇટવે લેડલોથી પચીસ ગણી મોટી. એમાં હું એક ઓવરકોટ ખરીદવા ગયો હતો. અમેરિકામાં ગેબડીનના ઓવરકોટ પહેરવા એ ફૅશન મનાય છે. હિંદથી અમેરિકા આવતાં ટ્રાન્સ વર્લ્ડ એરલાઇનના એરોપ્લેનમાં મારો એક અંગ્રેજી ઓવરકોટ એરોપ્લેનની હોસ્ટેસની ભૂલથી એક ગ્રીક બિરાદર એથેન્સમાં લઈને ઊતરી પડ્યો હતો. એટલે કંપનીએ એ કોટની કિંમત પંચોતેર ડોલર મને માગ્યા વિના મોકલી આપી હતી. આ પંચોતેર ડોલરનું કાસળ કાઢવા હું કાઉફ્મેન સ્ટોરમાં આવ્યો હતો.

પાંસઠ ડોલરનો એક સુંદર ઓવરકોટ–ઠંડી અને વરસાદ બન્નેમાં કામ આવી શકે એવો–ખરીદ્યો. હું ખરીદતો હતો ત્યાં એક બીજો અમેરિકન જુવાન પણ એક સારો ગરમ કોટ જોતો હતો. એ કોટની કિંમત વીસ ડોલર હતી. એને એ એટલો બધો ગમી ગયો કે એ કોટને જુએ અને પાછો નીચે મૂકી દે. એના ચહેરા ઉપર ખુશી આવે ને અસ્ત થઈ જાય. વળી થોડી ગમગીની

પણ ઊઠી આવે. જુવાન હતો રૂપાળો અને તેજસ્વી. એણે જરા અંતરમાં ગડમથલ કરીને મને પૂછ્યું : "તમે મને પાંચ ડોલર ઉછીના આપશો? હું કાલે સવારે તમારે ઘેર પહોંચતા કરીશ." મેં એનું નામઠામ પૂછ્યા વિના પાંચ ડોલરની નોટ આપી. એની પાસે પંદર ડોલર હતા. પેલો કોટ એણે વીસ ડોલરમાં ખરીદ્યો. એના ચહેરા પર આનંદ વિસ્તરી રહ્યો. અમે એ જ સ્ટોરના રેસ્ટોરાંમાં સાથે કોફી પીધી. એણે એનું વિઝિટિંગ કાર્ડ આપ્યું. રીતભાત પ્રમાણે મેં મારું કાર્ડ આપ્યું. અમે છૂટા પડ્યા.

બીજે દિવસે વહેલી સવારે મારા ઓરડાને બારણે ટકોરા પડ્યા. જોઉં છું તો પેલો જુવાન. હસીને એ અંદર આવ્યો ને સ્મિતમાં લપેટીને એણે પાંચ ડોલરની નોટ મને આપી અને આભાર માન્યો. હું કામ પર જવાની તૈયારી કરતો હતો. મેં એને સાથે લીધો અને રસ્તામાં યુનિવર્સિટીના કાફેટેરિયામાં અમે સાથે નાસ્તો કર્યો. અમારે છૂટા પડવાના રસ્તા આગળ મેં એને પૂછ્યું : "અમેરિકામાં બધા જ માણસો તમારા જેવા સજ્જન અને પ્રામાણિક હશે?" એની આંખો ચમકી ઊઠી. બોલ્યો : "આ દેશમાં મારા કરતાં ઘણા વધારે સજ્જન અને પ્રામાણિક માણસો વસે છે. જીવનની આ સહૃદયતા જ અમેરિકન પ્રજાને ઊંચે ચઢાવશે." અને અમે બન્ને હાથ મેળવીને છૂટા પડ્યા.

ત્રણ વરસ પછી આ વર્ષે નાતાલની શુભેચ્છાનો એનો પત્ર આવ્યો. ગ્રિફિથની નીચે મેરીની પણ સહી હતી. આ બનાવથી એણે પોતાના લગ્નની પણ બાતમી આપીને નીચે લખ્યું છે : "પેલા તમારા પાંચ ડોલરે પ્રામાણિકતા બતાવવાની જીવનમાં

પહેલી તક આપી હતી. એના આનંદમાં હું વધારે પ્રામાણિક થતો જાઉં છું અને મારો આનંદ પણ વધતો જાય છે.”

# હૃદયધર્મનો પ્રસાદ

બરાબર યાદ છે. ભુલાય નહીં એવી એ સાંજ હતી. બાકી જીવનમાં ઘણુંય યાદ નથી રહેતું. પ્રકૃતિની સુંદરતા અને માણસના હૃદયની મીઠાશ પણ ઘણી વખત વિસ્મરણની ખાઈમાં ખોવાઈ જાય છે. પણ કોઈની મૂંગી દષ્ટિ, કરુણતાથી છલકાતો કોઈનો નિઃશ્વાસ, સૂનું પડેલું એકલવાયું કોઈ ખંડેર અને હૃદયની નિગૂઢ શ્રદ્ધા સમું ઉજ્જડ વનમાં ખીલેલું કોઈ કુસુમ હંમેશાં સ્મૃતિની ભીનાશથી અંતરમાં ચિરંજીવ બની રહે છે.

ઈ. સ. 1949, અઠ્ઠાવીસમી જૂન, અમે બપોરે ચાર વાગે નૈરોબીથી નૈવાશા જવા નીકળ્યા. નેમ તો હતી નૈવાશાનું સરોવર જવાની. રસ્તામાં કિફુયુ સરોવર પણ જોવાઈ જશે એ અપેક્ષિત હતું. કિફુયુ સરોવર પણ દુનિયાની એક અજાયબ ચીજ છે. એને વિષે સાંભળેલું ખૂબ. અમેરિકન અને પશ્ચિમના બીજા મુસાફરોએ એનાં વર્ણનો આશ્ચર્યમુગ્ધ બનીને કરેલાં, અને જોયું ત્યારે આંખો જોઈ જ રહી. આ સ્થાનને માટે આટલી બધી દિગ્મૂઢતા! અમદાવાદના કાંકરિયા તળાવ જેટલું વિશાળ પણ એ નહિ હોય.

એમાં ઉપર પાણી દેખાતું નહોતું. પાણી ઉપર બેત્રણ ફૂટ જમીનના થર ચઢી ગયેલા. એની ઉપર ઘાસ ઊગેલું. ઉપર ચાલી શકાય. ચાલીએ ત્યારે જમીન હાલતીચાલતી લાગે. ગમે ત્યારે પગ અંદર ઊતરી પડશે એવો ભય લાગ્યા જ કરે. વચ્ચે દસેક ફૂટનો એક ખાડો ખોડીને રાખેલો. દેખાડવા માટે કે ત્રણ ફૂટ નીચે પાણી ભર્યાં છે. અમે પણ ચાલ્યા. અનુભવ લેવો હતો. મારા પંચોતેર શિલિંગના જોડાની કાયા ખરાબ કરી નાખી. દિલ નાખુશ થઈ ગયું. પણ બુદ્ધિ હારે એમ નહોતું. એણે દલીલ કરી તે એક નવીન અજાયબી જોઈ. પ્રકૃતિની અનેકવિધ વેરાયેલી વિવિધતામાંથી એક અજબ ચીજ જોઈ. મન જંપ્યું. પણ અંતરનો વિષાદ ઘટ્યો નહીં. અમે ચાલ્યા નૈવાશા. મોટર ઝડપથી સરતી હતી. પેટનું પાણી હાલતું નહોતું. ડામરની સડક એટલી એકસરખી અને સ્વચ્છ હતી કે ચાલવાનું મન થાય. મારા યજમાને વાત માંડી. આ સડક બાંધનાર છે ઇટાલિયન કેદીઓ. ગઈ લડાઈ વખતે અહીં કેનિયામાં ઘણા યુરોપિયન કેદીઓની છાવણીઓ હતી. તેમાં ઇટાલીના વતનીઓ ઘણા હતા. એમાંના ઘણા ઇજનેરી કામના દક્ષિણ કારીગરો અને મજૂરો હતા. એ લોકોનો કેનિયાની સરકારે સદુપયોગ કરીને આ સિત્તેર માઈલનો રસ્તો બંધાવ્યો. મને રોમ, મિલાન અને ફ્લૉરેન્સના રસ્તા સાંભર્યા. એટલી જ સફાઈ, એટલી જ દક્ષતા અને એ જ ઘાટ. મોટર સાઠ માઈલની ઝડપથી જતી હતી. પણ એ ગતિ વરતાતી નહોતી. અમેરિકામાં ઘણી વખત માણેલી સિત્તેર માઈલની ઝડપ યાદી આવી ગઈ.

મારા યજમાને વાત આગળ ચલાવી. આ કેનિયાનો સર્વોત્તમ માર્ગ છે. આવી સડક તમને આખા પૂર્વ આફ્રિકામાં બીજે નહિ મળે. પણ આ તો એ કેદીઓ મારફત મેળવેલો સ્થૂળ લાભ છે. એ મજૂરીની એક સૂક્ષ્મ પણ બળવાન અસર આફ્રિકનો ઉપર થઈ છે. આફ્રિકનો આજ સુધી એમ માનતા હતા કે ગોરી ચામડી રાજ્ય કરવા સરજાઈ છે. એ લોકો દેવો છે અથવા દેવોનું વરદાન પામેલા સુભાગી માણસો છે. આવી માન્યતા લગભગ શ્રદ્ધા બની ગઈ હતી. એ આફ્રિકનોએ ઇટાલિયન કેદીઓને મજૂરી કરતાં જોયા. ખોદતા, ટોપલાં ઊંચકતા, ખરે બપોરે ઉઘાડે શરીરે પરસેવો પાડતા એમણે ગોરાઓને પોતાની સગી આંખે જોયા અને એમના ઉપર ચોકી કરનાર પાછા એમના ભાંડુઓને આફ્રિકન લશ્કરી સિપાઈઓ દીઠા. આ પરિસ્થિતિએ આફ્રિકાવાસી મૂળ વતનીના દિલમાં દીવો કર્યો. એમને લાગ્યું કે ગોરાઓ પણ આપણા જેવા જ માણસો છે. એમણે પણ શાપ ભોગવવો પડે છે, કેદની કાળી મજૂરી કરવી પડે છે અને કાળાઓની તાબેદારીમાં રહેવું પડે છે. આ લાગણીએ એમના મનમાંથી લઘુગ્રંથિને ઉખેડી નાંખી. અને ઠેકાણે સમાનતાની ભાવનાનો નીરોગી છોડ એમની ચેતનામાં ઊગ્યો. એમાંથી આત્મવિશ્વાસ જન્મ્યો. આ પરિવર્તને એમનો કાયાકલ્પ કર્યો. આફ્રિકાવાસીઓની પોતાની મુક્તિની લડતમાં આ રૂપાંતર સમુત્ક્રાંતિની દૃષ્ટિએ સીમાચિહ્ન બની રહેશે.

અમારી મોટર એકદમ રોકાઈ ગઈ. અમે એક ઊંડી ખીણને કિનારે આવીને ઊભા હતા. સામે પશ્ચિમની ક્ષિતિજે એક ઠરી

ગયેલો જ્વાલામુખી સત્તા ખોઈ બેઠેલ નેતા જેવો બેઠો હતો. એની ઉપર વાદળાંની મહેફિલ જામી હતી. એ શરારતી વાદળાં સૂર્યને બહાર ઝાંખવામાં અંતરાય નાંખતાં હતાં. પણ સૂરજ છૂપ્યો રહે! પ્રકાશનો ઓઘ નાયગરાના ધોધની જેમ જ્વાલામુખીની પાછળ ઠલવાતો હતો. નાયગરાના અદ્ભુત અને ગતિવંત ધોધ જોઈને અંતરને જીવનની ગતિનું ભાન થયું. પણ આ તેજના ધોધને તો આંખોએ પ્રથમ વાર નીરખ્યો. સ્થિરતા અને સ્ફૂર્તિનો અદ્ભુત સંગમ, ભવ્યતા અને સામર્થ્યનો અપૂર્વ સમન્વય જોઈને અંતર આશ્ચર્યમુગ્ધ બની ગયું. આ દશ્ય જોઈને દષ્ટિ નીચે ઊતરી ત્યારે દૂર દૂર સુધી વિસ્તરેલી અને આથમતા સૂર્યના પ્રકાશથી સિંચાયેલી ખાઈમાં એ પડી. આ જ ખાઈ જગતમશહૂર 'રિફ્ટ વેલી' પેલૅસ્ટાઈનથી ધરતીના શરીરમાં પડેલી આ ફાટ છેક દક્ષિણ આફ્રિકા સુધી ઊતરી ગઈ છે.

સૂર્ય પેલા ઠંડા જ્વાલામુખીની પાછળ ઊતરી પડ્યો. સંધ્યા આવતી હોય એવો આભાસ થયો. અમે નૈવાસા ભણી આગળ ચાલ્યા. ખાઈને કિનારે જ્યાં સડક વળ ખાઈને નીચે ઊતરે છે ત્યાં ખૂણાં ઊપર ખાઈ ભણી મુખદ્વારવાળું એક દેવળના ઘાટવાળું નાનું શું સ્વચ્છ કલાત્મક મકાન ઊભું હતું. જ્યાં અને જેવી રીતે બંધાયું હતું એટલું જ એની અસામાન્ય ચિત્રાત્મકતા પુરવાર કરવા માટે બસ હતું. મોટર ઊભી રાખી. અમે ઊતરીને જોયું. એ દેવળ હતું. દીવાલ ઉપર સંત જોન, સંત પિટર અને બીજા અનેક પ્રસંગોનાં હૃદયંગમ ચિત્રો હતાં. વચ્ચે મેડોનાની મૂર્તિ હતી. હાથમાં જિસસનું બાલરૂપ હતું. દેવળ બંધ હતું. અમારા

યજમાને શરૂ કર્યું: 'આ દેવળ ઇટાલિયન કેદીમજૂરોએ પોતાની સ્વેચ્છાથી બાંધ્યું છે. સડક બાંધતાં એમાંથી વધેલો માલસામાન એમાં વાપર્યો છે. પથ્થરો આ ખીણને કિનારેથી ખોદેલા છે. ચિત્રો પણ એ કલાકાર કેદીઓનાં જ છે. એનો ઘાટ, એનું રૂપ બધું જ પેલા ઇટાલિયન કેદીકારીગરોના હૃદયધર્મનું પરિણામ છે. એમાં ખર્ચેલાં નાણાં એ કેદીઓએ પોતાની મજૂરીમાંથી ખર્ચ્યાં છે.

સંધ્યા બરાબર ઊતરી આવી. સંધ્યાનું અજવાળું પોતાનું આગવું હોય છે. એમાં સૂર્યના પ્રકાશની સ્પષ્ટતા અને રાત્રિના અંધકારની ઘનતા બંનેનો અભાવ હોય છે. દિવસની વિદાય અને રાત્રિના આગમનનો સંગમ આ સંધ્યાને ઉંબરે થાય છે. મારા અંતરમાં આ સંધ્યાએ કરુણમંગલ ભાવો જગાડ્યા. લગ્ન પછી પતિને ઘેર જવા માટે પિયરની વિદાય લેતી મીંઢળ બાંધેલી સૌભાગ્યવતીના અંતરમાં માબાપ, ભાઈભાંડુ અને પિયરની વિદાયનું કારુણ્ય હોય છે અને પતિને ઘેર આવનાર નવા જીવનના પ્રારંભનું મંગલસ્વપ્ન હોય છે.

એ સંધ્યા કરુણ હતી. ઠરેલી જ્વાલામુખીની દુ:ખદ યાદ હતી, ધરતીને શરીરે પડેલી ફાટનું દર્દ હતું. દિવસના અવસાનનો વિષાદ હતો, અજવાળાને આથમતું જોયું હતું તેની ગમગીની હતી. એ સંધ્યા સાચે જ અતિ કરુણ હતી. પણ સાથે જ પેલા ઇટાલિયન કેદીઓના હૃદયધર્મના દીવાનું નવું તેજ હતું. માનવતાની ચિરયુવા નિત્યનૂતન, ચિરંજીવ આસ્થાના બળની હૂંફ હતી. માનવતાની અભિનવ મંગલતાનું સ્વપ્ન હતું.

પથ્થરોમાં પ્રગટેલા મનુષ્યહૃદયની શ્રદ્ધાના કાવ્યને સહજ રીતે દૃષ્ટિ નમી પડી.

પછી નૈવાશા હું ના જઈ શક્યો.

# પ્રશ્ન અને ઉત્તર

પૂર્વ આફ્રિકા અને દક્ષિણ આફ્રિકાથી આવનારા મારા ઘણા મિત્રોને હું ત્યાંના આદિવાસી આફ્રિકનો વિષે કુતૂહલભર્યા સવાલો પૂછતો. એમની રહેણીકરણી, ટેવો, રીતભાત, વિચારસરણી, લાગણીની ભાત અને એની ગહનતા એમ અનેક પ્રશ્નો એમને કરતો. પણ એમાંથી કોઈ મિત્રે પોતાના અનુભવની એક્કેય સંતોષજનક વાત નહોતી કહી. અને પછી પૂછતાં પૂછતાં આખર ખબર પડી કે એમાંના ઘણાખરાને તો એનો અનુભવ જ નહોતો કારણ કે એમને એમાં રસ નહોતો. એકબે મિત્રોએ થોડીઘણી જે વાતો કરેલી તેને કારણે એ આદિવાસીઓને જાતે જોવાની અને મળવાની મને તીવ્ર ઇચ્છા રહેલી. બધી તીવ્ર ઇચ્છાઓ કંઈ ફળે છે એવું નથી હોતું. પણ આ તો ફળી. પૂર્વ આફ્રિકામાં રખડતાં-રખડતાં ત્યાં વસતી ઘણી મૂળ જતિઓને જાણીજોઈને હેતુપુરઃસર મળ્યો. મારી મહત્ત્વાકાંક્ષા તો એવી હતી કે માનવચેતનાની સમુત્ક્રાંતિના દષ્ટિબિંદુથી એમને સાક્ષાત્ કરું. પણ એટલો બધો વખત એમની સાથે ગાળવાનો મને ન મળ્યો.

પણ વૈજ્ઞાનિક દૃષ્ટિથી એનો અભ્યાસ કરનાર એક અંગ્રેજનો ભેટો થઈ ગયો. એ અંગ્રેજ તો ડો. લીકી, જેઓ નૈરોબીના મ્યૂઝિયમના ક્યૂરેટર છે. એમની સાથે કલાકોના કલાકો ગાળી, એમની સાથે કિકુયુ આદિવાસીઓનાં સ્થાનમાં ફરીને વિચારોની આપલે કરવાની જે તક મળી એનો મને ખૂબ આનંદ થયો. એ રીતે એમની દૃષ્ટિ સમજવાનો મોકો પણ મને મળ્યો.

ઓગસ્ટના બીજા અઠવાડિયામાં હું નૈરોબીથી નીકળી મોમ્બાસા પહોંચવાનો વિચાર કરતો હતો ત્યારે મારા એક મિત્રે કહ્યું કે તમે વાખામ્બા તો જોયા જ નહીં. વાખામ્બા વિશે જ્યારથી મેં એ મિત્ર પાસે સાંભળ્યું હતું ત્યારથી મને એ લોકોને જોવાની અને મળવાની ખૂબ ઇચ્છા હતી. થોડાંક જ વર્ષો પૂર્વે જ્યારે એમનાં જંગલોમાંથી એમનાં ઢોરની મોટી ટકાવારી કસાઈખાને ફરજિયાત મોકલવાનો હુકમ સરકારે કર્યો હતો ત્યારે એમણે અહંસિક સત્યાગ્રહ કર્યો હતો. લગભગ ચારપાંચ હજાર વખામ્બા સ્ત્રીપુરુષો બાળબચ્ચાં સહિત દિવસોના દિવસો નૈરોબીમાં ધામા નાંખીને પડ્યાં હતાં અને એમના એ અહંસિક સત્યાગ્રહને પરિણામે સમાધાન થયું હતું પણ એમના મુખી સૅમ્યુઅલ મોહિદીને દૂર દરિયાકિનારે હદપાર કરવામાં આવ્યો હતો. આ હસમુખા, સાદા અને ભોળા ખેડૂતને મળવાની વાત નીકળતાં અમે બીજે દિવસે જ બપોરે જમીને બે મોટરોમાં નૈરોબીથી પચાસ માઈલ દૂર મચાકોસ તરફ જવા નીકળ્યા. મચાકોસની પર્વતમાળા એ જ વાખામ્બાનું નિવાસસ્થળ હતું. નૈરોબીથી પચ્ચીસ માઈલ દૂર આથી નદી પાર કરીને અમે જતા

હતા ત્યારે રસ્તામાં સંહિ વિનાનાં લગભગ બધાં જ જનાવરોનાં ઝુંડ અમને જોવા મળ્યાં. ઝીરાફ, જિબ્રા અને હરણો. આ આથી નદીનો આખો વિશાળ પ્રદેશ એ આ જનાવરોનું નિવાસસ્થાન છે. મચાકોસ ગામમાં અમારી મોટરો મૂકીને ત્યાંના હિંદીભાઈઓએ અમારે માટે એક ભારે બસ આપી તેમાં અમે પહાડી ચઢ્યા. અમારી સાથે એ પહાડીનો જાણીતો અને એ પહાડમાં વસનારા વાખામ્બાનો આગેવાન ફિલીપ પણ હતો. એની સહાયથી અમે ઘણાં ભાઈ-બહેનોને મળ્યાં. મારે પૂછવાના સવાલો પણ હું ફિલીપ મારફત પૂછતો. કારણ કે ફિલીપને સ્વાહિલી આવડતું હતું અને મારી સાથેના મારા મિત્ર સ્વાહિલી સરસ જાણતા હતા. એટલે હું ગુજરાતીમાં બોલું, તેનું એ સ્વાહીલી કરે અને પછી ફિલીપ એને પોતાની ભાષામાં સમજાવે – આ પ્રકાર બહુ જ રમૂજી નીવડ્યો. આમ, વાખામ્બાને મળતા મળતા અમને ફિલીપ એને પોતાને ઘેર એક ઊંચી પહાડી પર લઈ ગયો. રસ્તો ખરાબ હતો અને દિવસ છતાં એ પહાડી ચઢાઈ જાય તો સારું એ હિસાબે બસ પણ એના સ્પેશિયલ ગિયરમાં જ રખાઈને એવી હંકાઈ કે અમે સૂર્યાસ્ત પહેલાં ફિલીપને ઘેર પહોંચી ગયા અને પહોંચી ગયા એ સારું જ કર્યું.

મચાકોસની એ પહાડી ઉપરથી અમે જે સૂર્યાસ્ત જોયો, એવો કરુણ અને કાવ્યભર્યો સૂર્યાસ્ત આફ્રિકામાં તો પ્રથમ વાર નીરખ્યો. મારા મિત્ર તો એવા મુગ્ધ બની ગયા કે એમણે ગાયત્રીનો મંત્ર ઉચ્ચાર્યો. ફિલીપે એની બન્ને પત્નીઓને માણસ મોકલી ખેતરોમાંથી બોલાવી. પશ્ચિમની ક્ષિતિજે આકાશ રંગોનું

ક્રીડાંગણ થઈ ગયું. ચમકારા મારતા તેજસ્વી રંગો ધીરે ધીરે ઝાંખા થયા અને ભૂરા આકાશી રંગો વધારે સઘન થવા માંડ્યા. અંધારું ઊતર્યું નહોતું, હજી ઊતરવાનું હતું. એ તેજછાયાને અજવાળે-અંધારે ફિલીપની બન્ને પત્નીઓ બરડા ઉપર અનાજના ભાર વહી લાવીને જે રીતે પહાડી ચઢતી હતી એ આખુંય ચિત્ર મારા મનમાં કોરાઈ રહ્યું છે. સમસ્ત કચડાયલી માનવજાતનો પરસેવો થીજીને જાણે આ બે આકૃતિઓ બની ગઈ હોય એમ એ ધીરે ધીરે શ્વાસને આધારે આધારે ચાલી આવતી હતી. ચાલમાં જે ધીરપ હતી, જે ધીરજ હતી અને શરીરનો જે વળાંક હતો એનું કારુણ્ય પ્રગટ કરવાની મારી શક્તિ નથી. એ બન્ને જ્યારે ઉપર આવી ત્યારે અંધારું ઊતરતું હતું. એમને ઘેર આટલા બધા મહેમાનો જોઈને તો એ બિચારી આભી બની ગઈ. પરંતુ એમને સંતોષ અને આનંદ પણ ઘણો થયો.

અંધારું સઘન બને તે પહેલાં એ પહાડી ઊતરવા માંડી. ફિલીપને પણ અમે સાથે લીધો. અમે લગભગ તળેટીમાં પહોંચ્યા ત્યારે અમારા બસ હાંકનાર હિંદી જવાને કહ્યું કે અહીં જંગલમાં વાખામ્બાની સાથે જ એમના જેવો જ બનીને એક હિંદી રહે છે. એનું નામ પૂરણ. એનો ખોરાક પણ એવો જ છે. ભાષા પણ એમની જ બોલે છે. પચાસેક વર્ષથી અહીં વસે છે. ગામમાં ક્યારેક ખાંડ કે મીઠા માટે આવે છે. મને જિજ્ઞાસા થઈ. મેં વિનંતી કરી કે ચાલો પૂરણને મળીએ.બસ એના આંગણામાં પહોંચી. બરાબર આફ્રિકન આદિવાસીનો હોય એવો જ નાનો ઝુમ્બો (ઝૂંપડું) હતો. અને એ ઝુમ્બામાં જ એની સાથે એની એક વહાલી

ગાય અને બે બકરીઓ પણ રહેતાં હતાં. પૂરણની જબાન હિંદી હતી એ તો હું તરત જ કળી ગયો. પણ હિંદી બોલવાની એની તબિયત નહોતી. જાણે હિંદી બોલવાથી એની ગઈ કાલ તાજી થતી હોય તેમ આ માણસ વાખામ્બાની બોલી જ બોલતો હતો, પણ મેં એને હિંદીને રસ્તે ખેંચ્યો. ડોસો ખુશ થયો. એ જેવો હિંદી બોલ્યો તેવો હું એને ભેટી પડ્યો. એને લાગ્યું કે હું કંઈ સાહેબ અથવા તો અલફાઉ મુસાફર નથી. એની ભાઈબંધી કરી શકે એવો ભેરુબંધ છું, ત્યારે એ ખીલ્યો. વીસ-પચીસ વરસની ઉંમરે એ આવ્યો હતો. ભૂતકાળ તો એને આડે આવતો નથી. ભવિષ્યની એને પડી નથી. એની ઉંમર એંસીની કે કદાચ એથી વધારે હશે, કોણ જાણે. દુનિયાની પ્રગતિની એને ખબર નહોતી. પણ મીઠું કે ખાંડ લેવા જ્યારે એ મચાકોસ ગામમાં જતો ત્યારે હિન્દુસ્તાન અને વિલાયત જઈ આવેલા માણસો એને મળતા. એમને મળીને એને પોતાની જિંદગી વિશે વધારે ખુશી થતી. બાહ્ય દૃષ્ટિએ આ માણસ પ્રગતિશીલ ના લાગે એટલું જ નહીં, પણ અધોગતિ તરફ ધસતો જ લાગે. પણ એની વાતોમાં મને રસ રહ્યો. એની આકૃતિ મને ગમી ગઈ. એંસી-નેવું વર્ષનો આ વૃદ્ધ, બાળક જેવો ભલો અને નિર્દોષ લાગતો હતો. સ્વચ્છ કે સાહેબશાહી કપડાં પહેરેલા વેરાન જેવા દિલવાળા માણસ જેવો એ ખાલી અને અબૂજ નહોતો લાગતો. મેલાં અને તેય નામનાં કપડાંમાં, જંગલમાં ઊગી નીકળેલા કોઈ ફૂલછોડ જેવી દાઢીમાં કદરૂપતા દેખાડતો આ માણસ અંદરથી ભરેલો અને ભયરહિત લાગ્યો. મેં એને પૂછ્યું કે આ વિમાની વેગે આગળ

વધતા જમાનામાં એને અહીં સંતોષ છે? એના જવાબમાં એણે મને એક વાર્તા કહી. એણે કહ્યું : એક દિવસ સમીસાંજે આ પાસેની નદી આગળથી એ નીકળ્યો. રોજ ઓળંગતો હતો એ જ રીતે એણે નદી ઓળંગવા માંડી. પહાડી ઉપર વરસાદ થયેલો તેની એને ખબર નહોતી. નદીમાં વહેણ જોરનું હતું. એ જ્યારે લગભગ વચ્ચે પહોંચ્યો ત્યારે કેડ સમાણાં પાણી થઈ ગયાં અને વહેણનો વેગ અસહ્ય થઈ પડ્યો. આગળ જવાની વાત તો બાજુએ રહી પણ ત્યાં ઊભા રહેવું એ પણ કઠણ સવાલ થઈ પડ્યો. પાછું જવાય એવું પણ નહોતું. પાછું જવું પણ નહોતું. જવું તો આગળ હતું. એટલે આખી રાત બે મધ્યવહેણે ઊભો રહ્યો. આખી રાત પોતે એ વહેણમાં તણાઈ ના જાય તેવો પુરુષાર્થ કરતો રહ્યો. સવારમાં મોડેથી જ્યારે વહેણનું જોર નરમ પડ્યું ત્યારે એ સામે કિનારે પહોંચી ગયો.

થોડી વાર શાંત રહીને એણે કહ્યું : “આ દુનિયાના અજ્ઞાનના વહેણનું જોર અસહ્ય થયું છે. હમણાં તો એ મને તાણી ન જાય એ માટે પુરુષાર્થ કરું છું. એનું જોર નરમ પડશે ત્યારે સામે પાર જઈશ. ગમે ત્યાં તણાઈ નથી જવું, મારે તો સામે પાર જવું છે.”

ત્યાં તો એની બકરી બોલી. ગાયે પણ જાણે એને બોલાવ્યો એટલે અમારી રજા માગ્યા વિના એ અમારી પરવા કર્યા વિના એ ચાલ્યો ગયો. અંધારામાં એને જતો હું જોઈ રહ્યો. મને થયું કે માણસ આજે ગમે ત્યાં જવું અથવા પોતાની જગ્યાએ જ ફેરફૂદડી ફર્યા કરવી તેને તો વિકાસ નથી માનતો ને? પૂરણ પ્રશ્ન હતો, પરંતુ એ પોતાનો ઉત્તર પણ હતો.

# જિંદગીની કિંમત

અમે અરૂશાથી નૈરોબી જતા હતા. અરૂશા એ ટાંગાનિકાની ઉત્તર સરહદે આવેલું રૂપાળું નાનું શહેર છે. સુંદરતા અને હવાપાણી બંને માટે મશહૂર છે. ત્યાંથી જરાક ઉપર જઈએ એટલે કેનિયા શરૂ થાય. અરૂશા અને નૈરોબી વચ્ચે લગભગ અડધે અંતરે મસાઈઓના રહેઠાણનું ખાસ જંગલ શરૂ થાય છે. આ જંગલ વીંધીને અમે જઈશું અને રસ્તામાં મસાઈઓ જોવા મળશે એ મારું મોટું આકર્ષણ હતું. પૂર્વ આફ્રિકાની આદિ જાતિઓમાં મસાઈઓ ખમીરવંત, વીર્યવાન અને વિરલ જાતિ છે. આધુનિક સંસ્કૃતિનો આ લોકોને જરાય સ્પર્શ થયો નથી. વલ્કલનો એક ટુકડો કમ્મરે લપેટી રાખવો એ જ એમનો પહેરવેશ અને પોતાના કદ જેટલું જ ઊંચું બલ્લમ જેવું કાતિલ હથિયાર એ એમનું જંગલી પશુઓ અને સંસ્કૃત માનવી સામે બચવાનું સાધન છ ફૂટ અને એથીય ઊંચો એમનો કદાવર દેહ કોઈ શિલ્પમૂર્તિ જેવો મનોહર અને શોભાયમાન લાગે. માનવવંશવિજ્ઞાન અને ઇતિહાસની દૃષ્ટિએ એમની ગમે તે હકીકત હોય, પણ મને એ

જોતાં તો આપણને ભય અને માન એકસાથે થાય એટલા આ મસાઈ અપૂર્વ દેખાય. એમને વિષે અમે સાંભળેલું કે સિંહ અને મસાઈ એ બેમાં કોણ વધારે ક્રૂર અને બળવાન એ કહેવું મુશ્કેલ. એટલે આ રંગદર્શી આદિ જાતિ માટે મારું કુતૂહલ પળે પળે વધતું જતું હતું. આ મસાઈઓને જોવા અને મળવા માટે જ અમે નૈરોબી જવાનો આ લાંબો રસ્તો પસંદ કર્યો હતો. અમારા યજમાને જંગલ શરૂ થતાં જ મોટરના દરવાજાના અને બારીઓના કાચ ચઢાવી દેવાની આજ્ઞા કરી. કારણ આ મસાઈઓનાં જંગલોમાં સિંહોની પણ એટલી જ મોટી વસ્તી હતી. અમારી પાસે માત્ર એક જ રાઈફલ હતી, અને પ્રાણના બચાવ માટે જ વાપરવાની અમને છૂટ હતી. વીસેક માઈલ સુધી અમે એ જંગલને વીંધીને આગળ નીકળ્યા હતા. મેં હિંદુસ્તાનમાં બરડા, ગિર, વિંધ્ય અને ટેહરીનાં જંગલો જોયાં હતાં. પણ આ જંગલની ભયંકરતા જોઈને આંખ ઠંડી થઈ ગઈ. સૂનકાર હતો. મધ્યાહ્ન તપતો હતો. માત્ર અમારી મોટરનો અવાજ સંભળાતો હતો. એટલામાં અમે જિરાફના એક મોટા ટોળાને સડકની એક બાજુએથી બીજી બાજુ નાસતું જોયું. ઇસ્માઈલે કહ્યું: ‘આ જિરાફની પાછળ સિંહ પડ્યો હોવો જોઈએ, નહીં તો જિરાફ નાસે નહીં.’ અને અમારા ભય અને આશ્ચર્ય વચ્ચે સિંહ તાડૂક્યો. પણ આ જિરાફની જેમ સિંહ પણ દોડતો હતો. એક જુવાન મસાઈ બલ્લમ લઈને એની પાછળ પડ્યો હતો. અંતર જરાયે વધે તે પહેલાં મસાઈએ બલ્લમ સિંહ તરફ તાકીને ફેંક્યું. અમારી મોટર થોડી વધુ પાસે સરકી, સિંહ જરા લથડ્યો ત્યાં તો તોડીને પેલા ભયંકર મસાઈએ પોતાના હાથની કટારથી

સિંહનું મોઢું ભરી લીધું. મરણિયો સિંહ કૂદ્યો. એને ચુકાવીને મસાઈએ પોતાનું બલ્લમ લઈને એના પેટમાં હુલાવી દીધું અને લોહીવાળી કટાર ખેંચી બીજી વાર એના ગળામાં પરોવી દીધી. આઠ-દસ મસાઈઓ પોતાના હથિયાર સાથે આ વિકરાળ યુદ્ધ જોતા રહ્યાં પણ વચ્ચે ન પડ્યા. સિંહ મર્યાની ખાતરી થઈ ત્યારે બાકીના મસાઈઓએ પેલા જુવાનને ઊંચકીને નાચવા માંડ્યું. કંઈક ગાવા માંડ્યું. ઇસ્માઇલે મોટરનું બારણું ખોલીને બહાર નીકળી પડ્યો. સ્વાહીલી ભાષાનો તો એ કસબી હતો. એમાંથી એક મસાઈએ કહ્યું: ‘હવે એ જુવાને મારી દીકરીને પરણવાનો અધિકાર મેળવ્યો છે. અમારી જાતિમાં જ્યાં સુધી કુંવારો મસાઈ બે સિંહને પોતાના હથિયારથી મારે નહિ ત્યાં સુધી એને પરણવાનો અધિકાર નથી મળતો.’

ઇસ્માઈલે આ વાત મને કહી. જિંદગી માટે મોતને ભેટનાર આ મસાઈઓને જોઈને, મૃત્યુના ભયથી જિંદગી ખોઈ બેસનાર આપણા ભાઈઓ મને સાંભરી આવ્યા. જંગલની ભયાનકતા ઓછી થઈ ગઈ પણ મારા અંતરમાં સૂનકાર છવાઈ ગયો.

# આસ્થા ઊંડી ઊતરી

1949. જુલાઈ. એક સવારે અમે નૈરોબીથી નીકળીને ગુથંગુરી વિદ્યાલય જોવા જતા હતા. આ વિદ્યાલય વિષે પહેલાં મેં એક અમેરિકન બાઈ પાસેથી જાણ્યું. એ બાઈએ આ સંસ્થા વિષે બહુ જ સહૃદય અને સૂચક વાણીમાં મને વાત કરી હતી એટલે જિજ્ઞાસા તો હતી, પણ નૈરોબીથી નીકળ્યા ત્યારે ખુશનુમા સવારના તાજગીભર્યા વાતાવરણમાં એ સંસ્થા વિષે સ્વાભાવિક જ સમભાવ થયો. આ સંવેદન અકારણ હતું એટલે મારે મન એનું મહત્ત્વ વધારે હતું. ગુંથગુરી વિદ્યાલય કે કિકુયુ આદિવાસીઓની વિદ્યાપીઠ જેવી સંસ્થા છે અને કિકુયુ લોકો પૂર્વ આફ્રિકામાં અને ખાસ કરીને કેનિયામાં વસતી આફ્રિકન જાતિઓમાં રાજકીય દૃષ્ટિએ બહુ જાગ્રત અને જુસ્સાવાળી કોમ છે. પોતાના હક્કને માટે કેનિયા સરકારની સામે લડ્યા અને ન ફાવ્યું એટલે સરકારી ગ્રાંટ લેવાની બંધ કરી પોતાને જ પૈસે આ વિદ્યાપ્રવૃત્તિ ચલાવવા માંડી. યુરોપિયન ખ્રિસ્તી મિશનરીઓએ એમની સાંસ્કૃતિક અખંડતા ઉપર હાથ નાખ્યો એટલે એમણે પોતાનાં સ્વતંત્ર અને

નવીન દેવળો સ્થાપ્યાં. સરકાર અને મિશનરીઓ બન્નેનાં સમભાવ, સહાય અને સહકાર વિના એક પણ સંસ્કારી કે સેવાની પ્રવૃત્તિ એ દેશમાં કોઈ પણ આદિવાસી કોમ ચલાવી શકે એ અશક્યતાને ઠેકાણે વાકિકુયુએ શક્યતાનું વૃક્ષ રોપ્યું. આજે એ વૃક્ષ ઉપર શ્રદ્ધા અને આશાનાં ફળ બેઠાં છે. આ શિક્ષણપ્રવૃત્તિ દ્વારા આ કોમનાં લગભગ પિસ્તાળીસ હજાર બાળકો તાલીમ લે છે. આ આખીય પ્રવૃત્તિના સંચાલનનો આત્મા અને અધિકારી છે પિટર કોઈનાંગે. એનું વહાલસોયું નામ છે બીઓ, અને આ જ નામે એ કિકુયુમાં ઓળખાય છે અને દુલાર પામે છે. એનું ગામ છે કોઈનાંગે. એના પિતા કોઈનાંગેના મુખ્ય જમીનદાર છે. એની કેળવણી લંડનમાં પણ થઈ છે. લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સનો એ ગ્રૅજ્યુએટ છે. અમેરિકાનો પ્રવાસ પણ ખેડ્યો છે. સ્વસ્થ અને શક્તિશાળી દેહ, તેજસ્વી નિર્દોષ આંખો અને બાળક જેવું નિખાલસ અને નમણું હૃદય. આ માણસ જોવાથી જ ગમે એવો છે અને જાણવાથી મિત્ર કરવાનું મન થાય એવો છે. અમે જ્યારે ગુથંગુરી વિદ્યાલય જોવા ગયા ત્યારે એ હિંદુસ્તાન આવવાની ધમાલમાં પડ્યો હતો. હિંદની કેટલીક યુનિવર્સિટીઓએ એને આફ્રિકન કેળવણી ઉપર ભાષણો આપવા નોતર્યો હતો. મારા ઘણા હિંદી મિત્રોએ એની સચ્ચાઈ અને સન્નિષ્ઠાનાં વખાણ કર્યાં હતાં. હિંદીઓ અને આફ્રિકનો વચ્ચેના બગડતા જતા સંબંધો સુધારીને એ સમભાવ અને સહકારના ધોરણે એની નવેસરથી રચના કરી શકાય તો કરવી એવી પેરવી અને એને માટેનો પુરુષાર્થ જે કેટલાક હિંદી આગેવાનો નૈરોબીમાં કરી રહ્યા છે

તેમનો બીઓ ખાસ સહાયક અને સહકારી મિત્ર છે. આવા એક ઉદાર અને નિષ્ઠાવાન આફ્રિકન જુવાનને મળવાની પણ ઉત્કંઠા હતી. એટલે ગુથંગુરી વિદ્યાલયની મુલાકાતની આસપાસ કૌતુકપ્રિયતા હતી.

નૈરોબીથી બાવીસ-પચીસ માઈલ દૂર ગુથંગુરી બહુ રમણીય જગ્યા છે. કિકુયુના નિવાસપ્રદેશની વચ્ચે એક સુંદર ટેકરી ઉપર વિદ્યાલયનાં ઝૂંપડાં ઊભાં છે. પાકા મકાનમાં તો માત્ર એમનું એક દેવળ છે. બીજાં હજી બંધાય છે. બીઓની ગેરહાજરી દરમિયાન એ વિદ્યાલયના સંચાલક જોમો કેનિયાટાએ અમારી સાથે ફરીને આખું વિદ્યાલય દેખાડ્યું. એની ઝીણી ઝીણી વિગતો સમજાવી. એ પ્રવૃત્તિ પાછળનાં ધ્યેય અને ઇતિહાસ આપ્યાં. એ જેમ જેમ બોલતો જતો હતો તેમ તેમ એનું વ્યક્તિત્વ ઊઘડતું જતું હતું. દેહ જોતાં તો એને નરશાર્દૂલ વિશેષણ જે મારા મિત્ર શિવાભાઈ અમીને આપ્યું હતું તે સાર્થક થતું હતું. મનનાં પડનો જેમ જેમ સંપર્ક થતો ગયો તેમ તેમ એનાં કૌશલ અને કામના વિશદ થતાં ગયાં. એનું અભિમાન અને હિંદીઓ માટેની એની અશ્રદ્ધા ડોકિયાં કરતાં ગયાં. એનો પરાક્રમી પ્રાણ પણ પરખાયો અને અમારા છસાત કલાકના સહવાસમાં એની છબી મારી સામે ચિતરાઈ ગઈ. વિદ્યાલય બતાવ્યા પછી એણે એની દીકરી વામ્ભૂઈની ઓળખાણ કરાવી. આ છોકરી પણ આ જ વિદ્યાલયમાં શિક્ષિકા છે. ચા પિવડાવીને એણે સમગ્ર વિદ્યાલયનાં બાળકોને મોટા મેદાનમાં એકઠાં કરાવ્યાં. આફ્રિકન રીતે કવાયત, કૂચ અને કસરતનો કાર્યક્રમ અમને દેખાડ્યો. સાથે કિકુયુ

સંગીતની મદદથી થોડોક નૃત્યનો કાર્યક્રમ જોઈને મન પ્રસન્ન થયું. પછી તો મેદની આખી સભામાં ફેરવાઈ ગઈ. બાળકો ઉપરાંત શિક્ષકો અને આસપાસના આદમીઓ પણ ભળ્યા. મિત્રોએ નક્કી કર્યું કે જો કંઈક બોલવાનો પ્રસંગ આવે તો મારે હિંદીઆફ્રિકન-સંબંધની જે નવી ભાવનાનો ઉદય થવા માંડ્યો છે તેની વાત કરવી. એની અસર જો આ ઊગતી પેઢી પર થાય તો એમાં બન્ને પ્રજાનો લાભ છે. એટલે હું અંગ્રેજીમાં બોલું અને જોમો કેનિયાટા એનું કિકુયુમાં ભાષાંતર કરતા જાય. એ ભાષણ દરમિયાન મેં એમ કહ્યું કે હિંદીઓ આ દેશમાં આફ્રિકનોનું શોષણ કરવા નથી આવ્યા, એઓ અહીં આવીને વસ્યા છે અને આ દેશના વતની થયા છે તેની પાછળ એમનું ધ્યેય આફ્રિકાના મૂળવતનીઓને સહાયક થવાનું છે અને એમની સ્વતંત્રતા સિદ્ધ કરવામાં સહાય અને સહકાર આપવાનું છે. આ વાત કિકુયુ ભાષામાં સમજાવતાં એણે જે હાસ્ય કર્યું તેનાથી તરત જ અમને ભાન થયું કે આ વચનોમાં એને શ્રદ્ધા નથી. એટલે મેં પાછળથી સ્પષ્ટતા કરી કે હિંદીઓનાં ભવિષ્યનાં કાર્યો જ તેમની આ નિષ્ઠાને સાચી પાડશે. એ વખતે એણે સ્મિત પણ ના કર્યું, નરી ગંભીરતા જ દેખાડી. આ શુભેચ્છાનો જવાબ એક મેટ્રિકના વિદ્યાર્થીએ કિકુયુમાં આવ્યો. પેલા વિદ્યાર્થીના ઉત્તરનું અંગ્રેજી પણ કેનિયાટા જ કરતો જાય અને પેલા વિદ્યાર્થીની નિર્બળતા કે અસ્પષ્ટતા સુધારતો જાય અને અંદર પોતાના અર્થ અને મર્મ મૂકતો જાય. છેવટે એણે આશા વ્યક્ત કરી કે મહેમાને

હિંદીઆફ્રિકન-સંબંધ વિષે જે ભાવના વ્યક્ત કરી છે એવું જો સાચે જ બનશે તો એ દેશમાં હિંદીઓનો વાળ વાંકો નહીં થાય.

આવા વાતાવરણમાં માત્ર શુભેચ્છા કશું સંગીન પરિણામ નહીં લાવી શકે એમ લાગ્યું. મારા યજમાન શનાભાઈ પટેલને ગળે પણ આ વાત ઊતરી. એટલે એમણે સભામાં જ અઢીસો શિલંગિનું દાન જાહેર કર્યું અને એક કિકુયુ વિદ્યાર્થીને આરંભથી મેટ્રિક સુધીની શિષ્ટવૃત્તિ આપવાનું પણ કહ્યું. આની ધારી અસર થઈ. કેનિયાટાના ભાષા અને ભાવ બન્ને એનાથી રસાયાં અને એના હૃદયમાંથી અભિમાન કે અશ્રદ્ધાને બદલે અહેસાન અને આસ્થાની લાગણી વ્યક્ત થઈ.

હવે મેં મનમાં નિશ્ચય કર્યો કે જ્યારે અહીં સુધી આવ્યા છીએ ત્યારે કોઈનાંગે જઈને બીઓને અને એના કુટુંબને પણ મળવું. કેનિયાટાએ પોતે થઈને સાથે આવવાનું કબૂલ્યું. એટલે ટૂંકે રસ્તે અમે કોઈનાંગે જવા નીકળ્યા. મારા અંતરમાં કોઈ બોલતું હતું કે એક દિવસ આ ભૂમિ ઉપર શાંતિનિકેતન અને સત્યાગ્રહ-આશ્રમનો સમન્વય કરે એવી માનવી સંસ્કૃતિનો વડલો વિસ્તરશે.

કોઈનાંગે જતાં રસ્તામાં કિયામ્બુમાં કિકુયુ લોકોની વડી અદાલત ભરાયલી જોઈ. કેનિયાટાએ વરિષ્ઠ ન્યાયાધીશની અમને ઓળખાણ કરાવી. ચારે બાજુથી ખુલ્લું છાપરું હતું. કિનારે કિનારે માટીની પાળ બાંધેલી. એના ઉપર લોકો બેસે. સામે એક સહેજ ઊંચા આસન ઉપર વડા ન્યાયમૂર્તિ બેઠેલા. એની પાસે વીસ- પચ્ચીસ નાની લાકડીઓ પડેલી. એને આધારે એ બન્ને પક્ષની દલીલો મેળવીને કે ટકરાવીને પોતાનો નિવેડો

આપતા જાય. સામે ફરિયાદી અને આરોપી બેઠેલા. ફરિયાદ શરૂ થાય, આરોપી જવાબ આપે અને તરત જ ન્યાયમૂર્તિ નિર્ણય કરે. એનું લખાણ વગેરે કંઈ જ નહીં. બધું જ મૌખિક. પણ એ નિર્ણય ચુસ્ત રીતે અને પ્રામાણિકપણે પળાવાનો જ. "સહ વીર્યં કરવાવહૈ" એ ભારતીય જીવનદૃષ્ટિનો આદેશ ત્યાં જિવાતો જોયો.

કોઈનાંગે પહોંચ્યા ત્યારે બીઓનો નાનો ભાઈ કિયામ્બુથી ટૂંકે રસ્તે થઈને મારો સત્કાર કરવા અને ઘેર વેળાસર ખબર કરવા આગળથી પહોંચી ગયેલો. પૂર્વઆફ્રિકામાં આશ્ચર્ય સાથે મેં સર્વત્ર જોયું કે આફ્રિકાના મૂળવતનીઓ લાંબાંલાંબાં અંતર માટે પણ ટૂંકામાં ટૂંકી પગદંડીઓ પાડે છે. આ જ સ્વભાવ એક દિવસ જીવનસાર્થકતાનો પણ ટૂંકો રસ્તો શોધી કાઢે તો નવાઈ નહીં. કોઈનાંગેમાં બીઓના વૃદ્ધ પિતાને મળીને ખૂબ આનંદ થયો. એઓ ત્યાં સિનિયર ચીફ ઓફ કોઈનાંગે કહેવાય છે. કિયામ્બુ, કોઈનાંગે, કિકુયુ અને ગુથંગુરીના સો કે દોઢસો માઈલના વિસ્તારમાં માત્ર અહીં જ નાનકડું ત્રણચાર ઓરડાનું પાકું મકાન જોયું. આ જ મકાનને અમારા ડ્રાઇવરે મહેલ રૂપે વર્ણવેલું. વૃદ્ધ કોઈનાંગે અમને જોઈને ખૂબ રાજી થયા. ખેતરમાંથી થોડા તાજા મકાઈના દોડા મંગાવીને અમને નાસ્તો કરાવ્યો. મને એમણે બીઓની ભલામણ કરી કે એ હંદુિસ્તાન આવે ત્યારે મારે એની સંભાળ લેવી અને સલામત પાછો સ્વદેશ મોકલવો. અમે ગુથંગુરી વિદ્યાલય જોઈ આવ્યા એ વાતે એ અતિશય સુખી થયા. બહાર વિશાળ આંગણામાં લઈ જઈને અમને એક ઝાડ નીચે

ઊભા રાખ્યા. થોડીક વાર શાંત રહીને એમણે કહ્યું કે આ ઝાડ બહુ જ સુભાગી છે. ઘણાં વર્ષો પહેલાં અહીં વિન્સેન્ટ ચર્ચિલ આવ્યા હતા. અને હજી હમણાં જ ઔંધના વૃદ્ધ રાજવી પણ આવી ગયા. તમારા જેવા જુવાન હિંદીને જોઈને મારું હૈયું રાચે છે. તમારા જેવો જ મારો છોકરો હિંદનો તેડાવ્યો ત્યાં જશે એનું તો સપનું પણ ક્યાંથી હોય! પણ આ બધા અણધાર્યા અને વણકલ્પ્યા બનાવોથી એમ લાગે છે કે તમારી હિંદી-આફ્રિકન-સંબંધની નવી ભાવના સાચી પડશે. આ સંબંધ જો ફળીભૂત થાય તો હું એમાં ઊજળા ભવિષ્યનાં બીજ જોઉં છું. મેં પૂછ્યું : "તમે સાચી વાત કહો, તમને હિંદીમાં વિશ્વાસ છે કે અંગ્રેજોમાં? તમારા કોણ છે? તમારું ભલું કોણ ઇચ્છે છે અને કરે છે?" ડોસા જરા ગંભીર થઈ ગયા. બોલતાં બોલતાં ગદ્‌ગદ પણ થયા. મારા સવાલના જવાબમાં એમણે વાર્તા કહી :

એક વખત મારાં બાળકોને ઉછેરવા મેં એક નર્સ રાખી હતી. રૂપાળી હતી, બોલવેચાલવે સારી હતી, હુશિયાર અને હોંશીલી હતી. મને લાગ્યું કે આ નર્સ બાળકોને સાચી રીતે ઉછેરશે. છએક મહિના પછી બાળકો સુકાવા માંડ્યાં. મને ચિંતા થવા માંડી કે દૂધમાખણ અને શાકફળ તો ઓછાં નથી પડતાં? પણ એવું તો હતું જ નહીં, કારણ ઘણી વખત અમે બાળકોને મોઢે દૂધ અથવા માખણ લાગેલું જોતાં. ઘણી વખત મોસંબીના કૂચા બાળકો ચાવતા હોય. એટલે વિશ્વાસ તો એવો બેઠો કે બાળકો ખાય-પીએ છે તો બરાબર. વળી ત્રણચાર માસ થયા. બાળકોની તબિયત વધારે લથડવા માંડી. આખરે એક દિવસ મારી મોટી

દીકરીએ આ પરિસ્થિતિનો ભેદ પકડ્યો. એણે કહ્યું કે બાળકો માટે લેવાતાં દૂધમાખણ અને ફળફળાદિ નર્સ એનાં પોતાનાં બાળકોને જ ખવડાવે છે અને આપણાં બાળકો એ વિના હિજરાય છે. પેલું મોઢે જે દૂધ અથવા માખણ દેખાય છે તે તો જાણીજોઈને આપણને ભુલાવામાં નાખવા માટેનો ઇલાજ માત્ર છે. એ નર્સ આવી ત્યારે એનાં બાળકો માંદલાં અને નબળાં હતાં. આઠદસ માસ પછી એ બાળકો તંદુરસ્ત થયાં હતાં, જ્યારે અમારાં તંદુરસ્ત બાળકો કસ વિનાનાં થઈ ગયાં હતાં. આખરે અમે એ નર્સને રજા આપી. એની અને અમારી જરૂર પૂરી થઈ હતી. વળી એક બીજી નર્સ રાખી. દેખાવે સામાન્ય પણ વર્તને ભલી અને કુશળ લાગતી હતી. એને બાળકો હતાં. અમે એની પેલી નર્સવાળી જ ઓરડી આપી. ત્રણચાર માસમાં જ મારાં બાળકો તબિયતે સુધરતા લાગ્યાં અને છ માસમાં તો હતાં એથીય વધારે તંદુરસ્ત થઈ ગયાં. બાળકો સ્વચ્છ પણ રહેવા લાગ્યાં. કોઈ દિવસ મોઢે દૂધ કે માખણ લાગેલું જોયું નહીં. સાતઆઠ મહિના પછી એ નર્સનું એક નાનું બાળક માંદું પડ્યું. સૌથી નાનું હતું એટલે અમે એ બાઈને એની ખબરઅંતર પૂછી. બહુ આગ્રહ કર્યો ત્યારે એણે સંકોચાઈને કહ્યું કે માલિકનાં બાળકોની સંભાળને કારણે પોતાનાં બાળકોની બરાબર દરકાર લઈ જ શકાતી નથી. મને બહુ લાગ્યું. અમારા ઘરની એક જૂની બાઈ એને ત્યાં કામકાજ કરવા સોંપી. એનાં બાળકો માટે પણ પૂરતી ખાવાપીવાની વ્યવસ્થા કરાવી. બેચાર મહિનામાં એનાં બાળકો સ્વસ્થ થયાં. એક નર્સે આવીને અમારાં બાળકોની તંદુરસ્તીને

ભોગે પોતાનાં બાળકો તંદુરસ્ત કર્યાં, અને આ બીજી નર્સે અમારાં બાળકોની સંભાળ માટે પોતાનાં બાળકોનો આરોગ્યનો ભોગ આપ્યો. પહેલી નર્સ જેવા અંગ્રેજો અને બીજી નર્સ જેવા હિંદી વચ્ચેનો ભેદ અમે અસંસ્કૃત અને અબૂજ હોવા છતાં સમજીએ છીએ.

આટલું બોલીને એમણે મારે માથે હાથ મૂક્યો અને બીજે હાથે પોતાની એક આંખમાં ઝૂકેલું આંસુ લૂછ્યું. કોઈનાંગે છોડતાં મેં એમની ચરણરજ લીધી. જીવન પ્રતિ મારી આસ્થા વધુ ઊંડી ઊતરી અને આશા વધારે ઉજ્જવળ બની.

# શી ખબર પડે?

"આર. એમ. એસ. કમ્પાલા" મોમ્બાસાના બંદરમાં આવીને લાંગરી ને થોડી વારમાં જ શહેરમાં વાત ફેલાઈ ગઈ કે આ વખતે દક્ષિણ આફ્રિકા અને પોર્ટુગીઝ, પૂર્વઆફ્રિકાનાં ઘણાં હિંદી ભાઈબહેનો સ્વદેશ જઈ રહ્યાં છે. અમે પણ એ જ સ્ટીમરમાં મુંબઈ માટે નીકળવાના હતા. એટલે ઘણો સંગાથ છે એ જાણીને અમને આનંદ થયો. 'કમ્પાલા'એ મોમ્બાસા છોડ્યું ત્યારે તો તૂતક ઉપર ઊભેલા માણસોથી એમ જ લાગ્યું કે આખી સ્ટીમર હિંદીઓથી જ ભરેલી છે. થોડાક અંગ્રેજો તો રાજપૂતાનામાં અજમેર જેવા, મોટા સરોવરમાં નાની ટેકરી જેવા લાગતા હતા. મોમ્બાસા દેખાયું ત્યાં સુધી ત્યાંથી ચઢેલા માણસોનાં હૈયાંમાં સળવળતો અજંપો શમ્યો નહોતો, એટલે એ લોકો હજી ભાવભર્યાં નયને શહેરના પળે પળે વધુ ને વધુ ઝાંખા થતા દીવા જોઈને જ આશ્વાસન લેતા હતા. થોડી વારમાં દીવા દેખાતા બંધ થયા. દીવાદાંડી પણ હવે વિસ્તરતા અંધકારમાં ભુલાતી સ્મૃતિની જેમ આછી થતી જતી હતી. એટલામાં એક મોટા મોજાએ

અંધકારની સહાયથી એને પોતાનામાં જાણે સમાવી દીધી. મોમ્બાબાને છોડતાં અમને પણ સ્વજન છોડવાની ગમગીની થઈ.

બીજે દિવસે સવારે વાતાવરણ વધારે ઉત્સાહભર્યું અને ઉત્સુક લાગ્યું. મળવા- હળવાની ઉત્કંઠા અને હવે સાત દિવસ આમ જ ગાળવાના છે એ હકીકત બન્નેએ નવી આશા અને ધરપત ઊભાં કર્યાં. મુસાફરોમાંથી કેટલાક ભાઈઓ તો લગભગ વીસબાવીસ વર્ષ પછી હિંદ આવતા હતા. સ્વદેશ વિષેની બહુ જ મનોર અને મીઠી કલ્પનાઓથી એમનાં મન ભર્યાં હતાં. એમણે હિંદ છોડ્યું ત્યારે તો દેશ અંગ્રેજોના હાથમાં ગુલામી ભોગવતો હતો. આજે પોતાનો દેશ સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવવાનો અધિકારી બન્યો હતો. ધીરે ધીરે ઓળખાણો વિસ્તરવા માંડી. નામઠામ, કામધંધો, રસ, ઉત્સાહ, ગમગીની એમ જુદાં જુદાં જીવનસ્વરૂપોનો સંપર્ક વધવા માંડ્યો. કેટલાક ભાઈઓ હિંદની વર્તમાન પરિસ્થિતિ વિષે સાવ અથવા થોડા અજ્ઞાન હતા. પણ એમની મમતામાં ક્યાંય ઓછપ નહોતી. ત્યારે વળી કેટલાક પાંચદસ વર્ષ પહેલાની હિંદની મુલાકાતને હજી હમણાંની જ મુલાકાત કહીને હિંદ વિષેના પોતાના જ્ઞાનને પ્રમાણિત રીતે આગળ ધરતા હા. કોઈ વળી ગયે વર્ષે હિંદ આવી ગયેલ અને પોતાના કાર્યમાં નિરાશ થયેલ વેપારી અતિશય કટુ રીતે નવી સરકાર અને નવી વ્યવસ્થાને ખંખેરતો હતો. આ સૌમાંથી મારી નજર એક વ્યક્તિ ઉપર ઠરી તે ઠરી જ ગઈ. એ ભાઈ દક્ષિણ આફ્રિકાથી લગભગ ચોવીસ વર્ષે સ્વદેશ આવતા હતા. ભણેલા તો અંગ્રેજી ત્રણચાર જ ચોપડી, પણ આપકર્મથી આગળ વધેલા હતા. ગાંધીજીના

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં જેલ જઈ આવેલા હતા. ટ્રાન્સવાલમાં એક જંગલની વસ્તીમાં સારો સ્ટોર ચલાવતા હતા. યુરોપિયનોના સંપર્કથી અંગ્રેજી ઠીક ઠીક બોલતા હતા. એમનાં કપડાં, એમની રીતભાત, છટા અને દેખાવ એ સર્વ ઉપરથી એમની પ્રભા અને પ્રતિભા સામા માણસ ઉપર પડવી જ જોઈએ એવો એમનો વિશ્વાસ હોવો જોઈએ એમ એમનું વર્તન બોલતું હતું. હિંદ આવવાની તૈયારી એમણે લગભગ વર્ષથી કરવા માંડી હતી. મારી દષ્ટિમાં એ વસ્યા એટલે એમનો પરિચય સ્વાભાવિક રીતે જ વધ્યો. એમની વાતચીત પરથી એમના અંતરમાં સૂતીજાગતી પડેલી કેટલીક આશાઅપેક્ષાનો પણ સમાગમ થયો. એમને એવી માહિતી હતી કે મેટ્રિક પણ નહીં ભણેલા પણ આઝાદીની લડતમાં જેલમાં જઈ આવેલા અને કોઈ નેતા અથવા પ્રધાનના સાળા, કાકા, ભાઈ, બનેવીનું સ્થાન અને માન ધરાવતા ઘણા માણસો કોંગ્રેસ સરકારમાં મોટામોટા હોદ્દાએ બિરાજે છે. આવામાંથી એક જણ તો એક યુનિયનમાં પ્રધાન છે, બીજો કોઈ પરદેશમાં રાજદૂત છે, ત્રીજો કોઈ મિનિસ્ટ્રીમાં સેક્રેટરી છે, ચોથો કોઈ કંટ્રોલનો ઉપરી છે. પાંચમો કોઈ પ્રાંતિક સમિતિનો પ્રમુખ છે, છઠ્ઠો કોઈ પાર્લમેન્ટરી સેક્રેટરી છે. આમ એમની ખબર વિગતવાર પણ હતી.

આગલી રાતે સ્ટીમરના કૅપ્ટને બોર્ડ ઉપર નોટિસ મૂકી કે કાલે બપોરે સ્ટીમર મુંબઈ પહોંચશે. બીજી સવારથી મુસાફરોમાં ઉત્સાહનો પાર નહોતો. ઘણે લાંબે સમયે સ્વદેશ આવનારા આદમીઓના અંતરમાં કુતૂહલ અને કૌતુક સમજાય એવાં સ્પષ્ટ

હતાં. પેલા સજ્જને ખાસ તૈયાર કરાવી સાથે રાખેલાં ખાદીનાં કપડાં ચઢાવી લીધાં. ટાઈ અને ટોપી પણ ખાદીનાં હતાં. આ પહેરવેશમાં એઓ એમની આકાંક્ષા જેવા વિચિત્ર લાગતા હતા. એટલામાં સામેથી હજી છ માસ ઉપર જ હિંદુસ્તાન આવી ગયેલો પૂર્વઆફ્રિકાનો એક વેપારી આવી પહોંચ્યો. ખાદીધારી સદ્‌ગૃહસ્થને જોતાં એમના મોઢામાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યો : "કેમ સાહેબ, તમે તો કંઈ એમ્બેસેડર બનવા ચાલ્યા ને?" ખાદીધારી સજ્જનનાં અંતરમાં પડેલી ગુપ્ત ભાવનાને આ પ્રશ્ન સ્પર્શ્યો, છતાં આશ્ચર્ય બતાવીને કહ્યું : "કેમ ભાઈ, ખાદી પહેરવી એ ગુનો છે?" પેલા ધંધાદારી વેપારીએ કહ્યું : "ગુનો નથી, પણ સ્વતંત્ર થયા પછી ખાદીના પહેરવેશ પાછળ હેતુ મુકાયો છે અને ખાદી પહેરનારા હેતુ સારનારા થઈ ગયા છે તેથી કે લોકો એમના પર એવો આરોપ મૂકે છે એથી, પણ ખાદી હવે શુદ્ધિ અને સ્વાર્થત્યાગનું પ્રતીક નથી, સ્વાર્થ અને ખટપટનું ચિહ્‌ન છે. તમે નકામા ગેરસમજ ઊભી કરશો અને એમાં તમે પોતે સપડાઈ જશો." – કહીને વેપારી તો હસતો હસતો ચાલ્યો ગયો. અમે કામે વળગ્યા. મુંબઈ આવ્યું ત્યારે પેલા ગૃહસ્થે ખાદીનો પહેરવેશ ઉતારીને પોતાનો અંગ્રેજી પોશાક પહેર્યો હતો. આની પાછળની કામનાની આપણને શી ખબર પડે?

# એને ક્યાં જવું હતું?

ચઢી આવેલી ઘનઘોર વાદળીઓ વરસતી નહોતી. વાતાવરણ સ્તબ્ધ હતું. પવન પડી ગયો હતો. સામે દૂર દૂર સુધી દેખાતાં લવંગિનાં વૃક્ષો સૂમસામ ઊભાં હતાં. ઝાંઝીબારના હવાઈમથકે અમે દારેસ્સલામથી આવતા વિમાનની વાટ જોતા હતા. એટલે બહારના વાતાવરણની અસરથી મારું તો અંતર ઉદાસ થઈ ગયું. માણસ અને કુદરત વચ્ચે કેવી મૂંગી આપલે હોય છે! પરંતુ મારી ઉદાસી ઝાઝી વાર ટકી નહીં. ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. વર્ષા વરસી એટલે એની સાથે રમતી પવનની લહેરો આવી. લહેરો લવંગિની સુગંધ વહી લાવી. પળ વાર પહેલાંના સૂનમૂન વાતાવરણમાં જિંદગી જાગી ઊઠી. વાદળીઓ વરસતી જાય ને ચાલતી થાય. એટલામાં સાગર ભણીથી ઘનશ્યામ વાદળીઓનું એક જૂથ આવ્યું. શી એની ગતિશીલતા! એમની ગતિમાં છંદ હતો. છંદમાં છટા હતી. સંપ કરીને આવી હતી. સંપથી વરસવા માંડ્યું. ઘનશ્યામ રંગ નિચોવાઈ રહ્યો. થોડી વારમાં વર્ષા ઓછી થઈ ગઈ.

વાતાવરણમાં કંઈક ઉજાસ આવ્યો. ઉપર દૃષ્ટિ કરી ત્યાં તો પેલું જૂથ વરસી રહી, હળવું થઈ, જેમ આવ્યું હતું તેમ ચાલ્યું ગયું. વરસાદ બંધ થઈ ગયો. લવંગિના વનમાંથી સુવાસને સાથે લઈ આવીને હવાએ વાતાવરણને મહેક મહેક કરી મૂક્યું. ઉદાસીને ઠેકાણે અપેક્ષાનો આનંદ ઊગ્યો. અંતર અને આંખો બન્નેએ અણસારા કરી દીધા.

અમે વાટ જોતા હતા તે વિમાન દેખાયું. વનના વનમાળી જેવું એ આત્મવિશ્વાસથી ધરતી પર ઊતર્યું. હવાઈમથકે આવ્યા ત્યારે ઉદાસ હતા. ઊડ્યા ત્યારે આનંદિત. એ આનંદમાં ને આનંદમાં દૃષ્ટિ પેલા અદૃશ્ય થતા લવંગિનાં લીલમલીલાં વૃક્ષોને બસ જોઈ રહી તે જોઈ જ રહી. ઝાંઝીબાર અને પેમ્બાના ટાપુઓની વચ્ચેથી માર્ગ કરીને વિમાન સામો કિનારો પકડવા ધસી રહ્યું હતું. મારા મનમાં રંગ હતો. અંતરમાં ઉમંગ હતો. અવસ્થા સપનાની હતી. પેલા વલંગિનું વન પીછો છોડતું નહોતું. મનનો મોરલો અસ્તિત્વની ધરતી ઉપર કલા કરી રહ્યો હતો. ત્યાં ધબ દઈને આંચકો આવ્યો. હવાના દબાણથી વિમાન ગભરાઈ ગયું. એણે દિશા બદલી. સરરરર દઈને વધુ ઊંચું ચઢ્યું. સ્વસ્થતા ધારણ કરી. પાછળ જોયું તો ઝાંઝીબાર ને પેમ્બાના ટાપુઓ ધ્યાનસ્થ યોગીની જેમ આસન વાળીને બેઠા હતા. દૃષ્ટિ પાછી વળીને કિનારે આવી ત્યાં તો એક અપૂર્વ કૌતુક જોયું. વરસતાં પહેલાં ડૂમા ભરાયલા ભારે હૈયા જેવી ઘનશ્યામ વાદળીઓ જોઈ હતી. વરસતી, વરસીને હળવી થતી, હળવી થઈને વીખરાતી વિમળ વાદળીઓ પણ જોયેલી. પણ આ તો કદી ન જોયેલું દૃશ્ય

જોયું! નિર્મળી, નિર્ભ્રાન્ત, નિર્મમ, નિસ્તેજ વાદળીઓ સાગરના નીલાભૂરા અગાધ જલરાશિ પર ઊતરે છે. પાણી પર પથરાઈ જાય છે. જાતને ઝબકોળે છે. ઊંડાં વારિમાં ડૂબકી મારે છે; અને શ્યામ રંગ ધારણ કરીને બહાર નીકળે છે. નવા જીવનની અપેક્ષાથી પોતાનું અંતર ભરીને ભારે હૈયે એ શ્યામા ગગનવિહારે નીકળે છે. રસ્તે સખીઓનો સાથ કરે છે. મનસૂબા કરે છે. અપેક્ષાથી ઓપતી, જીવનથી લચી પડતી લાવણ્યમયી એ ઘનશ્યામ અંતર્વત્નીઓનાં જૂથને જતું જોઈ, મારા અંતરે પુલકિત થઈને મને જ બાથ ભરી દીધી.

આ સૌન્દર્યમૂર્ચ્છા વળી ત્યારે વિમાન એકીશ્વાસે મોમ્બાસા ભણી ધસતું હતું. એક બાજુ હિંદી મહાસાગરનો અપાર જલરાશિ, બીજી બાજુ આફ્રિકા ખંડનો વિસ્તરેલો ધરતીનો પટ; અને ઉપર અનંત આકાશ! પ્રકૃતિનાં મહાસત્ત્વોનો કેવો નિરુપમ સંગમ! ત્રણેયની વિભૂતિ અલગ. છતાં ઐક્યની કેવી અદ્‌ભુત રમણા!

દૂરથી મોમ્બાસા દેખાયું. પૂર્વઆફ્રિકાનું એ પ્રથમ મુખદ્વાર. સાગરની સાંકડી ખાડી મોમ્બાસાને વંટિળાઈ વળી છે. એટલે ધરતીના અંદરના ભાગમાં જતી આગગાડીને પણ પુલ પર થઈને જવું પડે છે. વિમાનમાંથી મોમ્બાસા મધ્યમવર્ગના સુઘડ કુટુમ્બ જેવું રમણીય લાગ્યું. સ્ટીમરમાંથી જોયેલું ત્યારે પુરાતન નાના બંદર જેવું અનાકર્ષક લાગેલું. નિવાસ કરીને જોયું ત્યારે એનો અનુભવ સામાન્ય જન જેવો તેજહીન થયો.

પંદરેક દિવસ ત્યાં રહેવાનું થયું. એક રાતે એક મિત્રે એક

હોટલમાં ખાણાની મિજબાની આપી. આ કોલોનીમાં અંગ્રેજોના પ્રભાવને કારણે અને આરબ તથા આફ્રિકનોની ગુલામીને કારણે હિંદીઓ પણ ત્યાં પ્રવર્તતી સાહેબશાહી સંસ્કૃતિના ભક્તો બની ગયા છે. એટલે અમારી મિજબાનીમાં શરાબની રેલમછેલ હતી. જમણને અંતે અમે છૂટા પડ્યા ત્યારે મારા મિત્રની અવસ્થા નાજુક હતી. સૌના ગયા પછી એમણે પાછળથી થોડો વધુ શરાબ લીધો. મારી વિનંતી અને સલાહ બન્ને એમણે ન માન્યાં. લગભગ મધરાતે અમે બન્ને જણ એમની મોટરમાં નીકળ્યા. હાંકનાર હતો નહીં. એઓ પોતે જ હાંકતા હતા. મોટરમાં બેસીને એમણે કહ્યું : "મારે મારી એક આરબ છોકરીને ત્યાં જવું છે. આમ તો એ બજારમાં બેસે છે. પણ મારી જૂની ઓળખાણ છે. અત્યારે એ જરૂર બારણું ઉઘાડશે!"

બહુ જ આગ્રહથી મેં એમને વાર્યા. કહ્યું કે આપણે સીધા ઘેર જ જઈએ. પણ એ તો એકના બે ન થયા. મારી મૂંઝવણનો પાર નહીં. એમને મૂકીને ચાલ્યા જવું? હું અજાણ્યો! અને આવી હાલતમાં મિત્રને એકલા પણ કેમ મુકાય! ત્યાં તો મોટર ચાલી. મોટર જે રીતે ચાલતી હતી તે રીતે મને બીક લાગી કે કોઈ ઠેકાણે એ અથડાય કે ઊંધી ન વળે તો સારું.

પણ મારા આશ્ચર્ય વચ્ચે મોટર આવીને મિત્રને ઘેર જ ઊભી રહી. પોતાનું ઘર જોઈને એમને પોતાને પણ નવાઈનો આંચકો લાગ્યો! એમને તો પેલી આરબ બાઈને ઘેર જવું હતું. મોટર લીધી પાછી. પાછા આવ્યા હોટલે. હોટલ જોઈને પાછું તેમને અચરજ થયું કે આ તો હોટલ છે. ત્યાંથી મોટર પાછી હંકારી. પેલી બાઈને

ઘેર જવું'તું ને! મોટર સડસડાટ ચાલી. મારો જીવ અધ્ધર હતો. આજે અવશ્ય કોઈ અકસ્માત થવાનો. થોડી વારે મોટર આવીને પાછી મિત્રને ઘેર જ ઊભી રહી. જોયું તો એ પોતાનું જ ઘર. હું પણ આભો બની ગયો. પણ મને થયું કે એમને સદ્‌બુદ્ધિ સૂઝી હશે. ઘેર સલામત પહોંચી ગયા. હું ઊતરવા જાઉં ત્યાં તો ગુસ્સો કરીને એમણે મોટર પાછી વાળી. ભયંકર ગતિથી અમે પાછા હોટલ પર આવી ઊભા. મિત્રના ગુસ્સાનો પાર નહોતો. શરાબનો નશો હજી ઉત્કટ હતો. છતાં મેં આજીજી કરી. આપણે ઘેર જઈએ. તમારી તબિયત સારી નથી. આપણે ભયમાં છીએ. આપણું બૂરું થશે. પણ કોણ માને! મોટર તરત જ ચાલી. મિત્રે કહ્યું કે મરી જઈશ પણ જઈશ તો એને ત્યાં જ. અને મોટરની ગતિ વધી. મહા મુશ્કેલીએ અકસ્માતોથી બચતા આવીને પાછા ઊભા મિત્રને ઘેર! હવે મારી ધીરજ ખૂટી. હું ઊતરી જ પડ્યો. બળ કરીને એમને ઉતાર્યા. મોટરને આંગણામાં મૂકી દીધી. ઘર ઉઘડાવીને એમને સોંપ્યાં એમની પત્નીને. મારા ઓરડામાં જઈને હું સૂઈ ગયો.

સવારે મિત્રપત્નીએ કહ્યું ત્યારે જાણ્યું કે જેટલી વખત મોટર આવીને ઊભી તેટલી વખત જાગીને એ બારણું ઉઘાડવા આવેલાં. બારણું ઉઘાડીને જુએ ત્યાં મોટર રવાના! મેં એમને સાંત્વના આપી. પણ બાઈનું મન માન્યું નહીં.

ચિત્ત તો મારુંય ચકડોળે ચઢ્યું હતું. માણસ શરાબમાં તરબતર. જવું વેશ્યાને ત્યાં. જાય પોતાને ઘેર. કરવું કંઈ. થાય કંઈ. આ પરવશતા કેમ? આ લાઇલાજી શાની?

અંતરને એક વાતની ગમ પડતી હતી. શ્રદ્ધાના દીવાનું અજવાળું સતેજ થતું હતું. માણસ બુનિયાદે સાચો છે. બુદ્ધિ એને ખરાબ કરે છે. કામનાઓ એને જકડે છે. સ્વાર્થ એને અંધ બનાવે છે. પરમ અંશ પામર બની જાય છે. માનવી છે સાચો. ખોટો બને છે.

# હાજી વઝીરમહંમદ

યુરોપથી પાછા આવ્યાને પૂરો મહિનો પણ નહીં થયો હોય. હું મહારાજાસાહેબની સાથે પતિયાળા ગયો હતો. અમે અંબાલાથી સવારે ફ્રન્ટિયર મેલમાં દિલ્હી આવ્યા હતા. ઈ. સ. 1938ની એ સાલ હતી અને મહિનો હતો નવેમ્બરનો. એટલે ટાઢ પડવી શરૂ થઈ હતી. અમે પતિયાળાથી રાતે જમીને મોડેથી મોટરમાં નીકળ્યા હતા અને વહેલી સવારે અંબાલાથી મેલ પકડવો હતો. પતિયાળાના મહારાજાસાહેબની શાહી મહેમાનગતિની સુગંધ સ્મરણોને પણ રસી રહી હતી. એ મસ્તીના રંગમાં અમે અંબાલા છોડ્યું. સહરાનપુર આવતાં આવતાં હું ઊંઘી ગયો. પહેલા વર્ગના મોટા ડબ્બામાં અમે બે જ જણ હતા. હું અને એ. ડી. સી. ભગવંતસિંહ. અકસ્માત ડબ્બાનું બારણું ઠોકવાના અવાજે હું જાગી ગયો. મને થયું મહારાજાનો અંતેવાસી બોલાવવા અથવા કંઈક જરૂરી વાત કહેવા આવ્યો હશે. બારણું ઉઘાડું ત્યાં તો એક મુસલમાન ડોસો એક પેટીને બગલમાં બરાબર દબાવીને અંદર આવી ગયો. હું કંઈક પણ પૂછું તે પહેલાં તો ગાડી ચાલી.

સ્ટેશન સહરાનપુરનું હતું. ડોસાના ડબ્બામાં આવતાંની સાથે જ આખા ડબ્બાના વાતાવરણમાં સુગંધ સુગંધ થઈ રહી. મેં પૂછ્યું: ‘મિયાં, અત્તર બેચતે હો?’ જવાબમાં ‘હુક્મ’ કહીને એણે સલામ કરી. આ ‘હુક્મ’ની તમીજ ઉપરથી મેં પૂછ્યું: ‘રાજપૂતાને મેં કહાં બસતે હો?’ મિયાંના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે કહ્યું: ‘સરકાર, આપને કૈસે સમઝ લિયા કી મેં રાજપૂતાનેકા બાશિંદા હું?’ મેં હસીને કહ્યું: “આપને જો ‘હુકુમ’ ફરમાયા.” ડોસો ખુશ ખુશ થઈ ગયો. મારી ઊંઘ પણ ઊડી ગઈ. એણે પેટી ઉઘાડી અને સુવાસની સઘનતાને વ્યાપક થઈ ગઈ. સવારની ગુલાબી ઠંડી હતી. વાતાવરણની માદકતાએ ભગવંતસિંહને પણ જાગ્રત કરી દીધો. અત્તરવાળાએ અમને એક પછી એક અત્તરના નમૂના દેખાડવા માંડ્યા. સવારમાં છ વાગે મેરઠ આવ્યું ત્યાં સુધીમાં એણે માત્ર અડધી પેટી જ બતાવી હતી. કારણ કે દરેક અત્તરની પાછળ એકાદ વાર્તા એ કહેતો હતો. એની બનાવટ વિશે, એની બુનિયાદી વિશે અને એની વપરાશ માટે એ જુદી જુદી કહાણી રસપૂર્વક અને અદાથી કહેતો જતો હતો. મોતિયાના અત્તરથી નવલગઢની મહારાણી કેવી મસ્ત થઈ ગઈ હતી, હિનાના અત્તરની દીનાપુરના નવાબની બેગમના પોતાના ખાવિંદ સાથેના અબોલા કેવી સિફતથી છૂટી ગયા હતા અને માટીના અત્તરથી શિવપુરના યુવરાજે મેઘનગરની રાજકુમારીને કેવી વિહ્વળ બનાવી હતી એ સર્વ વાતો જાણે સાચી ન બની હોય એવી આસ્થા અને અદાથી એ બુઢ્ઢો કહ્યો જતો હતો. દિલ્હી સુધીમાં તો એણે અમને અવનવાં અત્તરો અને અભિનવ વાર્તાઓથી ભરી

દીધાં. આ જઈફ મુસલમાને પોતાનું નામ કહ્યું વઝીરમહંમદ. આગ્રાના જૂના ખાનદાનનો એ વંશજ હતો. એના પૂર્વજો મોગલ બાદશાહોના અત્તર બનાવનારા હતા. એટલે આ જ્ઞાનવિજ્ઞાન એના કુટુંબમાં પેઢી દરપેઢીથી ઊતરી આવ્યું હતું અને પોતે રાજામહારાજા અને નવાબ તથા જાગીરદારોમાં અત્તર વેચીને એક ઘણા મોટા કુટુંબનું ગુજરાન ચલાવતો હતો. આ વૃદ્ધ મુસલમાન મને ગયા જમાનાના અવશેષ જેવો રંગદર્શી લાગ્યો. એની રીતભાતમાં એટલી જ તમીજ હતી, એની બાનીમાં એટલી ખાનદાની હતી, એની આંખોમાં એટલી મુરવ્વત હતી અને એના દિલમાં એટલી દિલાવરી ડોકિયાં કરતી હતી કે એ માણસ આદમિયતભર્યો એક ખજાનો લાગતો હતો. દિલ્હી આવતાં પહેલાં ગાઝિયાબાદમાં મેં મારા દરબારને વાત કરીને વઝીરમહંમદ પાસેથી બસો રૂપિયાનું અત્તર ખરીદ્યું. ડોસો ખુશ થયો અને એની અહેસાનમંદી પ્રકટ કરવા એણે મોગરાના અત્તરની એક ખૂબસૂરત બાટલી મને ભેટ કરી. દિલ્હીના સ્ટેશને એ ઊતરી ગયો. અમે અલાહાબાદ તરફ જવાના હતા. એ ભેટ આપેલી બાટલીની અંદર માત્ર મોગરાનું અત્તર નહોતું. એમાં વઝીરમહંમદના આત્માની સુગંધ પુરાયેલી હતી. કોણ જાણે કેમ ત્યાર પછી મારા દિલમાં એવી જ વાત ઘર કરીને બેઠી કે જ્યારે જીવનમાં કોઈ વખતે ખુશી અને ખુશનસીબી મહેકે ત્યારે એ મહેકને બહેકાવવા આ મોગરાનું અત્તર હું વાપરતો. આજે આ અત્તરને મળ્યે લગભગ દસ વરસ વીતી ગયાં છે અને આ

નાનીશી નાઝનીન શીશી પાછળ મેં વઝીરમહંમદની સ્મૃતિની અને મારી સુભાગી સંવેદનાની એક મસ્ત તવારીખ ગૂંથી છે.

## દસ વર્ષ પછી

આ દસ વરસમાં જાણે જમાનાની સૂરત ફરી ગઈ છે. એની થોડીઘણી અસર મારા ઉપર પણ થઈ છે. હજી હમણાં જ હું અમેરિકાથી પાછો આવ્યો છું. મારી આંખો, મારી રીતભાત, મારી બાની – એ સર્વમાંથી જાણે કંઈક ચાલ્યું ગયું છે. મારું શહેર છોડીને હું મુંબઈ આવ્યો છું. આ શહેર તો સાવ બદલાઈ ગયું છે. ગઈ લડાઈને કારણે આખી દુનિયામાં માનવતાનું જે પતન થયું છે તેની અસર આ દેશમાં ઘણી વધારે વરતાય છે. લક્ષ્મી અને સંસ્કારિતા બંને જેની પાસે નહોતાં એવો વર્ગ આ લડાઈમાં આવેલા નૈતિક અધઃપતનને કારણે ઉપર ઊપસી આવ્યો છે અને એ વર્ગના માણસોએ આજે સમાજનું સ્વરૂપ એવું તો કદરૂપું કરવા માંડ્યું છે કે હવે માત્ર એમાં દુર્ગંધ ઉમેરવાની બાકી રહી છે. માણસાઈનું ખૂન કરનારાં બધાં જ જીવનતત્ત્વોને આ વર્ગની બાંહેધરી છે. એટલે દસ વરસ પહેલાં અકસ્માત્ અને સ્વાભાવિક રીતે પ્રગટ થતી ખુશી આજે વિરલ બની ગઈ છે. સવરાથી ઊઠીને રાતના સૂતાં સુધી એક વાર કુદરતી રીતે હસવાનું મુશ્કેલ થઈ પડ્યું છે. આવી કમનસીબ પરિસ્થિતિમાં એક સવારે એક પ્રેમાળ પત્ર આવ્યો. એણે મારો રંજ હઠાવી દીધો, મારી ગમગીની ઉડાવી દીધી અને દિલમાં ખુશીની ભૂરકી નાખી દીધી. ઘણા દિવસો પછી અંતરેવલ પાંગરતી લાગી. આ સંવેદનને

સુગંધિત બનાવવાની ઇચ્છાથી પેલા વઝીરમહંમદનું આપેલું મોગરાનું અત્તર આજે મેં લગાવ્યું. એમ લાગ્યું કે આજે આ સ્વાર્થની ભૂમિ ઉપર બડભાગી દિવસ ઊગ્યો છે. અંતર અને અંતરાત્મા બંને જો પ્રસન્ન હોય છે તો બધું જ પલટાયેલું લાગે છે. સમુદ્રના તરંગો પણ મસ્ત લાગે છે, આકાશ મનોહર દેખાય છે, દિલાવરી ઊગે છે અને તે દિવસે આપણી પાસે સર્વ કોઈ કંઈ ને કંઈ ખુશી પામે છે. આપણે ખુશ હોઈએ છીએ ને?

સાંજે હું કામકાજથી પરવારીને તારદેવથી સી. બસમાં મરીનડ્રાઈવ જતો હતો. સવારની ખુશી હજી ચાલતી હતી. ગમનો કોઈ બનાવ બન્યો નહોતો. હોઠ પર હજી હાસ્ય ટક્યું હતું. બસ ચોપાટી પહોંચી ને ત્યાંથી જે માણસો ચઢ્યાં તેમાં એક ડોસો પણ ચઢ્યો. પળવારમાં આખી બસમાં સુગંધ સુગંધ થઈ રહી. બધા ઉતારુઓએ પેલા ડોસા તરફ જોવા માંડ્યું. અકસ્માત પેલો ડોસો પોતાની પેટી જે લોહી જેવા ઘેરા લાલ કપડામાં લપેટી હતી તેને ખોળામાં લઈને મારી બાજુમાં બેઠો. સુગંધ પાસે આવી ગઈ. મેં પૂછ્યું: ‘અત્તર બેચતે હો?’ ‘જી હુકમ’ ડોસાએ જવાબ વાળ્યો. એનો દેખાવ, એનો અવાજ અને એની આંખો એ સર્વેએ મને દસ વરસ પાછો ખેંચ્યો. મારી સહાનુભૂતિ જોઈને એણે એક કાપલી ઉપર લખેલું સરનામું મને દેખાડ્યું. હું જે મકાનમાં રહેતો હતો તેની ઉપર ચોથે માળે રહેનાર એક શેઠિયાનું નામ લખ્યું હતું. મેં એને કહ્યું: ‘આપ મેરે સાથ હી ઊતર જાના, મકાન મૈં દીખા દૂંગા!’ ડોસો ખુશ થયો અને ‘મહેરબાની’નો શબ્દ એના મોઢામાંથી સ્વાભાવિક રીતે જ નીકળી પડ્યો. મેં નામ પૂછ્યું.

જવાબમાં એણે કહ્યું: 'હાજી વઝીરમહંમદ.' મારી ખુશીનો પાર નહોતો. પણ બસમાં એનું પ્રગટીકરણ કરવાનું શક્ય નહોતું. મરીનડ્રાઈવના એક મથકે અમે ઊતરી ગયા. ડોસાને મેં સંભાળીને ઉતારી લીધો. પછી મેં સહરાનપુરના સ્ટેશનની અને દિલ્હીના સ્ટેશને બસો રૂપિયાનું અત્તર ખરીદવાની વાત કહી. ડોસો તો પેટી નીચે મૂકીને મને ભેટી પડ્યો. સવારે અંતર પ્રસન્નતાથી ભરી દે એવો પત્ર આવ્યો હતો. સ્મૃતિની સુવાસથી મહેકતું મોગરાનું અત્તર લગાવ્યું હતું અને સાંજે વઝીરમહંમદ મળ્યો હતો – જિંદગીના ઓરસિયા ઉપર અનુભવની શિલાથી પિસાઈ પિસાઈને મેંદીમાંથી બનેલા હિના જેવો સુગંધિત અને સ્વરૂપવાન. હું એને મારે ઘેર લઈ ગયો. બહુ જ આગ્રહ કરીને મેં એ જેઈફને જમાડ્યો. ભોજન પછી વીજળીના નીલા રંગના અજવાળામાં પોતાની પ્રિયતમા સમી પેટી ઉઘાડીને મને અને મારા મિત્રોને જુદાં જુદાં અત્તરોનો અનુભવ કરાવવા લાગ્યો અને એની સાથે એની અદા અને અભિનવ તમીજવાળી કહાણીનો વણાટ ભળ્યો. રાતે દશ વાગ્યા. હું પારકે ઘેર રહેતો હતો. મેં વઝીરમહંમદને કહ્યું: 'રાત હો રહી હૈ. શેઠ તો સો ગયે હોંગે.' એણે જવાબ આપ્યો: 'અજી શેઠ બેટ ઠીક હૈ. આજ આદમિયત હૈ કહાં? બમ્બઈ મેં આકર તબિયત બીગડ ગઈ હૈ લોગોં કો દેખકર! અચ્છા હુઆ આપ મિલ ગયે, મેરા બમ્બઈ આના બન ગયા.' મેં કહ્યું: 'વજીરમહંમદ, હજ કરને કબ ગયે થે?' એણે આશ્ચર્યથી પૂછ્યું: 'આપકો કૈસે પતા લગા?' મેં કહ્યું: 'બસ મેં આપને અપના નામ જો બતાયા હાજી વઝીર મહંમદ!' ડોસો હસી

પડ્યો. એની આંખો પણ હસી પડી. એના હોઠ હાસ્યથી લળી પડ્યા. એણે કહ્યું: 'હાં હજૂર, હજ નસીબમેં થી, કર આયા તીન સાલ પહિલે. અબ ક્યામત કે દિન કે લિયે તૈયાર હું.' અને એણે પોતાની પેટી સંભાળીને બાંધવા માંડી. મારા મિત્રોએ થોડું અત્તર ખરીદ્યું હતું. મેં મારી જૂની શીશી એને દેખાડી. ડોસો ખુશખુશ થઈ ગયો. બહુ જ આગ્રહ અને દિલાવરીથી એણે મારી અધૂરી શીશી મોગરાના નવા અત્તરથી ભરી લીધી. હું એને બસ સુધી મૂકવા ગયો.

મારા હાથથી એનો હાથ દબાવી દીધો. બસ ચાલી. એની આંખો બોલતી હતી. બસ અદૃશ્ય થઈ ત્યાં સુધી હું ઊભો રહ્યો. મારા અંતરે હું સાંભળું એમ ઉચ્ચાર કર્યો – હાજી વઝીરમહંમદ.

# "ગુલાબી બુલબુલ"

કેટલીક વાર અકસ્માત પણ ખરા બને છે! ધાર્યું હોય તેવું ના બને. અણધાર્યું બની જાય. એક વિલક્ષણતાના રહસ્ય વિશે બસ આવું જ બન્યું. મુંબઈમાં મરીનડ્રાઇવ પર બોમ્બે ક્લબના બસ-સ્ટોપ ઉપરથી મારે રોજ સવારે નવ વાગે 'સી' રૂટમાં બેસીને ફોર્ટમાં જવાનું. બની શકે તો નવ અને પાંચ મિનિટે આવતી બસ પકડવાની હોય અને સાંજે સાત વાગે એની સામેના સ્ટૅન્ડ ઉપરથી લગભગ રોજ ચોપાટી ભણી જતો હોઉં. અનેક વખત એક વિચિત્ર માણસનો ભેટો થાય. ક્યારેક સાથ થાય અને કોઈ વાર હું બસમાં બેસું અને એ રહી જાય. કોઈ વાર વળી એ દોડીને બેસી જાય અને હું રહી જાઉં. આંખોની ઓળખાણ વધવા માંડી. ક્યારેક મૂંગી વાત પણ થઈ જાય. બસમાં એક જ વાત ઉપર અમે બન્ને જણા સાથે બસી પડીએ કે આશ્ચર્ય પામીએ. એ સથવારો પણ કંઈક કામયાબ થતો જાય. બસના સ્ટૅન્ડ ઉપરથી અમે બન્ને એકીટસે સમુદ્રને નીરખી રહીએ એ સામ્ય પણ છતું થતું ગયું. આટલો બધો મેળ હોવા છતાંય વાતચીતનો પ્રસંગ બને જ નહીં.

એ માણસ પણ પછી મને વિચિત્ર નહીં પણ વિલક્ષણ લાગ્યા કરે. ચમકતા અને વિવિધ રંગોના રોજ નવા બુશ-કોટ પહેરે. બુશ-કોટથી તદ્દન વિસંવાદી રંગનું પાટલૂન પહેરે. અના વાળ લાંબા, લટકતા અને ગૂંચળાવાળા. દાઢીમૂછની રોજ સફાઈદાર હજામત. ગોરા વાન ઉપર હજામતની લીલી છાયા ભારે દીસે. ચાળીસની પેલે પાર પહોંચેલી ઉમ્મર ચહેરાની સ્થિરતા ઉપરથી સ્પષ્ટ સમજાય. પણ આંખો તેજસ્વી અને મર્મભરી. કંઠ મીઠો ગુંજ્યા કરે. ચપટીઓના તાલ સૂરને સંભાળે. ક્યારેક આરોહ-અવરોહની સાથે હાથ ઊંચોનીચો થઈને સમ ઉપર સ્થિર થાય. કોણ છે આ વિલક્ષણ આદમી? એને વિષે જિજ્ઞાસા જાગી. પણ પુછાય કેમ? કોને પૂછું? આ તો મુંબઈ. લોકો કેળવાયલા. રીતરસમના જાણકાર. પોતાના પાડોશી વિશે પણ અજ્ઞાન અને બેપરવા. કોઈની કોઈને જ પડેલી નહીં. દરેક પોતાનામાં જ મસ્ત. એમાં બીજાને વિષે જિજ્ઞાસા સેવનાર હું જરા ગામડિયો લાગ્યો. મારી આ લાગણીનો મેં જ લાભ લીધો. નિશ્ચય કર્યો કે બીજે દિવસે જો એ બસસ્ટૅન્ડ ઉપર મળશે તો હંમિત કરીને વાતચીત કરીશ.

બીજે દિવસે હું સમયસર બસ માટે પહોંચ્યો. એ પણ હાજર. ત્રીજી એક પંજાબી વૃદ્ધ સ્ત્રી પણ રાહ જોતી ઊભેલી. બસ આવી. માત્ર એક જ જણની જગ્યા. હું પહેલો ઊભેલો, એ બીજા; અને પેલી બાઈ ત્રીજી. અમે બન્નેએ પળવારમાં સાથે જ નિર્ણય કર્યો. બાઈને બેસવા દીધી. બસ ચાલી ગઈ. આ વખતે અમે પહેલી વાર બોલ્યા. આ રહસ્યમૂર્તિ તે બૅરિસ્ટર ઝાબવાળા.

મુંબઈની સી.આઈ.ડી.ના કાયદાના સલાહકાર, ફોજદારી કાયદાના કેટલાક પ્રામાણિક ગ્રંથોના કર્તા, શાસ્ત્રીય સંગીતના અભ્યાસક અને આશક, સરસ ગવૈયા, ફક્કડ નર્મવિદ અને સહૃદય માનવતાના ઉપાસક.

એક વખત સમીસાંજે મરીનડ્રાઇવના અમારા બસ-સ્ટૅન્ડ ઉપર અમે ચોપાટી જવા માટે ઊભા હતા. એ વખતે સ્વ. ભાતખંડેની સંવત્સરી નિમિત્તે ભારતીય વિદ્યાભવનમાં સંગીતના સમારંભો રોજ ચાલતા હતા. ઝાબવાળાએ ગુલાબી બુશ-કોટ અને વાસંતી પાટલૂન પહેરેલાં. મારી સાથે વાત કરતા જાય, માલકોશના સૂરનો આછો ફુવારો ઊડાવતા જાય, સાગરના તરંગોની મજા લૂંટતા જાય, ઊભરાતા માનવસમુદાયમાંથી કોઈકને વીણી કાઢી એને વિશે સરસ અને દંશરહિત નર્મ કરતા જાય. એટલામાં એક કોઈ જુવાનની મોટર નીકળી. અમારી પાસે ઊભી રાખી. ઓળખાણ વિના જ એણે અમને સાથ આપ્યો. ઝાબવાળાએ એ મોટરના માલિકને બેચાર હાસ્યની છોળોનું ઇનામ આપ્યું.

રાતે હું અને મારા મિત્ર બાલુભાઈ ભારતીય વિદ્યાભવનની મિજલસમાં ગયા. જોઈએ તો ઝાબવાળાનો કંઠ માલકોશ રાગને લડાવી રહ્યો છે. બજવૈયાઓનો સાથ છે, શાંત મેદની છે, સાથે ઘણા ગવૈયાઓ અને કલાકારો બેઠા છે. ગુંજતા બુલબુલને ગાતું જોઈને ખૂબ આનંદ આવ્યો.

એક દિવસે સવારે નવ વાગે નિયમ પ્રમાણે બસ માટે ઊભો હતો. મરીનડ્રાઇવ પરની બોમ્બે ક્લબની સામેના 'ચેટુ મરીન'ના

આંગણામાં આઠ-દસ છોકરાઓ ગિલ્લીદંડા રમતા હતા. સૌની સાથે જોયું તો ઝાબવાળા પણ રમવામાં મસ્ત. એમની મસ્તી જોવામાં હું એક બસ ચૂકી ગયો. એ બિલ્ડંગિને ચોથે માળે એમનું ઘર. આખું મકાન એમને ઓળખે, એટલો વિસ્તાર લગભગ એમને પિછાને. એમાં એ વિભાગનાં બાળકો તો એમના ખાસ આશકો. ગિલ્લીદંડાની રમત ચાલતી હતી. ત્યાં નીચે જ રહેતી સિનેમાનટી નરગીસ પોતાના સ્ટુડિયોમાંથી આવી પહોંચી. એ બાઈને દૂરથી જોવા પાંચપચીસ માણસો હમેશાં એ ઘર આગળ ઊભા જ હોય. એ ઊભેલા માણસો ઝાબવાળાની રમતમાં એટલા રત હતા કે નરગીસ આવીને ઘરમાં ચાલી ગઈ. કોઈને ખબર પણ ના પડી. પણ એ હસીને બોલતી ગઈ : “ક્યા ગુલાબી આદમી હૈ!”

# ગાંધીજીના પુણ્યપ્રતાપે

ઈ. સ. 1947નો પંદરમી ઑગસ્ટનો દિવસ ચાલ્યો ગયો છે. હિંદુસ્તાનના ભાગલાની ગમગીની દિલમાં સમાવીને લાલા ફિરોઝચંદ ઊભો છે. પશ્ચિમ પંજાબના મોંટગોમેરી જિલ્લામાં આવેલા હડપ્પાના અવશેષના એ ચોકીદારે પોતાની સગી આંખે પોતાની માલમિલકતની લૂંટ, પોતાની સ્ત્રીના શીલનો વધ અને પોતાના નિર્દોષ બાળકોની કતલ જોઈ છે. એના જિગરમાં ભાગલાને પરિણામે ખડકાયેલાં મુડદાના ઢગલા ઉપર ઊગેલા આઝાદીના આનંદની કશી જ અસર નથી. એક દિવસ અકસ્માત્ પાકિસ્તાન સરકારના પ્રતિનિધિએ આવીને એમની પાસેથી એ અવશેષો ઉપરની હિંદુસ્તાનની માલિકી આંચકી લીધી. અને ફિરોઝચંદ પોતાની ગમગીનીના અવશેષ જેવો એક વળાવિયાની સાથે હિઝરતના લાખો માનવીઓની વણઝારનો અંશ બનીને દિલ્હી આવી પહોંચ્યો. એણે આવીને પોતાની આ અનાથતાની દિલ્હીના મધ્યસ્થ આર્કિયોલૉજિકલ ખાતામાં જાણ કરી અને પોતાની આપવીતી પણ અચકાતે અચકાતે એક પણ

આંસુ પાડ્યા વિના કહી. ખાતાએ એની નોંધ લીધી પણ ન તો નોકરી આપી કે ન તો ખાવાનું આપ્યું. ફિરોઝચંદે બીજા હિઝરતીઓની જેમ મહેનતમજૂરી કરીને પોતાનું ગુજરાન કરવા માંડ્યું.

લંડન ગયેલું ભારતનું કલાપ્રદર્શન દિલ્હીના સરકારી મહેલમાં ખુલ્લું મુકાવાનું છે એ વાત જાણીને ફિરોઝચંદના દિલમાં કલાના અવશેષ સાથેની મહોબત સળવળી. એણે ફરીથી આર્કિયોલૉજિકલ ખાતામાં જઈને પોતાનાં ભૂતકાળનાં અનુભવ અને સેવાને આધારે કામની માગણી કરી. જાણે દાનનો એક ટુકડો ફેંકતા હોય તેમ એ ખાતાના એક ઉપરીએ એને એ કલાપ્રદર્શનનો તાત્કાલિક ચોકીદાર નીમી રૂ.60નો માસિક પગાર કરી આપી પોતાના કર્તવ્યપાલનનો સંતોષ અનુભવ્યો.

ઈ. સ. 1948ના ડિસેમ્બરનું બીજું અઠવાડિયું હતું. હું મારા એક કલાકાર અને એન્જિનિયર એમ બે મિત્રો સાથે પ્રદર્શન જોવા ગયો હતો. મુખ્ય દ્વાર ઉપર એક ચોકીદાર ઊભો હતો. જાણે સરકારી મહેલમાં ગોઠવાયેલા આ પ્રદર્શનનો પોતે જ સંરક્ષક છે. એવું એના ચહેરા ઉપર ઉત્તરદાયિત્વ હતું અને આત્મશ્રદ્ધા પણ હતી. એ માણસની આંખો અસાધારણ હતી. પણ એમાં રંજની ગમખ્વારી હતી કે રોષની ચિનગારી એ કહેવું મુશ્કેલ હતું. જે હોય તે, પણ એ આદમીએ આકર્ષણ કર્યું. પ્રદર્શનમાં ઘણું જોયું પણ આ ચોકીદાર જોયો અને મનમાં કોરાઈ ગયો.

ફેબ્રુઆરીમાં પાછું જ્યારે દિલ્હી જવાનું થયું ત્યારે પહેલી તકે જ પ્રદર્શન જોવા ગયો. મુખ્ય દ્વાર ઉપર એ જ ચોકીદારને

જોઈ આનંદ થયો. અજાણ્યો હતો છતાં એ માણસ ઓળખીતો લાગ્યો. અંતરમાં એને વિષે સમભાવ તો એને પ્રથમ જોયો હતો ત્યારે જ જન્મ્યો હતો. એ સમભાવના છોડ ઉપર હેતુનું કુસુમ બેઠું. પ્રદર્શન જોઈને પાછો આવ્યો ત્યારે આ ચોકીદાર સાથે વાત કરવાની ઇચ્છા મારાથી રોકાઈ નહીં.

મેં વાત શરૂ કરી: ‘લાલા, યહ યક્ષણીકી મૂર્તિ હમે બહુત પસંદ આઈ.’

‘ક્યા કહેં ભૈયા, હમ તો જિતની દફે ઉસે દેખતે હૈ, નઈ દિખાઈ દેતી હૈ.’ લાલાનું વાક્ય સાંભળ્યું ત્યારે એ ચોકીદાર કરતાં કવિ જેવો લાગ્યો.

મેં કહ્યું: ‘ભાઈ, મુઝે ઐસા લગતા હૈ, કિ કોઈ અદ્‌ભુત સ્ત્રી અપને પુરુષકી રાહ દેખતી કઈ સમય સે ખડી હૈ. પરંતુ વહ પુરુષ આયા નહીં. શાયદ આયગા ભી નહીં.’

‘કહાં સે આય? હો તબ આય ન?’ લાલાની આંખોમાં હવે રોષ અને રંજ બંને સ્પષ્ટ થયાં. મેં વાત બદલી: ‘લાલા, આપ કહાં કે હો?’

‘બાશીન્દે તો પંજાબ કે હૈ, લેકીન બસતે હૈં દેહલીમેં.’ લાલાને આગળ કહેવું હતું પણ જાણી જોઈને બોલ્યા નહીં.

એટલે મેં એની લાગણીને સ્પર્શ કર્યો: ‘લાલા, બાલબચ્ચેં કિતને હૈ?’

‘એક જમાને મેં થે. અબ નહીં હૈ. અકેલા હું.’ લાલાએ જાણે પોતાની આંખ આગળ ઊપસી આવતી ગઈ કાલને જોરથી ધક્કો માર્યો અને બંને હાથ મસળીને એની સ્મૃતિને પણ ખંખેરી નાંખી.

'માફ કરના ભાઈ, અગર આપ કો કુછ દુ:ખ હુઆ હો તો,' મેં સહૃદયતાથી ક્ષમા માગી.

એટલામાં અમેરિકન એમ્બેસીની એક શાનદાર મોટર આવીને ઊભી રહી અને એમાંથી અધિકારી જેવા દેખાતા ચાર માણસો ઊતરીને ચપળતાથી પગથિયાં ચઢી આવ્યા. ચોકીદારે ટિકિટ માંગી. ટિકિટ કોઈની પાસે નહોતી. એક અમેરિકને હસતાં હસતાં પાટલૂનના ગજવામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢીને ચોકીદારના હાથમાં મૂકી અને કંઈક સંજ્ઞાભર્યું સ્મિત કરીને એ ચાલતો થયો. ચોકીદાર બોલ્યો નહીં. મુખ્ય દ્વારની બાજુમાં કલાપ્રદર્શનની તસવીરોની દુકાન છે. એના વેચનારને ઘડીભર દરવાજો સોંપીને ચોકીદાર પગથિયાં ઊતરી પડ્યો. જતાં જતાં મને કહ્યું: 'ભાઈસાહબ, અભી આયા, માફ કરના.'

ચોકીદાર જઈને ચાર ચાર આનાની ચાર ટિકિટ ખરીદી લાવ્યો અને પાછો પોતાને સ્થાને આવીને ઊભો. મારા આશ્ચર્યનો પાર નહોતો. મેં ધાર્યું હતું કે આ ચોકીદાર પાંચ રૂપિયાની નોટ ખિસ્સામાં મૂકી દેશે અને એવું બનતાં અનેક વાર જોયું છે. પણ મારી ધારણાથી હું પોતે છોભીલો પડ્યો.

ત્યાં લાલાએ આગળ ચલાવ્યું અને કોણ કોણ આ પ્રદર્શન જોવા આવ્યા અને કોણે કેવી કેવી ટીકા કરી તેના થોડા નમૂના એણે ધર્યા:

એક પ્રૌઢ માણસ આવે છે. એના હાથમાં જાડી નોટબુક હોય છે. બસ લખ્યા જ કરે છે. ક્યારેક મૂર્તિઓ પાસે ઊભો હોય છે ને

ક્યારેક ચિત્રો જોયા કરે છે અને પાછો લખે છે. કેટલાય દિવસથી બસ આવે છે અને આવું કર્યા કરે છે, કોઈ વિદ્વાન હોવો જોઈએ.

એક જુવાન આવે છે. એનો પહેરવેશ, એમાંથી દેખાતી એની બેપરવા અને તેજસ્વી આંખો, ચહેરા પરની ગમગીની એ બધું કહે છે કે એ કલાકાર છે. એને ગમતી મૂર્તિઓ પાસે ઊભો રહીને, બેસીને કંઈક ચીતર્યા કરે છે. થાકે છે ત્યારે મૂર્તિઓ ભણી જોયા કરે છે.

પરમદિવસે એક જુવાન જોડું આવ્યું હતું. પરણેલાં લાગતાં નહોતાં. નહીં તો આટલો ઉલ્લાસ અને અપેક્ષા હોય નહીં. આ પેલી ભુવનેશ્વરીની મૂર્તિ આગળ પેલા જુવાને એની સાથેની યૌવનાને ચુંબન ભરી લીધું. કોણે જોયું ને કોણે ના જોયું એની પરવા કરી નહીં. પ્રેમીઓ ખરાં ને!

થોડા દિવસ પહેલાં એક કુટુંબ આવ્યું હતું. સ્ત્રી, પુરુષ અને બાળક અંદર ગયાં ત્યાં જ બાળકે રડવા માંડ્યું. પુરુષ પોતાના બાળકને લઈને બહાર આવ્યો અને મોટા લાંબા ઓટલા ઉપર એને સમજાવીને ફરવા માંડ્યું. સ્ત્રી થોડી વારમાં આંટો મારીને પાછી આવી. બંને જણાં બગીચામાં ઊભેલા પથ્થરના એક મોટા પોઠિયાને જોઈ હસતાં હસતાં ચાલતાં થયાં.

એક નમણો જુવાન આવે છે. આંખોમાં કાજળ આંજે છે. એનો ચૂડીદાર પાયજામો તમીજથી પહેરે છે. સફેદ પહેરણ ઉપર રેશમી જવાહર-જૅકેટ હોય છે. ઘડીઘડીમાં પગનો ઠમકો કરે છે. કમર લચકાવે છે. હાથની મુદ્રા કરે છે અને આંખ નચાવે છે. નૃત્યકાર હશે. એ જુવાન મૂર્તિઓ કે ચિત્રો જોવાને બદલે

પ્રદર્શન જોવા આવનારી ખૂબસૂરત સ્ત્રીઓને જ જોયા કરે છે. નટરાજોના ઓરડામાં ઊભેલી એક સુંદરી સાથે સ્મિતની આપલે કરીને ચાલ્યો જાય છે.

આવી વાતો એ કરતો હતો, એટલામાં પેલા અમેરિકનો બહાર નીકળ્યા. એટલે ચોકીદારે તરત જ જેણે પાંચ રૂપિયાની નોટ આપી હતી, તેના હાથમાં ટિકિટોનાં ચાર અડધિયાં મૂક્યાં અને બાકીના ચાર રૂપિયા પણ. પેલો સજ્જન પહેલાં તો નવાઈ પામ્યો પણ પછી એના હોઠ પર સ્મિત આવી ગયું. પણ આ વખતે સંજ્ઞા જુદી હતી. એણે પેલા રૂપિયામાંથી એક રૂપિયો ચોકીદારને આપવા માંડ્યો. ચોકીદારે નમ્રતાથી ના પાડી. જતાં જતાં પેલા અમેરિકને કહ્યું: 'Gandhi still lives in this country' – ગાંધીજી હજી આ દેશમાં જીવે છે. અને મારા અંતરાત્માએ સાદ દીધો: And he will live till truth lives – અને સત્ય છે ત્યાં સુધી એ જીવશે.

દિલ્હીમાં ગાંધીજીના આત્માને રહેંસી નાંખવાના જાણ્યે-અજાણ્યે અનેક પ્રયત્નો થાય છે એવી વાત સંભળાય છે. એમના સેવકો અને સાથીઓ આવું કમનસીબ કામ કરે છે એવી લોકવાયકા પણ છે. એવા વાતાવરણમાં સત્યના આવા અજાણ્યા ચોકીદાર ગાંધીજીની ચેતનાની પણ ચોકી કરે છે એ વાત આપણા પાપને કારણે આપણને ખબર પડતી નથી પણ ગાંધીજીના પુણ્યપ્રતાપે બને છે ખરી.

# જમનાપાર

લગભગ અગિયાર વરસે દહેરાદુન જવાનું થયું. પહેલાંની ઘણી સ્મૃતિ તાજી થઈ આવી. હૃષીકેશથી આગળ સ્વર્ગાશ્રમ પાસે વહેતી નિર્મળ, નિર્ગર્વી ભાગીરથી, નરેન્દ્રનગરથી આગળ ટેહરીને રસ્તે મુગ્ધાની જેમ શરમાતી વહેતી ભીલંગના અને ત્યાંથી ગંગોત્રી-જમનોત્રી તરફ રમ્ય જંગલો વીંધીને આગળ વધતાં પગદંડી જેવા મરમી માર્ગો એ બધાં યાદ આવ્યાં. આવી સ્મરણોની યાત્રા ચાલતી હતી ત્યાં મારા યજમાને મને ખુશખબર આપ્યા કે અમારી ભીલંગના અને જમના પાર કરીને જોનસારોના પ્રદેશ સુધી પ્રવાસ કરવાનો છે. એમને માટે એ મુસાફરી અનિવાર્ય હતી અને મને એ આનંદ આપશે એટલું જ નહીં, પણ જોનસાર પ્રદેશ જોઈને અને એ લોકોને મળીને મને પણ કંઈક જાણવાનું મળશે.

નરેન્દ્રનગર એ ટેહરીગઢવાલ રાજ્યનું પાટનગર છે. ખાસ કરીને પહેલાં એ ઉનાળાનું પાટનગર હતું એ શિયાળા કે ચોમાસામાં તો ટેહરી શહેર રાજ્યની બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર

બનતું. પણ હવે તો રાજકીય દૃષ્ટિબિંદુ અને પરિસ્થિતિ બન્ને બદલાવાને કારણે નરેન્દ્રનગરને ખૂબ મહત્ત્વ મળ્યું છે અને એ જ શહેર બારે માસની રાજધાની બન્યું છે. દહેરાદુનથી હૃષીકેશ થઈને નરેન્દ્રનગરનો રસ્તો રમણીય અને આહ્‌લાદક છે. ગંગાની ખીણની ઉપર થઈને જતો આ માર્ગ જે જંગલોમાં થઈને જાય છે એમાં ગણી ગણાય નહીં એટલી વિવિધ વનસ્પતિનો સમાવેશ છે. પણ કુદરતની શક્તિ અને સુંદરતા બન્ને ખીલે છે અને ફૂલે છે તો નરેન્દ્રનગરથી આગળ ચાલીએ છીએ ત્યારે. છ હજાર ફૂટ ઊંચે થઈને પછી પાછું નીચે ઊતરવું પડે છે. વનસ્પતિનો અહીં જે લીલો રંગ આંખોને જોવા મળે છે તેવો લીલો રંગ મેં બીજે જોયો નથી. કુલુવેલીમાં રહીને મહર્ષિ નિકોલસ રોરિકે હિમાલયનાં બરફમય શિખરો ઉપર ઝૂકેલા આકાશનો જે ઘેરો ભૂરો રંગ પોતાની દૃષ્ટિમાં પકડીને એમનાં ઘણાં ચિત્રોમાં મૂર્તિમંત કર્યો છે તેને ‘રોરિક બ્લ્યૂ’નું વિશિષ્ટ નામ આપવામાં આવ્યું છે. એવો ભૂરો રંગ દુનિયાના કોઈ ભાગમાં જોવા નથી મળતો એવી ધારણા છે. મને આ લીલો રંગ જોઈને પણ કંઈક એવી જ લાગણી થઈ. કોઈ કલાકારની વેધક દૃષ્ટિ આ લીલો રંગ પી જાય અને પછી એને આ જંગલોનાં અદ્‌ભુતરમ્ય ચિત્રોમાં મૂર્ત કરે તો કેવું સારું?

ભીલંગના પાર કરતા હતા ત્યારે મને સ્વામી રામતીર્થનું સ્મરણ થયું. રામ બાદશાહને ભીલંગના બહુ ગમી. એમને થયું મારે આ સરિતાને કંઈક આપવું જોઈએ. એટલે એમણે પોતાની

છેલ્લામાં છેલ્લી પ્રિય વસ્તુ એને આપી. આ જ ભીલંગનાને તીરે એમણે ભવિષ્યમાં પંજાબી ભાષા નહીં બોલવાનું વ્રત લીધું.

ભીલંગના પાર કરીને સમૃદ્ધ અને સૌન્દર્યમત્ત નિસર્ગને માણતા અમે નમતા બપોરે જમનાને કિનારે આવી પહોંચ્યા. દિલ્હી, મથુરા અને પ્રયાગમાં જોયેલી જમના કરતાં આ જમના જુદી જ હતી. કેવી હતી આ યમુના? યૌવનમસ્ત, લાવણ્યમયી કોઈ કુંવારી કન્યા પોતાની જીવનસુગંધ પ્રસરાવતી માંયરામાં પરણવા જતી હોય ને એવી–કોડભરી, સ્વપ્નશીલ અને અકલંક. અંતર આનંદથી ભરાઈ ગયું. આંખો કુદરતના કૃપાપ્રસાદથી ભરાઈ ગઈ અને ભીંજાઈ ગઈ અને ભરેલે હૈયે હું જમનાને ભેટીને પાર થયો. હવે અહીંથી જ જોનસારોનો પ્રદેશ શરૂ થતો હતો. અમે એ ગામમાં પહોંચ્યા ત્યારે સમીસાંજનો સમય હતો. સંકોચાતી, શરમાતી એ સંધ્યાના પ્રકાશમાં મેં પહેલી જોનસાર નારીનાં દર્શન કર્યાં. અને પછી જોયો એનો નર. બન્ને સ્વરૂપવાન, શક્તિશાળી અને સમભાવી.

રતનસંહિ હતું એ જોનસાર પુરુષનું નામ. જમતાં પહેલાં અમે વાતો કરવા બેઠા, અને રતનસિંહે રંજપૂર્વક વાત માંડી. જમનાપારની તમારા તરફની સ્ત્રીઓ ભારે અવિવેકી અને બદતમીજ છે. અને તેમાંય ટેહરી પછી નરેન્દ્રનગર અને પછી જેમ તળેટીમાં ઊતરીને હરિદ્વાર તરફ વળો ત્યાં તો અવિવેકનો પાર નથી હોતો. હમણાં જ એ બાજુની એક સ્ત્રીને અમારો એક જોનસાર પરણી લાવ્યો. એ છે ચાર ભાઈ. પેલી સ્ત્રીએ કહ્યું કે હું તો એક જ પુરુષને પરણી છું અને એકની જ સ્ત્રી

તરીકે રહીશ. અમને બધાને લાગ્યું કે આ સ્ત્રી ભારે બદતમીજ નીકળી. અમારા જોનસારોમાં તો ત્રણચાર ભાઈઓ વચ્ચે એક જ પરિણીત સ્ત્રી હોય છે. દરેક ભાઈ જો જુદી જુદી સ્ત્રી પરણે તો વિખવાદનો પાર નહીં. વળી જુદાં જુદાં છોકરાંઓને કારણે જમીનો અને મિલકત વહેંચાઈ જાય અને આમ જોનસારો હતા ન હતા થઈ જાય. અમારા આ રિવાજથી અમારી મિલકત સચવાય છે, અખંડિત રહે છે અને કુટુંબમાં સંપ અને સંવાદ સચવાય છે. અને આ જ રીતે અમે જોનસારો આ પ્રદેશમાં સ્વર્ગનું જીવન જીવીએ છીએ – સુખી અને સંતોષી.

મહાભારતમાં દ્રૌપદીની વાતને આપણે ધામિર્ક કથા માનીને સહી લઈએ છીએ પણ નહીં માનીને મનમાં હસીએ છીએ, એ વાત આપણે ના સ્વીકારીએ તોય હકીકત છે. પણ આ જોનસારોની દુનિયા અને એમનું જીવન તો જોઈને આનંદ અને આશ્ચર્યથી મૂંગા થઈ જવાય એવી નગદ જિંદગી છે.

# મૃત્યુ અને જીવન

ઈ. સ. 1935, આસો મહિનો, સુદ ચૌદશ. શાંતિનિકેતનથી અલાહાબાદ, બનારસ અને લખનૌ થઈને આગ્રા આવ્યો હતો. ગૂજરાત વિદ્યાપીઠના જૂના મિત્ર પ્રો. ચન્દ્રભાલ જૌહરીના ભાઈને ત્યાં ઊતર્યો હતો. ચન્દ્રભાલે ઓળખાણ આપેલી કે ભાઈ જૂના ક્રાંતિકારી છે. માણસને ઓળખવાની આંખવાળા છે. અમે મળ્યા, બંનેને આનંદ આવ્યો. ઓળખાણ આગળ વધી. વહાલ ઊગ્યું. મિત્રતા બંધાઈ. અમે રાતદિવસ સાથે જ રહ્યા.

બીજે દિવસે શરદપૂનમ હતી. રાતે તાજમહાલ જોવા જવાનું ઠર્યું. જૌહરીએ કહ્યું કે બાર વાગ્યા સુધી માણસોની ભીડ હોય છે. મધરાત પછી જઈએ. મારા અંતરમાં કુતૂહલ હતું. અપેક્ષા હતી. તાજમહાલ જોઈશું. કેવો હશે? કાવ્ય જેવો અદ્‌ભુતરમ્ય? સપના જેવો અસ્પષ્ટસુંદર? મેં કલ્પનાને વારી. ચાલ સાક્ષાત્ જ કરીએ. અને તાજમહાલ જોયો! શાહજહાં જેવા બાદશાહી પ્રિયતમનું એ પ્રેમતર્પણ! મુમતાઝની સ્મૃતિનો સુદેહ. ગદ્ય જેવો માણસ પણ પીગળીને કાવ્ય બની જાય એવી પ્રીતિનું પંકજ!

માનવીના અંતઃકરણનો અબજો વર્ષ જૂનો આર્તનાદ! સ્ત્રીની અભીપ્સાનું પરમ સૌભાગ્ય! ચેતન જેમ પદાર્થમાં વસે છે તેમ આરસમાં વસેલા પ્રેમનું જાણે મૂર્તસ્વરૂપ! એ તાજમહાલ જોયો!

અને આમ જુઓ તો? આરસનો મકબરો! ત્યારે આ સર્વ કાવ્યસૌન્દર્ય શાનું? માનવીના મનની કલ્પનાનું, આદમીના અંતઃકરણના સંવેદનનું. કવિતા બહાર નથી, કવિના હૃદયમનમાં છે. હવે કવિ સમજાયો. એના અંતરમાં જ કાવ્યઝરણનું મુખ છે, એ પરખાયું. આવી સાંત્વના લેતો લેતો હું તાજની અગાશી પર આવી ઊભો. મેદની ધીરે ધીરે વીખરાતી હતી. દેખી શકાય એટલે દૂર યમુના વહેતી હતી. આકાશ નિરભ્ર હતું. ચાંદની મન મૂકીને વરસતી હતી. શરદની પૂનમનો એ ચંદ્ર કેટલો મુક્ત અને વહાલસોયો લાગતો હતો! પોતાની પ્રિયતમા શર્વરીને એણે પોતાનામાં સમાવીને જાણે જ્યોત્સના રૂપે પ્રગટ કરી ન હોય એવી એના સ્મિતની સંજ્ઞા હતી. થોડી વાર અનિમેષ નેત્રે એને જોયા કર્યો, બસ જોયા જ કર્યો.

પાછા ફરવાની વેળા હતી. ચાંદનીમાં નાહતું કાવ્યસૌન્દર્ય પાછળ મૂક્યું હતું. અંતરની અનુભૂતિ સાથે હતી. બાગમાં પથ્થરના બનાવેલા રસ્તા ઉપર અડધા ભાગમાં ચલાતું હતું. એક બાજુએ થોડીથોડી વારે સરુનાં ગૂંફિત વૃક્ષો આવતાં અને બીજી બાજુ પાણીભર્યા હોજ. ત્યાં એક સરુનું ઝાડ જીવતું જોયું. એની ઓથે એક સ્ત્રી અને એક પુરુષ બંનેને એકબીજામાં મસ્ત થયેલાં જોયાં. દિવસ અને રાત જેવાં આ બે કાળનાં પ્રતિનિધિઓ એક બનીને જીવન સાક્ષાત્ કરતાં હતાં. શાહજહાં અને મુમતાઝના

દેહ ભલે અહીં કબરમાં સૂતા. વ્યક્તિ મરી જાય છે પણ વાતાવરણ જીવે છે.

*

યુરોપની મુસાફરી કરીને ઇટાલીના જીનોઆ બંદરથી લોઈડ ટ્રીએસ્ટીનોની આગબોટ વિક્ટોરિયા પકડવી હતી. અમે એક દિવસ વહેલા જીઓના પહોંચ્યા. આખું બંદર અને શહેર ફરી વળ્યા. સાંજે પાંચેક વાગ્યા હશે. હું થોમસ કૂકની ઑફિસમાં અમારા સામાનની વ્યવસ્થા કરતો હતો ત્યાં વાતવાતમાં મારાથી બોલાઈ જવાયું કે જીનોઆમાં ખાસ કશું જોવા જેવું નથી. પેલો કૂકનો માણસ મારી આંખમાં આંખ પરોવીને પળવાર જોઈ રહ્યો પછી બોલ્યો: ‘તમે અહીંનું સ્મશાન જોયું?’ મેં ના પાડી. અને એના મુખ પર સ્મિત ફરી વળ્યું. એણે કહ્યું: ‘એ સ્થાન આખી દુનિયામાં મશહૂર છે. કદાચ સમગ્ર વિશ્વમાં એ સર્વથી સુંદર કબ્રસ્તાન છે.’ મને થયું કે એ સ્થળ જોવું હોય તો આ રસિયા જીવને પણ સાથે લેવો જોઈએ. કામ પરવારીને અમે નીકળ્યા.

રસ્તામાં વિચારોનો મારો હતો. સ્મશાનનું સૌન્દર્ય માણી શકે એવા રોમનો હજી જીવે છે? સ્મશાન, જ્યાં શરીરની ચિતા ખડકાય છે ને દેહ દટાય છે એ સ્થાન વળી સુંદરતાથી સિંચાયેલું હોઈ શકે? એ સ્થળે તો જીવનનો અંત આવે છે. ત્યાં સૌન્દર્ય જીવે ખરું? વિચારોની સાથે સાથે અમે ધારેલે સ્થળે આવી પહોંચ્યા. આ કબ્રસ્તાન હતું? આ સ્મશાન હતું? ના રે. આ તો જીવનનો બાગ હતો. આ ચમનમાં તો જિંદગી આરામ કરતી હતી. આખો

જન્મારો જીવી જીવીને થાકી ગયેલો દેહ પોતાની જનેતા ધરતીની સોડમાં સૂતો હતો. અદ્‌ભુત, અપૂર્વ, અનુપમ શાંતિ હતી. પંચ મહાભૂત પોતાના મૂળ સ્વરૂપને પામ્યાં હતાં. કેવો સજીવન હતો આ મૌનનો ઉત્સવ! એકલા અંત પામેલા જીવનને જ અહીં શાંતિ હતી? ના, ના. અંત પામનારા જિવાતા જીવનનો પણ અહીં થાક ઊતરતો હતો, સાંત્વના મળતી હતી. અંતરશાંતિની અવિકૃત અનુભૂતિ થતી હતી. મૃત્યુના આંગણામાં જીવનની આવી રમણા! જ્યાં અંત કલ્પ્યો હતો ત્યાં જ પાછો આરંભ! આદિ અને અંતની આ કેવી સનાતન લીલા! અંત:કરણ આશ્ચર્યમુગ્ધ બની રહ્યું.

સંધ્યા ઊતરતી હતી. શાંતિ ગહન બની ગઈ. અજવાળું ઓસરતું જતું હતું. અંધકાર છતો થતો હતો. બરાબર આ સમયે જ એક જુવાન સ્ત્રી આવી. અમે બેઠા હતા એની બાજુની કબર પર એણે ફૂલો ચઢાવ્યાં. કબરને ચુંબન કર્યું અને એની ઉપર એ ઢળી પડી. થોડી વારે ઊઠીને પાછી એણે ચૂમી લીધી. ઊભી થઈને પળવાર એ કબરમાં સૂતેલા જીવનને નીરખી રહી. જિંદગીને પૂજીને જીવંત રહેનારી આ કવિતા વિશેષણ વિનાના નામ જેવી સ્વયંસુંદર લાગી. એણે કોની પૂજા કરી? એનો કવિ અંદર સૂતો હતો?

*

યુરોપના દેશોમાં ઇંગ્લૅન્ડ મને બહુ ગમે છે. કેમ તે ખબર નથી. ઈ. સ. 1948માં ન્યૂયૉર્કથી નીકળીને અમે ‘ક્વીન ઇલિઝાબેથ’ આગબોટમાં સાઉધમ્પ્ટન ઊતર્યા ત્યારે ઘેર આવ્યા

જેવું લાગ્યું. વત્સરાજ વૉટરલૂ સ્ટેશને આવ્યા હતા. લંડન આવ્યા ત્યારે મુંબઈ આવ્યા જેવી લાગણી થઈ. યુરોપના પહેલા પ્રવાસ વખતે લંડનમાં લગભગ ચોવીસ અઠવાડિયાં રહેવાની તક મળી હતી. એટલે લંડન સાથે ઘણી માયા બંધાઈ છે. પીકાડેલી સરકસ પર ઝઝૂમતો રીજેન્ટ સ્ટ્રીટનો ખૂણો, હે માર્કેટનું પેલું નાનું રેસ્ટોરાં, માર્બલ આર્ચ પાસેનું લાયન્સના કોર્નર હાઉસનું ભોંયરું. ગ્રેટ કબરલૅન્ડ સ્ટ્રીટનું 28 નંબરનું અમારું જૂનું ઘર, ટ્રફાલગર સ્કવેરનાં કબૂતરો, સ્ટ્રેન્ડમાં આવેલી સેક્સોની જોડાની મારી જૂની દુકાન, નેશનલ આર્ટ ગેલેરીની એક રળિયામણી બેઠક, દસ માણસોના શ્રોતાજનો સમક્ષ હજારોની માનવમેદનીને સંબોધતો હોય એવો હાઇડપાર્કનો પેલો ઉત્સાહી અજાણ્યો વ્યાખ્યાતા, ડીકન્સની નવલકથામાં ડોકિયું કરતી લીંકન્સ ઈન ફીલ્ડમાં આવેલી પેલી ક્યુરીઓની નાનીશી દુકાન, અનેક અજાણ્યાં સ્ત્રીપુરુષોને જાણીતાં કરતું પીકાડેલી સરકસનું ટ્યૂબસ્ટેશન, ચેલસીનો પેલો વૃક્ષઘટાથી છવાયેલો 'કવિમાર્ગ' અને વેસ્ટમિનિસ્ટર એબીમાં અલગ પડી જતો કવિઓનો ખૂણઓ – એ સર્વની સાથે એક સ્વાભાવિક નિસ્બત બંધાઈ હતી. આવું ઘર જેવું લંડન છોડીને એક અઠવાડિયે એડીનબરો જવું પડ્યું. ત્યાંની હેરીઅટ વૉટ કૉલેજમાં કામ નીકળ્યું હતું. એડીનબર પહેલી વાર જતો હતો. સ્કૉટલૅન્ડ એ રાજધાની જોવાનું કુતૂહલ સાર્થક થયું. બીજા મહાયુદ્ધ વખતે ત્યાંના બંદરી મુખ પર્થ ઓફ પર્થ પાસે જ્યાં માઉન્ટબેટન યુદ્ધજહાજોની પીછેહઠ થઈ હતી એ સ્થાન જોયું. ત્યાંની ટેકરી પર આવેલા રાજમહેલના આંગણામાં રોજ

સવારે વાગતા સ્કોચ બેગપાઈપના વિખ્યાત બેન્ડની સૂરાવલિ સાંભળીને હૃદય પ્રફુલ્લ થઈ ગયું. હેરીઅટ વૉટ કૉલેજના પ્રિન્ટિંગ ડિપાર્ટમેન્ટના વડા રસ્ટેલને વાતવાતમાં ખબર પડી ગઈ કે મને અંગ્રેજી કવિતા અને નવલકથામાં રસ છે અને ક્યારેક કલમ પણ વાપરું છું. ત્યારે એડીનબરોની એક જાણીતી જગ્યા જોવા મને એ લઈ ગયા. સર વૉલ્ટર સ્કૉટની કોઈ એક નવલકથામાં જે સ્મશાનનું વર્ણન છે તે સ્મશાનમાં અમે જઈને એક બાંકડા પર બેઠા. સામે એક અટૂલું વૃક્ષ ઊભું હતું. એની સાથે સ્કૉટ તારામૈત્રક કરતા એમ કહેવાતું. એ વૃક્ષ એમને મિત્ર જેવું પ્રિય હતું. સ્કૉટ વિષેની લોકવાયકાઓ અને પ્રેમની વાતો થતી હતી. એટલામાં એ સ્મશાનનો સંરક્ષક એક બાટલીમાં પાણી લઈને નીકળ્યો. અમારા બાંકડાની બાજુમાં એક નાનો છોડ હતો. એના ક્યારામાં એણે પાણી રેડી દીધું. છોડને પંપાળ્યો. અમને જોઈને એણે કહ્યું: ‘હવે આ છોડ જ્યારે વૃક્ષ થશે ત્યારે જોજો એનું રૂપ! આ સામેનું ઝાડ મારા દાદાએ વાવ્યું છે અને આ પેલું લહેરાતું વૃક્ષ દેખાય છે એ મારા પિતાનું રોપેલું છે.’ મેં પૂછ્યું: ‘તમે પરંપરાથી અહીંના સંરક્ષકો છો?’ એણે ગૌરવભર્યા સ્મિતથી ઉત્તર વાળ્યો: ‘અમારું એ સૌભાગ્ય છે. અમારું કુટુંબ એ માટે ગર્વ લે છે.’ અને હસતો હસતો એ માણસ ચાલ્યો ગયો.

જ્યાં મૃત્યુ દટાય છે ત્યાં જીવન ઉછેરવાનું સુભગ કાર્ય કરતા આ મહાપુરુષને મારું અંતર નમી પડ્યું. રસ્ટેલને મેં કહ્યું: ‘હવે ચાલો.’ સ્કૉટલૅન્ડનાં ખ્યાતનામ સ્ત્રીપુરુષો જ્યાં સૂતાં હતાં ત્યાં આ અજાણ્યો અંતરશીલ પુરુષ પણ આરામ કરશે એ વિચારે

માનવજીવનમાં રહેલાં સમાનતા અને એકતા એકદમ આંખો આગળ ઊપસી આવ્યાં. જીવનનું આશ્વાસન અનુભવ્યું. શાંતિ વળી.

*

કમ્પાલાથી નીકળવાના દિવસો પાસે આવતા હતા. જે શહેરમાં આપણા મિત્રો વસે છે તે શહેરની સાથે પણ મૈત્રી બંધાઈ જાય છે, માયા જાગે છે, એટલે મિત્રોને છોડતાં જેમ રંજ થાય છે તેમ એ સ્થાન છોડતાં પણ ઉદાસ થઈ જવાય છે. મારી ઉદાસીનતા ડૉ. મૂળજીભાઈ પટેલ પામી ગયા. એમને ખબર હતી કે માત્ર રંજન આ માણસનો રંજ ઓછો નહીં કરે એટલે એમણે ભાઈ રમાકાન્તને કહ્યું કે તમે આ માણસને યુગાન્ડાના રાજા કાબાકાઓનું સ્મશાન દેખાડો. રૂપાળી જગ્યા છે. એમને ગમશે અને ગમગીની પણ એમની કંઈક ઓસરશે. ડૉક્ટર તો ગયા દવાખાને. રમાકાન્ત અને બેત્રણ મિત્રોની સાથે અમે ઊપડ્યા સ્મશાન જોવા. સ્મશાન કે કબ્રસ્તાન એ નામથી મને કદી ગભરામણ નથી થઈ કે નથી થયો વિરાગ. હા, વિચારો ઘણા આવ્યા છે. ઉદાસી પણ વહોરી છે, પણ દુઃખ તો ક્યારેય નથી થયું. કબાકાઓનું એ સ્મશાન જોવા માટે ખાસ રજાચિઠ્ઠી જોઈએ છે. રમાકાન્તે એ મેળવી લીધી. એક ઊંચી ટેકરી ઉપર આ સ્થળ આવ્યું છે. આમ તો કમ્પાલા આખું ટેકરીઓ ઉપર જ વસ્યું છે. મુખ્ય દરવાજા આગળ મોટરમાંથી અમે ઊતરી પડ્યા. આખા કબ્રસ્તાનની આસપાસ મોટી દીવાલ હતી. મુખ્ય દરવાજો

પસાર કરીએ એટલે મોટું વિશાળ મેદાન જેવું આંગણું આવ્યું. એ આંગણાની સામસામે નાનીનાની ઓરડીઓ હતી. અમે ગયા એટલે એ ઓરડીઓમાંથી ચારપાંચ સ્ત્રીઓ નીકળી આવી. અમે મુખ્ય ઘુમ્મટવાળા ઓરડામાં જ્યાં કબર હતી ત્યાં ગયા. ઓરડો અતિશય સાદો હતો. હતું તો લીંપણ, પણ ખૂબ સ્વચ્છ હતું. ભીંતો વલ્કલથી છવાયેલી હતી. વલ્કલનું પણ પોતાનું આગવું વાતાવરણ હોય છે. હતું તો એ કબ્રસ્તાન, પણ જાણે કોઈ મહર્ષિનો આશ્રમ હોય એવું વાતાવરણ હતું. ત્યાંના રક્ષકે અમને કયા રાજાની કઈ કબર એ બતાવીને ઇતિહાસ કહ્યો, એટલામાં તો પેલી બાઈઓ પણ આવીને કબર નમીને એમની આસપાસ બેસી ગઈ. અમે પેલા રક્ષકને પૂછ્યું કે આ બાઈઓ કોણ છે? ત્યારે એણે અમને નવાઈની ભેટ આપીને કહ્યું કે અહીનાં કબાકા રાજકુલમાં એવો રિવાજ છે કે રાજા મૃત્યુ પામે ત્યારે એના શબની સાથે એની પરિણીત સ્ત્રીઓ પણ સ્મશાનમાં જ રહે. પેલા આંગણામાં તમે જે ઓરડીઓ જોઈ તે એ વિધવાઓ માટેની છે. વિધવા રાણી અહીં આવીને સામાન્ય સ્ત્રીઓ બની જાય છે અને પછી મૃત્યુ સુધી અહીં જ રહે છે. આ બધી એ વિધવા સ્ત્રીઓ છે.

સંસ્કાર અને સમજણ સ્મશાનભૂમિમાં પણ જીવનને કેવી સરસ રીતે ઉછેરે છે અને માણે છે એની મને ખબર હતી. અજ્ઞાન અને અવિદ્યા સ્મશાનમાં જિવાતા આ જીવનને કેવું રઝળતું અને રંજભર્યું બનાવી શકે છે એનો અનુભવ પણ થયો. સ્થાન એ જ અને એ જ સંજોગો. માત્ર જીવનાર માણસો જુદાં. જીવનની દૃષ્ટિ

પામર માણસને પણ કેવો પરમ બનાવી શકે છે એ જોયું હતું. હવે એ પણ જોયું કે એનો અભાવ માનવીને કેવો ગરીબ, અનાથ અને જિંદગીનો વેઠિયો બનાવી દે છે! ગમગીનીએ ગળું પકડ્યું. પણ તરત જ ભાન આવ્યું કે પામરતા અને પરમતા બંને માનવીનાં જ સર્જનો છે. જીવને ત્યારે કળ વળી.

# જીવનનો કેફ

કોઈ પુત્ર બાપને નામે શોભે છે. કોઈ પુત્ર આપબળે નામાંકિત થાય છે. શહેરોની શોભાની વાત પણ આવી જ છે. કમ્પાલા એ પૂર્વ આફ્રિકામાં યુગાન્ડાની રાજધાની છે માટે એનું સૌન્દર્ય છે એમ નથી. એ શહેરનું પોતાનું વિશિષ્ટ રૂપ છે. સાત ટેકરીઓની વચ્ચે વસેલું આ શહેર સાત બહેનોમાં શોભતા એકના એક ભાઈ જેવું રમણીય લાગે છે. પ્રકૃતિના આ શહેર ઉપર ચારે હાથ છે. દિવસ આથમ્યો હોય, રાત પડી ન હોય અને સંધ્યાએ પાલવ પાથર્યો હોય ત્યારે આછા અંધકારમાં આ શહેર જંપેલા સપના સમું પડ્યું હોય છે. સાત ટેકરીઓની પેલી પારથી ઊતરીને જ્યારે રાત્રિ શહેરમાં આવે છે ત્યારે રોશની ઝબકી ઊઠે છે. જાણે રાત જેવી શ્યામ કોઈ બગાન્ડી મત્ત નવયૌવના શ્વેત હાસ્ય હસી પડે છે. પણ એના વાતાવરણમાં કરુણતાની ગમગીની હોય છે, જિંદગીની ઉષ્મા નથી લાગતી. રાત વીતીને જ્યારે પ્હો ફાટે છે ત્યારે જીવનની વણઝાર પાછી શરૂ થાય છે.

કમ્પાલાના બજારમાં યુગાન્ડાના મૂળ વતની બગાન્ડાને જ્યારે

જોયા ત્યારે એમને મળીને એમના અરમાન અને આનંદ. વિષાદ અને વેદના જાણવાની ઇચ્છા થઈ પરંતુ મારી પાસે એમની ભાષાનું વાહન નહોતું, મારી અને એમની વચ્ચે બીજો કોઈ આડતિયો મારે જોઈતો નહોતો. એટલે અમારા યજમાન ડો. મૂળજીભાઈ પટેલને મેં વિનંતી કરી : "ડોક્ટર, આ બગાન્ડાઓનાં સંગીતનૃત્ય દેખાડો." ડોક્ટર ત્રીસેક વરસથી કમ્પાલામાં રહે છે. એટલે મારો મનસૂબો સમજી ગયા. ડો. મૂળજીભાઈ પટેલ પણ મળવા જેવા માણસ છે. મેં એમને પહેલી વખત ગુજરાતમાં જોયા ત્યારે મારી લાગણી એવી થઈ કે આ માણસ પોતાના વતનમાં પરદેશી લાગે છે. પણ એમની વિલક્ષણતાએ મને આકર્ષ્યો. મંથન અને મથામણ કરીને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાનું એમનું કૌશલ આદરણીય લાગ્યું. માણસ ઊંડા અને જબરા લાગ્યા. પછી તો ધીરે ધીરે ઓળખાણ ઓગળીને એમાંથી મૈત્રીનો છોડ ઊગ્યો. એમયા સંકુલ મનની અને નિખાલસ અંતઃકરણની વધારે પ્રતીતિ થઈ. જીવન વિષેની એમની કલ્પના અને દૃષ્ટિનો વધારે સમાગમ થયો. એમની વૈજ્ઞાનિક વિચારસરણી અને સંવેદનશીલ ચિત્તંત્ર વચ્ચેનો સંઘર્ષ પણ ત્યારે જ વધારે વરતાયો. વિષયના સૂક્ષ્મ સ્વરૂપને પકડવાની અને એના અતિશય નાજુક અંશને સમજવાની એમની શક્તિ કદીક સહજસ્ફુરણા સુધી પહોંચીને આપણને ચકિત કરી નાંખે એટલી વિલક્ષણ દેખાઈ. દુષ્ટતા ભણીનો રોષ, દીનતા તરફનો સમભાવ, સચ્ચાઈ માટેનો પ્રેમ અને પશ્ચાત્તાપ માટેની ક્ષમાશીલતાએ એમના અંતરાત્માને સંસ્કારિતાની શુદ્ધિ અને સુગંધ બંને આપી છે. આવી રીતે જો

આ માણસ અંતરનિષ્ઠ ના હોય તો કમ્પાલાની કરુણતા અને જડતાએ એમની સંવેદનશીલતાને ક્યારનીય રહેંસી નાંખી હોત. ડોક્ટરની મૈત્રી એ કમ્પાલા જવાનું મારું મોટું આકર્ષણ હતું.

મેં એમને બગાન્ડાઓનાં સંગીતનૃત્ય દેખાડવાની વાત કરી ને એ મારા અંતરનો મર્મ સમજી ગયા. એમણે કમ્પાલાથી સાતઆઠ માઈલ દૂર એક જિનરીમાં આ જલસાની ગોઠવણ કરી અને અમે જમીને બે વાગે પહોંચી ગયા. કમ્પાલાના બીજા પણ આઠદસ મિત્રો સાથે હતા. થોડી વારમાં મોટરટ્રક એક ટોળાને ઊંચકી લાવી. તરત જ વાજંત્રિો શરૂ થયાં, ઢોલ પર દાંડિયા પડ્યા અને બે માણસોએ સૂર અને તાલને સાંધતો અવાજ છૂટો મૂક્યો. ચારછ માણસનું એ ટોળું ગાતું- વગાડતું અમે ઊભા હતા ત્યાં આવી પહોંચ્યું. અમારા પગ પાસે બેસીને એમણે રમઝટ મચાવી દીધી. ડોક્ટરે આશ્ચર્યમાંથી મને ઊંચકીને કહ્યું : “આ લોકોની મહેમાનોને માન આપવાની આ રીત છે.”

જિનમાં એક માંડવો બંધાયો હતો. અમે બેઠા એટલે આજુબાજુના પ્રદેશમાંથી ચારપાંચ બગાન્ડા જમીનદારો પણ આવી પહોંચ્યા. બજવૈયાઓ અને ગાનારાઓ એક બાજુ ગોઠવાઈ ગયા અને સંગીત શરૂ થયું. ધીરે ધીરે તાલ રમણે ચઢ્યો એટલે એક પુરુષ કમ્મરે મૃગચર્મ બાંધીને મજલિસમાં નાચી ઊઠ્યો. એનો થનગનાટ જોઈને એક સ્ત્રીએ પોતાનો અંચળો કાઢી સામે નૃત્ય આરંભ્યું. પેલાં નૃત્યકારોના નિતંબના છંદબદ્ધ હલનચલને તાલ સાથે સુમેળ સાધીને જીવનની એક સંવાદભરી ગતિશીલતા જન્માવી. આ નૃત્ય અને સંગીતે એક વીર્યભરી

આરજૂ પ્રગટ કરી અને એમાંથી અરમાનના ફુવારા ઊઠ્યા. સંગીતના આ તાલસૂરો જ્યાં જ્યાં પહોંચ્યા ત્યાં ત્યાંથી બગાન્ડા સ્ત્રીપુરુષો આવી પહોંચ્યાં. સાથે સાથે બગાન્ડાઓ પીએ છે એ દેશી શરાબના વેચનારાઓ પણ શરાબનાં તૂમડાં ભરીને આવ્યા. શરાબ પિવાતો ગયો અને સંગીતની રમઝટ પાછી જામી. સૂરોની ઉશ્કેરણી શરૂ થઈ. તાલનો થનગનાટ સળવળ્યો અને નૃત્ય પાછું શરૂ થયું. તાલની ગતિએ એવું જાદુ કર્યું કે જોવા આવનાર બગાન્ડાઓમાંથી એક સ્ત્રી અને પુરુષ નૃત્યમાં સામેલ થયાં. સૂર અને તાલના સુમેળથી પેદા થયેલી આ ગતિએ અમારા જીવનમાં જામેલી જડતાને પણ હચમચાવીને એમાં ચેતનાની ધ્રુજારી સરકાવી દીધી. પળવાર પ્રાણ જાગી ઊઠ્યો. જીવનનું મૂળગત વીર્યબળ સચેતન થઈ ગયું. અમે જીવતા લાગ્યા. જીવનના કેફની કેવી અદ્‌ભુત અનુભૂતિ!

સંગીત શમ્યું, તાલ જંપ્યો, નૃત્યકારો ટોળામાં સમાઈ ગયા. પરંતુ વાતાવરણમાં હજી ગતિના ભણકારા ભમતા હતા. ડોક્ટરે મારો હાથ પકડીને જ્યારે ઊઠવાનું કહ્યું ત્યારે હું જાણે મૂર્છામાંથી જાગ્યો!

# સંગાથી

ધોમધીકતા બપોર હતા. અકળાવી નાંખે એવો ચૈત્રનો તાપ પડતો હતો. છાંયો શોધવાનાં વ્યર્થ ફાંફાં મારીને હું એક સાંકડે રસ્તે થઈને રાજમાર્ગ પર આવ્યો. સાઇકલ પર સવારી હતી. નીચે ડામરના રસ્તામાંથી બાફ નીકળતો હતો. સામેથી ગરમ લૂ લપેટાતી હતી. એટલામાં એક ઠેલણગાડીનો સાથ થયો. એક જુવાન મજૂર પોતાની હાથગાડી ધકેલતો મોજથી ચાલતો હતો. ગાડીમાં એક જુવાન સ્ત્રી બેઠી હતી. સ્ત્રીએ આખી દુનિયા તરફ પીઠ કરીને પોતાના પતિ સામે આંખો માંડી હતી. મારી સાઇકલ કરતાં એ હાથગાડીની ગતિ વધારે હતી. એની સાથે રહેવા મારે મારી ગતિ જરા વધારવી પડી.

પુરુષે એક બીડી કાઢીને સ્ત્રીને આપી. સ્ત્રીએ સળગાવી પુરુષને પાછી આપી. પેલાએ હસતાં હસતાં સ્ત્રીને સળગેલી બીડી પાછી આપતાં કહ્યું: ‘લે લે, બેચાર દમ લઈને મને આપ.’ પેલીએ હસીને જવાબ આપ્યો. એની આંખોમાં પણ હાસ્ય હતું: ‘તું પહેલાં પી ને પછી મને આપ.’ જવાબમાં પુરુષે પોતાને હાથે

સ્ત્રીના મુખમાં બીડી મૂકી. બંનેને લાગ્યું કે બંનેની જીત થઈ. એ જીતની મસ્તીમાં સ્ત્રીએ કહ્યું: 'ગાડી ઊભી રાખ. ઊતરીને હું તને ધકેલવા લાગું.' પોતાના બંને હાથ છોડીને પેટથી ગાડી ધકેલતા પુરુષે હાથ વડે અભિનય કર્યો અને એ અભિનયને આંખોના ભાવથી રસી દીધો. એણે કહ્યું: 'આ પેટ ખાતર હું તને સાથે ચલાવવા દઉં છું. આજે તારે ખાતર તો મને ચલાવવા દે.' અને ગાડીને પાછી હાથ વડે સમાલી લીધી. સ્ત્રી જાણે વિમાનમાં બેઠી હોય એવી એના મુખ પરની છલકાતી મસ્તી હતી. આ મસ્તીના કેફમાં એણે પોતાના ખોળામાંથી એક તરબૂચનો ટુકડો લીધો અને જરા પાસે સરીને પુરુષના મોંમાં સરકાવ્યો. 'હવે એટલું તું ખાઈ જા.' સામેથી પુરુષે હેતની છાલક મારી. અડધો ટુકડો ખાઈને પેલી સ્ત્રીએ બાકીનો અડધો પાછો પુરુષને ખવડાવ્યો. કોની જીત થઈ? બંને જાણે સમજ્યાં અને હસી પડ્યાં.

'ગાડી ઊભી રાખ.' સ્ત્રીએ કહ્યું. પુરુષ સમજ્યો કે શું પણ ગાડી એણે ચલાવ્યે રાખી. પુરુષના આશ્ચર્ય વચ્ચે પેલી જુવાન સ્ત્રી ગાડીમાંથી બહાર કૂદી પડી. પુરુષની સાથે થઈને એણે ગાડીને હાથ દીધો. પુરુષે પોતાના ખભા વડે સ્ત્રીને વહાલનો ધક્કો માર્યો. જવાબમાં સ્ત્રીએ પુરુષને સ્મિતનું ઇનામ આપ્યું. ગાડી ચાલતી હતી. મારે વળવાનો રસ્તો આવ્યો ત્યારે થંભીને રાજમાર્ગ પર જતાં આ સંગાથીઓને હું જોઈ રહ્યો. એ પણ ભૂલી જવાયું કે આ ચૈત્ર મહિનો હતો અને ધોમધીકતા બપ્પોર હતા.

# અફલાતૂન

ફાગણ સુદ પૂનમની રાત હતી. હોળીના ભડકા શમી ગયા હતા. અમારા ફળિયામાં મોટા માણસો સૌ હોળી ચકલે એકઠા થઈને હોળી સાચવતા હતા. ફળિયાના મુખ્ય ચોગાનમાં અમારી ખો-ખોની રમત જામી હતી. અમારો પક્ષ પ્રમાણમાં નબળો હતો. અમે બે જણ જ છોકરાઓમાં એવા હતા કે જેઓ દોડમાં સામા પક્ષને કંઈકે પહોંચી વળીએ. અમે રમી રહ્યા હતા. હવે અમારે પકડવાનો વારો આવ્યો. નવ ખોમાં ત્રણ જ ખોના છોકરા કંઈક તેજસ્વી હતા. એટલે સામા પક્ષના છોકરાઓ પકડાતા જ નહોતા. આઠ-દસ મિનિટ વીતી ગઈ. અમે અધીરા બન્યા. ઉતાવળા થયા પરંતુ અમારો જોગ ખાતો નહોતો. ત્યાં મંગુએ આવીને મને ખો આપી અને તરત જ પહેલી દોડમાં ઉસ્માન પકડાયો. ઉસ્માન સામા પક્ષનો નેતા. એ પકડાયો એટલે એ લોકોની હિંમત તૂટી. ઝપોઝપ છોકરાઓ પકડાવા માંડ્યા અને ખો-ખોની રમત પૂરી થઈ. આટાપાટાની રમત શરૂ કરી. પક્ષો તો એ જ કાયમ રહ્યા. પહેલી રમતમાં સામા પક્ષે પાટા સંભાળ્યા અને

અમે હલ્લો શરૂ કર્યો. મૃદંગ ઉપર ઉસ્માન હરણની ચપળતાથી અમને સંભાળતો હતો. પાંચેક મિનિટમાં હું એની નજર ચુકાવીને પાટો ઓળંગી ગયો. એક વખત સરહદ તૂટી કે ગરબડ થઈ ગઈ અને ત્રણ મિનિટમાં દાવ પૂરો થયો. બીજા દાવમાં અમે ઉસ્માનના પક્ષને અડધો કલાક હંફાવ્યો ત્યારે રમત પૂરી થવા દીધી. ત્યાર પછી સૌએ સાથે મળીને ગોળધાણી ને ચણાનો સપાટો લગાવ્યો. ઉસ્માન કશું લાવ્યો નહોતો. મેં એને મારામાંથી અડધો ભાગ આપી દીધો ને એ ખૂબ ખુશ થઈ ગયો. બસ વહાલની મૂંગી આપ-લે અમારી દોસ્તીનો પાયો બની ગઈ. થોડા દિવસ પછી મને ઉસ્માને કહ્યું કે હોળીની રાતે ખો-ખોમાં મને વિજય મળે એટલા માટે એ પકડાઈ ગયો હતો અને આટાપાટા ઓળંગવા દેવામાં પણ એનું મારા તરફ વહાલ જ કારણભૂત હતું. બસ ત્યારથી અમારી દોસ્તી બંધાઈ. હું અને ઉસ્માન બિરાદરો બની ગયા.

ઉસ્માનની અમ્માને અમે મરિયમ ખાલા કહેતા. મારાં બાનાં એ બહેનપણી એટલે હું એમને માસી માનતો. મરિયમ ખાલાનું ઘર બહુ જ ગરીબ. ઉસ્માનના પિતા શુક્રવારના બજારમાં ઘેટાંબકરાં વેચવાની દલાલી કરતા અને એમાંથી માંડ ખાવા પૂરતું મળી રહેતું. પણ પતંગોની ઋતુમાં થોડી કમાણી થતી. રહેમાન ચાચાના પતંગો અમારા એ આખાય લત્તામાં બહુ જ પ્રખ્યાત. પણ એક વખત શુક્રવારના બજારમાં બીજા દલાલ સાથે એમને મારામારી થઈ અને પેલા દલાલે એમના પેટમાં ચપ્પુ હુલાવી દીધું. રહેમાન ચાચા બીજે દિવસે જ મૃત્યુ પામ્યા. ત્યારથી

ગરીબીએ ઉસ્માનના ઘર ઉપર ઘેરા ઓળા ઉતાર્યા. મરિયમ ખાલા કપડાં સીવીને ઘરનું પૂરું કરતી. એટલે ઉસ્માનનું નિશાળનું ખર્ચ હું મારી સાથે બા પાસે અપાવતો. અમે એ વખતે ગુજરાતીમાં પાંચમી ચોપડી ભણતા હતા. બાને પણ ઉસ્માન ગમતો. એટલે ક્યારેક મારાં જૂનાં કપડાં પણ બા એને આપતાં. એક વખત બાની તબિયત સારી નહોતી. સાંજે અમારે ઘેર બે-ત્રણ મહેમાન જમવા આવવાના હતા. ઘરમાં ઘઉંનો લોટ નહોતો. બાથી તાત્કાલિક દળી શકાય એમ હતું નહીં. એટલે મેં પાંચ શેર ઘઉં દળવાનું બીડું ઝડપ્યું. મેં તો ઘંટી માંડી જ હતી ને ઉસ્માન આવી પહોંચ્યો. એણે મને ઉઠાડી મૂક્યો અને બધા ઘઉં દળી આપ્યા. પછી તો એવો શિરસ્તો જ પડ્યો કે બાનું ઘણુંખરું ઘરકામ કરવામાં ઉસ્માન ખૂબ મદદ કરતો. મારી અને ઉસ્માનની દોસ્તી પણ દિવસે દિવસે ગાઢ થતી જતી હતી. બાપુજી અવારનવાર મરિયમ ખાલાને ઓછું ના આવે એ રીતે મદદ પહોંચાડતા. એમને ઉસ્માન એકનો એક દીકરો હતો એટલું જ નહીં, ઉસ્માન જ એમની આશા અને અરમાનનો દીવો હતો. તાબૂતના દિવસોમાં એ ફકીરી પહેરતો, પરબો પર પાણી પાતો, દુલામાં ઝુકાવતો અને કતલની આખી રાત અમારા ફળિયાના તાજિયા આગળ એ નગારાનો અધિપતિ બની રહેતો. તાલની ચોકસાઈ તો ઉસ્માનના બાપની.

ઉસ્માન દેખાવડો, કદાવર અને મીઠડો છોકરો હતો. એની ચાલમાં પુરુષની સ્થિરતાને બદલે સ્ત્રીની હલક હતી. એની આંખમાં નરની તેજસ્વિતાને બદલે નારીની કુમાશ હતી. એના

અવાજમાં મુગ્ધાની મોહકતા હતી, કુમારની કર્કશતા નહોતી. અમે ગુજરાતી છઠ્ઠા ધોરણમાં આવ્યા ત્યારે એની ચાલમાં વધારે ફેર પડ્યો. ચાલમાં લચક વધી, આંખોમાં લજ્જા ઊપસી આવી અને ચહેરા ઉપર નખરાંની રમત શરૂ થઈ. આ ફેરફાર મને સાવ અતડો અને આશ્ચર્યજનક લાગ્યો, પરંતુ મારું અણસમજું મન કશું સમજી શક્યું નહીં.

તે દિવસે વટસાવિત્રીના વ્રતનો દિવસ હતો. ફળિયામાંથી સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાનું એ સોહાગવ્રત કરવા વડની પૂજા માટે જતી હતી. બા પણ પૂજાની થાળી લઈને નીકળ્યાં. બાના હાથમાંથી પાણીનો ભરેલો તાંબાનો લોટો લઈને ઉસ્માન પણ સાથે થયો અને છેક અગિયાર વાગે બા પૂજા કરીને પાછાં આવ્યાં ત્યારે બધાં વાસણો લઈને ઉસ્માન પણ પાછો આવ્યો. તે દિવસે આગ્રહ કરીને બાએ ઉસ્માનને સવારે ત્યાં જ જમાડ્યો. એ જ રાતે મેં એક કૌતુક જોયું. રાતે આઠેક વાગે હું મોટી માસીને ત્યાં પાછો ઘેર આવતો હતો. અમારા ફળિયાની દક્ષિણ દિશાએ છેક અંતમાં એક પીપળાનું મોટું ઝાડ હતું. ત્યાં અંધારામાં એક છોકરાની આકૃતિ ગોળગોળ ફેરા ફરતી જોઈ. પહેલાં તો હું જરા ચોંક્યો પણ જરા ધીરજ રાખીને પાસે ગયો ને જોયું તો ઉસ્માન હાથમાં દોરો લઈને પીપળાના ફેરા ફરતો હતો. મેં આશ્ચર્ય પામીને પૂછ્યું: 'ઉસ્માન, આ શું કરે છે?' મને જોઈને એ પણ ચોંકી ઊઠ્યો અને કૂદીને મારે ગળે બાઝી પડ્યો. એની આંખમાંથી વહેતાં આંસુ મારા ખભા ઉપર પડતાં હતાં. રડતે અવાજે એણે પહેલાં તો ડૂસકાં જ ખાધાં કર્યાં. મેં જ્યારે એની

પીઠ થાબડીને સાંત્વનાભર્યા અવાજે પૂછ્યું ત્યારે એણે ગદ્ગદ કંઠે જવાબ આપ્યો: ‘ભાઈ, મારે આવતા જનમમાં ઓરત થવું છે અને મારે તારા જેવો ધણી જોઈએ છે. માટે આ ઝાડની પૂજા કરીને એને એકસો ને આઠ સૂતરના આંટા પહેરાવું છું.’

‘પણ ઉસ્માન આ તો વડ નથી, પીપળો છે.’ બીજું શું બોલવું તેની સૂઝ મને ન પડી એટલે મારાથી બોલાઈ જવાયું.

‘પીપળો વડથી વધારે પાક છે. કોઈ પણ પાક ઝાડને સૂતરના એકસો આઠ આંટા મારવા એવું હું આજે સવારે બાની વાત પરથી સમજ્યો હતો. બોલને, આવતા જનમમાં તું મારો ધણી થઈશ ને?’ ઉસ્માન મને ફરીથી બાઝી પડ્યો.

મેં જરા ધીરજ મેળવી લીધી હતી. કહ્યું: ‘ચાલ ઉસ્માન, ચાલ ઘરે, તું તો પાગલ થયો છે. આ તો સ્ત્રીઓનું વ્રત છે. પુરુષોથી કંઈ આવું વ્રત ના થાય.’

‘પણ ભાઈ...!’ ઉસ્માન આગળ કંઈ બોલી શક્યો નહીં. હું એનો હાથ પકડીને ઘેર લઈ આવ્યો. મારી સાથે જ એને રાતે થોડું ખવડાવ્યું. છેક મોડી રાતે એને ઘેર મોકલ્યો ત્યાં સુધી ઉસ્માનની આંખોમાંથી પાણી સુકાયું નહોતું. રાતે મેં બાને આ વાત કરી. બાએ તો સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. પણ મને આખી રાત ઊંઘ આવી નહીં.

ચાર છ મહિના પછી અમને એક સવારે ખબર પડી કે ઉસ્માન આગલી રાતે ઘરમાંથી નાસી ગયો. મરિયમ ખાલાને સૌએ ઘણું આશ્વાસન આપ્યું કે હમણાં પાછો આવશે, ક્યાં જવાનો છે. પણ મરિયમ માસીએ તો જાણે ઉસ્માન મરી ગયો હોય એમ કારમું

રુદન કરવા માંડ્યું. બે દિવસ, બે મહિના ને બે વરસ ગયાં પણ ઉસ્માન પાછો આવ્યો નહીં અને એનો પત્તો પણ મળ્યો નહીં. ઉસ્માન ગયો તેને ત્રીજે દિવસે, બરાબર ઉસ્માનના જન્મદિવસે જ, એની જ ગમગીનીમાં મરિયમ માસી આ દુનિયામાંથી ચાલ્યાં ગયાં.

પાંચ-છ વરસ પછી અમે તાબૂતની સવારી જોવા ગયા હતા. તે વખતે હું અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. અમારા કુટુંબનો નિયમ હતો કે જ્યાં સુધી અમારા ફળિયાનો તાજિયો પસાર ન થઈ જાય ત્યાં સુધી થોભવું અને અમારા એ તાજિયા ઉપર રેવડીનો વરસાદ વરસાવીને પછી જ ઘેર જવું. તે વખતે અમે ચાંપાનેર દરવાજે ખુશાલદાસ કાકાને મેડે તાબૂતની સવારી જોવા બેઠા હતા. દર વર્ષે અમે ત્યાં જ બેસતા, ખુશાલકાકા આમ તો મોચી હતા પણ ભક્ત હતા અને પિતાજીના સ્નેહી હતા. તાબૂતની સવારીને દિવસે એ દુકાન બંધ રાખીને મુસલમાન-ભાઈઓના એ તહેવાર ભણી પોતાની લાગણી બતાવતા. તાબૂત ઊઠ્યા. પહેલાં સરકારી તાજિયો નીકળ્યો. ત્યાર પછી લશ્કરવાળાઓનો નંબર આવ્યો. અમે તો તાજિયા જોવામાં, એની ઊંચાઈ એની બનાવટ અને એની કળાનાં વખાણ કરવામાં મશગૂલ હતા. દુલાઓની રમઝટ હતી. વાઘ બનેલા માણસો વાઘ જેવો જ દેખાવ કરતા ઘૂમતા હતા. અમારા એક સૈયદકાકા વળી કાગળનો ઊંટ બનાવીને પગે ઘૂઘરા બાંધીને તે દિવસે નીકળતા. એટલામાં અમારા ફળિયાનો તાજિયો નીકળ્યો. અમે નીચે ઊતરી પડ્યા. બાએ બે આનાનું પખાલી પાસે પાણી રેડાવ્યું

અને ઈમામહુસેનના તરસ્યા રૂહને યાદ કરીને તાજિયાને સલામ ભરી. અમે રેવડીઓ લૂંટાવી. એટલામાં એક જુવાન મુસલમાન છોકરીએ આવીને પખાલીને ચાર આના આપ્યા અને પાણી છોડાવ્યું. મને એનો ચહેરો કંઈક પરિચિત લાગ્યો. મને સ્મરણ જાગ્યું. અંતરે અવાજ દીધો: ‘ઉસ્માન!’ અને મારા એ અવાજે પેલી છોકરીને ઘેરી લીધી. છોકરી પાસે આવી, પણ એ છોકરી નહોતી. સ્ત્રીનાં કપડાંમાં ઢંકાયેલો ઉસ્માન હતો. ઉસ્માન બાને પગે પડ્યો. મને બાઝી પડ્યો. ત્યાં તો બાપુજી નીચે ઊતર્યા. ઉસ્માન બાપુજીને પણ શરમાતો શરમાતો પગે લાગ્યો. એટલામાં ચારપાંચ મુસલમાન હીજડાઓ ધસી આવ્યા અને ઉસ્માનને અમારી પાસેથી ઝૂંટવીને ચાલતા થયા. એક દુલાનો ઘસારો આવ્યો અને ઉસ્માન અદૃશ્ય થઈ ગયો. તે રાતે મારી આંખ આગળથી પીપળાને ફેરા ફરતો ઉસ્માન અળગો જ ના થયો.

એક, બે, પાંચ, આઠ અને દસ વરસો પસાર થઈ ગયાં. મને લાગે છે કે ઈ.સ. 1931ની સાલ હશે. પોન્ડિચેરીમાં શ્રી અરવિંદના આશ્રમમાં લાંબો વખત રહીને હું પાછો આવી ગયો હતો. એક સાપ્તાહિકનું તંત્ર સંભાળતો હતો. જ્ઞાતિનું એક માસિક પણ ચલાવતો હતો. ઉનાળાના દિવસો હતા એમ બરાબર યાદ છે. હું મારા સાપ્તાહિકપત્રની ઑફિસમાં કામ કરતો હતો. નોકરે ખબર આપ્યા કે મને કોઈ મળવા આવ્યું છે પણ ઑફિસમાં અંદર આવવાની ના પાડે છે. પેલા ખબર લાવનાર નોકરના મુખ પર કંઈક ન સમજાય એવું સ્મિત લટારો મારતું હતું. બહાર ગયો ને જોયું તો મારા આશ્ચર્યનો, આનંદનો પાર ન રહ્યો. એ તો

ઉસ્માન હતો. ખભે ઢોલક ભેરવી હતી. સાથે એનો બીજો એક હીજડો સાથી હતો. ઉસ્માને ઢોલક પેલા સાથીને આપી દીધી ને મારી સાથે અંદર આવ્યો. મારી પાસેની ખુરશીમાં મેં એને વહાલપૂર્વક બેસાડ્યો પણ ઉસ્માન તો સાવ બદલાઈ ગયો હતો. એની આંખમાં લજામણી કોમળતા નહોતી, નરી નફ્ફટાઈભરી હતી. એનો અવાજ નહીં સ્ત્રીનો ને નહીં પુરુષનો એવો બિહામણો બની ગયો હતો. એના ચહેરા પર સંઘર્ષે ચાબખા મારીમારીને દુઃખ અને વેદનાના સોળ ઉઠાડ્યા હતા. પાન ખાઈ ખાઈને એના રૂપાળા દાંત ગંદા અને કદરૂપા થઈ ગયા હતા. એની આખી હસ્તીમાંથી મરેલા અરમાનની દુર્ગંધ આવતી હતી. એને મળીને મારો અંતરાત્મા કકળી ઊઠ્યો. દોસ્તી દીનતા ધારી રહી. ઊઠતાં ઊઠતાં ઉસ્માને થોડાક પૈસા માગ્યા. મારી પાસે તે વખતે પાંચસાત રૂપિયા જ હતા. મેં એ ઉસ્માનને આપી દીધા. એના ગયા પછી મારાથી કશું જ કામ ના થઈ શક્યું. ગમગીનીથી આખું અસ્તિત્વ છવાઈ ગયું. તે રાતે મને ઊંઘ ન આવી. મારી નજર આગળ એ જ ઉસ્માન ઊપસી આવ્યોઃ પીપળને સૂતરના દોરા લપેટતો, આવતા જનમમાં સ્ત્રીના અવતારની વાંછના કરતો અને મારી પાસે સખ્યની આરત પોકારતો.

ત્યાર પછી મેં મારું શહેર છોડ્યું. મુંબઈ ગયો. મુંબઈ પછી એકાદ વરસ શાન્તિનિકેતન રહ્યો. ત્યાંથી પાછા આવીને પાંચ વરસ એક દેશી રાજ્યમાં નોકરી કરી. ઈ.સ. 1941માં મારે વતન પાછો આવ્યો. ઈ.સ. 1943ના ફેબ્રુઆરી મહિનામાં એક દિવસ મારી ઑફિસમાંથી સાંજે છ વાગે હું નીકળતો હતો. અમારા

ખાંચાના ખૂણા ઉપરના મુખ્ય માર્ગ પર એક મુસલમાન પાનવાળાની દુકાન હતી. પાનવાળો ઉસ્તાદ રમજાનખાં શરીફ માણસ હતો. એને ઘેર દીકરો આવ્યાની ખુશાલીમાં એની દુકાન પર પાંચસાત મુસલમાન હીજડાઓએ ગીતોની રંગત જમાવી હતી. મારી નજર એ ટોળામાં ઢોલક વગાડનાર પર પડી અને ત્યાં જ ચોંટી રહી. એ ઉસ્માન હતો. મને જોતાં જ ઉસ્માનનો અવાજ એના ગળામાં પાછો ઊતરી ગયો. હાથ ઢોલક પરથી ઊંચકાઈ ગયા. ઉસ્માન ઊભો થઈ ગયો. ગીતની રંગત રઝળી પડી. એણે આવીને મને સલામ કરી: 'ભાઈ કૈસે હો?' 'અચ્છા હૂં, ઉસ્માન' મેં કહ્યું. અમારી આ વાતચીત અને ઓળખાણ જોઈને પાનવાળા ઉસ્તાદના અચંબાનો પાર ન રહ્યો. ટોળાના માણસો મને અને ઉસ્માનને વારાફરતી જોતા રહ્યા. મેં ઉસ્માનને મારી ઑફિસ દેખાડીને કહ્યું કે કામકાજ હોય ત્યારે જરૂર આવે. ત્યાર બાદ મહિને છ મહિને ઉસ્માન આવતો અને મળીને ખુશ થઈને ચાલ્યો જતો. પણ જ્યારે જ્યારે હું એને જોતો ત્યારે ત્યારે ઉસ્માન જિંદગીનાં પગથિયાં ઊતરીને મોત ભણી જઈ રહ્યો છે એવી લાગણી થયા વિના ન રહેતી. એક દિવસ હું મારી સાઇકલ ઉપર મુખ્ય માર્ગની ગાડીમોટરોની ભીડ છોડીને પાછલે રસ્તે ઑફિસમાં જતો હતો. સાડા અગિયાર-બાર વાગ્યા હશે. બરાબર મસ્જિદની સામે એક આંધળા ભિખારીને દોરીને જતાં ઉસ્માન મળ્યો. એને જોઈને હું સાઇકલ પરથી ઊતરી પડ્યો. હું જાણતો હતો કે ઉસ્માન લગભગ ભીખ માગીને પેટ ભરે છે. એને કોઈ દિવસ ખાવાના પણ સાંસા પડતા હશે એવી કલ્પના

પણ કરતો. મને વિચારમાંથી જગાડીને ઉસ્માને કહ્યું: 'ભાઈ, મુઝે ચાર આને ચાહિયે.' મેં ચાર આના આપ્યા તે તરત જ એણે પેલા અંધ ભિખારીના હાથમાં મૂક્યા અને એક ઓળખીતા છોકરાના હાથમાં એની લાકડી આપીને એ મારી સાથે વાતે વળગ્યો. મસ્જિદ પાસેની એક અતિશય નાની ગંદી કોટડીમાં ઉસ્માન એના ચારપાંચ સાથીદારો સાથે રહેતો હતો. મસ્જિદને એ લોકો મહિને એક રૂપિયો ભાડું આપતાં હતા. ઉસ્માને એની કોટડી બતાવી. અંદરની દુર્ગંધથી મારું માથું ફાટી ગયું. આવી જગ્યામાં આ લોકો કેમ રહી શકતા હશે? એટલામાં ચારપાંચ ગરીબ નાગાંભૂખ્યાં છોકરાં આવી પહોંચ્યાં. એક જણે કહ્યું: 'અફલાતૂન, ચને મમરે દિલા દો.' ઉસ્માને મારી સામે જોયું. મેં ખિસ્સામાંથી બે આના કાઢીને ઉસ્માનને આપ્યા. એણે પાસેના ભાડભૂંજાની દુકાનેથી ચણામમરા લઈને પેલાં છોકરાંઓને વહેંચી દીધા.

મેં કહ્યું: 'ઉસ્માન, લે આટલું તું પણ રાખ.' ને એને પાંચ રૂપિયા આપવા માંડ્યા. મારો આ સમભાવ જોઈને એની આંખો રડી પડી. હજી તો એની આંખોમાંથી આંસુ બહાર ટપકે તે પહેલાં મસ્જિદની બાજુમાં થઈ એક વૃદ્ધ લાગતો મુસલમાન આવી ચઢ્યો. જરા ગુસ્સો કરીને કહ્યું: 'અફલાતૂન, પાંચ મહિનેકા કિરાયા ચઢા હૂઆ હૈ. અગર આજ નહીં દિયા તો કોટડીકો તાલા લગા દૂંગા. ફિર મરના બહાર.'

'લો ચાચા, યહ ચાર રૂપયે. એક રૂપિયા ફિર દૂંગા.' કહીને ઉસ્માને મારી પાસેથી પાંચ રૂપિયા લઈને એમાંથી ચાર રૂપિયા

પેલા ચાચાને આપી દીધા. વૃદ્ધ મુસલમાન મારી તરફ કતરાતી નજર નાંખીને ગલીમાં ચાલ્યો ગયો. મેં ઉસ્માનને કહ્યું કે એને પાંચ રૂપિયા આપી દેવા હતા ને, અને ઉત્તરમાં એનાં રોકાયેલાં આંસુ છલકી પડ્યાં. ધીરેથી બોલ્યોઃ ‘ભાઈ, શામકે લિયે આટાપાની ભી તો નહીં હૈ.’ મારી પાસે વધારે પૈસા નહોતા. મેં મારાં ગજવાં તપાસીને કહ્યુંઃ ‘ઉસ્માન, ઑફિસમાં આવીને કંઈક લઈ જજે.’ હું સાઇકલ પર બેસવા જાઉં છું ત્યાં જ એક મુસલમાન ડોશી લાકડીને ટેકે આવી પહોંચી. થરડાતે અવાજે બોલીઃ ‘બેટા અફલાતૂન, ચારઆઠ આનેકા આટાપાની દિલા દે. દો દિનસે ભૂખી હું. મોદીને આજ ના કહ દિયા. પહેલે કે આઠ આને દો તો આટા લે જાઓ. ક્યા કરું મરું? ખુદા મોત ભી નહીં દેતા.’ ને મારી તરફ જોયા વિના ઉસ્માને પેલો બચેલો રૂપિયો ડોશીના હાથમાં મૂકી દીધો. બોલ્યોઃ ‘અમ્મા, લો રૂપિયા હૈ, આઠ આને ઉસે દે દેના ઔર આઠ આનેકા આટાનમક લે આના.’

‘ઔર બેટા, ચારપાંચ લકડી તો દે. મેં પકાઉંગી કાયસે?’ ડોસીનો અવાજ સાવ થરડાઈ ગયો. ઉસ્માન એની ખોલીમાં લાકડાં લેવા ગયો. મેં પેલી ડોશીને પૂછ્યુંઃ ‘અમ્મા, યહ અફલાતૂન નામ કિસને રખ્ખા?’ ડોશીના અવાજની ફિરત ફરી ગઈ. ખુશીથી બોલીઃ ‘સા’બ, ભૂખા મરકે ભી યહ ઓરોંકો ખિલાતા હૈ. ગરીબનવાજ હૈ. સબ ઇસકો અફલાતૂન હી કહેતેં હૈ.’

‘લો અમ્મા, ચારપાંચ લકડી હી હૈ.’ ડોશી લાકડાં માથે મૂકીને ચાલતી થઈ.

મેં કહ્યું: 'ઉસ્માન, ચલો ઑફિસમેં.' ઉસ્માન મારી પાછળ ઑફિસમાં આવ્યો. તે દિવસે ઑફિસમાંથી એને બીજા પાંચ રૂપિયા આપ્યા.

ત્યાર બાદ એકાદ વરસ સુધી અફલાતૂન દેખાયો નહીં. મેં ઉસ્તાદ પાનવાળાને પૂછ્યું પણ એમનેય ખબર નહોતી. એક બપોરે મને ઉસ્માન એટલો સાંભર્યો કે ઑફિસનું કામ પડતું મૂકીને હું એની ખોલી પર તપાસ કરવા ગયો. અંદર જઈને જોયું તો અફલાતૂન પથારીવશ હતો. બારણે પેલી ડોશી અને આંધળો ભિખારી બેઠાં હતાં. બહાર આંગણામાં પેલા નાગાંભૂખ્યાં છોકરાં રમતાં હતાં.

મને જોતાં જ અફલાતૂનની આંખોમાં થોડું તેજ આવ્યું. પણ એ તો ઉસ્માન અફલાતૂન જ નહોતો. જાણે એનું મડદું પડ્યું હતું. મને જોઈને એણે મીંચાઈ જવા મથતી એ આંખોને પાણીથી છલોછલ ભરી દીધી. ઊંડાણમાંથી એનો અવાજ આવ્યો: 'ભૈયા, આ ગયે તુમ! અચ્છા હુઆ. અબ મૈં આરામ ઔર આસાની સે જાઉંગા. ખુદાને મેરે દિલકી અરજ સૂન લી. તુમ્હે દેખને કે લિયે જિગર તડપ રહા થા.' ઉસ્માનનો અવાજ વધારે ઊંડો ઊતરતો લાગ્યો, એની અસ્પષ્ટતા વધતી ગઈ. છતાં એનાથી ચૂપ ન રહેવાયું. પ્રયત્ન કરીને એણે કહ્યું: 'ભાઈ,' અને આંખના ઇશારાથી મને પાસે બોલાવ્યો. પાસે ગયો એટલે એણે બે હાથે મારો હાથ પકડી લીધો. અવાજ ન નીકળ્યો પણ એની ટગર ટગર જોતી આંખો આખી જિંદગીની વ્યથા કહેતી હતી. અંતરની આરત કહેવા માટે અવાજ કરતાં આંખો કેટલી વધારે બળવાન

છે એ ત્યારે જોયું. એક જ દૃષ્ટિ સમગ્ર અસ્તિત્વને દિગ્મૂઢ બનાવી શકે છે એ અનુભવ પણ ત્યારે જ કર્યો. ઉસ્માનના ધ્રૂજતા અવાજે મારી વેદનાને વીંધી નાંખી. એણે કહ્યું: 'ભાઈ, પીપલ કે નીચે વહ રાત કહા થા કિ મૈં ઓરત બનૂંગી ઔર તુમ મેરે આદમી હોંગે. નહીં ભૈયા, યહ બાત સચ્ચી નહીં. અગલે જનમમેં અબ તો મૈં તુમ્હારી મા બનૂંગી.' કહીને ઉસ્માને આંખ મીંચી દીધી.

અને...અને એ આંખો ફરીથી ઊઘડી જ નહીં.

# ફક્કડચાચા

મોરબી આર્ય સુબોધ નાટકમંડળી શહેરમાં લોકપ્રિય થઈ પડી હતી. તેમાંય મહાસતી અનસૂયા નામના એના નાટકમાં ભીડનો પાર નહીં. આવતા શનિવારના નાટકની ટિકિટો આગલા જ શનિવારે વેચાઈ જાય. તે વખતે સૌથી આગળ બેસવાના બે રૂપિયા. છેલ્લી ટિકિટ ચાર આના. અમે બાર આનાવાળા વચ્ચેના વર્ગમાં બેઠા હતા. તે સમયે મારા દૂરના સગા છગનકાકા આ નાટકમંડળીમાં વ્યવસ્થાપકના મિત્ર તરીકે કારભારુ કરતા હતા. એ લત્તામાં એમના રુઆબ અને એમની ધાક પણ ઘણાં. પહાડી શરીર, કાળો વાન, બિહામણી આંખો અને કર્કશ અવાજ. એમને જોતાં જ બીક લાગે. જોનારાઓમાં જરાક પણ અશાંતિ થાય ને છગનકાકા બારણામાં ડોકાય કે લોકો પાછા શાંત થઈ જાય.

નાટકનો રંગ જામ્યો હતો. અનસૂયાને ઘેર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વેશ બદલીને એ મહાસતીનું પારખું લેવા આવ્યા હતા. પણ અનસૂયા આ ભેદ પામી ગયાં. એમણે અંજલિ ભરીને પાણી છાંટ્યું. પ્રકાશ બંધ થઈ ગયો. અંધારું ઊતરી પડ્યું. બે-ત્રણ

ધડાકા થયા. ત્રણેય સાધુઓ બાળકો બનીને ઉવાંઉવાં કરી રહ્યાં. એ અંધારું થયું એમાં ગડબડ મચી રહી. કોઈની જગા જતી રહી કે શું પણ ચાર આનાના વર્ગમાં કોલાહલ થઈ ગયો. પ્રકાશ થયો ત્યારે તો મારામારી શરૂ થઈ ચૂકી હતી. લાકડીઓ ઊછળી રહી હતી. છગનકાકાએ ઘાંટો પાડ્યો, પણ કોઈએ સાંભળ્યું નહીં. એ લાકડી લઈને ત્યાં પહોંચ્યા તો પણ દંગો શાંત થયો નહીં. એટલામાં એક પહાડી અવાજ આવ્યો. અવાજની પાછળ એક કદાવર વ્યક્તિ આવી પહોંચી. સીસમ જેવો ચકચકતો કાળો રંગ, સફેદ દૂધ જેવું મલમલનું કૂડતું. માથે ચંપા રંગનો સાફો, હાથમાં દંડો. દંડો પણ અવાજની સાથે ઊંચકાયો. થોડી વારમાં જ કોલાહલ શમી ગયો. દંગો શાંત થઈ ગયો. ચાર આનાના વર્ગમાં ચુપકીદી છવાઈ ગઈ. એની અસરથી આખા નાટકની જનતા શાંત થઈ ગઈ.

'શાબાશ ઈમામ' મૂળજી આશારામ ઓઝાનો અભિનંદનથી ભર્યોભર્યો અવાજ નીકળ્યો. ઈમામુદ્દીન બહાર આવ્યો ત્યારે મૂળજીભાઈએ એને ખભો ઠોકીને શાબાશી આપી. નાટક શાંતિથી પૂરું થયું.

ઈમામુદ્દીનનું મારું એ પહેલું દર્શન. મને કોણ જાણે કેમ એ વ્યક્તિ પ્રથમ દર્શને જ ગમી ગઈ. ઓળખાણ થઈ ત્યારે ખબર પડી કે ઈમામને સૌ ફક્કડખાં કહેતા. આખા મદનઝાંપાના લત્તાનો એ દાદો. ઈમામની જેની સાથે દોસ્તી તેનું કોઈ નામ ન લે. જે ઘર સાથે એની નિસ્બત તે ઘરમાં કદી ચોરી ન થાય. ઈમામની આંખના ઇશારાથી નાટકમંડળીમાં ગમે તેટલા માણસો જોવા બેસી

શકે. કોઈ તો શું પણ એ લત્તાના ફોજદાર પણ ઈમામની દોસ્તી રાખે. હોટલવાળા ઈમામને બોલાવીને ચા પિવડાવવામાં ગૌરવ લે. પાનવાળો પાનપટ્ટી હસીને આપીને રાજી થાય. એ લત્તાના છોકરાઓ ફક્કડકાકા કહીને ઈમામને નવાજે ને ક્યારેક એક આનાનાં બિસ્કિટ કે ગોળીઓનું ઇનામ પામે.

નાટક ન હોય તે સાંજે ફક્કડ ઈમામુદ્દીન લહેરીપુરા સુધી ફરવા નીકળે. દર્શનીય પુરુષ. જોબનનો સમો. કાળો રંગ પણ એના ચહેરાના આકર્ષક નકશાથી દીપી ઊઠે. ઘાટીલી ને ભરાવદાર મૂછો. માયાળુ પણ મારકણી આંખો. શરબતી મલમલનું આર નાંખેલું કાળજીથી કરચલીઓ પાડેલું, કલ્લીવાળું લખનૌરી કૂડતું આખા લત્તામાં ઈમામ એકલો જ પહેરે! હાથની સિલાઈ. એ સિલાઈ જ એક રૂપિયો! ગમે તેવાનું તો ગજું નહીં. ઓગણીસસો પંદરસોળની સાલ. મહંમદચાચા રંગરેજ ઈમામનો સાફો સફાઈ અને કાળજીથી રંગે. સુવર્ણચંપાનો ઊઘડતો રંગ એ ઈમામનો મનપસંદ રંગ. સફેદ ઝીણું ધોતિયું કસીને કમરબંદથી પહેર્યું હોય. હાથમાં એનો પ્રિય દંડો રમતો હોય અને મસ્તાની એની ચાલથી માણસ એવો તો મોહક લાગે કે ઘણી વખત સ્ત્રીઓ એને જોઈને વાતો કરતી.

એક દિવસ મોરબી થિયેટરથી હું એમની સાથે થયો. રસ્તામાં પાનવાળા, હોટેલવાળા, દુકાનોવાળા, મજૂરો, કારીગરો જે મળે તે એમને સલામ મારે. વકીલ-ડૉક્ટર પણ ઈમામને બોલાવીને ખબર પૂછે. અમારા માસ્તરે મને ઈમામની આંગળીએ જોયો ત્યારથી મારા તરફનો એમનો સ્નેહ ઘણો વધી ગયો. અમે

ચાલતા ચાલતા હનુમાન મંદિર આગળ આવ્યા. એ ચકલો ફક્કડચાચાનો જરાક વિસામો. ત્રિભોવનને ત્યાં જ ઊભા રહીને પાનનો હુકમ આપ્યો. એ આવીને ઊભા છે એટલું જાણીને તરત જ કાજીની હોટલમાંથી ખાસ ચાનો પ્યાલો આવી ગયો. એટલામાં રાજ્યની હાથિણી ચંપાકલી ત્યાંથી નીકળી. મસ્તકે એનું નામ શોભે. માથાની બન્ને બાજુ બે મોર ચીતર્યા હતા. મોરની આંખોને ચંપાકલીની આંખોમાં સમાવી દેવામાં આવી હતી. એટલે મોર જીવતા લાગતા હતા. એનો માવત ફક્કડચાચાનો જિગરજાન દોસ્ત, ઈમામને જોતાં જ એણે હાથિણીને ઊભી રાખી. એનો ઘંટનાદ સાંભળીને દોડી આવેલાં છોકરાંઓ સ્તબ્ધ થઈને ટોળું વળીને દૂર ઊભાં થઈ ગયાં.

માવતે ધીરે ધીરે ચંપાકલીને નીચે બેસાડી. ફક્કડચાચા જરા પાસે ગયા. બન્નેએ હાથ મિલાવ્યા. પરસ્પરની ખબર પૂછી. બીડીપેટીની આપલે થઈ. પાનવાળાને ત્યાંથી માગ્યા વિના ઈમામ તરફથી માવતને માટે પાન પહોંચી ગયું. ફક્કડચાચાએ માવતની બીડી સળગાવી એને માન આપ્યું. ચંપાકલી ધીરે ધીરે ઊભી થઈ ગઈ. માવતે સલામ કરીને ઘંટનાદ કરતી એ હસ્તિની મલપતી ચાલી ગઈ, હું તો જીવનનું આ અનુપમ દર્શન મુગ્ધપણે નીરખી રહ્યો તે બસ નીરખી જ રહ્યો. મારા કોમળ હૃદયમાં ફક્કડચાચા મહાપુરુષ તરીકે પ્રતિષ્ઠિત થઈ ગયા.

મોરબી નાટક મંડળીનો મુકામ એ વખતે લાંબો રહ્યો. શૃંગિઋષિનો નવો ખેલ એવો ઊપડ્યો કે મંડળીના માલિક ન્યાલ થઈ ગયા. છગનકાકાના આમંત્રણથી અમે એ નાટક જોવા ગયા

હતા. ભીડ તો કહે મારું કામ. નાટકનો પહેલો અંક પૂરો થયો. એ વિસામા વખતે એક ઠેકાણે કોલાહલ થયો. લાકડીઓ ઊછળી. દંગાએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું. ફક્કડચાચા દંડા સાથે દોડી પહોંચ્યા. લડાઈ શાંત પડી ગઈ. એ ભીડમાંથી એક કદાવર મુસલમાનને ગળચીમાંથી પકડીને ફક્કડચાચા બહાર ઢસડી લાવ્યા. રસ્તાની બરાબર મધ્યમાં ઊભો રાખીને પાંચસાત ફટકા ખેંચી કાઢ્યા. કોઈની હિંમત ન ચાલે કે એમને વારે. છગનકાકા ઈમામને બાથ ભરીને ખેંચી લાવ્યા. પછી ખબર પડી કે પેલા મુસલમાને કોઈ બાઈની છેડતી કરેલી. એ માણસ પણ ફત્તેહપુરાનો કોઈ ગુંડો હતો. પણ એની દુર્ગતિ પછી મોરબી થિયેટરના કમ્પાઉન્ડમાં ફરી એવો કોઈ બનાવ બનવા પામ્યો નહીં.

મોરબી કંપની પછી તો ચાલી ગઈ. ત્યાર બાદ એ થિયેટરમાં જે નાટ્યમંડળી આવે તેમાં ફક્કડચાચાનું ચલણ હોય જ. થિયેટરમાં જ એમનું રહેવાનું. પાસેની હોટેલમાં જમવાનું. ઘણા માણસો એમનાથી ડરે. કેટલાક એમની નિંદા કરે. ઘણા એમની ખુશામત કરે, પણ સૌથી વધારે સંખ્યા એમને વહાલ કરે. ગુંડા કહેવાતા અને મવાલી મનાતા એ માણસની વિરુદ્ધમાં કોઈને કશું જ કહેવાનું નહોતું. પ્રામાણિકતા તો ઇમામની જ. કોઈનો એક પૈસો ડુબાડવાનો નહીં. પાઈએ પાઈ ગણીને દેવું આપવાનું. જુઠ્ઠાણું તો એવું ધિક્કારે કે જુઠ્ઠું બોલનારને બાયલો કહીને જ બોલાવે. કોઈની સ્ત્રી કે માદીકરી સામે ઊંચી નજરે જોવાનું જ નહીં. બેસતા વર્ષે આવીને બાપુજીને પગે લાગવાનો ઈમામનો અચૂક નિયમ. સંક્રાંતિને દિવસે ફક્કડચાચા અમારે ઘેર જમે.

પતંગનો એમને જબરો શોખ. જાતે દોરો સૂતે અને જાતે જ પતંગો બનાવે. એમનો પતંગ કપાયો હોય ને દોરો ભલે અડધો માઈલ લાંબો પડ્યો હોય પણ એ ફક્કડચાચાનો દોરો છે એવી ખબર પડતાં કોઈ એને પકડે નહીં. પોણિયો પતંગ પદેલચી દેખાય એટલી તો એમની સેર જાય અને પેચ લડાવવામાં તો એક્કા. જેમ જેમ પેચ ઊંચા જતા જાય તેમ તેમ ફક્કડચાચા સેર છોડતા જાય. સામાનો પતંગ કાપે તોય હસે અને પોતાનો કપાય તોય હસે.

એક સંક્રાંતિએ મારા પતંગના પેચ એક આગળના ફળિયાના પતંગ સાથે થયેલા. પેચ ચાલુ હતા. ત્યાં ચાલુ પેચે આગળના ફળિયામાંથી કોઈએ લંગર નાંખીને મારો પતંગ તોડી લીધો. અમે તો બે-ત્રણ જણા દોરચકરી મૂકીને દોડ્યા પેલે ફળિયે. ત્યાં બોલાચાલી થઈ ને વાત મારામારી પર આવી. લાકડીઓ ચાલી. દરમિયાન એક જણ દોડીને આ ખબર ફક્કડચાચાને આપી આવ્યું. મને તો ખબર નહીં કે ફક્કડચાચા આવીને ઊભા છે. પણ એમને જોતાં જ સામાવાળા છોકરાઓ લાકડીઓ પડતી મૂકીને નાઠા ત્યારે મને ખબર પડી. ઈમામે મારી પીઠ થાબડી. લાકડી બરાબર ચલાવવા માટે શાબાશી આપી. પોતે જાણી જોઈને જ વચ્ચે ન પડ્યા. લડાઈ બરાબર જામી હતી એની એમણે ખુશી પ્રગટ કરી.

બેચર ઘાંચીને ત્યાં એમની બેઠક. એક દિવસ બેચર ઘાંચી પોતાના માગતા રૂપિયા ચુનીલાલ સાઇકલવાળાને ત્યાં માગવા ગયો હતો. ત્યાં ચુનીલાલે પોતાની દુકાનમાં બેચરને પૂરીને માર્યો

અને પૈસાને માટે ડીંગો દેખાડી કાઢી મૂક્યો. બેચરે આ વાત ઈમામને કહી. ઈમામુદ્દીન દંડો લઈને બેચરની સાથે આવે છે. એ સમાચાર આગળથી ચુનીલાલને કાને પડતાં જ દુકાન બંધ કરીને એ અમદાવાદ નાસી ગયો. ત્યાંથી મનીઑર્ડર કરીને બેચરના માગતા પૈસા મોકલી દીધા અને એક દિવસ છાનામાના આવીને ઈમામની માફી માગી લીધી.

અમારે ચકલે રાધા દૂધવાળીની દુકાન. એના વેપારમાં ઉધાર માલ ઘણો જાય. પરંતુ બિચારી એવા ગરીબ સ્વભાવની કે કોઈને ઊંચે સાદે કશું જ કહે નહીં. એ રાધા એક દિવસ માંદી પડી અને ત્રણચાર દિવસની માંદગી પછી મૃત્યુ પામી. એને કોઈ સગુંવહાલું નહોતું. એટલે બધા તો જોતા જ રહ્યા ને ફક્કડચાચાએ અગ્નિસંસ્કારનો ભાર ઉઠાવી લીધો. અરે! વહાલું પણ ન કરે એવું કામ તો ઈમામે રાધાને અગ્નિદાહ દઈને કર્યું. પાંચ-સાત વરસ પછી એક ગરબામાં ઈમામનું નામ રાધા સાથે જોડાઈ ગયાની વાત અમે સાંભળી. મરીને માણસ ઇતિહાસ રચે છે એ તો સાંભળ્યું હતું. જીવતા માણસની તવારીખ રચાઈ એની નવાઈ લાગી!

પછી થોડાં વરસો સુધી ઈમામની સાથેનો સંબંધ ઓછો થઈ ગયો. ઘણાં વરસ પછી મોરબી થિયેટર તોડી નાંખવામાં આવ્યું. હું પણ દસ બાર વરસ પછી પાછો શહેરમાં આવ્યો હતો. એક દિવસ એ બાજુ થઈને સાઇકલ પર પોલો ક્લબમાં જતો હતો. વિચાર આવ્યો કે લાવ ઈમામની ખબર કાઢું. બેત્રણ ઠેકાણે પૂછ્યું પણ કોઈને ખબર નહોતી. નવાપુરા સુધી પહોંચ્યો પણ કંઈ પત્તો

મળ્યો નહીં. પાછો આવતો હતો ત્યાં બેચર ઘાંચીનો છોકરો મગન મળ્યો. મગનને પૂછ્યું ત્યારે ભાળ મળી. ઈમામ બીમાર છે એમ સાંભળ્યું હતું. મગન પણ ઈમામને મળવા જ જતો હતો. અમે બંને પાછા નવાપુરાને રસ્તે ચાલ્યા. જ્યાં ઊજળી વસ્તી પૂરી થાય છે ને પછી કપડાંબાટલીવાળા વાઘરીઓનાં ઘરો શરૂ થાય છે એ લત્તામાં એક નાનીશી ઝૂંપડી પાસે જઈને અમે ઊભા રહ્યા. સમીસાંજનું અંધારું પણ નહીં ને અજવાળું પણ નહીં એવો વિચિત્ર ધૂળિયો આભાસ હતો. ગમગીની પણ જાણે મૂર્છા ખાઈને પડી હતી. ગરીબી, ગંદવાડ અને ગાળોના અવાજથી વાતાવરણ અકળાવે એવું લાગતું હતું. 'ફક્કડચાચા!' કહીને મેં ધીરેથી અવાજ કર્યો. 'ઈમામચાચા' કહીને મગને ધીરેથી બૂમ પાડી. ઝૂંપડીમાંથી એક પ્રૌઢ ઉમરની બાઈ નીકળી. બહાર આવીને એ ઊભી રહી પણ બોલી નહીં. મગને ફરીથી પૂછ્યું: 'ઈમામચાચાની તબિયત કેમ છે?'

'એ તો આજે સવારે ગયા!' બાઈએ ધીરેથી કહીને માથાનું લૂગડું જરા આગળ કર્યું. એની આંખોમાં, આખી હસ્તીમાં મોતની ઠંડક હતી.

અમે આગળ પૂછીએ તે પહેલાં જ બાઈએ કહ્યું: 'એમની છેલ્લી ઇચ્છા પ્રમાણે એમને અગ્નિસંસ્કાર કર્યા છે.'

'તમે ઇમામુદ્દીનનાં કોણ થાવ છો?' મારાથી પુછાઈ ગયું.

'તમે માનો તે બધું જ.' કહીને બાઈ અંદર ચાલી ગઈ.

અંધારામાં અમારી નજરે માત્ર દીવો દેખાતો હતો.

# વ્યક્તિ અને વિભૂતિ

દશેરાનો દિવસ. વડોદરામાં દશેરા એટલે ઉત્સવનું મહાપર્વ. દશેરાની સવારી નીકળે. એ આકર્ષણને કારણે પચીસપચાસ માઈલથી લોકો વહી આવે. એ દિવસે વડોદરા યાત્રાનું ધામ બની જાય. જીવનની ઉજાણી કરવાના અનેક પ્રયોગો થાય. અનેક લોકો એમાં ઉત્સાહ અને ઉત્સુકતાથી ભાગ લે. આસપાસ ચોમાસું સારું ઊતર્યું હોય, વરસાદે મહેર કરી હોય તો ગામડાંના લોકો મોટી સંખ્યામાં આવી પહોંચે. શહેરમાં એવો તો માનવમેળો જામે કે મૂંજી માણસમાં પણ જિંદગી જાગે.

બીજે દિવસે કરનો ઉત્સવ. તે દિવસે સોનું આપવાનો રિવાજ. આખા વરસના અબોલા હોય તો પણ તે દિવસે તૂટે. નાનાઓ વડીલોને સોનું આપીને આશીર્વાદ પામે. આ સોનું એટલે શમીનાં પાન. સોનાનું એક પ્રતીક. સાથે સાથે માણસની નમ્રતાનું નિશાન પણ ખરું. પરંતુ મને આ પર્વ બહુ ગમે અને એનું કારણ સાવ જુદું. તે દિવસે અગડમાં મેદાની અને મર્દાની ખેલો થાય. ઘોડા અને હાથીની દાગદારી થાય. જાણીતા મલ્લોની કુસ્તી થાય.

વજ્રમુષ્ટિઓની જીવનમરણની હરીફાઈ થાય. મેં આ અગડના ખેલો વિષે નાનપણમાં ઘણી રોમાંચક અને રંગદર્શી વાતો સાંભળેલી. બેત્રણ વખત મેં બાપુજીને વાત પણ કરેલી કે અગડના ખેલો જોવાની મારી બહુ ઇચ્છા છે. બાપુજીને એમાં બિલકુલ રસ નહીં. પરંતુ મારા આગ્રહને વશ થઈને એમણે એક વરસે મને અમારા ઓળખીતા નીલકંઠરાવની સાથે આ ખેલો જોવા મોકલ્યો. નીલકંઠરાવ રાજમહેલમાં દસ્તુરાત ખાતામાં નોકરી કરે. એટલે એ વખતે મને રાજકુટુંબથી થોડે છેટે, જ્યાં આ કુસ્તીઓ થાય ત્યાં, અખાડાને કિનારે જ જગ્યા મળી. મારા આનંદનો પાર નહીં.

અગડમાં જોનારાઓની ઠઠ્ઠ જામે. દૂરદૂરનાં ઝાડ અને છાપરાંઓ ઉપર પણ માણસો બેઠા હોય. પહેલી વખત હાથીઘોડાની દાગદારી જોઈને મારું તો હૈયું થરથરી ગયું. અગડના મેદાનમાં એક હાથીને છૂટો મૂકવામાં આવ્યો. હાથી પર માવત નહીં. મેં તો જિંદગીમાં પહેલી વાર માવત વિનાનો હાથી જોયો. અહા! શું મુક્ત અને મનોહરી એની ચાલ! ખાસ કલાકારોએ ચિત્રામણોથી એને રંગેલો. જ્યાં એ ડોલતો ડોલતો મેદાનમાં આવ્યો ત્યાં જ બાજુનાં દરવાજામાંથી એક ઘોડેસવાર નીકળ્યો. તેજસ્વી અને ચપળ ઘોડો. વધારે ચકોર અને બહાદુર ઘોડેસવાર. સવારના હાથમાં લાંબો ચાબુક. ઘોડો સ્વાભાવિક રીતે જ હાથીથી ડરે. અસવાર હાથીની છેક પાસે ઘોડાને લઈ જાય. પાસે જતાં જતાં તો ઘોડો નવ નેજાં પાણી ઉતારે. પાસે જઈને અસવાર ચાબુકથી હાથીને અડકે. હાથી ચિઢાય. ઘોડાનો

પીછો પકડે. અસવાર ચિઢાયેલા હાથીથી પોતાને બચાવે, અને પાછો હલ્લો કરે. આ દાગદારીમાં હાથીનું બળ અને અસવારની બહાદુરીનો સુમેળ. માણસની દક્ષતા અને ચતુરાઈ જનાવરના બળ ઉપર કેવી રીતે વિજય મેળવે તેનું આ દાગદારી અદ્‌ભુત ઉદાહરણ. પણ જોતાં જોતાં જોનારનું દિલ હચમચી ઊઠે એવી પરિસ્થિતિ આવે. અસવારના દિલની તો વાત જ શી કરવી! હાથી બેકાબૂ બનીને ચિઢાય અને ઘોડાનો પીછો જ પકડે ત્યારે અસવાર મેદાનમાંથી વિદાય લે. વીસપચીસ માણસો મોટા મોટા ચીપિયા અને દારૂખાનાથી ભરેલાં બાણ લઈને હાથીને વશમાં લે. માવત અતિશય વહાલથી મનાવીને એને જ્યારે મેદાનમાંથી બહાર લઈ જાય ત્યારે જોનારાઓના જીવમાં જીવ આવે.

પછી વજ્રમુષ્ટિઓ જીવસટોસટની સ્પર્ધામાં ઊતરે. કુસ્તીમાં માણસ ચારે ખૂણે ચીત થઈને ચતોપાટ પડે ત્યારે હાર્યો ગણાય. વજ્રમુષ્ટિઓની સ્પર્ધામાં માણસ ઊંધો પડે તો હાર્યો ગણાય એવી પરંપરા. વજ્રમુષ્ટિઓનાં કુટુંબો, જ્યાં સુધી પોતાનો ઘરનો માણસ સ્પર્ધામાંથી જીવતો પાછો ફરે નહીં ત્યાં સુધી એમનાં મન હેઠાં બેસે નહીં. ઘરની સ્ત્રી તો બિચારી ચૂડીઓ ઉતારીને બેસે એવો રિવાજ. પોતાનો પતિ અગડની સ્પર્ધામાંથી પાછો ઘેર આવે ત્યારે જ ચૂડીઓ પહેરે. ત્યાં સુધી માતાની આગળ અખંડ દીવો બાળીને પ્રાર્થના કરતી બેસી રહે. આ વજ્રમુષ્ટિઓની સ્પર્ધા ભયંકર અને જીવલેણ હરીફાઈ કહેવાય. એ કુસ્તીનો જ એક પ્રકાર. એમાં પહેલવાનો જમણે હાથે લોખંડના અણીદાર ચકચકતા નખ બાંધે. ડાબા હાથ વડે કલા અને ચતુરાઈથી સામા

માણસની નજર ચૂકવીને એને પેલા નખથી ઊઝરડી નાંખે. એમાં ટાંગનો ઉપયોગ થાય. એક હાથે થાપનો કીમિયો પણ અજમાવી શકાય. પરંતુ દૃષ્ટિની રમત ઉપર જ આખી સ્પર્ધાના જયપરાજયનો આધાર. એમાં માણસ ચતો પડે પણ ઊંધો તો ન જ પડે. જો ઊંધો પડ્યો અને ઉપરવાળાએ ગળાના પાછલા ભાગમાં પેલા નખ ઉતારી દીધા તો એનો પરાજય થયો ગણાય. આ સ્પર્ધામાં બેત્રણ વરસે, ચાર વરસે એકાદ વજ્રમુષ્ટિ ગંભીર રીતે ઘવાય અથવા ઘવાઈને મૃત્યુ પામે. એટલે આ સ્પર્ધા જેટલી ભયંકર તેટલી જ બળ અને બહાદુરીસૂચક પણ ગણાય. જ્યારે એનો પ્રારંભ થયો ત્યારે શરૂઆત તો બહુ જ રંગીન અને રોમાંચકારી લાગી. વજ્રમુષ્ટિઓના ઘાટીલા, સુંદર અને કદાવર દેહ પર કેસરચંદનનો લેપ થયો છે. એમને ઘેરથી શરણાઈનાં વાજાં એમને અગડ સુધી માનપૂર્વક લઈ આવ્યાં. કુસ્તીની સ્પર્ધા શરૂ થઈ ત્યારે પણ શરણાઈ ઢોલે મારુ રાગની રમઝટ જમાવી. પણ જેમ જેમ એ સ્પર્ધામાં ઉગ્રતા આવતી ગઈ તેમ તેમ મારું દિલ ડરતું ગયું. કુસ્તીબાજોના શરીરમાંથી નીકળતું લોહી જોઈને મારું બાલ મન લગભગ ઘેલું થઈ ગયું. પરંતુ એ જ સ્પર્ધાની અપૂર્વ બહાદુરીનું આકર્ષણ અજાણ્યે હૈયામાં એવી રીતે રોપાયું કે દેહને સ્વસ્થ, બળવાન અને મનને મસ્ત અને બહાદુર કરવાની પ્રેરણા મળી.

ત્યાર પછી આવ્યો પહેલવાનોનો વારો. પહેલાં જુવાનોની કુસ્તી થઈ ગઈ. સામસામા અખાડાના જાણીતા ગુરુઓના શિષ્યો પણ લડી ચૂક્યા. પછી આવ્યા જાણીતા પહેલવાનો. દસ મણની

કાયાના સ્વામી દુર્ગા પહેલવાનને ચાર મણના દેહધારી રામનારાયણે જ્યારે સિફતથી અને સહજ રીતે ગુલાંટ ખવડાવી ચીત કરી દીધો ત્યારે તો સયાજીરાવ મહારાજ પણ ખુરશીમાંથી ઊભા થઈ ગયા. રામનારાયણની ચપળતા અને ચતુરાઈ આગળ દુર્ગાની જડતા અને બળ બન્ને શેહ ખાઈ ગયાં.

પણ જે છેલ્લી કુસ્તી થઈ તેણે મારા હૃદયમાં આત્મશ્રદ્ધાનો છોડ રોપ્યો. એ કુસ્તીમાં વજ્રમુષ્ટિ અખાડાના ગુરુ કૃષ્ણાપ્પા અને પાણીદરવાજાના ભદ્રના અખાડાના આગેવાન રમઝુ પહેલવાનની કુસ્તી હતી. રમઝુની કદાવર કાયા જોઈને બીક લાગે! શી એની આકૃતિ! છ ફૂટ અને બે ઇંચની ઊંચાઈ. બાર સાડાબાર મણનું વજન. પળવાર હાથીને પણ ડારે એવી બહાદુરી. એના ઝનૂનથી ઘોડા ડરે. માણસોની તો વાત જ શી! રમઝુ ફરવા નીકળે ત્યારે એ જોવાની વસ્તુ હોય એમ માણસો એને જોવા ટોળે મળે. એની હાકથી ટોળું થરે થરે! એના નામથી રડતાં બાળકો છાનાં રહી જાય!

અને જુવાન કૃષ્ણાપ્પા! ઊજળો મહેકતો વાન. મીઠડો મહોરદાર ચહેરો. ઘાટીલો. તંદુરસ્તી ઝરતો દેહ, નમણી, નેહભરી આંખો. વહાલ આમંત્રે એવી આકર્ષક આકૃતિ, પાંચ ફૂટ આઠ ઇંચની ઊંચાઈ અને એને બંધ બેસે એવું જ પાંચ મણ વજન. મૂછોની નીચે મરકતા હોઠ પૌરુષની ચાડી ખાય. કૃષ્ણાપ્પાને જોતાં જ હૈયું પ્રસન્ન પ્રસન્ન થઈ ગયું. મન મહોરી ઊઠ્યું.

રમઝુ અને કૃષ્ણાપ્પા પહેલી વાર અખાડામાં ઊતર્યા હતા. સૌ

પોતપોતાની જગાએ સાવધાન થઈ ગયા. સૌને એક જ આશા હતી કે રમઝુ જીતશે. સૌને શ્રદ્ધા હતી કે કૃષ્ણાપ્પા હારશે. પરંતુ સૌની ઇચ્છા એવી હતી કે રમઝુ કૃષ્ણાપ્પાને કશું નુકસાન ન કરે તો સારું. મારા જેવા કેટલાયની એવી પણ છૂપી આકાંક્ષા હશે કે અકસ્માત થાય ને કૃષ્ણાપ્પા જીતે તો ઇતિહાસ રચાઈ જાય!

કુસ્તી શરૂ થઈ. સલામી લેતાં જ રમઝુની ખેંચથી કૃષ્ણાપ્પા છ ફૂટ ખેંચાઈ ગયા. પણ ત્યાંથી જ સિંહની જેમ લપક્યા. રમઝુ વિચાર કરે ત્યાં તો એનું માથું કૃષ્ણાપ્પાના બે પગની વચ્ચે, અને અમે જોઈએ ન જોઈએ ત્યાં તો એ બાર મણની કાયા ઊથલીને ચારેખૂણે ચીત થઈ પડી. જોનારાઓમાં આશ્ચર્ય ઊભરાઈ ગયું. મહારાજાએ કૃષ્ણાપ્પા માટે પુષ્પહાર મોકલ્યો અને એમને માટે હજાર રૂપિયા ઇનામ જાહેર કર્યું.

મારા હૈયામાં કૃષ્ણાપ્પાની મૂર્તિ બેસી ગઈ.

બાપુજીના એક મિત્ર હતા. એમનું નામ ડૉ. રાજારામ ખોત. ડૉ. ખોતને ત્યાં કૃષ્ણાપ્પા આવે જાય. એમની બન્ને વચ્ચે કુટુંબ જેવો સ્નેહસંબંધ. ડૉ. ખોત એક રીતે અમારા પાડોશી પણ ખરા. બરાબર એ જ વખતે વડોદરામાં પ્લેગનો રોગ ફાટી નીકળ્યો. કૃષ્ણાપ્પા આવીને ડૉ. ખોતને વારસિયામાં પોતાના અખાડાને મેડે રહેવા લઈ ગયા. ડૉ. ખોત રોજ દવાખાને આવે. અમારા ફળિયામાં જ્યારે આ રોગે પોતાનો ચાબખો ફેરવ્યો ત્યારે હાહાકાર વરતી ગયો હતો. ખોત દાક્તરે દવાખાને આવવાનું બંધ કરી દીધું હતું. નનામી ઊંચકવા માણસો મળતા નહોતા. એ વખતે મુડદાં લઈ જવા માટે હાથગાડીઓનો ઉપયોગ શરૂ થયો.

હાથગાડી ખેંચવા માટે નાતજાતના કે ઓળખાણ ને વગવસીલાના માણસો પણ મળવા મુશ્કેલ થઈ પડ્યા ત્યારે કૃષ્ણાપ્પાના અખાડાના પહેલવાનો મેદાને પડ્યા. સંખ્યાબંધ શબોને અંત્યેષ્ટિ-ક્રિયા માટે ઘસડીને લઈ જનારા આ પહેલવાનો સવારથી સાંજ સુધી કાળી મજૂરી કરતા. કૃષ્ણાપ્પા અમારા લત્તામાં આ કામ સંભાળતા હતા. એ સમયે કૃષ્ણાપ્પા ઘણાં કુટુંબોની આશા-અભિલાષા જેવા લાડીલા બની ગયા હતા. એ એકલા જ શબની ગાડી ખેંચીને સ્મશાને પહોંચાડતા અને એવાં તો કેટલાંય શબ આખા દિવસમાં એ અગ્નિસંસ્કાર કે દાટવા માટે લઈ જતા. અમારા એ વિભાગનું કૃષ્ણાપ્પાનું નામ ગરીબનવાજ જેવું ગરવું બની રહ્યું. અને આ જ પ્લેગના રોગમાં એમના અખાડાના ઊડીને આંખોએ વળગે એવા બે રૂપાળા નવજવાનો પણ મરણને ભેટ્યા.

ત્યારથી કૃષ્ણાપ્પા મારા અંતરમાં અભિલાષા અને આસ્થા બનીને વિરાજ્યા. એમની નિઃસ્વાર્થ સેવાની તમન્નાને એમના તંદુરસ્ત અને તાકાતવાન શરીરે જે રીતે સાર્થક કરી હતી તેની મારા ઉપર ઘણી ઊંડી અસર થઈ. પ્લૅગનો રોગ શમ્યો ત્યારે અમારા કુટુંબમાંથી બાપુજી અને મોટી બહેન સ્વર્ગે સંચર્યાં હતાં. પુરાણીના અખાડામાં જવાનો કાર્યક્રમ હું શિસ્ત અને સંનિષ્ઠાથી પાળતો હતો. દેહ, મન અને અંતઃકરણ ઉપર શ્રી અંબુભાઈ પુરાણી અને તે સમયના વડીલ બંધુઓના જીવનની અસર ઘેરી બનતી જતી હતી. પુરાણી ભાઈઓનો બાજવાડાનો અખાડો એટલે માત્ર દેહ ઘડવાનો પ્રયોગ જ નહોતો. એ તો

જીવનઘડતરનો એક અપૂર્વ પુરુષાર્થ હતો. રાષ્ટ્રીયતા અમારો ધર્મ હતો. ક્રાંતિ અમારો મંત્ર હતો. માતાની મુક્તિ અમારો આદર્શ હતો. આ આદર્શને ખાતર સુદૃઢ શરીર, ઉજ્જ્વળ મન અને ઉદાત્ત અંતઃકરણ દ્વારા સમન્વય વડે રાજ્ય કરતો પરાક્રમી આત્મા એ અમારો પુરુષાર્થ હતો. માત્ર દેહનો જ નહીં, ચેતનાનો પણ કાયાકલ્પ કરવાની આ ઉપાસના હતી.

ધીરે ધીરે બીજા એ સમયના વડીલ બંધુઓ પોતપોતાના જીવનવ્યવહારમાં પડી ગયા. અંબુભાઈ શ્રી અરવિંદના પૂર્ણયોગની સાધના સ્વીકારી પોંડિચેરી ચાલ્યા ગયા. છતાંય પાછળ મૂકેલી અખંડિત બંધુતાથી રસાયલું સંગઠન સજીવન હતું. એની સહાય અને શક્તિ વડે અખાડો સરસ ચાલતો હતો. હિંદવિજય જીમખાનાની મેદાની અને મર્દાની રમતો વખતે કુસ્તી માટે દૂરદૂરથી પણ સારા કુસ્તીબાજ જુવાનો આવતા. અમારા અખાડામાંથી પણ જુવાનો ભાગ લેતા. એ વખતે કુસ્તીમાં કેટલાક નવા દાવ પણ આપણે અજમાવવા જોઈએ એવી પણ એક માન્યતા અસ્તિત્વમાં આવી. આને કારણે કૃષ્ણાપ્પાનું જૂનું ઓળખાણ કાઢીને કુસ્તીના નવા દાવ શીખવા માટે મેં વજ્રમુષ્ટિના અખાડામાં જવા માંડ્યું. બસ ત્યારથી કૃષ્ણાપ્પાનો વધારે નિકટનો ગાઢ પરિચય થવા માંડ્યો. પંદરસો, બેહજાર દંડ આસાનીથી કાઢતા અને રામરામૈયાની ધૂન સાથે પ્રસન્નતાથી પરસેવાની આકૃતિ પાડતા કૃષ્ણાપ્પા, પહેલવાન કરતાં જીવનના પરમ પુરુષાર્થી વધારે લાગતા. એમની નિઃસ્વાર્થી સેવાભાવના અને બાલસહજ નિર્દોષતા પૂજ્યભાવ જગાડે એટલી સ્વાભાવિક

હતી. એટલે કૃષ્ણાપ્પા જીવનમાંથી પરાક્રમનો જે પ્રસાદ મળ્યો એણે મારા ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સવારી, ઊલટી, ઉખાડ, પાંજરાપોળ અને ઉડ્ડીના દાવો નવા પેચ અને પેંતરા સાથે શીખીને હું પાછો મૂળ અખાડામાં આવી ગયો.

પછી જીવનવ્યવહાર વધારે દુન્યવી થતાં અને સંઘર્ષની ઉત્કટા વધતાં અખાડો ધીરે ધીરે છૂટતો ગયો. કૃષ્ણાપ્પાને મળવા પણ હું અવારનવાર વારસિયાના વજ્રમુષ્ટિના અખાડામાં જતોઆવતો અને જ્યારે અમે મળતા ત્યારે એમના નિષ્કલંક સ્મિત પાસેથી હું હંમેશાં જીવનની તાજગી પામતો. એમ કરતાં કરતાં ઈ. સ. 1932માં વડોદરા છોડ્યું. ઈ. સ. 1941માં પાછો આવ્યો ત્યારે વડોદરામાં અખાડાઓની આખી પ્રવૃત્તિઓમાં ઓટ આવી હતી. કૃષ્ણાપ્પાનો અખાડો પણ ડગુમગુ ચાલતો હતો. એમનો મધ્યાહ્ન પૂરો થયો હતો. સંધ્યા ઊતરવાની તૈયારી હતી.

એક દિવસ અચાનક ખબર પડી કે કૃષ્ણાપ્પા બીમાર છે. જઈને જોયું તો વાતાવરણ સાવ બદલાયેલું. પહાડ જેવો માણસ તરણા જેવો અશક્ત બનીને સૂતો હતો. બીમારીમાં સારવાર કરનાર માણસોની પણ તૂટ હતી. દવાદારૂની વ્યવસ્થા નહોતી. આ બધી વ્યવસ્થા કરી કરાવીને અમે પાછા ફર્યા. રોજ તો ખબર કઢાતી નહોતી પરંતુ અવારનવાર ખબરઅંતર જરૂર નીકળતી. એક સવારે માણસ હાંફતો હાંફતો આવીને સમાચાર આપી ગયો કે કૃષ્ણાપ્પા ગયા.

બધું કામકાજ પડતું મૂકીને દોડ્યો વારસિયા. કૃષ્ણાપ્પા અંતિમ નિદ્રામાં સૂતા હતા. મુખ પર એ જ સ્મિત હતું – નિષ્કલંક

અને નમણું. પરંતુ પરિસ્થિતિ કરુણ હતી. નનામી ઊંચકનારા પૂરા માણસો નહોતા. જે વિશાળકાય પુરુષ અસંખ્ય શબોને એકલે હાથે સ્મશાનમાં લઈ જઈને અંત્યેષ્ટિ સંસ્કાર કર્યા હતા તેના જ શબને ઉઠાવનાર આજે પૂરા ચાર માણસો નહોતા! પાછો શહેરમાં આવીને બેત્રણ મિત્રોને તેડી ગયો. સ્મશાનમાં જ્યારે એમના શબને અગ્નિસંસ્કાર થતા હતા ત્યારે અંતરમાં સમસ્યાઓના ગૂંચળાં વળ ખાતાં હતાં. કૃષ્ણાપ્પાના અખાડામાં દેહનો કાયાકલ્પ કરવાનો પુરુષાર્થ થયો હતો અને ત્યાં જ એના કીમિયાગરનું કરુણ મૃત્યુ થયું.

દેહનો કાયાકલ્પ વ્યક્તિ ઘડે છે. ચેતનાનો કાયાકલ્પ વિભૂતિ સરજે છે. એક હોય તે વ્યક્તિ. એ સર્વમાં ઊતરે ત્યારે વિભૂતિ. આમ વ્યક્તિ અને વિભૂતિના ભેદવિભેદ પણ સાક્ષાત્ થયા.

# અપંગ અંતરનિષ્ઠા

ગયા વરસની વાત છે. આસો સુદ આઠમનું સવાર હતું. હું ફરવા નીકળ્યો હતો. વર્ષાના ભીંજાયલા દિવસો પછી શરદનું આ સવાર સ્વચ્છ લાગતું હતું. વાતાવરણમાં તાજગી હતી. પહોળા રસ્તાની બન્ને બાજુનાં વૃક્ષોની સાથે મારી ઓળખાણ હતી. પણ જ્યાંથી ગોળ ચક્કર શરૂ થાય છે ત્યાં આગળના એક લીમડા સાથે મારે વિશેષ સંબંધ હતો. સંતની જેમ વૃક્ષોનો સમાગમ પણ શાંતિ આપે છે. મારો આ અનુભવ હતો. પરંતુ આ અનુભવમાં આનંદનો રોમાંચ પૂરનાર હતા જીવણભગત. ભગત પ્રજ્ઞાચક્ષુ હતા અને મારા મનગમતા લીમડા હેઠળ એમની બેઠક હતી. કોઈનોય પગરવ સંભળાય એટલે ‘ભગવાન તમારું ભલું કરો’નું વાક્ય ભગતના મુખમાંથી નીકળી પડતું. વટેમાર્ગુઓમાંથી ઘણા સાંભળ્યું ન સાંભળ્યું કરીને ચાલ્યા જતા. કોઈ વળી ભગત ભણી અછડતી નજર નાંખીને રસ્તે પડતું. કોઈ વળી દૃષ્ટિમાં કંઈક સહાનુભૂતિ ફેંકીને આગળ વધતું. પરંતુ વિરલ કોઈ અંતરના સમભાવથી દોરાઈને ભગતના અવાજની સાથે તણાઈ આવતું,

એમની ઉઘાડી અંજલિમાં પાઈપૈસો મૂકીને ચાલવા માંડતું. કેટલાક જાણીતા વટેમાર્ગુના અવાજને ભગત ઓળખતા અને આવકારતા. કોઈ કોઈના પગરવને પણ એ પિછાણતા.

મારે મન જીવણભગત માત્ર અંધ ભિખારી નહોતા. કોઈ ટૂંકી વાર્તાનું પાત્ર પણ નહોતા. મને એ જીવનરહસ્યને પામવા મથતા મરમી લાગતા. પણ મારી પાસે એનો પુરાવો નહોતો. મારી એ લાગણી હતી. લાગણીને વળી પુરાવો કેવો? એનું તો પરિણામ હોય. આજે સવારે પણ એમણે મારા પગરવને ઓળખ્યો અને સમસ્ત મુખમંડળને સ્મિતથી સંસ્કારીને ભગતે મારું સ્વાગત કર્યું. મારી લાકડીનો ટેકો મૂકીને કંઈક આશરાનું આશ્વાસન પામીને ભગતની સામે ઊભો રહ્યો. આજે પ્રમાણમાં કંઈક વહેલો ફરવા નીકળ્યો હતો. લીમડાની નીચે ભગતને મળવાની અપેક્ષા નહોતી રાખી, કારણ કે ભગત નવેક વાગે આવતા અને છેક સમી સાંજે ચાલ્યા જતા. કોઈ અજાણ્યા ઝરણાની જેમ ક્યાંકથી આવતા અને ક્યાંક ચાલ્યા જતા. એટલે આશ્ચર્ય પામીને મેં પૂછ્યું :

"કેમ ભગત, આજે વહેલા વહેલા?"

"બાપુ, આજે નવરાતરની આઠમ છે. પાવાગઢ જનારા સંઘો આજે આ રસ્તે નીકળશે એટલે વહેલો આવ્યો છું." ભગતનું સ્મિત ખીલી ઊઠ્યું.

"ભગત, તમારે મને બાપુ ન કહેવું. મારે તમને બાપુ કહેવા જોઈએ એટલી તમારી ઉંમર અને સમજણ છે." મેં નમ્રતાથી જીવણભગતને કહ્યું.

"સમજણ હોય પણ જીવતાં ન આવડતું હોય તો ઉંમર શા કામની, બાપુ?" ભગતના અવાજમાં અનુભવનો રણકાર હતો.

"પણ ભગત, તમારે મને ભાઈ કહેવો," મેં ભગત પાસે વિનંતી ધરી.

"તમને એનાથી આનંદ થતો હોય તો ભાઈ કહીશ હવે." બહુ જ સ્વાભાવિકતાથી ભગતે મારી વિનંતી સ્વીકારી લીધી એનો મને આનંદ થયો.

આ આનંદે અંતરનાં બારણાં ઉઘાડી નાખ્યાં એટલે મેં પૂછ્યું : "ભગત, રાતે તમારે ત્યાં ખાવાપીવાનું કોણ કરે છે? તમારાં વહુ છે ને?"

આ સવાલે ભગતના મુખ પરનું સ્મિત હરી લીધું. મને એનો રંજ અને સંકોચ બન્ને થયાં. મારા મુખ પરના આ ભાવો પામીને જ જાણે ભગતે કહ્યું : "ભાઈ, આજથી પંદરેક વરસ ઉપર એ મને મૂકીને ચાલી ગઈ છે, ભગવાનના દરબારમાં. એ જીવતી હતી ત્યાં સુધી તો એ મને દોરીને મજૂરીએ લઈ જતી અને સાથે કામ પણ કરવા લાગતી. અમે પેટ ભરવા જેટલું મેળવી લેતાં. પણ એના ગયા પછી મને દોરનારું કોઈ રહ્યું નહીં. મજૂરીએ કોઈ રાખે નહીં. એટલે ભગવાનને નામે કોઈ ખુશીથી કંઈ આપે તો લેવું એવો નિયમ રાખીને અહીં આ લીમડા હેઠળ પંદર વરસથી બેસું છું. દસેક વરસથી તો તમેય જુઓ છો. ભાઈ, જનારી સતી હતી સતી. એને યાદ કરી કરીને હું મારા દહાડા કાઢું છું."

આટલું બોલી રહ્યા ત્યાં તો ભગતની બંધ આંખોમાંથી આંસુ સરી પડ્યાં. એમણે એ લૂછ્યાં પણ નહીં. ગરીબ સદાચારીનું મુખ

આંસુથી ભીંજાઈને શીલનો પ્રકાશ ધારી રહ્યું. અમે બન્ને મૂંગા હતા. એટલામાં માતાના સંઘના ડાખલાના અને ઝાંઝના આવાજે અમારું મૌન તોડ્યું.

"ભાઈ, સંઘ આવવા માંડ્યો," ભગતે હવે આંસુ લૂછી નાંખ્યાં.

સંઘ પાસે આવતો હતો. આગળ ઢોલી હતા. એમને શરણાઈનો સાથ હતો. પાછળ માતાનો રથ આવતો હતો. ગળામાં ફૂલના હાર, હાથે ફૂલના ગજરા, કપાળે કંકુની આડ, એક હાથમાં સાંકળ પકડીને બીજા હાથે માતાજીનો રથ ખેંચતો રથી ચાલતો હતો. એની પાછળ માણસોનું ટોળું હતું એમાં માતાજીનાં સ્તવનો ગવાતાં હતાં અને એ સ્તવનોને ડાખલાનો કરુણ તાલ કંઈક રહસ્યમયતા આપતો હતો. પાછળ સ્ત્રીઓ માતાના જવારા લઈને નવરાત્રિનાં ગીતો ગાતી ચાલતી હતી.

બરાબર અમે હતા ત્યાં રસ્તા ઉપર જ પેલા માતાના રથ ચલાવનાર રથીએ "હો હો હો" કહીને ધૂણવા માંડ્યું. એના લાંબા વાળ ચારે તરફ વીખરાઈ વળ્યા અને પોતાના હાથની સાંકળ વડે એણે પોતાના બરડા ઉપર જ ચાબખા લગાવવા માંડ્યા. ઢોલીનો અવાજ વધ્યો, શરણાઈના સૂર વધારે તીવ્ર થયા અને ડાખલું ગરજી ઊઠ્યું. પેલા રથીએ વધારે જોરથી સાંકળોના ચાબખા પોતાના બરડામાં લગાવવા માંડ્યા. ત્યાં તો "ખમા મા"ના અવાજો કરતી બેત્રણ સ્ત્રીઓ આગળ દોડી આવી અને માતાના રથ આગળ પાલવ પાથરીને કરગરી પડી. રથીએ ચાબખા મારવા બંધ કર્યા. સ્ત્રીઓ ચાલી ગઈ.

એટલામાં ભગતે મને કહ્યું : "ભાઈ, મને પેલા રથ પાસે લઈ જાઓ છો?"

હું એમને દોરીને માતાના રથ પાસે લઈ ગયો. લાંબા થઈને ભગત પગે લાગ્યા અને ઊઠીને રથની રજ માથે ચઢાવી. પોતાના ગજવામાંથી સવા રૂપિયો કાઢીને એમણે રથીને આપ્યો અને કહ્યું : "બાપા, માતાજીને કાલે નોમે, મારી મણિને નામે પરસાદ ધરાવજો. ચાલો, ભાઈ," કહીને ભગતે હાથ લાંબો કર્યો. હું એમને દોરીને પાછો લીમડા હેઠળ લઈ આવ્યો. પાવાગઢ જનારો માતાજીનો સંઘ આગળ વધ્યો. હું મૂંગો હતો.

ભગતે મૌન તોડ્યું : "ભાઈ, દર વરસે નવરાતરની આઠમે હું એ મારી સતીને નામે સવા રૂપિયાનો પરસાદ સંઘ સાથે પાવાગઢ માતાજીને મોકલું છું. ભાઈ, એ તો સતી હતી સતી." ભગતના મુખ ઉપર ધીરે ધીરે સ્મૃતિ પથરાઈ ગઈ. એમાંથી સ્મિત ઊઠ્યું અને આખું મુખમંડળ આનંદથી ઉલ્લસિત થઈ રહ્યું.

એમને એ સુખમાં મૂકીને મેં કહ્યું : "આવજો ભગત." અને હું પાછો ફર્યો. હું મને અંતરનિષ્ઠાનો ઉપાસી માણસ માનતો હતો. આજે મારી નિષ્ઠા મને અપંગ લાગી. મેં ધાર્યું કે ભગત આજે વહેલા એટલા માટે આવ્યા હતા કે પાવાગઢ જનારા સંઘમાંથી એમને રોજ કરતાં કંઈક વધારે મળે. પરંતુ એમના વહેલા આવવાનું કારણ તો પોતાની પ્રિય પત્નીની સ્મૃતિમાં સંઘ દ્વારા માતાજીને સવા રૂપિયાનો પ્રસાદ મોકલવાની જ અંતરેચ્છા હતી અને એ જ્યારે ફળી ત્યારે ભગતની પ્રેમભાવના કેવી ધન્ય થઈ એ મારી આંખોએ જોયું અને હૈયાએ અનુભવ્યું.

ત્યારે, માણસને પોતાની સન્નિષ્ઠાનો પણ કેવો સૂક્ષ્મ અહંકાર હોય છે એની કરુણ પ્રતીતિ મને થઈ.

# બે આંખો

માનવીની બે આંખોનું અસ્તિત્વ એ નગદ સત્ય છે. એનું કામ કાવ્યમય અને કમનીય છે એ અર્ધસત્ય છે. એ હંમેશાં બૂરું જ જુએ છે એ અસત્ય છે આવી આ કૌતુકપ્રિય અને કલ્પનાશીલ આંખોનો લીલાવિસ્તાર મુંબઈમાં જોવાની મજા આવી. ઉત્સવ તો હતો સાંસ્કૃતિક સ્વાતંત્ર્યની પરિષદનો. દિલ્હીમાં મૂળ તો એ મળવાની હતી. પણ સરકારે શાંતિ પરિષદના દિલ્હીમાં ભરાવા સામે પ્રતિબંધ મૂક્યો તેના પરિણામે આ પરિષદને પણ મુંબઈમાં મળવું પડ્યું. મુંબઈના મેયર સદોબા પાટીલે આ આકસ્મિક સ્થળાંતરનો લાભ લઈને પ્રતિનિધિઓને કોર્પોરેશનમાં ચા પીવા બોલાવીને સાંત્વના આપી કે મુંબઈ જ આવા ઉત્સવ માટે સુયોગ્ય સ્થળ છે. ઉત્સવના મંત્રી વાત્સાયને ફરિયાદ કરી કે સ્થળ ભારે ખર્ચાળ નીવડ્યું અને એમણે ખુલ્લી પરિષદમાં દાનપેટીઓ ફેરવી. મદારીની સમયસૂચકતા વાપરીને એ સાંજના પ્રમુખ સાલ્વાડોર મડેરીઆગાએ લોકોને દાન આપવાની સરળતા માટે પાંચ મિનિટનો વિરામ આપ્યો.

પરિષદ તો ખુલ્લી મૂકીને આપણા ખોરાકમંત્રી મુનશીએ સંસ્કૃતિ સાથેનો પોતાનો સંબંધ પુરવાર કર્યો. સંસ્કૃતિએ હજી એમનો સાથ નથી છોડ્યો એ વાત ફેંકીને એ દિલ્હી ચાલતા થયા. ઊઘડતી પરિષદના પ્રમુખ તરીકે બોલેલા જયપ્રકાશ ખૂબ થાકેલા લાગતા હતા. બિહારનો ભૂખમરો જોઈને આવેલા એ સમાજવાદી સંસ્કારી માણસનું મન સંસ્કૃતિની કે સાંસ્કૃતિક સ્વાતંત્ર્યની વાતોમાં ખૂપતું જ નહોતું. પોતાને ભારતીય તવારીખના વિદ્યાર્થી ગણાવીને એમણે સંસ્કૃતિના પ્રવાહને પ્રત્યાઘાતને અણસારે વહેતો જોયો. એટલે ભૂખમરાની કેડે બેસીને આવનારા સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય વિષે પોતાનું દુઃખ જ એમણે તો પ્રગટ કર્યું. આવી શરૂઆતમાં સ્વિસ પ્રતિનિધિ રુઘમોએ વળી એક સ્પષ્ટતા કરી. આ સમારંભ ઍંગ્લો-અમેરિકન બ્લોકનો અવાજ નથી કે એના આધારનો ટેકો પણ નથી, એ વાત કહીને એમણે ઊલટી એ વિષેની શંકાને સ્પષ્ટ કરી. આ શંકાનો પડઘો પ્રતિનિધિઓની બેઠક વખતે પડ્યો. એક હિંદી પ્રતિનિધિએ જયપ્રકાશની ઉપમા વાપરીને કહ્યું કે રશિયા અને અમેરિકામાં કોણ વરુ છે અને કોણ ભરવાડ છે તેની અમને ખબર નથી. એટલે કોણ ખાશે અને કોણ નહીં ખાય એના ઝઘડામાં આપણે શીદને પડીએ? આપણે ઘેટાં છીએ એ સત્ય જ આપણે માટે પૂરતું હોવું જોઈએ. ખાવા જેવો માલ આપણે હોઈએ તો ગમે તે ખાઈ જાય. ભરવાડ અને વરુની રમતમાં ઘેટાનું તો મોત જ છે. એટલું સ્વીકારીએ તોપણ આપણો સવાલ કંઈક અંશે સ્પષ્ટ બની જાય છે. પણ ઘેટાં એ વાત માને ખરાં?

પહેલા દિવસની ખુલ્લી બેઠક પછી પ્રતિનિધિઓ ચાર જૂથમાં વહેંચાઈ ગયા. સંસ્કૃતિના પાયાની અને આદર્શની વિચારણા અને ચર્ચાનું પહેલું જૂથ. એના પ્રમુખ હતા ભારતસેવક સમાજવાળા પી. કોદંડરાવ અને મંત્રી હતા શ્રીઅરવંદિ આશ્રમવાળા Mother Indiaના તંત્રી કે. ડી. શેઠના. સ્વાતંત્ર્યનું સંયોજન એ વિભાગના પ્રમુખ હતા સમાજવાદી આગેવાન અશોક મહેતા અને એના મંત્રી દળવી હતા. સાંસ્કૃતિક સ્વાતંત્ર્યનાં ભયસ્થાનોવાળા જૂથના આગેવાન હતા નાટારંગી મીનુ મસાણી. કલા અને સાહિત્યના આધુનિક પ્રવાહોની વિચારણા કરનાર વિભાગના પ્રમુખ ભારતી સારાભાઈ અને મંત્રી રાજારામ હતા. બે દિવસની ચર્ચાઓ દરમિયાન તમે એક એક કલાક પણ દરેક જૂથમાં ગાળો તોય એક વાત તો આનંદ આપનારી હતી – આપણાં હિંદી બુદ્ધિશીલ ભાઈબહેનો ગંભીરતાથી આંતરરાષ્ટ્રીય અને માનવતાના દષ્ટિબિંદુથી જગતના નકશામાં પોતાને મૂકીને વિચાર કરતા હતા. જીવનમાં મથામણ અને મંથન હોવાં એ વિકાસની આગાહી છે. આ આગાહી લઈને આવનાર વિદેશી સમભાવી પ્રતિનિધિઓમાંથી અંગ્રેજી કવિ સ્ટીફન સ્પેન્ડરની બે આંખોએ કામણ કર્યું. આમ તો સોવિયેટની વૈજ્ઞાનિક સિદ્ધિઓને પડકારનાર નોબેલ ઇનામના વિજેતા પ્રોફેસર મૂલર પણ ગમે એવા માણસ હતા. સ્વભાવે, શરીરે અને પ્રગટીકરણે તદ્દન અમેરિકન એવા નોરમન થોમસની વાચાળતાનું આકર્ષણ જબરું નીવડ્યું. નીગ્રી સમાજવેત્તા મેક્સ યેરગનની નટવિદ્યાએ અસર કરી તેના કરતાં વધારે તો રમૂજ

ઉપજાવી. સોવિયેટ કેદીથાણા (કોન્સન્ટ્રેશન કૅમ્પ)માંથી છટકી આવેલા ઇઝરાઇલના વતની પ્રોફેસર જુલિયસ મારગોલીનના નિવેદનનો આ પરિષદનાં સોવિયેટ વિરોધી તત્ત્વોએ ઝડપી લાભ ઉઠાવ્યો. અને હિબ્રુમાં લખાયલા નિવેદનનું અંગ્રેજી રૂપાંતર આ ઉત્સવના સૂત્રધાર મિનુ મસાણીએ વાંચ્યું. એમાં પરિષદના ઘણા શંકાવાદીઓને ઠીક ઠીક ઔચિત્ય દેખાયું.

પણ હા, ઓડેનને જોઈને એની કલ્પેલી મૂર્તિ વિલીન થઈ ગઈ. મારી કલ્પના હતી કે એનો અવાજ સ્થિર, સત્ત્વશીલ અને ગભરુ હશે. એની આખોમાં લજ્જા અને લાવણ્ય હશે. એની બાનીમાં કાવ્યમય વેધક ક્રાંતદષ્ટિ હશે. જીવનયુદ્ધે ચઢેલો એ અંતરયાત્રી કવિ છે એવો કવિ દેખાતો પણ હશે. પણ મારી એ છબી એને જોઈને ભૂંસાઈ ગઈ. આ કવિની ગહનતાને અમેરિકાની વિશાળતા જાણે બાથ ભરીને અકળાવી રહી છે. સ્વાભાવિક કવિમાંથી ઓડેન જાણે સંસ્કૃત સદ્‌ગૃસ્થાઈ તરફ ધસી રહ્યો છે એવી અમંગલ લાગણી થઈ આવી.

સિનોર સાલ્વાડોર મડૅરીઆગાએ નવી જ મૂર્તિ નિપજાવી. પાકટ વય તરફ ધસતા પણ સ્વભાવથી જુવાન મડૅરીઆગા સાહિત્યકાર કરતાં રાજદ્વારી વધારે લાગે એવાં એમનાં કારસ્થાન દેખાયાં. એમની સૂક્ષ્મ અને સુસજ્જ બુદ્ધિનો ઉપયોગ આખરી ઉકેલ કરતાં સમન્વિત સમાધાન તરફ થયા જ કરે અને છતાં પાયાનો સવાલ ઊભો થાય ત્યારે જરાય નમતું ના આપે એવા આ વિલક્ષણ માનવીએ આખા ઉત્સવનો રંગ રાખવામાં બહુ મોટો ભાગ ભજવ્યો. એમણે કહ્યું કે દુનિયાનું ઘર આ દેશ

કે પેલો દેશ, પૂર્વ કે પશ્ચિમ કોઈ નથી અને ક્યાંય નથી. દુનિયાનું ઘર, એનો વિસામો તો નમ્ર અને નિષ્ઠાવાન માણસની બે આંખો છે. આ બે આંખોને શોધી કાઢનાર મડૅરીઆગાની બે આંખોએ પણ ઘણો જાદુ દેખાડ્યો.

જેમ્સ બર્નહામની ઊંડી, વેધક અને સ્પષ્ટ વિચારણાએ સાંભળનારાઓનાં મન જીતી લીધાં. બર્નહામ એના સાચા અર્થમાં બૌદ્ધિક હતા તેવા જ પ્રગટ થયા. એમનું હવા બાંધવાનું કૌશલ એમની લાંબી અને સતત મથામણનું પરિણામ હતું. એમની વિચારણાની સ્પષ્ટતા એ પોતા તરફની વફાદારીનું પ્રતીક હતું. નિર્ભયતા છતાં નમ્રતા એ એમની વાણીનું મુખ્ય લક્ષણ હતું.

પણ પ્રેમ કરવા જેવો માણસ તો એક સ્પેન્ડર જ લાગ્યો. મારા એક કવિમિત્રે છુટકારાનો દમ ખેંચ્યો કે સદ્ભાગ્યે એ નારીજાતિ નહોતા અને એ મિત્રને હું દોષ ન દઈ શકું. ‘એકાંતની છીપમાં સંસ્કૃતિનું મોતી’ મૂકનાર આ કવિમાં આરપાર સન્નિષ્ઠાનું સૌન્દર્ય વિલસે છે. કોઈ પણ ભાવ માટે સાચો અને સુયોગ્ય શબ્દ શોધવાની એમની મથામણ લો, પોતાની કવિતા વાંચતી વખતે એમના મુખ પર રમતી ગભરુ નિર્દોષતા લો કે વાતચીત કરતી વખતે સ્વાભાવિક રીતે જ પ્રગટ થઈને આકર્ષી લેતી આદમિયતની સુગંધ લો, સ્પેન્ડર આપણને એની સચ્ચાઈ માટે પ્રેમ કરવા જેવો જ માણસ લાગે. કવિ હોવા છતાં જીવનના પાયાના પ્રશ્નો માટેનું એનું સુરેખ દર્શન અને એને વિષે કોઈ પણ સમાધાન ન સ્વીકારવાની એની નિર્ભય સત્યપ્રિયતા આપણને એની જીવનસાધના વિષે સન્માન જ પ્રેરે. રગરગમાં કવિની

પિછાન આપતા સ્પેન્ડરને મળીને મન મહોર્યું અને અંતર પ્રસન્ન થઈ ગયું.

સાંસ્કૃતિક સ્વાતંત્ર્યના આ આખા ઉત્સવમાં કેટલા અને શા ઠરાવો થયા, કેવું પાયાનું જાહેરનામું થયું, તેમાં મારું બહુ ધ્યાન ન ગયું. કોનો કયો ઉદ્દેશ આમાં બર આવ્યો અને કોને કેટલો લાભ મળ્યો એની પણ પરવા ન રહી. પરંતુ કેટલાક સાચા માણસોને મળીને જિંદગીએ તાજગી મેળવી એ જ લાગણી મારા અંતરમાં સપીપરી બની રહી.

# જીવનનું કાવ્ય

ઘણાં વરસ પછી અમદાવાદથી બપોરે બાર ને વીસે ઊપડતી ગાડીમાં નીકળવાનુ થયું. દર વખતે રાતે ગજુ રાત મેઈલમાં અને બહુ થાય તો સવારે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં નીકળવાનું થતું હોવાથી આ સાડાબારની લોકલનું વાતાવરણ કંઈ ક નવું લાગ્યું. પ્રવાસ કરનારાં અને પ્લૅટફૉર્મ ઉપર ફરનારાં બન્ને માણસોની કોટિ જુદી, ફેરિયાઓની ધીમી ગતિ અને દેખાઈ આવે એવી સ્પષ્ટ નિરાશા, ગાર્ડ અને ટિકિટ માસ્તરોની બેફિકરાઈ જોઈને આપણને એમ જ થાય કે ગાડી આજે તો નહીં જ ઊપડે. ગાડીમાં અને બહાર ઘોંઘાટ, ગંદવાડ અને આળસના વિવિધ રંગોનું પ્રદર્શન જોઈને આપણને બેચેની થાય. મને એમ જ થયું કે હું ક્યાં આ ગાડીમાં આવી ભરાયો! ત્યાં તો વીસપચીસ મિનિટની વધારે રાહ જોવડાવીને એ લોકલ આખરે ઊપડી. બીજા વર્ગના ડબ્બામાં બારેજડી, મહેમદાવાદ કે નડિયાદ જતા અમદાવાદી કમિશન એજંટોએ ઘોરવાનું શરૂ કરી દીધું. મારા મનને કંઈ ચેન પડતું નહોતું. મેં કાંકરિયા ભણીની દિશાએ જોઈને દૃષ્ટિને

કંઈક આરામ આપવાનો પ્રયત્ન કર્યો. પણ મિલોનાં ભૂંગળાંમાંથી નીકળતા ધુમાડાથી છવાયલા વાતાવરણથી ઘનઘોર થયેલું આકાશ વધારે ઘેરાયેલું લાગ્યું. દિવસ હોવા છતાં સંધ્યાકાળનો આભાસ થતો હતો. એટલામાં ગાડી મણિનગર આવીને ઊભી રહી. કંઈક પવન આવે એ હેતુથી અને કંઈક માણસોનો મેળો જોવાની દૃષ્ટિથી હું આખું બારણું ખોલીને ઊભો હતો. ત્યાં તો એક જુવાન દૂધવાળી ભરવાડણ માથે બે ખાલી પિત્તળના દેગડા લઈને આવી પહોંચી. ત્રીજા વર્ગમાં માણસોની ભીડ ઘણી હતી. લોકો ઉઘાડાં બારણાં રાખીને બહાર ટિંગાયેલા હતા. આ બાઈએ આવીને અમારા બીજા વર્ગના નીચેના પગથિયા ઉપર અંદર બેય દેગડા સરકાવી દીધા અને પોતે ઉપરના પગથિયે એવી રીતે પગ લટકતા રાખીને બેઠી કે દેગડાને આડ મળે અને ગાડીના ધક્કાથી એ નીચે ન પડી જાય. ગાડી ઊપડી. એણે વેગ પકડ્યો. દૂધવાળી બાઈએ બે હાથે બે બાજુના લોખંડી સળિયા પકડ્યા હતા. પુરુષ પણ ભાગ્યે જ બતાવે એવી હિંમત આ બાઈએ બતાવી હતી. જરાક સમતુલા ચુકાય તો બાઈ નીચે પડી જાય અને ગાડીની નીચે આવીને એનો દેહ પિસાઈ જાય એવી ચોક્કસ સંભાવના હતી. એટલે મેં ડરીને કહ્યું: ‘બહેન, ઉપર આવી જાઓ.’

દક્ષિણના પવનને પોતાની પીઠ પર ઝીલીને એણે જવાબ આપ્યો: ‘ભાઈ, ટિકિટ થડ કલાસની છે.’

‘પણ બહેન, તમે સંભાળીને બેસજો. આ તો આગગાડીનું કામ છે.’ મેં ચિંતા બતાવી.

‘ભાઈ, રામ રાખે તેને કોણ ચાખે?’ એણે મારા તરફ જોયા

વિના જ જવાબ આપ્યો અને ગરદન હલાવીને પોતાના વાળ પાછળ નાંખ્યા.

શું આ બાઈનો આત્મવિશ્વાસ હશે!

એટલામાં વટવા સ્ટેશન આવ્યું. ગાડીની ગતિ ધીરી પડી. અમારો ડબ્બો આવીને ઊભો રહે તે પહેલાં જ નીચે ઊભેલા એક જુવાન ભરવાડે આ બાઈને અધ્ધરથી ઊંચકી લઈને છાતી સરસી ચાંપીને નીચે ઉતારી દીધી. ગાડી ઊભી રહી તે પહેલાં જ બન્ને જણાં બે દેગડા લઈને હસતાં હસતાં ચાલતાં થયાં.

દામ્પત્યનું નીરોગી સૌન્દર્ય આજે વિરલ થઈ પડ્યું છે. એવા આ આકરા સંઘર્ષ અને સંગ્રામના સમયમાં આ શુદ્ધ અને શ્રમજીવી દંપતી સ્વાભાવિક જીવનનું પ્રતીક બનીને ઉપમા જેવાં રંગદર્શી બની રહ્યાં.

## અને કદરૂપતા

એ જ બાર ને વીસની લોકલ નડિયાદ આવીને ઊભી રહી. મહેમદાવાદ ક્યારે આવ્યું અને ગયું તેનું મને ભાન ન રહ્યું. મારા મનની આંખો આગળ પેલા ભરવાડ દંપતીનું ચિત્ર કોતરાઈ રહ્યું હતું. પેલા જુવાન પુરુષે પોતાની પ્રિયતમાને હળવે ચાલતી ગાડીએથી છાતી સરસી ચાંપીને બાથ ભરીને ઉતારી લીધી એ દૃશ્ય જીવનનું અનુપમ કાવ્ય બનીને મારી આંખોમાં ઊતરીને અંતરમાં બેઠું હતું. મારી એ કાવ્યસમાધિ તોડવાનું પાપ એક બહેનને ફાળે ગયું. નડિયાદથી ગાડી ઊપડી તે જ વખતે એક જુવાન બહેન ખભે એક ચામડાની સુશોભિત બૅગ લટકાવી,

હાથમાં એક ફૅશનેબલ પેટી સાથે દાખલ થયાં. બારીમાંથી એમણે નીચે ઊભેલા એક છોકરા જેવા લાગતા પુરુષને કહ્યુંઃ 'જોજો, ગાડી ચાલે છે, તમે નીચે ઊતરી જાઓ.' પેલો છોકરો નીચે ઊતરી પડ્યો અને ગાડીની સાથે ચાલવા લાગ્યો. 'હું એમ. એ.માં ગુજરાતી લેવાની છું. તમે નિરંજનકાકાને કહેજો કે એ પ્રોફેસરને મારે માટે ભલામણ લખે.'

'જરૂર કહીશ. એ ન હોત તો તું બી.એ.માં પાસ ક્યાંથી થાત?' પેલા છોકરાએ ગાડી સાથે દોડતાં કહ્યું.

છોકરીએ બારીમાંથી હાથ કાઢ્યો. છોકરાએ હાથ લીધો ન લીધો ત્યાં તો ગાડીના વેગે બન્ને હાથ છૂટી ગયા. પેલી છોકરીએ રૂમાલ હલાવીને પેલા અડધા નિરાશ છોકરાને અડધી આશાનો સંદેશ આપ્યો.

ઉત્તરસંડા આવ્યું. ટિકિટ તપાસનાર અમારા ડબ્બામાં ચઢી આવ્યો. બેત્રણ અમદાવાદી, મહેમદાવાદ – નડિયાદ ઊતરી ગયા હતા. ચારેક નડિયાદી નવા ચઢ્યા હતા. અમે સૌએ ટિકિટ દેખાડી. પેલાં બહેને પણ દેખાડી.

'બહેન, આ તો આણંદની ઇંટરની ટિકિટ છે. એક્સેસ આપો.' ટિકિટ તપાસનારે કહ્યું.

'એક્સેસ શાનો આપું? હું સ્ટેશને આવી ને ગાડી ઊપડી. એટલે મળ્યો તે ડબ્બામાં ચઢી ગઈ. આણંદ ઊતરી પડીશ.' પેલાં બહેને કહ્યું.

'આણંદ સુધીનું વધારાનું ભાડું આપો. પાવતી બનાવી દઉં.' ટિકિટ તપાસનારે સભ્યતા અને શાંતિથી કહ્યું.

'એમાં મારો ગુનો નથી. મારે બેસવું નહોતું. બેસવું પડ્યું મારે.' પેલાં બહેને કંઈક કરડી જીભે જવાબ આપ્યો.

'તમે શું કરવાનાં હતાં તેની સાથે મારે નિસ્બત નથી. તમે શું કર્યું છે તેની સાથે છે. વધારાના પૈસા આપી દો બહેન, હું પાવતી બનાવી આપું.' ટિકિટ તપાસનારે સહાનુભૂતિ માટે અમારી સામે જોયું.

'હું આણંદના સ્ટેશનમાસ્તરને ઓળખું છું.' પેલાં બહેને હવે રુઆબ કર્યો.

'બહેન, તમે જનરલ મૅનેજરને ઓળખતાં હો તો પણ આ વધારાના પૈસા આપવા પડશે. હું આ ડબ્બામાં ન આવ્યો હોય તો નિરાંતે આણંદ ઊતરી પડત અને વધારાના પૈસા પણ ન આપત. લોકો નકામા રેલવેના નોકરોને લાંચિયા કહે છે. મુસાફરો પણ કંઈ ઓછા અપ્રમાણિક નથી હોતા.' હવે ટિકિટ તપાસનારની આંખમાંથી સભ્યતાની શરમ ઓસરી ગઈ.

એટલામાં આણંદ આવ્યું. એક બીજો જુવાન છોકરો પેલાં બહેનને લેવા માટે આવ્યો હતો. આણંદના સ્ટેશને ઝઘડો જામ્યો. બોલાચાલી થઈ. પેલાં બહેનનું મોઢું ઊતરી ગયું. લેવા આવેલા જુવાનનું મન ખાટું થઈ ગયું. આખરે માંડ પેલા બહેને પોતાની ખભે ભેરવેલી બૅગમાંથી થોડાક આના પેલા ટિકિટ તપાસનારને આપ્યા. માસ્તરે પાવતી ફાડી આપી. પેલાં બહેન અને પેલો છોકરા જેવો લાગતો જુવાન હતાશ બનીને ચાલ્યાં ગયાં. આગળ બહેન અને પાછળ પેલો ભાઈ.

'સાહેબ, આ ભણેલાઓ જ આજે દેશને બેઆબરૂ કરી રહ્યા

છે.' ટિકિટ તપાસનાર બબડતો બબડતો બીજા ડબ્બામાં ચાલ્યો ગયો.

વટવાના સ્ટેશને સાક્ષાત્ કરેલું પેલું જીવનના કાવ્ય સમું દશ્ય પાછું દૃષ્ટિ સમીપ આવ્યું. ત્યાં તો નડિયાદથી આણંદ વચ્ચે લાંબી થયેલી કદરૂપતાએ પડદો નાંખ્યો.

# એ 'ચીજ'

દરેક શુક્રવારે વડોદરામાં ગુજરી ભરાય છે. ફતેહપુરાના રાજમાર્ગ પર ભરાતી આ ગુજરી શહેરના અને આસપાસનાં ગામોનાં શ્રમજીવી ભાઈબહેનો માટે આનંદ અને ઉત્સવની વસ્તુ છે. શહેરનો કેળવાયેલો શિક્ષિત અને ઊંચો વર્ગ આમાં ભાગ લેતો જ નથી. બહુ બહુ તો મધ્યમ વર્ગના નીચલા સ્તરનાં ભાઈબહેનો ભાગ લે. એટલે આ ગુજરીનાં રંગ અને વાતાવરણ સ્વાભાવિક, મુક્ત અને આકર્ષક લાગે છે. ભીડ, કોલાહલ, પૂછપરછ, ભાવ ઠરાવવાની કચકચ અને વેચનારના જુદાજુદા સંગીતમય અવાજને કારણે વાતાવરણમાં એક પ્રકારની સજીવનતા રસળતી હોય છે. આ ગુજરીમાં શાકપાંદડાંથી માંડીને ગાયબળદ અને ઘોડાના સેંકડો રૂપિયાનાં વેચાણ થાય છે. અહીં નવી વસ્તુઓની સાથે જૂની અને અવડ પડી રહેલી, નહિ વપરાયલી ચીજોના ઢગલા પણ પડ્યા હોય છે. સાત દિવસમાં નથી વેચાતા એટલા ચણામમરા શુક્રવારે એક દિવસમાં સાફ થઈ જાય છે. મરઘાં, બતકો, પોપટ, મેના, કાકાકૌવા અને

બુલબુલતેતરના વિભાગમાં એના વેચનાર રંગીલાઓની ભાષા એવી તો ચુનંદી અને ચકોર હોય છે કે મોટા સાહિત્યકાર શરમાઈ જાય. આ ગુજરીમાં કાબેલ શહેરીઓ પોતાની લુચ્ચાઈ અને ચતુરાઈથી ભોળા અને ભલા ગામડિયાઓને આસાનીથી છેતરે છે. અહીં કોઈ ફરંદો મવાલી કોઈ બેખબર વટેમાર્ગુનું ખિસ્સું પણ હલકું કરી આપે છે, અને અહીં જ કોઈ જટાધારી સાધુ પિત્તળનું સોનું કરી આપવાને બહાને લોભી શહેરીને પણ ધૂતી જાય છે. આવું હોવાં છતાં જિંદગીની જરૂરિયાતની ઘણી બધી વસ્તુઓ એકી સાથે મળતી હોવાને કારણે આ ગુજરી અહીંના અને આસપાસના શ્રમજીવીઓનું મોટું આકર્ષણ છે.

એક દિવસ આ ગુજરીની વાત સદ્ગત પ્રો. બલવંતરાય ઠાકોરને કરી. મેં વળી વાતમાં જરા રંગ પૂર્યો. એટલે બલુકાકા કહે કે આપણે આ ગુજરી જોવા જોઈએ જ. ડોસાને આવી વાતોનો બહુ રસ. એટલે પછીના શુક્રવારે અમે જવાનું ઠરાવ્યું. શુક્રવારે સવારે આઠ સાડાઆઠે હું એમને ત્યાં પહોંચી ગયો. એ વખતે બલુકાકા રાવપુરામાં ખરચીકરના ખાંચામાં આવેલા ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટના મકાનમાં રહેતા હતા. ઈ. સ. 1931ની આ વાત. અમે આમ તો રોજ બપોરે ચા સાથે પીતા. ડોસાએ દરમિયાન બીજા માણસો પાસે પણ આ શુક્રવારની ગુજરીની હકીકતો મેળવી રાખી. એમનો ઉત્સાહ જોઈ શકાય એવો અને એટલો હતો. મને કહે કે ચાલ ઉપર, હું કપડાં પહેરી લઉં. ચિરૂટને એમણે સળગતી જ રહેવા દીધી. વળી પાછા સળગાવવાની લમણાઝીંક કોણ કરે! કાકાએ કપડાં પહેરતાં પહેલાં પસંદગી શરૂ કરી.

એક ચૂડીદાર પાયજામો કાઢ્યો, એમાં નોકર પાસે લાલ રંગનું જાળીદાર નાડું નંખાવ્યું. ખાખી રંગનું એક ખમીસ કાઢ્યું. ધોબીને ત્યાં ધોવાઈને જેનો રંગ ઓળખાતો નથી એવા લીલાભૂરા રંગની શેરવાની બહાર આવી. ડોસાએ કપડાં પહેર્યાં. રસોઇયા નટવરે બૂટની દોરી બાંધી આપી. નીચે આવીને એમણે માથે ખાસ્સી જાડી મિલિટરી ઢબની સનહેટ પહેરી. ખૂણામાંથી લાકડી લીધી. કદાચ વધારે તાપ લાગે તો સાથે છત્રી રાખી. પછી મને પૂછ્યું કે પહેરવેશનું મિશ્રણ કેવુંક છે! લોકોને આનંદ આપશે ને! બલુકાકાની મશ્કરીની રીત પણ પોતાની જ હતી. અમે દાદરો ઊતરી પડ્યા. બંબથાણા પાસેથી ઘોડાગાડી કરી. પેલો ગાડી હાંકનાર તો બલુકાકાને જોઈ રહ્યો તે બસ જોઈ જ રહ્યો. મને એણે પૂછ્યું કે આ દાદા સરકસના માણસ છે? મેં નાકે આંગળી મૂકીને એને વાર્યો પણ એનું મોઢું હાસ્યથી ભરાઈને ખૂલુંખૂલું થઈ રહ્યું. ચાંપાનેરને દરવાજે અમે ઊતરી પડ્યા. ત્યાંથી જ ગુજરી શરૂ થતી હતી. મેં ખાદીનું પહેરણ અને ધોતિયું પહેર્યાં હતાં. જોડે પૂરી સજાવટમાં બલુકાકા હતા. લગભગ સાડાનવ થયા હશે. ઉનાળાનું સવાર. તડકામાં તીખાશ શરૂ થઈ ગયેલી. એનો સામનો શરૂ કરવા ડોસાએ છત્રી ઉઘાડી અને અમારી બે જણાની સવારી પ્રવેશી ગુજરીમાં. બલુકાકાના એક હાથમાં છત્રી અને બીજા હાથમાં લાકડી. એટલે અમારો સંગાથ માત્ર મારે જ સાચવવાનો, એ જાય તેમ જવાનું, એ ચાલે તેમ ચાલવાનું. ચાલ્યા અમે તો ઊભી બજારે. અનેક આંખો અમારા તરફ વળી. લોકોએ ઇશારા કરવા માંડ્યા. ફૂટપાથ પર બેઠેલી કાછિયણોએ

ડોસા તરફ આંગળી ચીંધી. હું એમને ગુજરીના વિભાગોનાં નામ કહેતો જાઉં. જે જે વસ્તુઓ ત્યાં હોવાની સંભાવના તે તે જણાવતો જાઉં. ક્યારેક વળી એ દુકાન ભણી વળે. વળી કોઈ દુકાન આગળ ઊભા રહે. ક્યારેક પૃચ્છા પણ કરે. કોઈ ઐતિહાસિક વસ્તુની માગણી કરીને વેચનારને નવાઈ પમાડે. આમ અમે પક્ષીઓના વેચાણવિભાગમાં આવી પહોંચ્યા. ત્યાર પછી પશુઓનો વિભાગ, પછી હરણીનો પુલ અને ગુજરીનો અંત. એકઠેકાણે આઠ-દસ પિંજરામાં પચીસ-ત્રીસ પોપટ હતા. ચાર-પાંચ પિંજરામાં આઠ-દસ મેનાઓ હતી. એક પિત્તળના ચળકતા પિંજરામાં લાલ ગરદનથી મગરૂર બનેલો એક કાકાકૌવો ડોલાડોલ કરતો હતો. એક વિશેષ પાંજરામાં બે તેતર અસ્વસ્થતાથી આમતેમ ફરતાં હતાં. મેં બલુકાકાને આ બધા પક્ષીઓની વાત કરતાં કરતાં તેતરની વાત પર જરા રંગ ચઢાવ્યો. લખનૌમાં તેતરની લડાઈમાંથી કેવાં હુલ્લડો થાય છે તેની એક વાર્તા હું કહેતો હતો અને ડોસા સાંભળતા હતા. એમની નજર પણ તેતરના પિંજરા પર હતી. એકદમ પાસે જઈને એમણે તેતરના માલિકને ઉર્દૂમાં પૂછ્યું કે એ આ તેતરની લડાઈ કરાવી શકે કે નહીં. તેતરનો માલિક મુસલમાન હતો. એણે ધાર્યું કે આ પુરાતન નવાબ પોતાના કારકુન સાથે શોખની ચીજવસ્તુ ખરીદવા નીકળ્યો લાગે છે. એણે તો એક મેલું ધોતિયું બિછાવી દીધું. તેતરની લડાઈ શરૂ થઈ. ડોસાએ બહુ જ રસપૂર્વક નિહાળી. પેલો તેતરબાજ રંગીન ઉર્દૂમાં શેરબાજી કરતો જાય અને એક પછી એક બન્ને તેતરને ઉશ્કેરતો જાય. બેટા, દિલબર,

યાર, શાગિર્દ, શાયર, મિસ્કીન, બહાદુર વગેરે સંબોધનો છૂટતાં જાય. આખર કાકાએ બસબસનો ઉદ્‌ગાર કાઢ્યો. ખિસ્સામાંથી પાકીટ કાઢીને પેલા તેતરબાજને એક રૂપિયાની નવાજેશ કરી, અને પછી આગળ જઈ પશુવિભાગમાં માણસો અને ઢોરોને અથડાઈને અમે પાછા ફર્યા. બરાબર ગુજરીના મધ્ય ભાગમાં પહોંચ્યાં ત્યાં નવીજૂની ચીજો બેચાતી હતી. અમે આવી એક ભંગારની દુકાનની બાજુમાં ઊભા રહ્યા. બલુકાકાએ ચિરૂટ ચેતાવી. છત્રી બંધ થઈ ગઈ અને એમની આંખોએ ડાબેજમણે દૃષ્ટિ ફેંકીને ગુજરીનું માપ કાઢી લીધું. એટલામાં એક આઘેડ વયનો મુસલમાન ત્યાંથી નીકળ્યો. એની આંખોમાં રસિકતા અને ચકોરતાના મેળથી સુગઠિત થયેલી નખરાંબાજી રમતી હતી. સુરમાથી અંજાયેલાં એ નયનો કાતિલ હતાં અને કમનીય પણ. એની સખીને મળવા નીકળ્યો હશે! નહીં તો નેત્રોમાં આટલી નમણાશ નીતરે ખરી! અમારી પાસે આવીને એણે બલુકાકા તરફ આંગળી બતાવીને ધીરેથી મને પૂછ્યું: ‘આ જૂનીપુરાણી ચીજ વેચવાની છે?’ હું જવાબ આપું તે પહેલાં તો છલકાતા હાસ્યમાં આળોટતા શબ્દો ડોસાના મુખમાંથી બહાર કૂદી પડ્યા: ‘આ ચીજ વેચાઈ ગઈ છે.’ અને એવી તો હાસ્યની છાલક ઉડાવી કે પેલો રસિકચતુર એના છાંટા પોતાની આંખોમાં ઝીલીને ચાલતો થયો.

મધ્યાહ્‌ને ચાંપાનેર દરવાજે આવીને અમે ઘેર આવવાની ઘોડાગાડી કરી.

# ‘લહેકંતા પાવા તે વાગ્યા મલકમાં’

વિધિનો ખેલ એવો થયો કે ત્યાર પછી શુક્રવારની ગુજરીમાં જવાનું બન્યું જ નહીં. હમણાં છેક થોડા દિવસો પહેલાં એ પ્રસંગ બન્યો. ચિત્ત ઉદાસ હતું. ચેન પડતું નહોતું. કામકાજ ગમતું નહોતું. ઓફિસમાંથી જાળીની બહાર જોયું. રસ્તા ઉપર આજે માણસોની અવરજવર ઘણી હતી. કૅલેન્ડરમાં જોયું તો આજે શુક્રવાર હતો. આપણે તો ચાલ્યા ગુજરીમાં. ચાંપાનેર દરવાજો આવ્યો ને બલુકાકાના ગુજરીવાળા પ્રસંગની સ્મૃતિ જોર કરીને ધસી આવી. એમાં મસ્ત બનીને આગળ વધ્યા. ગુજરીમાં આવવાનો કશો હેતુ નહોતો. માત્ર બેચેની દૂર કરવી હતી. ઉદાસીને હળવી બનાવવી હતી. અન્યમનસ્તાને આંતરવી હતી. એ જ નવીજૂની વસ્તીઓ વેચાતી હતી તે વિભાગમાં આવી ચઢ્યો. બલુકાકા સાથે ઊભા હતા એ જગ્યાએ આજે એક દુકાન હતી ખરાદીની. બે પારણાં, બેત્રણ ઘોડિયાં, પાટલા, ચકલો, વેલણ, ભમરડા એમ જાતજાતની ચીજો પડી હતી. એક જુવાન ગામડિયું જોડું એક ઘોડિયાની કિંમત માટે વાટાઘાટ કરતું હતું.

બાઈની કેડે છએક માસનું બાળક હતું. લાગતો હતો દીકરો. દેખાવડો હતો. તંદુરસ્તી તો ઊડીને આંખે વળગે તેવી હતી. ખરીદીની હઠનો માતાએ અંત આણ્યો. એણે છોકરાના બાપને કહ્યું કે આપી દો રૂપિયા. લઈ લો ઘોડિયું. ઘોડિયું ખરીદાઈ ગયું. માતાએ બાળકને ચૂમી લઈ લીધી. છોકરાના બાપે એ ખાંધે મૂક્યું. બન્ને ચાલ્યાં. બાઈને માથે થોડો ભાર હતો. પેલા જુવાનને બીજે ખભે પોટલું લટકતું હતું. એમને જતાં જોઈને હું આગળ વધ્યો. આમતેમ લટાર મારીને પાછો વળ્યો. પેલાં ત્રણ જણાં મને ચાંપાનેર દરવાજે મળ્યાં. પુરુષને બન્ને ખભે ભાર. હાથમાં ભજિયાંનું ખુલ્લું પડીકું. સ્ત્રીને માથે પોટલું, કેડે બાળક. બન્ને ભજિયાં ઉડાવતાં જાય. નવા બજારને રસ્તે મારે જવું હતું. એ લોકો પણ એ જ રસ્તે વળ્યાં. થોડે ગયાં ન ગયાં ત્યાં વરસાદના છાંટા શરૂ થયા. હું તો ઉતાવળે ચાલીને, લગભગ દોડીને મારી ઓફિસમાં આવી પહોંચ્યો. ત્યાં તો વરસાદ તૂટી પડ્યો. પેલાં ત્રણ જણાં વરસાદથી બચવા મારી ઓફિસને ઓટલે ચઢી ગયાં. વરસાદે રમઝટ કરી મૂકી. આ કુટુંબે તો એ નાનાશા ઓટલા પર કુટુંબજીવન શરૂ કરી દીધું. પુરુષે માથેથી ફાળિયું ઉતાર્યું. સ્ત્રીએ એની ઝોળી બનાવી. અંદર બાળકને સુવાડ્યું. માતાએ હાલરડું આરંભ્યું :

લહેકંતા પાવા તે વાગ્યા મલકમાં.

"તેં કીધું ને મેં ઘોડિયું લીધું તે ઠીક કર્યું," પુરુષે સ્ત્રીને કહ્યું. એના અવાજમાં એની પ્રિયતમાની આજ્ઞા પાળવાનો આનંદ હતો.

સ્ત્રીએ આંખોમાંથી વહાલનું ઝરણું વહાવીને બીજી લીટી લલકારી :

એને લહેકે નાચ્યા મગરૂબિયા મોર
લહેકંતા પાવા તે વાગ્યા મલકમાં.

ને સ્ત્રીની આંખોએ પુરુષને પરમતત્ત્વની વાત કરી દીધી :

“છૈયા માટે ઘોડિયું લીધું ને!” માતાએ પોતાનું સપનું સિદ્ધ કર્યું લાગ્યું.

“તું કહે ને હું ના પાડું!” પુરુષે પરાક્રમની પરવશતા દેખાડી.

“આ તો મારો રતન છે.” કહીને અતિશય ઊમિર્ના ઉછાળાથી માતાએ ઊંઘતા બાળકને ચૂમી લીધો.

“લે આ બરફી.” પુરુષે પોટલામાંથી બીજું પડીકું કાઢ્યું.

“કેમ આજ કંઈ દિવાળી છે?” સ્ત્રીએ આંખોમાં નેહ ભરીને પૂછ્યું.

“તું ખુશી તારે આપણે દિવાળી.” પુરુષે પોતાને હાથે બરફીનું ચોસલું સ્ત્રીના મુખમાં મૂકી દીધું.

વરસાદ વરસતો હતો. એના વરસવામાં આનંદનો ઓઘ હતો. વરસતા વરસાદમાં પેલો સૂર ભીંજાતો હતો :

લહેકંતા પાવા તે વાગ્યા મલકમાં.

# કાયરતાનું શરણું

પોણાસાતની ગાડી, વડોદરાથી ઊપડતી અમદાવાદ લોકલ. સાતમી ઓગસ્ટનો દિવસ. સ્વ. ગુરુદેવ રવીન્દ્રનાથની પુણ્યતિથિ પ્રસંગે કઠલાલ જતો હતો. સાથે સર્વ કુટુંબીજનો હતાં. એ સૌ જતાં હતાં અમદાવાદ શ્રી ઉમાશંકર જોષીને ત્યાં. ત્રીજા વર્ગના ડબ્બામાં એક ખાલી ખાનું જોઈને અમે ચઢ્યાં. આ ડબ્બાની મધ્યમ વર્ગના ડબ્બા જેવી રચના હતી. બે બાંકડાવાળી સ્વતંત્ર બેઠક અમે પસંદ કરી. અમારી બાજુમાં એવી જ વ્યવસ્થાવાળી બીજી બે બેઠકોમાંથી એકની ઉપર ત્રણચાર પુરુષો બેઠા હતા. સામેની એક બેઠક ઉપર એક સ્ત્રી સૂતી હતી. ગાડી પંદર મિનિટ મોડી ઊપડી. એટલે ભીડને પૂરતો અવકાશ મળ્યો. બેત્રણ બીજા પ્રવાસીઓ પણ ચઢી આવ્યા. અમારી બાજુમાં ગોઠવાઈ ગયા. પેલી સ્ત્રી નિરાંતે સ્વસ્થતાથી ઊંઘતી હતી. વાસદ સ્ટેશને ત્રણચાર ખાદીધારી કોંગ્રેસી મરદો ચઢ્યા. અત્યાર સુધી પેલી સૂતેલી સ્ત્રી વિષે ગુપચુપ ધીરે ધીરે રંગબેરંગી વાતો થતી પણ એને કોઈએ જગાડી નહોતી. વાસદથી ગાડી ઊપડતાં જ પેલા

ખાદીધારીમાંથી એકે પેલી બહેનને હાકલ કરીને ઉઠાડી. એ જાગીને બેઠી થતાંની સાથે જ સૌ ચોંકી ઊઠ્યાં. બાઈ ઊઠતાં ખાલી પડેલી જગ્યાએ બેસવા જતાં પેલા ભાઈઓ પણ સહજ ખંચાયા. આ સ્ત્રી હતી? ના. આ પુરુષ હતો? ના. ત્યારે કોણ હતું? સ્ત્રીનો વેષ. પુરુષનો અવાજ. વિચિત્ર વર્તન. "આવો બેસો" કહીને એણે હાથના તાબોટા વગાડ્યા અને આંખમાંથી અણગમો ફેંક્યો. પેલા ખાદીધારીમાંથી એક પુરુષ બોલી ઊઠ્યો : "અલ્યા એ તો મારો બેટો હીજડો!" ભય ઓસરી ગયો અને એ બેઠક ઉપર એની સાથે જ બાકીના ભાઈઓ બેસી ગયા. હવે સામે બેઠેલા પુરુષોમાંય હંમિત આવી.

એક જણે કહ્યું : "કેમ ક્યાં ગયો હતો?" પેલા દેહે સ્ત્રીની કૃત્રિમ લજ્જા વડે માથે ઓઢ્યું, પાલવ સમાર્યો, આંખો ચોળી અને જરા સંકોચનો ડોળ કરીને કહ્યું : "મુંબઈ!"

"સરકારી કામે ગયો હતો?" એક ખાદીધારીએ મશ્કરી કરી.

"ડેપ્યુટેશનમાં ગયો હશે!" બીજા સામેવાળાએ ભાગ લીધો.

"વિચાણવેરાવિરોધની સભામાં ભાષણ કરવા ગયો હશે!" ત્રીજાએ સૂર પુરાવ્યો.

પેલાનો જીવ ખાટો થઈ ગયો. ભયંકર તાબોટો એણે વગાડ્યો. માથા પરથી છેડો ખસી ગયો. આંખમાંથી નિર્લજ્જતાએ નીકળીને ડોકિયું કર્યું. પાલવ સરી પડ્યો. ઠરડાયલા અવાજે વાણી કૂદી પડી : "હું સરકારમાં જઈશ તારે તમારાં મોઢાં આવા નહીં રહે! અને વેરા તો સરકાર નાંખે જ ને! આ અનાજપાણી પૂરું પાડે છે તે! આપણે તો બધું મફત જોઈએ છે! આપશે મારો બાપ

તમને!" કહીને એણે ઠીંગો દેખાડ્યો. ડોકિયાં કરતી નિર્લજ્જતા આંખમાંથી ડોલતી ડોલતી બહાર નીકળી. બધા જરાક ખસિયાણા પડી ગયા.

પણ પેલા ખાદીધારી જરાક હંમિતથી પહેરણની એક બાંય ચઢાવીને બોલ્યા : "મોરારજીભાઈને મળ્યો'તો કે નહીં?"

"હું મળીશ ત્યારે તમે બધા કોંગ્રેસવાળા શું કરશો?" અને એણે પોતાની જાત જરાક સંકોરી લીધી. રખે ને પોતાના દેહને કોઈ અડકે.

એટલામાં સામેથી એક ભાઈનો કોંગ્રેસવિરોધી પ્રાણ ઊકળી ઊઠ્યો. જુવાન માણસ હતો. ખમીસ અને પાટલૂનનો પોશાક પહેર્યો હતો. સાહેબટોપી ખોળામાં રાખી હતી. માણસ નોકરિયાત વર્ગનો, પણ ચકોર લાગતો હતો. હાથમાં "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા"ની નકલ હતી. એણે વાર્તાલાપમાં ઝુકાવ્યું : "જો તું નહેરુને મળવા દિલ્હી જાય તો બધા કોંગ્રેસવાળા તારી પાછળ આવશે."

હવે એ જીવ ઝાલ્યો ના રહ્યો. એના અહંકારને આ મશ્કરીનું અણીદાર તીર બરાબર ભોંકાયું. એમાંથી લોહીની ટશર ફૂટી. અહંકારનું લોહી શબ્દોને વળગીને ઝેર બની ગયું : "જ્યારે હું દિલ્હી જઈશ ત્યારે દિલ્હીનું તખ્ત ખાલી હશે. તમારાં મડદાં રઝળતાં હશે. દુનિયાનું નસીબ ફૂટી ગયું હશે. ગાંધીનું પુણ્ય પરવારી ગયું હશે. મોકલવી હોય તો મોકલો મને! મને મોકલવી છે!" ઘડીભર પહેલાં જે આંખોમાં નફટાઈ નખરાં કરતી હતી તે જ નેત્રોમાં વેદનાનું જલ ભરાઈ આવ્યું. પાલવ સંકોરીને એણે

આંખો લૂછી. પળ પહેલાં કદરૂપ લાગતા ચહેરા ઉપર આદમિયતનું ઓજસ ઊપસી આવ્યું. સંઘર્ષના ચાબખા સહન કરી કરીને જેના મુખ પર નિર્લજ્જતાના સોળ પડ્યા હતા તે કુરૂપ મુખ ઉપર ક્ષણભર આત્માની દીપ્તિ અંકાઈ ગઈ.

આણંદ આવ્યું. ગાડી ઊભી રહી. પેલો જીવ પોતાની નાનીશી ટ્રંક માથે મૂકીને ઊભો થયો. જતાં જતાં બોલ્યો : "સ્વરાજ મળ્યું છે તે મરદ હોવ તો જાળવજો." એ ગાડીમાં હતો ત્યાં સુધી હું મૂંગો હતો. એના ગયા પછી પણ મારું મૌન હાલ્યું નહીં.

મનમાં ગ્લાનિ ઊભરાઈ આવી. પ્રાણ પાંખો થઈ ગયો. અંતરાત્મા જાણે અંતરાઈ ગયો. આખું અસ્તિત્વ આ બનાવથી થીજી ગયું. પામરતાને પામતી આપણી પ્રજા શું નિવીર્ય પણ થતી ચાલી! આપણું દૈવત શું ડૂબવા બેઠું છે! મૌન બિચારું રડી પડ્યું.

# ભણતરનો અંધાપો

હિમાલયથી એક સાધુ આવ્યા હતા. રામાનંદ સ્વામી. એમના કોઈ શિષ્યને ત્યાં ઊતર્યા હતા. બીજે દિવસે સવારે જવાના હતા. એટલે તે રાતે ભજનનો કાર્યક્રમ હતો. વડોદરાના કેટલાક સંગીતકારો એમાં ભાગ લેવાના હતા. સાધુમહારાજના શિષ્યોની સંખ્યા ભક્તિભાવથી ટોળે મળી હતી. શાન્તાબહેન સાંજે પાંચ વાગે મળી આવ્યાં હતાં. એમણે ફોન કર્યો કે સાવિત્રીબહેન જે બાળાના મધુર કંઠને સાંભળવા ઇચ્છે છે તે સિંધુબાળા આજે રાતે સ્વામીજી આગળ ભજનો ગાશે માટે આપણે સૌએ જવું જોઈએ. અમારામાંથી કોઈ પણ સ્વામીને પહેલાં મળ્યું નહોતું. એમનામાં અમને રસ પણ નહોતો. કુતૂહલ કંઈક હતું. પરંતુ આકર્ષણ તો અમારું હતું સિંધુબાળાના દર્દભર્યા કંઠનું. મેં એ છોકરીને પહેલાં સાંભળી હતી. ‘બંસિયા કાહે કો બજાઈ, મેં તો આ રહીથી મોહના’ એ ગીતની મીઠી વેદનાના અજંપાની માધુરી સ્મરણમાં ચમકી ઊઠી. ફોન ઉપર મેં શાન્તાબહેનને હા પાડી. રાતે નવ વાગ્યાનો સમય હતો. અમે સૌ નવ સવાનવે

પહોંચી ગયાં. એક તમાકુના વેપારીને ત્યાં સ્વામીજીની બેઠક હતી. અમે ગયાં ત્યારે 'જય જગદીશ હરે'ની આરતી ગવાતી હતી. પરંતુ આરતી ઊતરતી હતી સ્વામીજીની. આ પ્રથમ ગ્રાસે મક્ષિકા, સ્ત્રીઓનો સમુદાય અંદર હતો. પુરુષો અને બાળકો પણ જેટલાં સમાયાં તેટલાં અંદર હતાં. અમે થોડાક જણ બહાર બેઠા ઊભા હતા. આરતી પૂરી થઈ ગઈ. પ્રસાદ વહેંચાયો. પોણાદસ થઈ ગયા. હજી પેલા સંગીતકારો આવ્યા નહોતા. સવાદસે એ જૂથ આવી પહોંચ્યું. પા કલાક એ સૌને સ્વસ્થ થતાં થયો. પા કલાકે વાદ્યો મળ્યાં. માંડ પોણાઅગિયારે એક ભાઈએ દિલરુબા ઉપર સિતારની પેઠે નખલીથી વગાડવાનું શરૂ કર્યું. કલાનો આનંદ પ્રગટ કરવા કરતાં એમાં હુશિયારી દેખાડવાની કીર્તિગામી મનોવૃત્તિ દોડાદોડ કરી રહી હતી. એ આખું વાદ્યસંગીત નિર્જીવ અને કંટાળો આપનારું બની ગયું. જીવની સાથે એનો મેળ ના બેઠો. પ્રાસ બેસાડવા, મેળ પેદા કરવો એ જેનું કામ તે સંગીત દ્વારા એના યોજકે સંગીત સામે અરુચિ પેદા કરી. આનંદ આપનાર કરણને આપણે જ્યારે સામાન્ય ઉપયોગ માટે વાપરીએ છીએ ત્યારે પરિણામ ભારે કરુણ આવે છે. આ સંગીતથી કંટાળીને ત્રણચાર જુવાન છોકરીઓ અને બેપાંચ જુવાનિયાઓ બહાર નીકળી આવ્યાં. છુટકારાનો શ્વાસ એમણે લીધો. બહારની હવાએ પણ એમને મદદ કરી. બહાર છજામાં એક હીંચકો હતો અને બે ખુરશીઓ હતી. બે શેતરંજી પાથર્યા વિનાની ગડીબંદ પડી હતી. સામે ખૂણામાંથી પાણીની માટલી અને ચાર-પાંચ પવાલાં પડ્યાં હતાં. હીંચકો અને

ખુરશીઓ માણસોથી ભરેલાં હતાં. પેલા જુવાનો વાતચીત પરથી કૉલેજના વિદ્યાર્થી, પતિ-પત્ની, મિત્ર અને ભાઈબહેન જેવાં પણ લાગતાં હતાં. એમાંથી એક બહેને પાણી પીવાની ઇચ્છા વ્યક્ત કરી. બીજા એક ભાઈએ નિરાંતે બેસવાની મરજી બતાવી. પણ એમાંથી કોઈ કશું જ કરતું નહોતું. અંદર અંદર વાતો ચાલી. મશ્કરીઓ થવા માંડી. એક જણે કહ્યું કે ઘાટી થઈને પાથરણું પાથરી આપ. બીજી બહેને કહ્યું: એય રામા જરા પાણી આપ, પણ કોઈ પાણી પીતું ન હતું. શેતરંજી પાથરવા કોઈની કમ્મર વળતી નહોતી. એટલામાં એક અભણ જેવી દેખાતી સામાન્ય આધેડ વયની બાઈ બહાર નીકળી. એણે આ ગૂંચવાડો તરત પારખ્યો. ઝડપથી એણે બન્ને શેતરંજી બિછાવી આપી. પેલા લોકોને વગે કરીને બેસાડ્યાં. માટલીમાંથી પવાલે પવાલે સૌને પાણી પિવડાવ્યું.

અડધા કલાકથી પેલાં ભણેલાં ભાઈબહેનો જે મૂંઝવણમાં પડ્યાં હતાં તેનો પાંચ મિનિટમાં ઉકેલ કરીને પેલી બાઈ પાછી અંદર સ્વામીજી પાસે ચાલી ગઈ. પેલાં જુવાનિયાઓ બાઈની આ સહજ સરળતા ઉપર ટોળટપ્પાં કરીને હસી પડ્યાં. મારો જીવ કકળી ઊઠ્યો.

આજનાં આ ભણેલાં ફિશિયારીખોર (Snobs) જુવાનોને પેલી ગઈ કાલની અભણ બાઈની અંતરનિષ્ઠા મશ્કરી કરવા જેવી લાગી! આ આપણું આજનું ભણતર! આ શિક્ષણે જીવનનાં આવાં ખોટાં મૂલ્યો પેદા કર્યાં છે! આવી અવળી દૃષ્ટિ આપી છે! આનાથી અભણતાનો અંધાપો શો ખોટો! સ્પર્શથી, સાંભળીને,

વિચારીને, અનુભવીને સાચી વાત તો પકડાય! એ જીવનને, ખોટા શિક્ષણનું ગ્રહણ તો નથી લાગ્યું ને! આ તો વિકાસના મૂળમાં જ આઘાત! આવે ટાણે સમજણ પડે છે. જીવનના પાયાને આધુનિક ભણતરનો લૂણો લાગ્યો છે. એ પાયામાં પરસેવો, સ્વાવલંબન અને સન્નિષ્ઠાની ત્રિવેણી વહાવી સમગ્ર જીવનની પુનઃપ્રતિષ્ઠા કરી એને નવપલ્લવિત કરવાનું ભગીરથ સપનું ગાંધીજીની બુનિયાદી કેળવણી પાસે છે. આપણે એ જોઈએ છે?

# માતૃત્વ

નવી દિલ્હીમાં ગઈ ધુળેટીને દિવસે એક અનોખો ઉત્સવ ઊજવાયો હતો. દિલ્હીમાંથી ‘શંકર્સ વિકલી’ નામે મશહૂર ઠઠ્ઠાચિત્ર આલેખક શ્રી શંકરનું એક અંગ્રેજી સાપ્તાહિક નીકળે છે. એમાં ઠઠ્ઠાચિત્રો દ્વારા દેશ અને દુનિયાના જીવનના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ ઉપર સંજ્ઞાસૂચક અભિપ્રાય પ્રગટ કરવામાં આવે છે. શંકરની પારદર્શક તેજસ્વી દૃષ્ટિ, નિર્દંશ જીવનદર્શન અને ભાવનામય ઉદારતાને લીધે આ સાપ્તાહિકમાં પ્રગટ થતાં ઠઠ્ઠાચિત્રોએ સમગ્ર દેશમાં એક પ્રકારની પ્રતિષ્ઠા મેળવી છે. જેમને વિષે અભિપ્રાય અથવા સંકેત પ્રગટ થયો હોય તે માણસ પણ એમાં રસ લઈ શકે એવી એની બિનઅંગતતા હોય છે.

શંકર હમણાં બેત્રણ વરસથી દર વર્ષે આ સાપ્તાહિકનો બાળકઅંક પ્રસિદ્ધ કરે છે. આ અંક દરેક વર્ષે વિકાસનું એકએક પગથિયું ચડતો જ જાય છે. આ વર્ષે આ બાળકઅંકમાં આખી દુનિયામાંથી પાંત્રીસ દેશોનાં તેરહજાર ને સાતસો બાળકોએ પોતાનાં ચિત્રો અને લખાણો મોકલીને ભાગ લીધો હતો. એમાંથી

ચિત્રાલેખનો માટે એકસોનેવું અને લખાણો માટે સો ઇનામો આપવામાં આવ્યાં હતાં.

આ ઇનામો આપવાનો સમારંભ નવીદિલ્હીના સ્ટેડિયમમાં ધુળેટીને દિવસે બપોરે ચાર વાગે શ્રી જવાહરલાલ નેહરુના પ્રમુખપણા હેઠળ થયો હતો. આ ઉત્સવમાં પ્રમુખ ઉપરાંત બીજાં પણ બેત્રણ આકર્ષણો હતાં. ડૉ. રાધાકૃષ્ણને સૌને આવકાર આપ્યો એ તો સામાન્ય વાત થઈ. પણ એમાં જુદા જુદા દેશનાં બાળકોએ સરસ કાર્યક્રમ આપ્યો એ વાત અસાધારણ મહત્વની અને આકર્ષક હતી. પાંત્રીસ દેશોનાં બાળકો, જેમણે આ હરીફાઈમાં ભાગ લીધો હતો તે તે દેશના રાષ્ટ્રધ્વજોએ હારમાં ઊભા રહીને એકતા ઊભી કરી હતી. એમની આસપાસ લાંબા અને ગોળ ફુગ્ગાઓની હારમાળાએ વાતાવરણને પ્રફુલ્લિત બનાવ્યું હતું અને અસંખ્ય બાળકોની હાજરીએ આખા ઉત્સવમાં પ્રાણ પૂર્યો હતો. નવી દિલ્હીમાં વસનારા જુદા જુદા દેશના લગભગ બધા જ રાજદૂતો પોતાનાં કુટુંબ અને બાળકો સાથે હાજર રહ્યા હતા. એટલું જ નહીં. પરંતુ અમેરિકા, ઇંગ્લૅન્ડ, જાપાન, ઇન્ડોનેશિયા અને બર્માના રાજદૂતવાસનાં બાળકોએ તો કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો.

રાયસીની માધ્યમિક બંગાળી કન્યાશાળાની બાળાઓએ રાષ્ટ્રગીતથી પ્રારંભ કર્યો હતો. જાપાનની એક સુકન્યાએ આવીને એક મીઠું ગીત ગાયું હતું. દિલ્હીની સંત થૉમસ માધ્યમિક શાળાનાં બાળકોએ 'સૂતેલી સુંદરતા' નામની એક રસિક નાટિકા ભજવી હતી. ઇન્ડોનેશિયાનાં બાળકોએ વિખ્યાત સુમાત્રાનૃત્ય

કર્યું હતું. અમેરિકાનાં બાળકોએ તો ત્રણ જુદી જુદી ગીતનાટિકાઓ આપી હતી. દિલ્હીની જાણીતી રાષ્ટ્રીય મુસ્લિમ વિદ્યાપીઠ જામિયા મિલિયાનાં બાળકોએ સરસ કવ્વાલી ગાઈ હતી. એમની આવવાની રીત, સલામ કરીને બેસવાની રીત, કવ્વાલી ગાવાની રસમ – એ સર્વમાં શુદ્ધ મુસ્લિમ સંસ્કારિતા અણીશુદ્ધ પ્રગટ થઈ હતી. પરદેશીઓને એનું આકર્ષણ હતું. એવી જ રીતે જાપાનીસ ગીત અને સુમાત્રાનૃત્ય વખતે પણ સંગીત અને પહેરવેશની સુંદરતાએ ધ્યાન ખેંચ્યું હતું. પણ સરસ નાટિકા તો ભજવી દિલ્હીની પબ્લિક સ્કૂલનાં બાળકોએ. નાટિકાનું નામ હતું ‘સમસ્યા’. એમાં સંગીત અને પરિધાનકલાની નવીનતા અપૂર્ણ હતી. બે છોકરાઓ કાગળ બનીને આવ્યા. એમણે પોતાનું આગમન અને અગત્ય કહ્યાં. બે છોકરીઓ કલમ બનીને આવી. એમણે વળી પોતાનો મહિમા ગાયો. ત્યાં વળી બે છોકરાઓ પાકીટ બનીને આવ્યા. એમણે પોતાનું મહત્ત્વ જાહેર કર્યું. બે છોકરીઓ ટિકિટો બનીને સરી પડી. એટલામાં તો બે બાળકો ટપાલની પેટી બનીને આવી પહોંચ્યાં. એમણે જણાવ્યું કે કાગળ તો લખાયો પણ ટપાલપેટી વિના નાખશો ક્યાં? ત્યાં તો બે ટપાલી નીકળી આવ્યા. કાગળ ટપાલની પેટીમાં તો પડ્યો. પણ એને પોસ્ટઑફિસમાં પહોંચાડશે કોણ? એટલામાં તો આગગાડી નીકળી. ટપાલ ઊપડી. બીજે ગામ પહોંચી ગઈ. બીજા ટપાલીએ આવી એ કાગળ માલિકને પહોંચાડ્યો. ‘પત્ર’ એ જ સમસ્યા હતી અને એનું જ નાટક હતું: સરસ અને સુમેળવાળું. રંગ રાખ્યો

અને જમાવ્યો પણ ખરો. બાળકો અને મોટાંઓએ ખૂબ તાળીઓ પાડી.

મારી બાજુમાં એક જુવાન યુગલ બેઠું હતું. ઘણાં રૂપાળાં બાળકો વિષે વાતો કરતાં હતાં. એ બે જણાં. ક્યારેક એમને કોઈ છોકરી ગમતી. ક્યારેક વળી કોઈ નમણો છોકરો. ક્યારેક કોઈની આંખો વખાણતાં, કદી વળી કોઈના નાકની પ્રશંસા કરતાં. કોઈકની વળી ચાલ પસંદ પડતી, તો કોઈની ભાષાની શુદ્ધિ આકર્ષક લાગતી. પરંતુ છેલ્લી નાટિકામાં બે ટપાલી બનીને આવેલા છોકરાઓમાંથી એક છોકરાની ચકોરતા અને ચારુતાએ પેલી જુવાન સ્ત્રીને જાદુ કર્યો. એની આંખમાં એ છોકરો વસી ગયો. એને વિષે એણે વખાણ ચાલુ જ રાખ્યાં. પતિ સાંભળતો હતો. રસ પણ બતાવતો હતો. એટલામાં બર્માના એક છોકરાએ આવીને મોઢેથી વગાડવાનું પેલું વાજું વગાડ્યું. એવો લાંબો શ્વાસ લે ને એવો સૂર કાઢે, તાલ સાચવે ને એણે બંધ કર્યું ત્યારે બાળકો તો ખુશખુશ થઈ ગયાં. ત્યાં તો રંગભૂમિનો રંગ બદલાયો. ઇંગ્લૅન્ડનાં બાળકોએ એક નાટિકા ભજવવા માંડી. એમાં મુખ્ય સ્ત્રીનું કામ કરતી એક નાનકડી બાળાએ મારી પાસે બેઠેલા યુગલમાંથી સ્ત્રીને પોતાની કરી લીધી. પેલી બાઈએ પાછી પોતાના અંતરની પ્રીતિનો અવાજ પ્રગટ કર્યો. શું લાવણ્યવતી છોકરી છે! ધન્ય છે એનાં મા-બાપને! પુરુષ કહે છે કે શું અદ્ભુત શિક્ષણ આપ્યું છે! એનો પિતા કેળવણીકાર હશે! બાઈ કહે કે ના રે, એની માતાની કાળજીનું જ આ પરિણામ છે. બાળકોના બાપ તો રખડતા ફરે છે. બાળકોના ઉછેરનો આધાર જ મા

છે. મારું અડધું ધ્યાન જોવામાં અને અડધું પાડોશીની વાતચીત સાંભળવામાં. આંખો નાટિકા જુએ. કાન બાજુમાં થતો સંવાદ સાંભળે. અંતર ખુશી અનુભવે.

એટલામાં દક્ષિણ ભારતનાં બાળકોએ કૃષ્ણલીલાનું નૃત્ય કર્યું. સંગીતમાં સુકોમળ તમિળ લહેંકો, મૃદંગમાં શુદ્ધ તમિળ થડકાર. મંજીરાનો સાથ. પહેરવેશમાં રંગવૈવિધ્ય. એમાં કૃષ્ણ બનેલ છોકરો ભારે રૂપાળો લાગે. મીઠો પણ ઘણો. ગમે તે સ્ત્રીને ગમે એવું પ્રસાદભર્યું એ બાળક, મારી પાડોશણે પાછાં અંતરનાં બારણાં ઉઘાડ્યાં. હાય હાય! આ છોકરો તો જુઓ! રૂપરૂપનો અંબાર. મધુરતાની તો જાણે નદી. પુરુષ પણ ભીંજાયો. સ્ત્રી સાથે સહમત થયો. છોકરો બહુ મીઠડો છે. પણ સ્ત્રીને હજી વધારે રસિક અને ગાઢ સાથ જોઈતો હતો. એટલે બોલી કે એનો મોરપીંછનો મુગટ તો જુઓ! બાળકૃષ્ણ આવો જ હશે! હા, આવો જ હશે! હવે પુરુષ અવાજમાં રસ રેડ્યો જરા. એટલામાં તો ગોપીઓ એની આગળપાછળ વીંટળાઈ વળી. એમાંથી બાળકૃષ્ણે તો રાધાની જ આંગળી ઝાલી લીધી. કેટલો હોશિયાર છે! સ્ત્રીનું હૈયું નાચી ઊઠ્યું. ખરો આ બાળકૃષ્ણ! જોઈતી હતી તે જ ગોપીને પકડી લીધી. પુરુષે સૂર પૂર્યો. બધા પુરુષો અડધાપડધા કૃષ્ણ જ હોય છે એમ હું નથી કહેતી? સ્ત્રીએ આંખોમાં કશુંક આણ્યું હશે. મેં જોયું નહીં. કારણ મારી દૃષ્ટિ નૃત્ય ભણી હતી. પણ પુરુષના જવાબે મારી શંકા સાચી ઠેરવી. એણે કહ્યું કે બહુ ઓછી સ્ત્રીઓ અડધી રાધા હોય છે. પેલી રમણી કંઈક રંગમાં હતી. એણે કહ્યું કે પોતે તો અડધી નહીં આખી રાધા

છે. એના ઉત્તરમાં પુરુષ બોલ્યો નહીં. એટલે એણે વર્તનમાં ઉત્તર વાળ્યો હશે. નહીં તો વાણી રોકાય નહીં.

ત્યાં તો કાર્યક્રમ પૂરો થયો અને જવાહરલાલજી રંગપીઠ પર આવ્યા. ઇનામ વહેંચાવા માંડ્યાં. જે દેશનાં બાળકો હાજર ન હોય તે દેશના રાજદૂત આવીને પોતાના દેશનાં બાળકો વતી ઇનામ લઈ જાય. પદ્ધતિ ગમે એવી હતી. સૌથી વધારે ઇનામ જાપાનનાં બાળકોને મળ્યાં. રાજદૂત ઊંચકી ન શકે એટલાં. બીજે નંબરે અમેરિકા. પછી ચાલી નંબરવારી. રશિયાના રાજદૂત આવ્યા ને ત્યાર પછી આવ્યા ઈજિપ્તના એલચી. એ સર્વથી વૃદ્ધ હતા. એટલે નેહરુએ ઇનામોની સાથે પાસેની છત ઉપરથી એક ફુગ્ગો તોડીને એલચીને પણ ઇનામની ભેટ ધરી. આખો સમારંભ હસી ઊઠ્યો. આંતરરાષ્ટ્રીય એકતાની વાતો, ચર્ચાઓ અને પરિષદો કરતાં આવો સમારંભ પોતે જ વિશ્વૈક્યની સંજ્ઞા જેવો લાગતો હતો. એટલામાં તો પંડિતજીએ જાહેર કર્યું કે સમારંભમાં આવેલા દરેક બાળકને કંઈ ને કંઈ ઇનામ આપવાની વ્યવસ્થા છે. આ જાહેરાત સાંભળીને તો બાળકોની દુનિયામાં ખુશીનો રંગ ઊછળી પડ્યો અને પછી ઘસારો કહે મારું કામ. પંડિતજીને પ્રમુખ તરીકે ભાષણની શરૂઆત કરતાં લગભગ અડધા કલાકથી વધારે વખત નીકળી ગયો. પણ બાળકો મસ્તી, એમની ખુશી, એમનું હાસ્ય, એમની આશા એ બધું એવું સજીવન, એટલું આહ્‌લાદક અને એવું પ્રફુલ્લિત લાગતું હતું કે આખી સાંજ સોહામણી અને મનોરમ બની ગઈ.

પંડિતજીએ ધીરે રહીને બોલવા માંડ્યું. મારી પાડોશમાં પણ

વાતચીત શરૂ થઈ. મને દુવિધા થઈ. કોનું સાંભળું? પંડિતજીનું ભાષણ બિનંગત હતું. પાડોશીઓની વાતચીત અંગત હતી. સાહિત્યમાં આપણે જેને objective અને subjective કહીએ છીએ એને એની અનુભૂતિ થવા માંડી. આંખો જુવે પંડિતજી ભણી. સાંભળવાનો ડોળ પણ ચહેરો કરે. પરંતુ કાન સાંભળે પાડોશીનો વાર્તાલાપ. સ્ત્રીના અંતરમાંથી પેલો કૃષ્ણ થયેલો છોકરો ખસતો નહોતો. પુરુષના મનમાં પણ એની મોહિની તો લાગી જ હતી. બન્નેની વાણીમાં આનો રણકો હતો. એટલામાં પંડિતજીએ બોલતાં બોલતાં પંચવર્ષીય યોજનાને સ્પર્શ કર્યો. એ સાંભળીને પેલી સ્ત્રી બોલી ઊઠી કે દરેક વાતમાં આ લોકો યોજના ને નિયોજનને શું કામ વચમાં લાવતા હશે? મારું ધ્યાન જરાક પંડિતજી તરફ ગયું હતું તે તરત પાછું પાડોશમાં ગોઠવાયું. પુરુષે કહ્યું કે નિયોજન વિના જીવનનું રૂપ બંધાતું નથી. એના જવાબમાં સ્ત્રી તો કૂદી જ પડી. જિંદગીની બધી બાબતમાં નિયોજનને શું બાળવું છે! હમણાં હમણાં આ નિયોજનનો લોકોને હડકવા લાગ્યો છે. કુટુંબમાં અંદાજપત્ર બનાવો. હિસાબ લખો. ટકાવારી પ્રમાણે ખર્ચ કરો. આ તે કંઈ જીવવાની રીત! જરા નિરાંતે જીવવા તો દો. નિયોજનનો આટલો ધખારો શો!

પુરુષ સમજ્યો હોય કે કોણ જાણે પણ એ ચૂપ જ હતો. આ મૌન પેલી સ્ત્રીથી હવે ના સહેવાયું. બોલી: 'ખોટું કહું છું?' પુરુષને હવે બોલવું જ પડ્યું. જીવનમાં કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ના હોય તો એમાં ભલીવાર નથી આવતો. એટલે યોજના ખોટી વસ્તુ નથી. માત્ર એનો તંત ના લેવો જોઈએ.

જુઓને આ કુટુંબનિયોજને આપણને જ કેટલી મદદ કરી! નહીં તો આજે આપણાં પગારમાંથી એક પાઈ બચતી ના હોત. પેલી સ્ત્રીમાંથી આખી ને આખી માતા ઊછળી પડી: 'બળ્યું તમારું કુટુંબનિયોજન! દેવું કરીશું! હું હવે નથી માનવાની...!' એટલામાં પંડિતજીને હારતોરા થયા. કોલાહલ વધી પડ્યો. મારા કાન તો પાડોશમાં હતા. આંખો ત્યાં ફરી ત્યારે પુરુષે નાકે આંગળી અડાડી હતી. સ્ત્રીની આંખોમાં સમગ્ર વિશ્વનું માતૃત્વ એકાગ્ર થયું હતું!

# અજવાળામાં અને અંધારામાં

## અજવાળામાં

નવી દિલ્હીને પોતાનું આગવું વ્યક્તિત્વ છે. એના ઉપર પંજાબી સંસ્કારિતાની અસર છે. ઉત્તર પ્રદેશની સભ્યતાનું સૌંદર્ય પણ એમાં છે. દિલ્હીની પોતાની મૌલિક ખૂબી અને ખુશબૂથી પણ એ ક્યારેક મહેકે છે. પણ આ સર્વની ઉપર સદોદિત છવાઈ રહેલું ચક્રવર્તી રાજ્ય તો સાહેબશાહી સંસ્કૃતિનું ચાલે છે. આ છે જતા રહેલા અંગ્રેજોની સભ્યતાનું ખંડેર, સાહેબલોકોના જીવનનો એંઠો અવશેષ. સ્વાભાવિકતા અહીં સ્વાર્થની કીર્તિની નીચે કચડાય છે. એટલે કૃત્રિમતાનું અહીં મોટું ચલણ છે. સત્તા આ શહેરની સામ્રાજ્ઞી છે. સૌજન્ય અહીં હરિજન છે. ભલાઈની ભવ્યતા માત્ર ભાષણો માટે છે. બલિદાન કાવ્યનો વિષય છે. સત્યનું તો અહીં સપનું છે.

આવું આ બહુરૂપી શહેર પહેલા દર્શને બહુ આકર્ષક લાગે છે. પહેલી મુલાકાતે બહુ ગમી જાય છે. પણ જેમ જેમ લાંબું રહો,

એને પચાવતા જાઓ, સ્વાર્થના સંઘર્ષમાં અથડાતા જાઓ, એની આ સાહેબશાહી સભ્યતાના ભોગ અથવા ભાગ બની રહો, ત્યારે જ અદ્‌ભુત લાગતી આ નગરી અળખામણી બનતી જાય છે.

આજે એક ચા પીવા જવાનું નિમંત્રણ હતું. જેમને ત્યાં જવાનું હતું એ મોટા અફસર હતા. વિશાળ બંગલો હતો. એનો બાગ ઊડીને આંખે વળગે એવો નમણો હતો. કુસુમોની છટા રંગદર્શી હતી. ગુલાબની મીઠી સુગંધથી વાતાવરણ ભર્યુંભર્યું હતું. હતું તો નમતું બપોર. પણ ગુલાબી ઠંડીને કારણે સવાર જેવું જીવનદાયી લાગતું હતું. બાગમાં બેઠકો હતી. બીજા પણ મિજબાનો હતા. યજમાને ચા મંગાવી. ચા પીવાતી હતી. વાતોના વિષયનો પટ નેહરુથી માંડીને યજમાનની પુત્રી નયના સુધી લંબાયો હતો.

‘દિલ્હી રાજ્યની ધારાસભાની છેલ્લી ચૂંટણીમાં કૉંગ્રેસને ભારે શિકસ્ત મળી.’ એક કૉંગ્રેસવિરોધી જનસંઘીને કહ્યું.

‘પણ કૉંગ્રેસની સત્તા ઓછી નબળી પડી છે? જુઓને સી. સી. દેસાઈ સીલોન હાઈકમિશનર તરીકે ગયા કે તરત એમનો બંગલો વિજયાલક્ષ્મી પંડિતને મળી ગયો. આટલો મોટો બંગલો એ એકલી બાઈને શું કરવો છે?’ દિલ્હીમાં ઘર માટે વલખાં મારતા એક પત્રકાર બોલી ઊઠ્યાં.

‘અરે એ તો ઠીક. આ વખતે રેડિયો સ્ટેશન ડિરેક્ટરની જગ્યા માટે અરજી કરી હતી. પણ એમાં પબ્લિક સર્વિસ કમિશને એક મિનિસ્ટરની ભાણેજ તરફ પોતાની મહેરબાની ઢોળી દીધી.’ કૉલેજના એક પ્રોફેસરે હાયવરાળ કાઢી.

‘પરંતુ અમારા આ સાહેબ સારા છે. જ્યારે કહીએ ત્યારે કામ કરી આપે છે. બાબુજી, આ સંદેશ ખાસ લ્યો. અમારી પાડોશની દુકાનેથી હું ખાસ તૈયાર કરાવીને લાવ્યો છું. આજની સામગ્રી બધી મારે ત્યાં જ લગભગ બની છે.’ એક શેઠિયા જેવા લાગતા દિલ્હીના લાલાજીએ હસીને વાત કરી દીધી.

હું બીજી તરફ અમારા યજમાન સાથે વાત કરતો હતો, પણ એ બેચેન હતા. કોઈની રાહ જોતા હતા. એટલામાં એક નેતા જેવા દેખાતા ખાદીધારી ગૃહસ્થ આવી પહોંચ્યા. લગભગ અડધા ઉપરાંત માણસો ઊભા થઈ ગયા. હું પણ સૌની સાથે ઊભો થઈ ગયો. એ તો પાર્લામેન્ટના સભ્ય હતા અને તરત જ પાછળ એક ત્રિરંગી ઝંડો ફરકાવતી મોટર આવી પહોંચી. યજમાને દોડીને બારણું ઉઘાડ્યું. દેવ પધાર્યા હોય તેમ ભક્તો ઊભા થઈને હાથ જોડી રહ્યા. સૌને ઓળખાણ કરાવી કે આ આપણા ડેપ્યુટી મિનિસ્ટર છે.

મિનિસ્ટર તરત જ પાર્લામેન્ટના સભ્ય સાથે વાતે વળગ્યા: ‘કેમ, તમારા પ્રશ્નનો તમારે કઢાવવો હતો એવો જ જવાબ આપ્યો ને!’

‘તમે બહુ મહેનત કરો છો આજકાલ. મોડી સાંજ સુધી ઑફિસમાં બેસો છો.’ પેલા સભ્યે વખાણનું વલણ દેખાડ્યું. એક પછી એક રસગુલ્લાં એમના મુખમાં જતાં હતાં.

‘અરે અમારી તો કંઈ જિંદગી છે. મહેનત કરીને મરી જઈએ. કીર્તિ માટે મિનિસ્ટર, અને પગાર અમને એમના કરતાં અડધોય નહીં.’ પેલા ડેપ્યુટીએ વાત કરીને ચિરૂટનો જોરથી દમ લગાવ્યો.

એટલામાં એક નાની મોટર આવી. અંદરથી એક જુવાન બાઈ ઊતર્યાં. પોશાક હિંદી હતો, પણ ઠાઠ બધો જ યુરોપીય. અરે, આ તો યજમાનનાં પત્ની હતાં. સૌએ ઊભા થઈને જયજયથી વધાવી લીધાં. મોડા આવવા માટે માફી માગી. પોતાની મિટિંગ મોડે સુધી ચાલી તેની ફરિયાદ કરી. એ બાઈએ ચા પીધી ન પધી ત્યાં તો એમના પતિએ કાનમાં કંઈક કહ્યું. એમણે તરત આયાને બૂમ પાડીને પોતાની પુત્રી નયનાને બોલાવી. ઢીંગલી જેવી છોકરી મનોરમ હતી. એની પાસે નૃત્ય કરાવ્યું. મહેમાનોએ એ બાળામાં ભવિષ્યની મહાન નર્તિકા ભાળી.

ચા પૂરી થવા આવી. મહેમાનો ધીરેધીરે વીખરાવા માંડ્યાં. નિકટનાં બેચાર સ્વજનો રહ્યાં. સાંજ નમી પડી હતી. યજમાનપત્ની સૌને પોતાની બેઠકમાં અંદર લઈ ગયાં. પીણાની પૂછપરછ થઈ અને શરાબના, શરબતના પ્યાલાઓની બહારે વાતાવરણને ભરચક કરી દીધું.

થોડી વારે એક ફોન આવ્યો. યજમાનપત્નીને બીજી મિટિંગમાં જવાનું હતું. થોડી વારે મોટરમાં આવીને એક ગૃહસ્થ એમને લઈ ગયા. જતાં જતાં આયાને બોલાવીને બાળકોને ખવડાવવા-પિવડાવવાની સૂચનાઓ આપતાં ગયાં. હવે રહ્યાં અમે ત્રણ જણાં યજમાન, એમનાં એક સ્ત્રીમિત્ર અને હું. ધીરે રહીને અમારા યજમાને મને કહ્યું કે તમે અમારા મિનિસ્ટરને ઓળખો છો. તમે એક વાત એમના અંતરમાં વસે એ રીતે કહો તો હું આભારી થઈશ જિંદગીભરનો. હમણાં અમારા ખાતામાં ઉપરની એક

જગા ખાલી પડવાની છે. એ મને જ મળે એટલું તમારે કરવાનું. એમ કહીને મારો હાથ દાબ્યો ને આખો ગ્લાસ ગટગટાવી ગયા.

બન્ને મિત્રો એક પછી એક ગ્લાસ પૂરો કરતા હતા. મેં આખરે રજા માગી. યજમાને કહ્યું કે હું તમને ઘેર ઉતારી જઈશ. મેં કહ્યું કે આજે બિલકુલ ચાલ્યો નથી માટે ચાલીશ જરા. મેં ચાલવા માંડ્યું. આખે રસ્તે જાણે શ્વાસ રૂંધાતો હોય એવી મૂંઝવણ થયા કરી. પેલા શરાબની દુર્ગંધ જાણે સાથે આવતી હતી.

## અંધારામાં

આથમી ગઈ હતી સાંજ. રાત પડતી હતી. અંધારિયું હતું. નવી દિલ્હીની અપંગ રોશનીનો અંધારાને હિસાબ નહોતો. શિયાળો હતો. ઠંડી તો કહે કે મારું રાજ્ય. કૉંગ્રેસનું નહીં. નવ વાગી ગયા હતા. શાહજહાં રોડ ઉપર મારા વિના બીજું કોઈ માણસ દેખાતું નહોતું. કોઈ પણ જાતના વાહનનો પત્તો લાગતો નહોતો. બસ માટે થોડી વાર થોભ્યો, પણ એનુંય નામનિશાન નહીં. મેં આકાશ ભણી જોઈને ચાલવા માંડ્યું. એકબે ઝબકતા તારાનો સાથ લીધો. સપ્લાય ઑફિસ કે જ્યાં દિવસે વસ્તીનો પાર નહીં ત્યાં ચકલુંય ફરકતું નહોતું. મારે આખો શાહજહાં રોડ પાર કરીને છેક કર્ઝન રોડ સુધી પહોંચવું. ઇન્ડિયાગેટ પર પહોંચું તો કંઈક વસ્તી મળે. ચાલને જરા તેજ કરી. ત્યાં ધોળપુર હાઉસથી જરા આગળ એક ઝાડની નીચે અંધારે બે માણસો દેખાયાં. પાસે જઈને જોયું તો એક સ્ત્રી અને એક પુરુષ. ત્રીજી હતી સાઇકલ. બાઈએ બગલમાં બાળક દબાવ્યું હતું. પુરુષ જુવાન

હતો. સાઇકલ સાથે માથાઝીક કરતો હતો. મેં પાસે જઈને કહ્યું કે કંઈક મદદ કરું? જુવાન જેવો જુવાન બિચારો લાચાર થઈને બોલ્યો: ‘બાબુજી, સાઇકલને પંકચર થયું છે. અમે બન્ને પતિ-પત્ની કામે ગયાં હતાં. ત્યાં જ આને થોડા કલાક પહેલાં બાળક અવતર્યું. હું એને સાઇકલ પર પાછળ બેસાડીને લઈ જતો હતો ત્યાં સાલું આ પંક્ચર પડ્યું. નસીબ બે ડગલાં આગળ ને આગળ.’

એટલામાં ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો, મેં કહ્યું: ‘કોઈ ટાંગો આવતો હોય તો હું તારી પત્નીને ઘેર પહોંચાડું. તું સાઇકલ લઈ ચાલતો આવી પહોંચ.’

‘બાબુજી, અમે ગરીબ માણસ ટાંગાના પૈસા ક્યાંથી લાવીએ? આ જૂનીપુરાણી સાઇકલનું તેર રૂપિયાનું દેવું પણ હજી નથી અપાયું.’ પેલા બિચારાએ દીન વાણીમાં કહ્યું.

મેં કહ્યું: ‘તું ગભરા નહીં. પૈસા હું આપીશ.’

એટલામાં ટાંગો આવ્યો. ખાલી જ હતો. ટાંગાવાળો ગઝલ લલકારતો વાતાવરણની શૂન્યતા પડકારતો હતો. મેં ઠરાવીને પેલી બાઈને પાછળ બેસાડી. ટાંગાવાળા સાથે હું બેઠો. ટાંગો ચાલ્યો. આઠદસ વળાંક પછી એક બંગલાના પાછલા ભાગમાં જ્યાં નોકરોની ઓરડીઓ હોય છે ત્યાં પેલી બાઈએ ઊભો રખાવ્યો.

મેં પેલી બાઈને ઊતરીને કહ્યું: ‘હવે તને હરકત ન હોય તો હું જાઉં, ટાંગાવાળાને હું ચૂકવી દઈશ. લે આ.’ કહીને મેં પાંચ રૂપિયાની નોટ પેલી બાઈના હાથમાં મૂકી.

'હું નહીં લઉં, અને તમે પણ બાબુજી, રોકાઓ, મારો ઘરવાળો આવે પછી જાઓ.' એણે ટાંગાવાળાને કહ્યું: 'ભાઈ, જરા સામે રોકા.'

બાળકને ઓટલે મૂકીને એણે અંધારામાં જ ઓરડીનું તાળું ઉઘાડ્યું. અંદર જઈને દીવાસળી શોધી કાઢી ઘાસલેટનો ખડિયો ચેતાવવા મહેનત કરી પણ ખડિયામાં ઘાસલેટ જ ના મળે. એક ડબ્બો ઉઘાડીને અડધી મીણબત્તી કાઢી એણે ચેતાવી. હું ઊભો જ હતો. બાઈએ અંદર દોરીનો તૂટેલો ખાટલો હતો તેના ઉપર એક મેલું લૂગડું બિછાવી મને બેસવાનું કહ્યું, પણ મેં કહ્યું: 'હું જરા બહાર ફરું છું. પણ આ બંગલો કોનો? અને પાછળ કયો રસ્તો?'

'આ બંગલો સંગતબાબુનો અને પાછલો રસ્તો બારાખમ્ભા રોડ.' બાઈ જવાબ મને આપતી હતી પણ મીણબત્તીના અજવાળામાં બાળકનું મુખ જોતી હતી.

અરે! આ તો મારા તે દિવસના યજમાન અફસરનો બંગલો. હું સાંભળું તે જ રીતે મારું મન બોલ્યું: 'આગલે બારણે અજવાળામાં દંભની દીવાનગીરી ચાલે, પાછળ દરિદ્રનારાયણની ગરીબનવાજી જીવે. કુદરત પણ કમાલ છે.'

એટલામાં પેલો પુરુષ આવી પહોંચ્યો. મને જોઈને ગદ્‌ગદ થઈ ગયો. એણે અવાજ કર્યો કે બાબુજીને બેસાડ્યા પણ નહીં. મેં જ ઉત્તર આપ્યો કે મારે જરા બહાર આંટા મારવા હતા.

'અરે જુઓ તો આનું મોઢું તો તમારા જેવું લાગે છે!' સ્ત્રીનો મધુર આશાભર્યો અવાજ આવ્યો.

'બાબુજી, આ અમારો પહેલો દીકરો છે.' ને દોડ્યો મુખડું

જોવા. જોઈને બોલ્યો: 'અરે, જા, જા મોઢું તો બરાબર તારા જેવું છે.'

'સાંભળ્યું, બાબુજીને જરા ગોળ આપો. મોઢું મીઠું કર. એમના આશીર્વાદથી આ આપણો રાજા મોટો થઈ જાય.' સ્ત્રીના અવાજમાં માતાનું વાત્સલ્ય અને મધુરતા નીતરતાં હતાં. ચહેરા પર ત્રિભુવનના રાજ્યની ખુમારી હતી.

પેલી પાંચ રૂપિયાની નોટ પેલા પુરુષને હાથમાં ધરી.

એણે આશ્ચર્ય પામીને પૂછ્યું: 'આ શું?' મેં કહ્યું: 'હું પણ બાળકનો કાકો થાઉં. મારે કંઈ આપવું જોઈએ ને! એનું મોઢું જોઈને ખાલી હાથે કંઈ જવાય!'

હું ઓટલાનાં પગથિયાં ઊતર્યો ત્યારે પેલાં બે પતિપત્ની સાથે ઊભાં હતાં: અંધારામાં એકતાના અવતાર જેવાં. ટાંગામાં બેસીને પેલી ગોળની કાંકરી મોઢામાં મૂકી. આજે વાણી બોલતી નહોતી પણ અંતર પ્રફુલ્લ હતું. શ્વાસમાં જિંદગીની ખુશ્બૂ હતી. પૃથ્વી પર અમીરીને આહ્‌વાન રૂપ આવી ગરીબી છે ત્યાં સુધી પુણ્ય પરવાર્યું નથી.

# શબ્દલોકના યાત્રી: કિશનસિંહ ચાવડા
# – ડૉ. રમણલાલ જોશી

શ્રી કિશનસિંહ ચાવડાએ જ્ઞાનેશ્વર રચિત 'જ્ઞાનેશ્વરી'નો ઓવીબુદ્ધ ગુજરાતી અનુવાદ કરી તેમણે ભાષાની અને શ્રેયાર્થીઓની મોટી સેવા કરી છે. એનો પ્રકાશન સમારોહ દાદા ધર્માધિકારીના અધ્યક્ષસ્થાને યોજાયેલો અને અતિથિવિશેષ તરીકે શ્રી ઉમાશંકર જોશી ઉપસ્થિત રહ્યા હતા.

પાછળનાં છેલ્લાં થોડાં વર્ષો કિશનસિંહ ચાવડા અધ્યાત્મ તરફ વળેલા. તેમની આ અધ્યાત્મયાત્રા ૧૯૭૭માં પ્રગટ થયેલા 'અમાસથી પૂનમ ભણી' પુસ્તકમાં આલેખાયેલી છે; પણ ગુજરાતી સાહિત્યમાં તે જાણીતા થયા સવિશેષ જાણીતા થયા તેમના પુસ્તક 'અમાસના તારા'થી. મૂળે આ પ્રસંગો 'સંસ્કૃતિ'માં લેખમાળારૂપે પ્રગટ થયેલા. આ લેખમાળાનું નામ હતું 'જિપ્સીની આંખે' પણ આ 'જિપ્સી'એ કોનું તખલ્લુસ છે એ વિષે જાતજાતની અટકળો થયેલી! આખરે એ કિશનસિંહ ચાવડા જ

છે એ પ્રગટ થયું. આ લેખમાળા અનેક નામી-અનામી વાચકોને ખૂબ રોચક અને પ્રેરક નીવડેલી. એનો એક સરસ કિસ્સો ઉમાશંકરે નોંધ્યો છે.

'જિપ્સીની અપીલનો એક નોંધપાત્ર દાખલો સુરત લેખકમિલનમાં મુંબઈના ગ્રંથાગાર (પ્રવર્તક પુસ્તકાલય) વાળા શ્રી રસિક ઝવેરીએ આપ્યો હતો: નળ બજાર, ભીંડી બજાર તરફ કામ કરતા એક શ્રમિકને એકેય પુસ્તક ગમતું ન હતું. લઈ જાય નેં મોં બગાડીને બધાં પાછાં આપે. કંટાળીને એનો કાંટો કાઢવા પોતે એને 'ભારેખમ' સંસ્કૃતિની ફાઈલ આપી. થોડા દિવસ પછી પેલા ભાઈ આવીને રાહ જોતા બેઠેલા. કૂદીને બૂમ પાડી ઊઠ્યા. ખૂલી ગયું! ખૂલી ગયું!! શું ખૂલી ગયું? તો કહે આમાંથી જિપ્સી વાંચીને દિલ ખૂલી ગયું.

'અમાસના તારા' ઘણાં હૃદયોને પ્રેરણાદાયી થઈ પડે એવું પુસ્તક છે. એની પાછળ વિવિધ અનુભવવખારી એવા લેખકનું સમૃદ્ધ વ્યક્તિત્વ રહ્યું છે. એ વ્યક્તિત્વનો સ્પન્દ આપણી ચેતનાને અલૌકિક સૌન્દર્યથી રસી દે છે. સાહિત્ય સ્વરૂપની દૃષ્ટિએ કોઈ કોઈ પ્રસંગચિત્રો બન્યાં છે તો કોઈ કોઈ ટૂંકી વાર્તાનું કમનીય લાવણ્ય પણ ધારણ કરે છે. પણ સઘળાં મનને ભરી દે છે. નિતાન્ત રમણીય છે એ.

શ્રી કિશનસિંહ ચાવડાએ આ પહેલાં ટૂંકી વાર્તાનો સંગ્રહ 'કુમકુમ' આપ્યો હતો, 'ધરતીની પુત્રી' નામે નવલકથા આપી હતી. રવીન્દ્રનાથ, શરદબાબુ અને પ્રેમચંદજીની કૃતિઓ ગુજરાતીમાં ઉતારી હતી, પ્રસંગોપાત્ત ગંભીર નિબંધો પણ તેમણે

લખ્યા છે. પણ આ એક એવા સાહિત્યકાર છે જેમની જીવનની ઉપાસના વધુ ગંભીર ભાવે થયેલી છે. અલબત્ત તેમણે ટૂંકી વાર્તા અને અંગત નિબંધના પ્રકારોમાં સારું કામ કરેલું છે, અને ખાસ તો વૈયક્તિક્તાની મુદ્રાવાળું રમણીય ગદ્ય આપીને ગુજરાતી ભાષાના ઉત્કૃષ્ટ ગદ્યલેખકોમાં પોતાનું સ્થાન હંમેશ માટે મેળવી લીધું છે.

શ્રી કિશનસિંહનું મૂળ વતન, ભાંજ, સુરત જિલ્લીમાં સચિન પાસે. કુટુંબ વડોદરા આવીને વસેલું. એટલે વડોદરા જ એમનું વતન. એમનો જન્મ વડોદરામાં ઈ. સ. ૧૯૦૩ની રોજ (તિથિ પ્રમાણે કારતક વદ ૫) ૧૭મી નવેમ્બરે. પિતાનું નામ ગોવિંદસિંહ અને માતાનું નામ નર્મદા. એમનું શિક્ષણ વડોદરા, અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં, શાંતિનિકેતનમાં થયું. ઈ. સ. ૧૯૪૮માં અમેરિકામાં પિટ્સબર્ગમાં કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજીમાં છ મહિના માટે પ્રિન્ટિંગ પ્લાન્ટ મૅનેજમેન્ટનો કોર્સ કરવા પણ ગયેલા. નાનપણથી તેમને આંતરસત્ય ખોજવાની લગની હતી. બહિર્મુખ કહી શકાય એવું જીવન પણ તે જીવ્યા છે પણ અંતસ્તત્વ તેમને સદૈવ ટપારતું, પ્રેરતું અને જીવનનૌકાને અધ્યાત્મ માર્ગે વાળતું રહ્યું છે. તેમનાં માતુશ્રી વૈષ્ણવ હતાં અને પિતાજી નિરાંત સંપ્રદાયના હતા. પણ એમનું ઘડતર જ એવું થયું કે સર્વધર્મ સમભાવ સહજ બની ગયો. જીવનદેવતાએ એમને પ્રતિપળ જાણે દોરતા રહ્યા. બાર વર્ષની વયે એમનું લગ્ન સરસ્વતીબહેન સાથે થયેલું. ઈ. સ. ૧૯૩૦માં એમનું અવસાન થયું. ઈ. સ. ૧૯૩૨માં તેમનું બીજું લગ્ન સાવિત્રીબહેન સાથે

થયું. આ પ્રેમલગ્ન હતું. એમનું પ્રથમ લગ્ન સંવાદપૂર્ણ હતું તો આ બીજા લગ્નમાં પણ પારસ્પરિક સમજણથી સહચારધર્મ સહજ બન્યો. પણ પંચોતેર વર્ષના કિશનસિંહભાઈને ઉત્તરવયમાં ધર્મસહચાર સાધી ન શકાયો એ પણ વિધિની યોજના. કિશનસિંહભાઈને વિમલાબહેન ઠકારમાં શ્રીકૃષ્ણપ્રેમનું અંત:સત્ત્વ જાણે ફરીથી સદેહે મળ્યું અને 'વિમલ પ્રતાપે અમે તરી ગયા જાગતા રે' એવો ભાવ સઘન બન્યો અને પોતે આબુમાં 'શિવ કુટિ'માં વિમલાબહેનની સાથે સાધના કરતા અને એમનાં પત્ની સાવિત્રીબહેન મીરતોલામાં આશિષદાના માર્ગદર્શન હેઠળ શ્રીકૃષ્ણપ્રેમે સ્થાપેલા આશ્રમમાં વસતાં.

કેટકેટલા અનુભવોમાંથી આ લેખક પસાર થયા છે! એમના વિકાસકાળમાં ભારતના અને વિશ્વના કેટલા બધા મોટા માણસોના સાન્નિધ્યમાં મુકાવાનું સદ્ભાગ્ય તેમને મળેલું હતું! ગાંધીજી, ટાગોર, શ્રી અરવિંદ, શ્રી માતાજી, ભિક્ષુ અખંડાનંદ, મોતીભાઈ અમીન, રોમે રોલાં, પોલ રિચાર્ડ, શ્રીકૃષ્ણપ્રેમ, ગુજરાતી સાહિત્યકારો, સમાજસેવકો અને અન્ય નામાંકિત વ્યક્તિઓ તો ઘણી બધી. આ સૌનો પ્રભાવ ઝીલતાં ઝીલતાં તેઓ સ્વકીય માર્ગે ગતિ કરતા રહ્યા છે.

રાજામહારાજાઓની જીવનસૃષ્ટિ તેમણે જોઈ, પણ એના ચળકાટમાંથી થોડી જ વારમાં નિર્ભ્રાન્ત બની એ માર્ગથી પાછા વળી ગયા અને સત્યશોધન અને જીવનની સાચી સાર્થકતા પામવાના માર્ગે આગળ ધપ્યા. છેલ્લે તે શ્રી કૃષ્ણપ્રેમ પ્રત્યે આકર્ષાયા. તેમણે અને તેમનાં પત્ની સાવિત્રીબહેને સાથે દીક્ષા

લીધી અને જીવન સમર્પિત કરી મીરતોલામાં વૈષ્ણવ મધુર ભક્તિની સાધનામાં જીવનની કૃતાર્થતા માણી. ઈ. સ. ૧૯૬૫માં શ્રીકૃષ્ણપ્રેમે દેહ છોડ્યો અને ઈ. સ. ૧૯૬૬માં વિમલાબહેનનું મિલન થયું. ઈ. સ. ૧૯૭૧માં શ્રી કિશનસિંહે મીરતોલા છોડ્યું અને આબુનિવાસ સ્વીકાર્યો.

'અમાસના તારા' પછી કિશનસિંહે 'હિમાલયની પત્રયાત્રા' પુસ્તક આપ્યું. ઉમાશંકરે યોગ્ય રીતે જ એને 'દ્વિતીય પર્વ' કહ્યું, અને ત્રીજું પર્વ તે એમની જિજ્ઞાસાની યાત્રા આલેખતી વિશિષ્ટ આત્મકથા 'અમાસથી પૂનમ ભણી.' આ ત્રણે પુસ્તકો મળી એક ઘટક બને છે. આ ત્રણેમાં લેખકની અધ્યાત્મ-જિજ્ઞાસાનો રમણીય આલેખ આપણને મળે છે. 'ઇન્ડિયન બુક ક્રોનિકલે' ઈ. સ. ૧૯૭૭ના મારા પ્રિય ગુજરાતી પુસ્તક વિષે લખવાનું કહ્યું ત્યારે મારી પસંદગી 'અમાસથી પૂનમ ભણી' પર ઊતરી હતી. અન્ય વિદ્યાકાર્ય પણ તેમના હાથે થયું છે. શાન્તિનિકેતનના વસવાટ દરમ્યાન સંશોધન કરી 'કબીર સંપ્રદાય: એની ગુજરાત અને ગુજરાતી સાહિત્ય પર અસર' એ પુસ્તક તેમણે તૈયાર કરેલું, તે મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ પ્રગટ કર્યું હતું. ઈ. સ. ૧૯૪૫માં પુત્ર અશોકનું અવસાન થતાં લેખકને થયેલા વિષાદમાંથી બહાર આવવાનું બન્યું એચ. બી. પી.ના 'ધિ વૉઈસ ઑફ સાયલન્સ'ના અનુવાદકાર્ય દ્વારા. 'અનાહત નાદ' નામે એ અનુવાદ ઈ. સ. ૧૯૬૦માં પ્રગટ થયો. શ્રી કૃષ્ણપ્રેમના 'ધી યોગ ઑફ ધ ભગવદ્‌ગીતા' ગ્રંથનો ગુજરાતી અનુવાદ સોમૈયા પબ્લિકેશન તરફથી પ્રગટ થયો છે. બળવંતરાય ઠાકોરને

પંચોતેર વર્ષ થયાં ત્યારે 'પંચોતેરમે' નામે પુસ્તકનું સંપાદન પણ તેમણે કર્યું હતું.

તેમણે સ્વાતંત્ર્ય લડતોમાં પણ ભાગ લીધેલો. રાષ્ટ્રભક્તિ અને અધ્યાત્મ- અભીપ્સા વચ્ચે સંઘર્ષ પણ અનુભવેલો. થોડો સમય તે શ્રી અરવિંદ આશ્રમમાં પણ રહેલા. એ જ રીતે રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં અને ગાંધીજીની પાસે પણ રહેલાં. થોડો સમય મુંબઈ ફેલોશિપ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરેલું અને માદામ સોફિયા વાડિયાની સાથે ઇન્ડિયન પી. ઈ. એન.ના મંત્રી તરીકે પણ રહેલા. વડોદરામાં સાધના પ્રેસ નામે છાપખાનું કાઢેલું. પછી પ્રેરણા થતાં એ વેચી પણ નાખ્યું. મુંબઈમાં સરદાર પટેલના પુત્ર ડાહ્યાભાઈની સાથે અખિલ ભારત પ્રિન્ટર્સ લિ.માં વ્યવસ્થાપક તરીકે પણ રહેલા. થોડો સમય રાજા-મહારાજાના સેક્રેટરી તરીકે રહેલા પણ પછી તરત એ કામ છોડી દીધેલું.

લખાયેલા પ્રત્યેક શબ્દ પાછળ એના લેખકનું વ્યક્તિત્વ રહેલું હોય છે. કિશનસિંહની શબ્દસાધના પાછળ પણ એમનું વ્યક્તિત્વ રહેલું છે અને એ વ્યક્તિત્વ વિરલ છે. સાધક અને લેખક એકબીજામાં ભળી જતા હોય એવા દાખલા ગુજરાતી સાહિત્યમાં કેટલા?

**('શબ્દલોકના યાત્રીઓ'-૧માંથી)**

# શ્રી કિશનસિંહ ચાવડાનાં પુસ્તકો

**વાર્તા**

કુમકુમ

અમાસના તારા અમાસના તારા (શાલેય આવૃત્તિ)

અંતરદેવતા શર્વરી

**નવલકથા**

ધરતીની પુત્રી

**નિબંધ**

હિમાલયની પત્રયાત્રા

સમુદ્રનાં દ્વીપ

તારા મૈત્રક

**આત્મકથા**

અમાસથી પૂનમ ભણી

**સંપાદન**

પંચોતેરમે (શ્રી બળવંતરાય ક. ઠાકોરની ઊજવણી પ્રસંગેનાં વ્યાખ્યાનોનો સંગ્રહ, આત્મકથા સહિત)

શ્રી ર. વ. દેસાઈ અભિનંદન

ગ્રંથ પ્રેમાનંદ સાહિત્યસભા

રજત મહોત્સવ ગ્રંથ

શ્રી અંબુભાઈ પુરાણી

ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ

**બીજાં હિન્દી સાહિત્યનો ઇતિહાસ**

કબીરઃ ગુજરાત અને ગુજરાતી સાહિત્ય પર એની અસર

## અનુવાદ

કુમુદિની (રવીન્દ્રનાથ ટાગોર)

રવિકિરણો (રવીન્દ્રનાથ ટાગોર)

ભૈરવી (શરદ્‌બાબુ)

નવવિધાન (શરદ્‌બાબુ)

અરક્ષણીયા (શરદ્‌બાબુ)

હેમાબહેન (શરદ્‌બાબુ)

છુટકારો (શરદ્‌બાબુ)

ગામડિયો સમાજ (શરદ્‌બાબુ)

જીવનયાત્રા (શરદ્‌બાબુ)

જીવનનાં દર્દ (પ્રેમચંદજી)

ગરીબની હાય (પ્રેમચંદજી)

પ્રેમાશ્રમ: (પ્રેમચંદજી)

શિકાર (શ્રીરામ શર્મા)

ઇન્દિરા (શ્રીરામશર્મા)

શ્રી ધોંડો કેશવ કર્વેનું આત્મચરિત્ર

શ્રી અરવિંદ ઘોષના પત્રો

જ્ઞાનેશ્વરી ગીતા